રાખે છે. તે વિષે તેમનો કેવો અભિપ્રાય હતો. તથા કેવું વર્તન હતું. તે બાબતમાં નિમ્ન લિખિત લીટીઓ સારો પ્રકાશ પાડે છે.

The first Eugenic Societies since the fall of the Ancient India, the wonderful, and of Egypt, the marvelous, were founded in Germany, recently by some of the ablest anthropologists and physiologists. The Aryan Hinus, and the true Egyptians and vast antiquity knew more of the psycho-physical science of the emotions of women than a or other races. These races carried human cult to the highest limit ever reached. They discov ed the rigid laws solid as mathematics, governi maternity. None can be broken without hum misery. There are perhaps ten men now liv nine in Europe and one in the United States, mayhap two, that come somewhere, near knowing as much of Eugenics as did the sages of ancient India and Egypt, the most remarkable men that ever lived any historic period.

અર્થ:—વિસ્મય ઉત્પન્ન કરનાર પ્રાચીન આર્યાવર્તની અને આશ્ચર્યજનક મિસરની પડતી થયા પછી ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કરવાના નિયમોનું જ્ઞાન આપનાર પ્રથમ મંડળો થોડો સમય થયાં જર્મનીમાં માનવશાસ્ત્રનું અને શારીરશાસ્ત્રનું જ્ઞાન ધરાવનારા અત્યન્ત કુશળ વિદ્વાનોએ સ્થાપ્યાં છે. બહુ જ પૂર્વ કાળના હિન્દુઓ અને ખરા મિસરવાસીઓ, સ્ત્રીઓના મનોધર્મ સમ્બન્ધી, આધ્યાત્મિક અને માનવશાસ્ત્ર વિષે કોઈ પણ પ્રજા કરતાં અથવા બીજી સઘળી પ્રજાઓ કરતાં અધિક જ્ઞાન ધરાવતા. આ પ્રજાઓ મનુષ્ય જાતિની ઉન્નતિને જે ઉંચામાં ઉંચી હદ સુધી લેઈ ગઈ હતી, તેટલી હદ સુધી હજી કોઈ પણ પ્રજા લેઈ ગઈ નથી. માતાના પદ પર અંકુશ રાખનારા, ગણિતશાસ્ત્ર જેવા વાસ્તવિક કઠિન નિયમ તેઓએ શોધી કાઢયા હતા. એમાંના કોઈ પણ નિયમનો ભંગ થતાં મનુષ્ય જાતિને દુઃખ થયા વિના રહે તેમ નથી. પ્રાચીન આર્યાવર્તના અને મિસરના મહા પુરૂષો કે જેમના જેવા સ-

વોત્કૃષ્ટ પુરુષો કોઈ પણ ઐતિહાસિક સમયમાં કદી પણ થયા નથી. તેઓ ઉત્તમ પ્રજાને ઉત્પન્ન કરવાની વિદ્યાનું જેટલું જ્ઞાન ધરાવતા હતા તેટલું તો નહિ, પણ લગભગ તેના જેટલું કંઈક અંશમાં થઈ રહે, તેટલું જ્ઞાન ધરાવનારા આજે કદાચ દશ માણુસો પૃથ્વી ઉપર હશે. તેમાંના નવ યૂરપમાં, અને એક અથવા કદાચ બહુ બહુ તો બે યુનૈટેડ સ્ટેટસમાં હશે.

પોતાની વેધશાળા જોવા આવનાર પાંત્રીસ હજાર માણસોના જીવનનો અભ્યાસ કર્યા બાદ પ્રોફેસર લાર્કિને ઉપરનાં વચનો ઉચાર્યાં છે.

સઘળા ધર્મસંસ્થાપકો, પેગંબરો વગેરે જેવા કે આર્યોમાં મનુ, ઇસાઓમાં ક્રાઇસ્ટ, મુસલમાનોમાં હઝરત મહંમદ, યાહુદીઓમાં મુસા પેગમ્બર, ઓમાં જરથોસ્ત, (ઝોરોએસ્ટર) ગૌતમ બુદ્ધ, ઋષભદેવજી તથા કર્મનો નિયમ ધર્મના પ્રવર્તનથી સમજાવનારા અને પોતાના વર્તનથી દૃષ્ટાન્ત નારા, રામકૃષ્ણુ આદિ લીલાવતારી પુરુષો એશિઆ ખંડમાં અને વિશેષે ભારતવર્ષમાં અને આર્યન વર્ગની જાતિમાં ઉત્પન્ન થયા છે.

મહાન ઋષિઓ જેવા કે વસિષ્ઠ, ભૃગુ, દધીચી દધ્યઙ્ અથર્વણ, અગસ્ત્ય,-ભારદ્વાજ, વિશ્વામિત્ર વગેરે પણ આર્યખંડમાં ઉત્પન્ન થયા હતા. ભીમ, અર્જુન, કર્ણ, ધૃષ્ટદ્યુમન, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, તથા ભિષ્મપિતામહ સરખા યોદ્ધાઓ, યુધિષ્ઠિર તથા હરિશ્ચન્દ્ર સમાન મહાન્ સત્યવાદીઓ, જે આર્યખંડમાં પેદા થયા હતા, તેવા એક દેશની નીતિ, રીતિ, કેળવણી સમ્બન્ધે હલકું મત ઉચારવું, એ કેવળ સાહસ કહેવાય, જે દેશમાં એવા મહા પુરૂષોનો પાક થતો તથા જેને મુકાબલે સઘળા મુલકો એક વખત અન્ધકારમય સ્થિતિ ભોગવતા હતા. જે દેશનો સુધારો દુનિઆના હાલના સુધરેલા ગણાતા લોકો સમજી શકવાને તૈયાર નહોતા થયા, જેના માલ ઉપર આખી દુનીઆના લોકોનો આધાર હતો. તે ભરતખંડ આજે શરીરબળ, મનોબળ તથા હૃદય બળમાં નષ્ટ પ્રાયઃ થઈ ગએલો દૃષ્ટિગોચર થાય છે. અલબત નામદાર અંગ્રેજ સરકારના આગમન પછી આપણી પુરાતન વિદ્યા આપણને પ્રાપ્ત કરાવવાની સારી ગોઠવણ થઈ છે. આખી દુનિઆનો અનુભવ મેળવી, આપણી સ્થિતિ કેવી છે તથા કુદરતની ખૂબીઓ ભિન્ન ભિન્ન દેશમાં કેવી છે. જુદા જુદા લોકોએ પોતાનો કેટકેટલો વધારો કર્યો છે, તથા રાજા પ્રજાઓ કેવી કેવી હાલતમાંથી પસાર થાય છે. એ સઘળું વર્તમાન પત્ર દ્વારા તથા પુસ્તકો દ્વારા જાણવામાં આવે છે. આજે અરધી સદી થયાં જાપાનની પ્રકૃતિ સુધરેલાં રાજ્યોનું આકર્ષણ કરી રહી છે. તેનાં લડાયક સાધનોની મહત્તા વિષે યુનૈટેડ સ્ટેટ્સમાંના ડૉ-

શિંગ્ટનની રાજ–સભામાંના એક સભ્યે, જાપાન દેશસ્થ કારખાનાંમાં કામે લાગેલાં મોટી સંખ્યાનાં માણસો બાબે ચિતાર આપી, આપણા રાજ્યને માટે તે ભય ભરેલું છે, એવો આશય પ્રકટ કર્યો હતો. ખરે રશિઆ જેવા, યુરોપખંડનાં બધાં રાજ્યોને પોતાના લશ્કરી બળથી ચેતવનાર રાજ્યને હરાવનાર જાપાનને માટે સદહું સભ્યને ઉપજેલો અંદેશો વગર કારણનો કહી શકાય નહિ. એ સઘળો કાળની વિચિત્ર ગતિનો ગણો વા કર્મની ગતિનો મહા નિયમ સમજાવનારો બનાવ ગણો. ગમે તેમ ગણો, પ્રયત્ન એજ પરમેશ્વર છે, એ જ સિદ્ધતા તેમાંથી બહુ રૂપે પ્રાદુર્ભૂત થાય છે.

આત્મસ્વરૂપ જગતમાં સઘળું એક રસ છે. આ પોતાનું અને આ પારકું એવી સમજણ ક્ષુલ્લક મનનું કારણ છે. વિશ્વરૂપી વિરાટ સ્વરૂપનું પ્રત્યેક સૃષ્ટ પદાર્થ ભિન્ન ભિન્ન અંગ સ્વરૂપે છે. શરીરના એક અંગને ઈજા થતાં આખા શરીરને ઈજા થાય છે. તેવી જ રીતે સૃષ્ટ પદાર્થમાંના કોઈ પણની અવનતિ એ આપણી પોતાનીજ અવનતિ છે. એવું સૂક્ષ્મદૃષ્ટિવાળા સાધુ પુરૂષો સ્પષ્ટ સમજી શકે છે. તથા પોતાની વિશ્વદૃષ્ટિ (Clairvoyance) વડે મતલબી માણસની આસપાસની ઓરામાંથી તથા તેના વિષે આકાશતત્ત્વમાં જે ખરાબ નોંધ થાય છે. તેમાંથી વાંચીને જાણી શકે છે. અને તેથી જ તેઓ સમદૃષ્ટિ વડે આખા જગત્‌નું ભલું ચહાય છે, એટલું જ નહિ પણ પોતાનું ભુંડું કરનારનું પણ ભલું ચહાય છે, અને કરે છે. સ્વાર્થમાં તણાઈ બીજાનું બુરૂં ઈચ્છે છે અથવા કરે છે. તેઓ પરિણામે પોતાના પગમાં કુહાડનો પ્રહાર કરી પોતાનું જ અનિષ્ટ કરે છે. એવો પુરાવો, પૃથ્વીનાં મહારાજ્યની તવારીખ સૃષ્ટિની પૃષ્ઠિ પર દૃષ્ટિગોચર કરાવે છે. પ્રાચીન ઋષિ મુનિઓની બ્રહ્મવિદ્યા આખી સૃષ્ટિનું શુભ ઈચ્છવાના પાયા પર રચાએલી હતી. તેની જેમ વિકૃતિ થતી ગઇ, તેમ ભરતખંડની પણ થતી ચાલી અને હાલની વિકૃતિ તેની નિમ્નગા સ્થિતિના અનુક્રમે આદર્શમાં દર્શાવનારી આખ્યાયિકા માત્ર છે.

પરમર્ષિ, મહર્ષિ, ઋષિ, ઋષિક અને ઋષિ પુત્ર, એમ પાંચ જાતિના બ્રાહ્મણોમાંથી તેમની અસંખ્ય જ્ઞાતિઓ થઇ છે. માત્ર જાતિ એક જ રહી છે. તેવી જ રીતે ક્ષત્રિય, વૈશ્યમાં પણ અનેક ભેદ થયા છે. સઘળી વર્ણના ગુરુ જે બ્રાહ્મણ તેમની વિકૃતિ થાય તો તેમના શિષ્ય જે અન્ય વર્ણવાળા તેમની વિકૃતિ થાય એમાં શું આશ્ચર્ય ? આજની સ્થિતિના બ્રાહ્મણોની રહેણી કરણીનો વિચાર કરીએ છીએ–જો કે બધા સરખા નથી–તો તેઓ ભૃગુ, વસિષ્ઠ વગેરે ઋષિઓના વંશ જ હશે કે કેમ તે બાબત મ્હોટો સંશય ઉત્પન્ન થાય

છે. સઘળી વિદ્યાઓનું સ્થાન અને સઘળી સિદ્ધિઓનો ભંડાર આર્યાવર્ત, હિન્દુસ્તાન (હિન્દુ= કાળા લોક + સ્તાન=ઠેકાણું) નામ ધારણ કરી, નામ કરણ સંસ્કાર પ્રમાણે પોતાને છાજતાં આન્દોલનો આકર્ષતો હોયની એવો મામલો દૃશ્યમાન થાય છે. ઋષિ શબ્દમાં ઋષ્ ધાતુ છે, તેનો અર્થ ગતિ કરવી એવો થાય છે. બ્રહ્મતરફ ગતિ કરી બ્રહ્મ સાક્ષાત્કાર કરનારા ઋષિવરો પરમેશ્વર સદૃશ શક્તિથી, પોતાના સંકલ્પ બળથી, ઇચ્છાનુસાર નવી સૃષ્ટિ રચી શકતા તથા જેમના તપ:પ્રભાવ આગળ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ પણ સહાયક થઇ કાર્ય બજાવતા. તેમના વંશજોને નિહાળતાં, વેદાન્ત શાસ્ત્રે વર્ણવેલા **अहं ब्रह्मास्मि** સિદ્ધાન્તનું પ્રત્યક્ષપણું પ્રદર્શિત કરાવનારા ઋષિઓના હાલના કિંચિત અંશે પણ તેમને મળતા નથી. એવા વંશજોને જોઈ સ્વાભાવિક રીતે ખિન્નતા થાય છે. ઇશ્વર કૃપાથી, વાસ્તવિક રીતે તેમના પ્રયત્નથી તેમને પૂર્વની સ્થિતિ પ્રાપ્ત થાઓ ! અસ્તુ.

એક જર્મન સાધુના શબ્દોમાં હિન્દુસ્તાનમાં ૩૦ કરોડની વસ્તી અને ૩૧ કરોડ ધર્મ છે.

ધર્મ-વિભિન્નત્વને લીધે અનેક સંપ્રદાયો જામ્યા છે. તેને લીધે જુદી જ્ઞાતિમાં તો ઠીક પણ એક જ ઘરમાં પત્ની એક ધર્મ પાળે, પતિ બીજો ધર્મ પાળે, છોકરો ત્રીજો પાળે, પુત્ર વધૂ ચોથો ધર્મ પાળે, એવી રીતે એક જ ઘરમાં ધર્મનું નાનાત્વ, ધર્મગુરુઓના વૈમનસ્યને લીધે કુસંપનું મૂળ ઘાલે છે. એવી રીતે ગૃહરાજ્યની અવ્યવસ્થા, સામાજીક બન્ધનને શિથિળ બનાવે છે, અને કુસંપરૂપી ઝેરવડે આર્ય સંસારને તથા ગૃહસ્થાશ્રમને વિષમય બનાવે છે.

હવે સમ્પ્રદાયની બાબતમાં વિચાર કરીએ છીએ તો સમ્પ્રદાય શબ્દનો અર્થ અવિચ્છિન્ન ગુરુ પરંપરા એટલોજ થાય છે, હાલ ભિન્ન સમ્પ્રદાય વાળા આપસ આપસમાં કલહ આરંભે છે. તેબાબતનો સમાવેશ કરવાનો અવસર નથી, તેમ જગો પણ નથી જુદા જુદા ધર્મની બાબતમાં વિરુદ્ધતા બહુ નથી પણ તેને લીધે સામાજીક બન્ધનને જે આઘાત પહોંચે છે, તેને માટે જ માત્ર વાંધો છે. કારણ કે ગમે તે શુભ રસ્તેથી ધારેલે સ્થળે પહોંચવામાં હરકત આવતી નથી.

માતાપંથી કબીરપંથીની બદગોઈ કરે છે, શૈવ તથા વૈષ્ણવો આપસ આપસમાં ગાલીપ્રદાન કરે છે. આમાં ચેલાઓનો દોષ વિચાર હીનત્વ સિવાય અન્ય કહી શકાય નહિ. પરન્તુ પોત પોતાના વાડામાં પૂરનારા સ્વાર્થી અને દાંભિક નેતાઓનો દોષ બેહદ છે. જેઓ ભોળા લોકોને લલચાવી હિન્દુસ્તાનની

પાયમાલી તથા ખાના ખરાબીનો ધંધો આદરી બેઠા છે. કીડા સહિત સડેલ ગરદનવાળા કૂતરા રૂપે અવતરવાની તેઓ પોતાને માટે સામગ્રી રચે છે. એટલે તેઓ સડેલ ગરદનવાળા કૂતરા થશે અને તેમના ભ્રષ્ટ ઉપદેશથી ભ્રષ્ટ થએલા તેમના શિષ્યો કીડા રૂપે તેમની ગરદન કોતરશે. સાધારણ માણસ કાયદાની અજ્ઞાનતાને લીધે કદાચિત ઓછી સજા ભોગવવાને પાત્ર છે. પરન્તુ ધારા શાસ્ત્રી વધારેમાં વધારે સજા ભોગવવાને પાત્ર છે. યાદ રાખવું જોઇએ કે એક અંગ્રેજી કહેવત પ્રમાણે " This wold is like a great court, and God is the judge " આ દુનિઆ એક મોટી અદાલત છે અને પરમેશ્વર ન્યાયાધીશ છે. પ્રભુ ન્યાયાધીશ પાસે ધર્મના નેતાઓ મધ્યસ્થ યા ધારાશાસ્ત્રી સ્વરૂપે છે.

અન્ય દેશોમાં તથા ધર્મોમાં ઐક્યની બાબતમાં ગુણાકારની રીતે કામ લેવાય છે. એટલે વૃદ્ધિ થાય છે, પરન્તુ હાલના ભારતવાસી હિન્દુભાઇઓ ભાગાકારની રીતે કામ લેતા લેતા આધુનિક દશાનો ભોગવટો કરવાની સ્થિતિને મેળવવા પામ્યા છે. અને એવી સ્થિતિનો છેડો ક્યાં આવશે તે સમજાતું નથી. આવું ને આવું લાંબા વખત સુધી ચાલ્યું, તો એક વખત સમગ્ર દુનીઆમાં પ્રસિદ્ધિને પામેલી આર્ય પ્રજાનું નામ નિશાન પણ રહેશે કે કેમ એ બાબતમાં સંદેહ ઉત્પન્ન થાય છે.

અમુક સ્થળે પહોંચવા ખાતર ભિન્ન ભિન્ન માર્ગનું અનુસરણ કરવામાં આવે છે, પરન્તુ ગમે તે રસ્તેથી જઇએ–રસ્તો વાસ્તવિક હોવો જોઇએ–તો પણ ધારેલે સ્થળે પહોંચી શકાય છે. છતાં ધારેલે સ્થળે જવા ઇચ્છનારા રસ્તામાં જ કલહ આરંભે તો તેઓ ધારેલે સ્થળે કેવી રીતે પહોંચી શકે? પૃથ્વી ઉપર રુચિ વૈચિત્ર્યને લીધે ભિન્ન ભિન્ન સમ્પ્રદાયો ઉત્પન્ન થયા છે. પણ બહુધા સઘળાનો આશય પરમાત્માના સ્થાને પહોંચવાનો છે. કે જે અખંડાનંદનું સર્વોત્તમ સ્થાન છે.

મ્હારો ધર્મ સમ્પ્રદાય સર્વોત્તમ છે. અને બાકીના નકામા છે, એમ માનવું ભૂલ ભરેલું છે. જેને જે અનુકુળ પડે તે તે રસ્તેથી પરમાત્માના સુખને મેળવે, તેમાં તેને વખોડવો સજાવાર નથી. શ્રી પુષ્પદન્તાચાર્ય કહેછે કે:–

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णव मिति
प्रभिन्ने प्रस्थाने परमिद मदः पथ्यमितिच ।
रुचिनां वैचित्र्याद्दजु कुटिल नाना पथ जुषां
नृणामेको गम्यस्त्व मसि पयसामर्णव इव ॥

વેદત્રયીનાં વૈદિક ધર્મો, સાંખ્ય મતનું પ્રકૃતિ પુરુષાનુભાવન, પાશુપત પ્રમાણે શ્રી પશુપતિ પ્રસાદદ્વારા પશુપાશ વિમોક્ષણાર્થે આરાધન, પંચરાત્રિ પ્રદર્શિત પ્રકારે વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન એવી રીતે ચતુર્વ્યૂહ ભાવે અવસ્થિત વિષ્ણુનું **इज्या अभिगमन** ઈત્યાદિ ઉપાસન. આમ બધા અતિ ભિન્ન ભિન્ન માર્ગોમાં આ શ્રેષ્ઠ, આ સર્વને ફાવે તેવું, વગેરે લોકો ખેંચતાણ કરે છે. અને પોત પોતાની સાત્વિક, રાજસ વા તામસ રુચિવૈચિત્ર્યને લીધે કોઈ સરળ તો કોઈ વાંકો તો કોઈ સીધો તો કોઈ આડો રસ્તો પકડીને પ્રવૃત્તિ કરતા તમામ પુરૂષોને હે દેવાધિદેવ! જેમ પૃથ્વીના ઉંચ નીચ ભાગને લીધે કોઈ પાણીનું વહન પાંસરૂં, તો કોઈ ચક્રાવો ખાઇ સમુદ્રમાં પડે છે. તે પ્રમાણે સર્વ ઉપાસકોના પરમ ગમ્ય એટલે પરમ પ્રાપ્ય તમે જ છો. અર્થાત્ પ્રાપ્ય વસ્તુની એકતા અને તેની પ્રાપ્તિ માટે ઉપાયોની ભિન્નતા સ્પષ્ટ રીતે છે. અર્થાત્ પુષ્ટિ માર્ગ, ભક્તિ માર્ગ, શિવ માર્ગ, વૈષ્ણવ માર્ગ વા માતાપંથી ગમે તે લેઓ પણ સર્વનું લક્ષ્યસ્થાન એક જ છે.

આવી રીતે આ બાબત આ ચોપડીની પ્રસ્તાવના સમ્બન્ધે કોઇને વિષયાન્તર જેવી ભાસશે. પરન્તુ કહેવાનું એટલું જ કે મૂળે ભરતખંડના, હિમાલયના પ્રદેશમાં, હિમાલયના સર્વોચ્ચ શિખર પ્લક્ષ પ્રસ્રવણ ઉપર બ્રહ્માજીએ ઉપજાવેલા પરમર્ષિઓની સૃષ્ટિ જે દશ પ્રજાપતિ કહેવાય છે. અને જેમની સૃષ્ટિ સરસ્વતી નદીને તીરે થઇ એવો લેખ, વેદ, પુરાણ, મનુસ્મૃતિ વગેરેથી પુરવાર થાય છે. અને તેથી જે સરસ્વતી નદીના નામ ઉપરથી સારસ્વત બ્રાહ્મણ કહેવાયા, તેજ પ્રજાપતિઓના વંશ જ હાલના તમામ ભારતવાસી બ્રાહ્મણો છે. એ તેમના ગોત્ર ઉપરથી માલમ પડે છે. પછી તે મોઢ હોય કે નાગર બ્રાહ્મણ હોય, વા ગિરનારા હોય કે સાચોરા હોય યા ગમે તેવા હોય પણ તેમનું અસલ ઉત્પત્તિ સ્થાન એક જ છે. એટલે બ્રહ્માવર્ત પ્રદેશ (સરસ્વતી તટ પ્રદેશ) છે. અને નામ સારસ્વત છે. એ વિષે કાયસ્થ સર્વસ્વના કર્ત્તા જોધપુર નિવાસી પંડિત દેવીચન્દ સૂર્યભાનુ પોતાના સદહૂ પુસ્તકના પૃષ્ટ ૫૨૮ માં લખે છે કેઃ—

" इसी प्रकार सारस्वत ब्राह्मणोंकी उत्पत्तिके विषय में अंड बंड मन घडंत घडके लिखा है, ध्यान रहेकि सारस्वत ब्राह्मणोंकी उत्पत्ति महाभारतके शल्य पर्वके बीच गदापर्वमें सारस्वतोपाख्यान नामी प्रकरणमें लीखी है और यही सर्व वेद भाष्य कर्त्ता श्री सायणाचार्यने ऋग्वेद भाष्यमें लिखी है जो निर्णयसागर छापे में छपी

भाष्य ऋग्वेदकी पुस्तकमें देखो और सायणाचार्यने प्रचलित वैदिक संप्रदायको सारस्वत संप्रदाय माना है. सारस्वत संप्रदायका हेतु महाभारतके उक्त स्थलमें लिखा है कि भूतलपर वेद का प्रचार सारस्वतजीसे ब्राह्मणोंके पढके किया जबकि घोर अनावृष्टिमें वेदोंका लोप हो गयाथा, तात्पर्योकि वर्त्तमान सब ब्राह्मण सारस्वत के हि शिष्य है सारस्वत ही इन सबका गुरु है, सारस्वतको नवमा ९ व्यास भी पुराणोंमें लिखा है, सारस्वतोंकी उत्पत्ति तथा महिमा आदि महा भारतमें बहुत लिखी है, उसके विरुद्ध घर्डत घडने वाल ज्योतिषीका ग्रन्थ ब्राह्मणोंकी उत्पत्तिका मार्तंड है वा अन्धकारका पुंज, सच्ची उत्पत्ति छिपानेकी प्रयोजन न जानें इनोंने इह माना होकि यदि सच्ची उत्पत्ति लिखेंगे तो हमे इनके चोटी कटे शिष्य बनना पडेगा. भेद खुल जावेगा.

ઉપરની હકીકતથી તથા આ પુસ્તકમાં બતાવેલા મુદ્દાઓથી ભિન્ન ભિન્ન સ્થળે વસવાટ કરવાના કારણ સર તે તે દેશના નામ ઉપરથી તે તે નામ ધારણ કરવા લાગ્યા જેમકે દક્ષણના દક્ષિણી, વડનગરના વડનગરા નાગર બ્રાહ્મણ, વિસલનગરના વિસલનગરા નાગર બ્રાહ્મણ, મોઢેરાના મોઢ, ઉત્તરના ઔદિચ્ય, તૈલંગણના તૈલંગા, ખેડાના ખેડાવાળ, કનોજના કનોજીઆ, ગોડતરૂના ગોડ, માળવાના માળવી ઇત્યાદિ તે તે પ્રાન્તના નામાનુસાર નામ ધારણ કરવા લાગ્યા. તેથી શું થયું ? ઘર ઉપરથી ઘરના વસનારની જાતિ નક્કી કરી શકાય નહિ. સ્ત્રી શરીરમાં વસનારની જાતિ સ્ત્રી અને પુરૂષ શરીરમાં વસનારના જાતિ પુરૂષ, માનવું સ્થૂળ દૃષ્ટિનું કર્તવ્ય છે. સૂક્ષ્મ તથા વિચારવાળી દૃષ્ટિ એથી જુદુંજ પ્રદર્શિત કરે છે. એવી જ રીતે બ્રહ્માના મુખ કમળમાંથી ઉત્પન્ન થયલા, સઘળી વર્ણોના ગુરુ, બ્રહ્મને જાણનારા, આખી આલમને જ્ઞાન આપનારા મૂળ શિક્ષક, પોતાના સામર્થ્યથી ઇશ્વર સદૃશ, જેમનું કર્તવ્ય યજ્ઞ કરાવવો, વિદ્યા ભણવી તથા ભણાવવી, દાન દેવું તથા લેવું, એવી રીતે છે. દીર્ઘ કાળના તપઃ પ્રભાવથી જેમણે મનની શાન્તિ, ઇંદ્રિયો ઉપર કબજો, શરીર તથા અન્તઃકરણની શુદ્ધિ, તપ, ક્ષમા, આસ્તિકપણું, સીધાપણું, સત્યનું જ્ઞાન, ઇત્યાદિ લક્ષણો મેળવેલ જેઓ પૃથ્વી ઉપર ભૂદેવ કહેવાય, એવા બ્રહ્મદેવો બ્રહ્મત્વને લેઇને એક જ છે, એક રસ છે, એક રૂપે છે. છતાં આપસ આપસમાં વૈમનસ્ય વધાર્યા જાય અને એક જ્ઞાતિના બ્રાહ્મણો બીજી જ્ઞાતિના બ્રાહ્મણોની ઇર્ષ્યા કરે, પોતાનાને ઉંચા ગણી, બીજાને પોતાથી નીચા ગણે.

એવી રીતના વર્તનથી બ્રહ્મ તથા આત્માનું જગતૂને વિષે ઐક્ય છે એવી તેઓની માન્યતા છે, એમ શી રીતે કહી શકાય ? ભૃગુ, વસિષ્ઠ વગેરે ... ષિઓના વંશજો પોતાના પૂર્વજોનાં ગુણોથી જરા પણ અલંકૃત ન હોય, ઉલટા દુર્ગુણ યુક્ત બને એ કેટલું ખેદપ્રદ ગણાય? અલબત બધા એવા છે એમ કહેવાની મતલબ નથી. પણ આજે ૧૦૦૦ થી ૧૨૦૦ વર્ષ થયાં હિન્દ જે અધોગતિમાંથી પસાર થાય છે તેનો પુરાતન વખત સાથે મુકાબલો કરતાં સ્થિતિમાં જમીન આસમાનનો ફેર સાધારણ ઇતિહાસના અભ્યાસીને પણ રોશન થાય તેમ છે.

વાયુ ભક્ષણ કરી બ્રહ્મધ્યાનમાં મગ્ન રહેનારા, સંકલ્પ માત્રથી સૃષ્ટિ પેદા કરનારા, અષ્ટ સિદ્ધિઓ જેને વશીભૂત હતી. એવા ઋષિઓને મુકાબલે હાલની તેમની પ્રજા કેવી સ્થિતિનો અનુભવ કરાવે છે? તેઓ ઉપર લખ્યા પરમર્ષિઓના વંશજ છે, એવું તેમના હાલના વર્તન ઉપરથી જણાય છે ? જણાય શી રીતે ? આચાર છે એ પ્રથમ ધર્મ છે. તે જ ક્યાં છે? ખાનપાનમાં કેટલો અન્તર ? ધંધા વ્યાપારને અંગે પણ કેટલી વિકૃતિ? પૂર્વના પુરોહિતોનું પોષણ તેમના યજમાન અથવા શિષ્યો કરતા હતા . તે શિષ્યોના વંશજો આજે પોતાના ગુરુઓમાં કેટલી આસ્થા ધરાવે છે ? સેવ્ય અને સેવકભાવને બદલે આજે શું જોવામાં આવે છે. બહુધા ભરતખંડની અવનતિ સર્વ વર્ણોએ પોત પોતાના નિત્ય નૈમિતિક કર્મનો ત્યાગ કરવાથી જ થઇ છે. ગીતાજીમાં કહ્યું છે કે પોતાના ધર્મમાં મરણ થાય તે પણ સારૂં અને અન્ય ધર્મમાં સુખ વૈભવ પ્રાપ્ત થાય તે પણ નઠારૂં. **गतं शोचं न कर्तव्यं** એ ન્યાયે પૂર્વ કાળમાં થયલી અવનતિ, ઉન્નતિમાં કેવી રીતે પરિવર્ત્તિત થાય, એજ વિચારણીય છે. આસપાસના દેશો સુધારાને રસ્તે પડયા છે, તેઓ આપણુને દૃષ્ટાન્ત આપે છે. તે દૃષ્ટાન્તનો વિચાર કરતાં ન્યાય, નિશ્ચય અને નિયમ વગરનું વર્તન આપણા ભાગ્ય જહાજને અવનતિના ઉદધિમાં નિમગ્ન કરશે એ વાત બિન તકરારી છે. વખતનો અથવા વર્તમાન કાલીન સમયનો સદુપયોગ નહિ કરવામાં આવે તો દુનિઆની શરતમાં હાર ખાવાનો અનુભવ હજુ પણ વધારે પ્રમાણમાં ભોગવવો પડશે. આ દુનીઆમાં અસ્તોદયનો મહા નિયમ સદા સર્વદા પ્રચલિત છે. પ્રત્યક્ષ:દેવ જે સૂર્યનારાયણ, તેને પણ ઉદય, મધ્યાન્હ અને અસ્ત એવી ત્રણે દશાનો અનુભવ લેવો પડે છે. તેવીજ રીતે ભરતખંડમાં અનેક મહાન નરો તથા મહાન રાજ્યો થયાં અને નાશ પામ્યાં. તેવીજ રીતે યુરોપ, અમેરિકા વગેરે સ્થળે રાજ્ય પરિવર્ત્તન, મનુષ્ય બુદ્ધિનો ફેરફાર, તવારીખના

ભ્યાસીઓને માટે નૂતન નથી. ઇશ્વર પણ ઉત્પત્તિ, સ્થિતિ અને લયના મ-
યમનો અનુભવ પરાપૂર્વથી કરાવે છે. યા મનુષ્ય પોતાના વિચારોથી તે
છે. ગમે તેમ હોય પણ અસ્તોદય ચાલતો જ આવેલો જોવાય છે.
ન અનુભવાય છે, અંગ્રેજીમાં એક કવિએ કહ્યું છે કેઃ—

"The wheel of life, is ever on the round"
"One side's up and other on the ground."

એક ગુજરાતી કવિએ કહ્યું છે કેઃ—

શું નથી થાતી ઓટ, ભરતી સાગરમાં આવી;
શું ન થાય અંધારૂં દિવસ યદિ જાય સિધાવી. વગેરે

તો પણ એક કવિના શબ્દોમાં એટલું કહીએ તો તે સ્વતઃ છે કેઃ—

कर्त्ता कुरुते यद् यदिच्छति
एवं आत्मकृतं कर्म मानवः प्रतिपद्यते

कर्मणो गहना गतिःપ્રમાણે મનુષ્ય પોતાનું કરેલું જ ભોગવે છે. જો મનુષ્યનાં કર્તવ્ય સારાં હોય તો પરમેશ્વરને ગેરઇન્સાફી માનવો પડે. જો તેને દુઃખ પ્રાપ્ત થાય તો. પરન્તુ પરમેશ્વરની બાબતમાં તેવું છે જ નહિ. પરમર્ષિ તથા મહર્ષિઓના વંશ જ સામર્થ્યે હીનત્વ ભોગવે છે. તેનું કારણ તેમના વિચાર અને કર્મને અવલંબે છે, એમ માન્યા વગર ખુલાસો થઈ શકતો નથી. વિચાર એવી ચીજ છે કે એક સારો યા નઠારો વિચાર કર્યો કે તે જ વિચાર પુનરપિ મનમાં પ્રકટીકરણ કરે છે, અને તે મનુષ્યની ઓરામાં સ્થાન કરી રહે છે, અને આસપાસની વ્યક્તિઓના તેવા તેવા વિચારોનું આકર્ષણ કરી અથવા આકાશ તત્ત્વમાં સ્થપાયલા તેવા તેવા વિચારોનું આકર્ષણ કરી પોતાની ઓરામાં સ્થપાએલા તેવા વિચારને પરિપુષ્ટ કરે છે, અને તદનુસાર તેનું છાયા શરીર બંધાઇ ભવિષ્યમાં તેવો અવતાર ધારણ કરે છે, માટે ખરાબ વિચારથી અને તદનુસાર આચારથી મનુષ્યનું કેટલું અનિષ્ટ થાય છે? તેનો જો તેઓ વિચાર કરતા થાય, તો જગત્‌નું કેટલું કલ્યાણ થાય? વિચાર કામભૂવનના સૂક્ષ્મ પ્રદેશ (Astral plane) માંથી પસાર થઈ ઇચ્છાનુસાર સ્થૂળ ભૂવનમાં રચના કરે છે. એવું વિચારનું માહાત્મ્ય છે. મનુષ્ય કૃતિમાં જે કાર્યો રચે છે તેની અસ્તિ પ્રથમ સ્વરુપે વિચારમાં થાય છે. જેના વિચાર શુભ હોય તેને હાથે નઠારૂં નહિ થાય અને જેના અશુભ હોય તેને હાથે સારૂં થવું સંભવિત નથી.

श्री

सारस्वत-सर्वस्व.

अर्थात

સર્વ બ્રાહ્મણોનું મૂળ.

સ્વજાતિ અને સ્વદેશનો ઇતિહાસ એ ઉન્નતિનું મૂળ કારણ છે. હું કોણ છું? મ્હારૂં ખાનદાન કેવું છે? મ્હારા વડવાઓએ આ દુનીઆમાં પોતાની કેટલી કીર્ત્તિ ફેલાવી છે? એ વાતોના અજ્ઞાનવડે કુળ ગૌરવ તથા મર્યાદાની મહત્તાનો ખ્યાલ અન્તઃકરણમાં ઉત્પન્ન થતો નથી. જે મનુષ્યને આત્મગૌરવ અથવા તો પોતાના કુળની મર્યાદાનું જ્ઞાન નથી; તે મનુષ્યજ નથી. એવા માણસથી કોઈ પણ પ્રકારની ચઢતીની આશા રાખી શકાતી નથી. એ કારણસર પરમેશ્વરે મનુષ્યને સ્વભાવજન્ય ગુણ બક્ષીસ કરેલો છે કે તે પોતાની સમજણ પ્રમાણે દેશ, જાતિ અને છેલ્લે છેલ્લે પોતાના વંશના સમ્બન્ધમાં જ્યાં સુધી :સમ્ભવ હોય ત્યાં સુધી જિજ્ઞાસા ધરાવે છે, અને એ સમ્બન્ધમાં શોધખોળ પણ અવશ્યમેવ કરે છે. એ કારણસરજ સંસારમાં સ્વજાતિ તથા સ્વદેશનો પ્રાચીન ઇતિહાસ મનુષ્ય માત્ર લખી રાખે છે અને એકઠો કરી રાખે છે. હિન્દુસ્તાન જેટલો પ્રાચીન દેશ પૃથ્વીમાં બીજો કોઈ નથી, એટલે હિન્દુસ્થાન જૂનવટમાં અગ્રેસર છે. અને તેનો ઇતિહાસ પણ સર્વાપેક્ષા પુરાતન છે. પરન્તુ દિલગીરીની વાત છે કે યવન, તુરાની, મુસલમાન, મોગલ વગેરે પરદેશી લૂટારા રાજાઓએ આ કમનશીબ દેશપર અનેક ચઢાઇઓ કરી તથા યુદ્ધ, અત્યાચાર, લૂટ, માર ઇત્યાદિ કરેલ જેથી જુના ગ્રન્થો નાશ પામતાં ભારતવર્ષનો સટીક ઇતિહાસ પણ તેની સ્વાધીનતા સાથે નાશ પામ્યો. જે પંજાબ પ્રાન્ત સાથે આ પુસ્તકના ઇતિહાસનો તથા વર્ણનનો સમ્બન્ધ છે તે સદહૂ હુમલો કરનાર પરદેશી અત્યાચારી રાજાઓને આ દેશમાં દાખલ થવાનો મુખ્ય માર્ગ હતો અને તેમનાં ક્રૂરતા ભરેલાં કાર્યો

બજાવવાની મુખ્ય રંગભૂમિ હતી. જે દેશ આવી સ્થિતિ વચ્ચેથી પસાર થાય, તેના પુરાણા આચાર વિચારનો નાશ બેશક થાયજ. બ્રાહ્મણ જાતિમાં જન્મી એક મહા પુરૂષને લખતાં શરમ ન આવી જેથી તેણે લખ્યું છે કે— "**गोत्र प्रवरका विचार कन्या पुत्रके सम्बन्धमें घटता घटता घट गया !!!**" "પોતાની જાતિ છોડી અન્ય જાતિમાં કન્યા તથા પુત્રનો વિવાહ સમ્બન્ધ કરી લેવાની વાત ચાલી"!!! કેટલાક તો એવા પણ નીકળશે કે જે પોતાના ગોત્રને પણ જાણતા નથી. વળી પ્રવર શું ચીજ છે, તેનો પણ ઘણાને ખ્યાલ નથી. આવી દુર્દશાનું કારણ મૂર્ખતા અને પોતાના કુળની મર્યાદાનું અજ્ઞાન. વિદ્યાભ્યાસ અને આત્મગૌરવ વગર બ્રાહ્મણોની ઉન્નતિ અસંભવિત છે.

અત્રે દીર્ઘકાળ થયાં બ્રાહ્મણ માત્રના મુખ્ય દશ વિભાગ ભરતખંડમાં ચાલુ છે. એટલે કે આર્યાવર્તના રહીશ, સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, મૈથિલ અને ઉત્કલ એમ વિભાગ છે. તેજ પ્રમાણે દક્ષિણ હિન્દુસ્તાનના રહેવાસી, કર્ણાટકી, તૈલંગી, ગુજરાતી, મરાઠી, અને દ્રાવિડ એમ વિભાગ છે. આ ઉપરથી વિના શકે પુરવાર થાય છે કે ભરતખંડ માંહેલા જુદા જુદા પ્રાન્તમાં વસવાટ કરવાના કારણસર દશ પ્રાન્તોનાં નામ ઉપરથી બ્રાહ્મણોની જુદી જુદી જાતની દશ સંજ્ઞા થઈ છે. તદનુસાર સારસ્વત પ્રાન્તના રહેવાસી "સારસ્વત બ્રાહ્મણ" ના નામથી પ્રસિદ્ધ થયા. દેવ નદી સરસ્વતી પોતાની પરમ પવિત્ર ધારાઓથી જે પ્રાન્તને પવિત્ર કરતી, તેને સારસ્વત દેશના નામથી ઓળખવામાં આવે છે. હવે જોવાનું એટલુંજ છે કે સરસ્વતી નદી તે કયી? અને ક્યાંથી નીકળી કયા સમુદ્રમાં મળતી? અથવા તો મૂળ કયા પર્વત ઉપર હતું અને મુખ ક્યાં હતું? કોઈ પ્રસિદ્ધ નદીનું નામ સરસ્વતી છે અથવા સરસ્વતી નામથી બીજી નદીઓનો પરિચય પણ થાય છે. ઇતિહાસ પુરાણ વગેરે શાસ્ત્રોનું વિચાર પૂર્વક અવલોકન કરવાથી સારી રીતે ખાત્રી થાય છે કે હિમાલય પર્વતના પ્લક્ષ પ્રસ્ત્રવણમાંથી સરસ્વતી નદી નીકળી પૃથૂદક (પિહોયા) કુરૂક્ષેત્રના બ્રહ્માવર્ત પ્રદેશના મહિમાને વધારતી ક્રમે ક્રમે પશ્ચિમ દક્ષિણ તરફ વહેતી વહેતી દ્વારકા પાસે પશ્ચિમ તરફના સમુદ્રમાં મળી ગઈ છે. જે સમયે સરસ્વતી જળવિહીન નહોતી થઈ અને વિસ્તીર્ણ તથા પ્રબળ પ્રવાહ સહીત સમુદ્ર સાથે મેળાપ કરવાને પૂર જોશથી વહેતી હતી, તે સમયે ભરતખંડમાં સરસ્વતીના જેવી વેગવાળી બીજી કોઈ પણ નદી

નહોતી. સારી ખ્યાતિને પામેલી અતિ પ્રાચીન સરસ્વતી નદીનો એ સમયનો મહિમા વેદમાં સ્પષ્ટ રીતે આજ પણ દૃષ્ટિગોચર થાય છે. જગાની તંગાશને લીધે એ સઘળા વેદના મન્ત્રોને વિસ્તારપૂર્વક ઉલ્લેખવા અશક્ય છે. કારણ આ પુસ્તક ન્હાનું છે. તોપણ ઋગ્વેદના છઠ્ઠા તથા સાતમા મંડળના બે એક મંત્રો આ સ્થળે લખવાનું આવશ્યક ભાસે છે. જેમકે—

प्रक्षोदसा धायसा सस्रएषा सरस्वती धरुणमायसी पूः ।
प्रबावधाना रथ्येव याति विश्वा आपो महिना सिंधुरन्याः ॥१॥
एका तेत्सरस्वती नदीनां शुचिर्म्मती गिरिभ्य आ समुद्रात् ।
रायश्चेतती भुवनस्य भूरे र्घृतं पयो दुदुहे ताहुषाय ॥ २ ॥

मं. ७ सू० ९५

आयस्माकं यशसो बावशानाः सरस्वती सप्तयी सिन्धुमाता ।
याः सुष्वपंत सुदुधा सुधारा अभिस्वेन पयसा पीप्यानाः ॥ ६ ॥

मं. ६ अ. ३ सू० ३७

આ મંત્રોનું ઐતિહાસિક વર્ણન સરસ્વતીની સઘળી તવારીખનું મૂળ કારણ છે. આ મંત્રોના અર્થને વિચારતાં ખુલ્લી રીતે પ્રતીત થાય છે કે સરસ્વતી નદી આજથી પહેલાં હજારો વર્ષથી માંડીને આજ સુધીમાં જળવિહીન થઈ નાશ પામેલી હોય એવી દેખાય છે. પરન્તુ જળ વગરની થતાં પહેલાં એની ધારાનો પ્રબળ વેગ હિમાલયથી તે સમુદ્ર સુધી અનુપમ હતો. એ કારણસર એની ઉત્પાદિકા શક્તિ વિશિષ્ટ અદ્વિતીય ધારાના પ્રબળ પ્રવાહનું વર્ણન કરતાં દુશ્મનોની ચઢાઈઓથી બચાવ કરનાર એક લોહના કિલ્લાની તેને ઉપમા આપવામાં આવી છે. અને વેગના સમ્બન્ધમાં '**रथ्येवयाति**' રથપર ચઢી દોડી જતી આ સરસ્વતીએ બીજી સર્વ નદીઓના જળ માત્રને પોતાના મહત્ત્વથી ન્યૂનતા આપી હતી. ઇત્યાદિ વર્ણન સ્પષ્ટ છે. આથી આ વાત નિઃસન્દેહ પૂર્વક પુરવાર થાય છે કે નાશ થતાં પહેલાં સરસ્વતી એક મ્હોટી, ભારે વેગવાળી, અને અનુપમ નદી હતી. એટલુંજ નહિ પણ તે એક સર્વોત્તમ તીર્થ હતી. તીર્થ સમ્બન્ધે લખ્યું છે કે—

" यथा शरीरस्यो देश्याः केचिन्मेध्य तमाः समृताः ।
तथा पृथिव्या मुद्देश्याः केचित्पुण्यतमाः स्मृताः ॥

प्रभावादद्भुतात्भूमेः सलिलस्यच तेजसा ।
परिग्रहान्मुनीनां च तीर्थानां पुण्यता स्मृता ॥"

સ્થળ વિશેષના પવિત્ર અને અદ્‌ભુત જળના કારણસરજ તીર્થની પવિત્રતા મનાય છે. અને છે. વાસ્તવિક રીતે તીર્થ નામજ જળ વિશેષનું છે. આ સરસ્વતી તીર્થની પરમ પવિત્રતાના સબબ સરજ એના કિનારાપર પ્રજાપતિ બ્રહ્માએ તથા દેવતાઓએ પૂર્વ કલ્પમાં યજ્ઞો કર્યા હતા. અને પુણ્ય ભૂમિ ભારતભૂમિને કર્મભૂમિ માનીને તપ કરવાને માટે સર્વથી પવિત્ર અને સર્વોત્તમ સ્થાન સરસ્વતીના કિનારાના પ્રદેશ બ્રહ્માવર્તને મુકરર કર્યો હતો. આ બાબત મનુસ્મૃતિમાં લખવામાં આવ્યું છે કે—

" सरस्वती दृषद्वत्योर्देव नद्योर्यदन्तरम् ।
तन्देव निर्मितन्देशं ब्रह्मावर्तं विदुर्बुधाः ॥"

વળી—

" एतद्देश प्रसूतस्य सकाशा दग्र जन्मनः ।
स्वं स्वं चरित्र शिक्षेरन् पृथिव्यां सर्व मानवाः"

દેવતાઓએ બનાવેલ બ્રહ્માવર્ત પ્રદેશમાં ઉત્પન્ન થયલા અગ્રજન્મા બ્રાહ્મણો પાસેથી આખી પૃથ્વીના તમામ મનુષ્યોને શિક્ષણ મળ્યું. એમ કહીને એ સરસ્વતી નદી તથા સારસ્વત દેશનો મહીમા જાહેર કરવામાં આવ્યો છે.

" त्रयाणामपि लोकानां कुरुक्षेत्रं विशिष्यते ।
ब्रह्मावर्त्ते नरः स्नात्व ब्रह्मलोकमवाप्नुयात् ॥"

વગેરે મત્સ્ય પુરાણ તથા તૈત્તિરીય જાવાલ શત પથ આદિ શ્રુતિઓમાં સરસ્વતી તટસ્થ કુરુક્ષેત્ર તીર્થનો મહિમા અને સદર્હુ સ્થાનમાં પૂર્વ કલ્પને વિષે સમ્પન્ન દેવતાઓના યજ્ઞનું સુસ્પષ્ટ લખાણ બહુધા દૃષ્ટિગોચર થાય છે. દાખલા તરીકે—

" देवा वै सत्र मासत, ऋद्धिपरिमितं यश स्कामाः ।
तेऽब्रुवन् यन्नः प्रथमं यश ऋच्छात् सर्वेषां नस्त त्सहासदिति ॥
तेषां कुरुक्षेत्रं वेदिरासीत् तस्यै खाण्डवो दक्षिणार्द्ध ।
आसीत् तूर्घ्न मुत्तरार्द्धः परीणश्च घनार्द्धः मरु उत्कर: तेषां ॥

मखं वैष्णवं यश आच्छेत् कुरुक्षेत्रन्देवानां देवयंजनं ।
सर्वेषां भूतानां ब्रह्मसदनं कुरुक्षेत्रं वै देवयजनम् ॥ "

વગેરે વગેરે એવી કોઈ સ્મૃતિ, કોઈ પુરાણ અથવા ઇતિહાસ યા ઉપ પુરાણ નહિ હોય કે જેમાં સરસ્વતી નદી અથવા તો તેના કિનારાપર આવેલા કુરૂક્ષેત્રના મહિમા સમ્બન્ધે વર્ણન ન કરવામાં આવ્યું હોય. મહાભારત શલ્ય પર્વમાં ગદાયુદ્ધ પર્વના બલદેવ તીર્થયાત્રાધ્યાય અને સારસ્વતો પાખ્યાનમાં સ્થળે સ્થળે આ સરસ્વતી નદી અને કુરુક્ષેત્રનું યશોગાન કરવામાં આવ્યું છે. બળદેવજી તીર્થયાત્રા કરવા સારૂ દ્વારકાથી પ્રયાણ કરી જ્યાં સરસ્વતીનું મૂળ છે. એવા પરમપવિત્ર પ્લક્ષ પ્રસ્રવણ પર્વત ઉપર ચઢયા હતા. તેમના તે ઉત્તમ પર્વત ઉપરથી ઊતરવાના વર્ણનમાં લખેલું છે કે—

" सोव तीर्य्याचल श्रेष्ठात्प्लक्ष प्रस्त्रवणात् शुभात् । "

ખુલ્લે ખુલ્લું લખેલું છે. બળદેવજી મહારાજે પોતે સ્વમુખે કહ્યું છે કે—

" सरस्वती वास समाकुतो रतिः? सरस्वती वास समा कुतो गुणाः ?
सरस्वतीं प्राप्यदिवं गताजनाः। सदा स्मरिष्यन्ति नदीं सरस्वतीम् ॥१॥
सरस्वती सर्व नदीषु पुण्या सरस्वती लोक सुखावहा सदा ।
सरस्वतीं प्राप्यजनाः सुदुष्कृतं सदान शोचन्ति परत्र चेहच ॥ २ ॥

तथा तीर्थम्पुण्यतमं राजन् पावनं लोक विश्रुतम् ।
यत्र सारस्वतो पातः सोऽङ्गिरास्तपसो निधिः ॥
तस्मिन् तीर्थे नरः स्नात्वा वाजिमेघ फलं लभेत् ।
सरस्वतीं गतिं चैव लभते नाऽत्र संशयः ॥ " વગેરે વગેરે

તદુપરાન્ત બળદેવજીની સરસ્વતી નદી ઉપર અનન્ય પ્રીતિ તથા ભક્તિ પુરવાર કરી મહર્ષિ વેદ વ્યાસજીએ તેમના રથપર ચઢવાનું કેવું સુંદર વર્ણન મહાભારતમાં કરેલું છે. એ વર્ણનમાં લખેલું છે કે—

तदा मुहुहुः प्रीत्या प्रेक्ष्यमाणः सरस्वतीम्।
हयैर्युक्तं रथं शुभ्रमतिष्ठत परन्तपः ॥ "

આ પરમ પવિત્ર સલિલા સર્વોત્તમ નદીના મહિમા સમ્બન્ધે વર્ણન કરતાં વગર ઇચ્છાએ કલમ અટકાવવી પડે છે. પરન્તુ આતો નિઃસન્દેહ

વાત છે કે જ્યારે ભાગીરથી–ગંગાની ઉત્પત્તિ પણ નહોતી થઇ, પાપીઓનો ઉદ્ધાર કરવા સારૂ તેનું સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર અવતરણ પણ નહોતું થયું, એવા પુરાતન કાળમાં પણ સરસ્વતીની પરમ પવિત્ર તરંગમાળાનો મહિમા વેદ વગેરે શાસ્ત્રોમાં ગવાઈ રહ્યો હતો. અને જન્મભૂમિની વિશેષ પવિત્રતાના કારણસર આ દેવનદીને અને તેની તીર–ભૂમિને પવિત્ર ગણી તે ભૂમિ ઉપર પોતાનું નિવાસ–સ્થાન ઋષિઓએ નિર્માણ કર્યું હતું.

જ્યારે બળદેવજી તીર્થ–યાત્રા કરવા ગયા હતા, તેની આગમચ ઘણા કાળ ઉપર સરસ્વતી નદી જળવિહીન બની ગઈ હતી. સબબ આ તીર્થ યાત્રા–પ્રકરણમાં દ્વારકાથી પ્રભાસ ચમસોભેદ વગેરે તીર્થની પછી વિનશન પ્રદેશના વર્ણનમાં મહાભારતમાં લખ્યું છે કે—

" ततो विनशनं राजन् जगामाथ हलायुधः ।
शूद्राभीरान् प्रतिद्वेषा द्यत्र नष्टा सरस्वती ॥
यस्मात्सा भरत श्रेष्ठ द्वेषान्नष्टा सरस्वती ।
तस्मात्त दृषयो नित्यं प्राहुर्विनशनेतिहि ॥ "

જે કાળે સરસ્વતી નદીનો જે પ્રદેશમાં કાળની કુટિલ ગતિવડે વિનાશ થયો, તે પ્રદેશનું નામ તે સમયથી વિનશન પડ્યું. સદર્હુ વિનશન પ્રદેશ તે વર્તમાનકાળને વિષે ઉદયપુર, મેવાડ તથા રાજપુતાનાની પશ્ચિમ તરફનો મરુપ્રદેશજ છે. હવે આ બાબતમાં કેટલીક શંકાને સ્થાન મળે છે કે એક તો પ્રયાગ તીર્થમાં ગંગા, યમુના અને સરસ્વતીના સંગમને ત્રિવેણી સંજ્ઞાથી લોકો ઓળખે છે. બીજું મહાભારતમાં બળદેવ–તીર્થ યાત્રામાં સરસ્વતી લુપ્ત થવાના વર્ણન બાદ ફરીથી નૈમિષારણ્ય તીર્થમાં સરસ્વતી નદીના વર્તમાન પ્રવાહનું વર્ણન કરવામાં આવ્યું છે. સિવાય પુષ્કર, ગયાજી, ઉત્તરકોશલા, ઋષભદ્વીપ, ગંગાદ્વાર, કુરુક્ષેત્ર અને હિમાલય પર્વત ઉપર ભિન્ન ભિન્ન સરસ્વતી નદી બિરાજમાન થએલી વર્ણવેલી છે. હવે આ સઘળી સરસ્વતી નદીઓમાંથી યથાર્થ મુખ્ય સરસ્વતી કયી છે કે જે નદીના સમ્બન્ધમાં વેદના ઐતિહાસિક અંશમાં અનેક શ્રુતિ વિદ્યમાન છે. જ્યાં સુધી આ ગુંચવણ ભરેલી શંકાનું સમાધાન, યથાર્થ રીતે ખાત્રી લાયક પ્રમાણ અને સયુક્તિથી ન થાય ત્યાંસુધી સરસ્વતી નદી અથવા તો સારસ્વત દેશ કયો છે; તેનો યથાવત્ નિર્ણય થઈ શકેજ નહિ. ખરેખર આ કઠણ સમસ્યાનું ઉત્તર આપતાં ઘણા ભારતવાસી તથા પુરાતત્ત્વ જિજ્ઞાસુ અંગ્રેજ વિદ્વાનો જેઓ

ઇતિહાસ-લેખક તરીકે પ્રસિદ્ધ છેઃ તેઓ ભ્રમશીલ થઈ ભ્રાન્તિમાં પડી ગયા છે. એ કારણથી ભિન્ન ભિન્ન પ્રકારના સિદ્ધાન્ત સરસ્વતીના સમ્બન્ધમાં જોવામાં આવે છે. પરન્તુ વિચારવા લાયક બાબત એ છે કે વેદમાં કહેલી મુખ્ય સરસ્વતી નદી કયી છે? સરસ્વતીના ચરણમાં પ્રણામ કરી એકાગ્ર ચિત્તે વિચાર કરતાં, શાસ્ત્રીય વચનો વડેજ આ બાબતની યથાર્થ મીમાંસા થઈ જાય છે. કારણ પુષ્કર, ગયાજી વગેરે તીર્થોમાં આજ લગણ જે સરસ્વતી નદી જોવામાં આવે છે. તેમનાં સ્વતંત્ર સ્વતંત્ર નામ છે. બીજું બ્રહ્મા અથવા તો બ્રહ્મર્ષિઓએ મંત્ર બળવડે જ્યાં જ્યાં જે જે વખતે સરસ્વતીનું આવાહન કીધું છે, ત્યાં ત્યાં તેમના સત્ય સંકલ્પાનુસાર તે તે વખતે સમતલ પૃથ્વીને ફોડી સદ્દૃ ન્હાની ન્હાની નદીઓનો ઉદ્ભવ થયો છે. મહભારતમાં એ નદીઓનાં આ પ્રમાણે નામ લખેલાં જોવામાં આવે છે—

" सुप्रभा काञ्चानाक्षी चविशालाच मनोरमा ।
सरस्वती चोघवती सुरेणु र्विमलोदका ॥
पितामहेन यजता आहूता पुष्करेषुवै ।
सुप्रभा नाम राजेन्द्र नाम्ना तन्त्र सरस्वती ॥
आजगाम महाभाग तत्र पुण्या सरस्वती ।
नैमिषे काञ्चनाक्षी..........................॥
आहूता सरिता श्रेष्ठ गय यज्ञे सरस्वती ।
विशालान्तां गयेश्वाहु ऋषयः संशितव्रताः ॥
उतरे कोशला भागे पुण्ये राजन् महात्मनः ।
उदालकेन यजता पूर्वं ध्याता सरस्वती ॥
आजगाम सरित् श्रेष्ठा तंदेशं ऋषि कारणात् ।
मनोरमेति विख्याता...................॥
सुरेणु ऋषभे द्वीपे पुण्ये राजर्षि सेविते ।
कुरोश्च यजमानस्य कुरुक्षेत्रे महात्मनः ।
आजगाम महाभाग सरित् श्रेष्ठा सरस्वती ।
ओघवत्यपि राजेन्द्र वशिष्ठेन महात्मना

समाहूता कुरुक्षेत्रे दिव्य तोया सरस्वती ।
दक्षेण यजता चापि गंगा द्वारे सरस्वती ।
सुरेणुरिति विख्याता प्रश्रुता शीघ्रगामिनी ॥
विमलोदा भगवती ब्रह्मणा यजता पुनः ।
समाहूतायया तत्र पुण्ये हैमवते गिरौ ॥
एकी भूता स्ततः तास्तु तस्मिन् तीर्थे समागताः ।
सप्त सारस्वतं तीर्थन्तत स्तत्प्रथितं भुवि ।
इति सप्त सरस्वत्यो नामतः परिकीर्त्तिता ः।
सप्त सारस्वतं चैव तीर्थम्पुण्यन्तथा स्मृतम् ॥ "

મહાભારતનાં આ વચનોથી સુપ્રભા વગેરે જુદી જુદી સ્વતંત્ર નામવાળી નદીઓ ભિન્ન ભિન્ન તીર્થોને વિષે યજ્ઞકાળે ઉત્પન્ન થયલી સ્વતંત્ર સરસ્વતીઓ દૃષ્ટિગોચર થાય છે. પરન્તુ ગણત્રીમાં મુખ્ય સરસ્વતી સરસ્વતી સહિત બધી મળી નવ થવા જાય છે. કારણ સુરેણુ નામની સરસ્વતી એક ઋષભદ્વીપમાં બીજી ગંગાદ્વારમાં એ પ્રમાણે એ જુદી જુદી સુરેણુ છે. સાતે સરસ્વતીનું પુનઃ હિમાલયમાં એકત્ર રીતે બ્રહ્માદ્વારા આવાહન થવાના કારણ સર સપ્ત સારવત તીર્થનો મહિમા મહર્ષિ વ્યાસવડે ગાવામાં આવ્યો છે. એ પણ સુસ્પષ્ટ બાબત છે. આથી નિશ્ચય થાય છે કે કુરુક્ષેત્રની મુખ્ય સરસ્વતી નદીનું બીજું નામ પડતાં સુપ્રસિદ્ધ સરસ્વતી નામજ રહ્યું. એટલે એની શાખા મહર્ષિ વસિષ્ઠજીના ;આવાહનના કારણસર ઓઘવતી નામે નિરાળી સરસ્વતી નદી કહેવાઈ. નામ—ગણનામાં પણ વ્યાસજીએ મુખ્ય સરસ્વતી નામને સઘળાં નામોની વચ્ચે સુશોભિત રીતે બતાવેલ છે. અને તેનું આવાહન પણ કરવામાં આવ્યું નથી. કેવળ " આજગામ " લખેલ છે. આથી મુખ્ય સરસ્વતીને અલગ કાઢી લેતાં સાતે સરસ્વતી બીજાંજ નામવાળી બાકી રહી જાય છે. આ સાતમાં દક્ષના યજ્ઞમાં જે સુરેણુ નામની ઉતાવળે વહેતી સરસ્વતીનું નામ આવ્યું છે. તે કાળાન્તરે ગંગાનદી સાથે મળી ગએલી જળવિહીન સ્થિતિમય જ્યારે પ્રયાગ સુધી આવી કાલિન્દી સાથે મળી ગઈ ત્યારે સ્વતઃ ગંગા, યમુના અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ થયો, એમ પ્રતીત થાય છે. નહિતો પ્લક્ષ પ્રસ્રવણમાં જેનું મૂળ છે અને કાત્યાયન આદિ શ્રૌત સૂત્રોમાં સારસ્વત સત્રની દિક્ષા જે પ્રધાન સરસ્વતી નદીના

કિનારાપર લખેલી છે. તે સરસ્વતી નદી પૂર્વ તરફ વહેતી નથી. તો પ્રયાગ જે પૂર્વ દિશામાં છે ત્યાં સુધી ક્યાંથી આવે ? તે તો પશ્ચિમ તરફ વહેતી વહેતી પશ્ચિમ સમુદ્રમાં મળી ગયાનો લેખ છે. મહર્ષિ કાત્યાયને—

" शुक्लपक्ष सप्तम्यां दीक्षा सरस्वती विनशने "

का० श्रौ० २४—६—३०

જે સમયે આ સૂત્ર રચવામાં આવ્યો, તે સમયે પણ સરસ્વતી નદી જળવિહીન થઈ ચૂકેલી હતી. એની દૃઢ પ્રતીતિ તો આ સૂત્રમાંના વિનશન શબ્દથી થાય છે. કર્કે એની વ્યાખ્યામાં લખેલું છે કે—

" सरस्वती विनशने सरस्वती समुद्र संगमे ।
प्रभासे सारस्वत सत्रार्थं दीक्षा भवति ॥ "

પરન્તુ લાટ્યાયનના ૧૦—૧૫—૧ સૂત્રમાં.

" सरस्वती नाम नदी प्रत्यक् स्रोता ।
प्रप्रहति तस्याः प्रागपर भागौ सर्व लोक प्रत्यक्षौ ।
मध्यमस्तु भागः भूम्यन्त मिमग्नः प्रवहति ।
नासौ केनचिद् दृश्यते नद्विनशन मुच्यते ॥ "

લખીને માધવાચાર્યે ખુલ્લે ખુલ્લું બતાવી આપ્યું છે કે " સરસ્વતીનો શ્રોતઃ પ્રવાહ પશ્ચિમ તરફ જાય છે. એ નદીનો પ્રથમનો ભાગ અને આખરનો ભાગ તો સર્વજનને પ્રત્યક્ષ દેખાય છે. વચલો ભાગ પૃથ્વીની વચ્ચે નિમગ્ન થઈ ગએલો વહન કરે છે. તેથી કરી વચલો ભાગ કોઇના જોવામાં આવી શકતો નથી, તે વિનશન કહેવાય છે. નિષાદપુરની પાસેના પ્રદેશનું નામ વિનશન પ્રદેશ છે. એ બાબતમાં લખેલું છે કે—

" द्वारं निषाद राष्ट्रस्य येषां दोषात् सरस्वती ।
प्रविष्टा पृथिवीं वीर.... ...। " म. भा०

મતલબ હવે આ વિષયમાં શક નથી કે જે સરસ્વતીનું મૂળ પ્લક્ષ પ્રસ્રવણમાં છે. જેનો પ્રથમનો ભાગ પિંહોયા કુરૂક્ષેત્ર સ્થાણુતીર્થમાં આજ સુધી દૃશ્યમાન થાય છે. જ્યાં પિંડદાન કરવાથી પ્રાણીની સદ્‌ગતિ થાય છે. તેનો જળવિહીન થએલો ભાગજ વિનશન છે; અને શેષ ભાગ આજ લગણ

ઉદયપુરની નૈરૂત્યે, સિદ્ધપુર પાટણ અથવા માતૃગયાની પાસે વહન કરેછે, અને કચ્છ તથા દ્વારકાવાળા પશ્ચિમ સમુદ્રની ખાડીમાં પડે છે, વેદમાં કહેલી મુખ્ય સરસ્વતી મહાનદી એજ છે. કારણ કે આતો પ્રસિદ્ધ વાત છે કે જે નદીઓનો મહિમા શ્રુતિઓમાં પ્રખ્યાત છે, જેના અતિ પવિત્ર કિનારા પર મહર્ષિઓનો નિવાસ છે અને જે નદી ભરતખંડના કોઈ શ્રેષ્ઠ પર્વતમાંથી પેદા થઈ સમુદ્ર પર્યન્ત સ્વતંત્રતાથી જઈ મળે છે તેજ મહાનદી કહેવાય છે. સરસ્વતી, ગંગા વગેરે સાત મહાનદી મુખ્ય છે, તે નદ કહેવાય છે. અને તે સિવાયની સઘળી નદી છે. મુખ્ય સરસ્વતી જળવિહીન થતાં છતાં સમુદ્ર લગણ સ્વતંત્ર રીતે મળી ગયેલી દેખાય છે. પણ સુપ્રભા વગેરે અન્ય નામવાળી ન્હાની ન્હાની નદીઓ જે સંખ્યામાં સાત છે અને સરસ્વતી નામથી ઓળખાય છે. તે બીજી નદીઓ સાથે સો કે બસેં ગજ વહીને મળી ગઈ છે. એમાંથી એક પણ સ્વતંત્ર રીતે સમુદ્ર સાથે મળી ગઈ નથી.

धनुः सहस्त्राण्यष्टौ च गतिर्यासांनविद्यते ।
नता नदी शब्दवहा गर्त्तास्त परिकीर्त्तिना: ॥"

છન્દોગના આ વચન પ્રમાણે ચાર હજારને બત્રીશ હાથ કરતાં ઓછી લાંબી હોય તે નદીજ હોઈ શકે નહિ. એ સિવાય બ્રહ્માએ સાતે ગૌણ સરસ્વતીઓનું આવાહન પુનરપિ હિમવાન પર્વતના સમ સારસ્વત તીર્થમાં કરી લીધેલ છે. મતલબ એ સાતે સરસ્વતીમાં આજ એક પણ મુખ્ય સરસ્વતી નદી નથી, એ સમ્બન્ધે જે કંઈ માહાત્મ્ય વેદ પુરાણ સ્મૃતિ વગેરેમાં વિશેષ રૂપે વર્ણવેલ છે, તે મુખ્ય સરસ્વતી મહાનદીના સમ્બન્ધમાંજ છે. એક વખત ઋષિશ્રેષ્ઠ વસિષ્ઠજીએ અવર્ણનીય મહિમાવાળી આ સરસ્વતીની આ પ્રમાણે સ્તુતિ કરેલી છે.—

व्याप्तश्चेदं जगत्सर्व तद्धैवाम्भो भिरुत्तमै: ।
त्वमेवा आकाशगा देवि । मेघेषूत्सृजसे पय: ।
सर्वाश्चाप: स्त्वमेवेति त्वत्तो वयमधी महिं ।
पुष्टिर्द्युतिस्तथा कीर्त्ति: सिद्धिर्बुद्धिरुमा तथा ।
त्वमेव वाणी स्वाहा त्वं तवायत्तमिदं जगत् ।
त्वमेव सर्व भूतेषु वसमीह चतुर्विधा ॥"

ખાસ કરીને આ મુખ્ય સરસ્વતીના કારણસરજ તીર્થોત્તમ કુરૂક્ષેત્રનો મહિમા શાસ્ત્રોને વિષે એટલે દરજ્જે વર્ણવવામાં આવ્યો છે કે—

"ये वसन्ति कुरुक्षेत्रे ते वसन्ति त्रिविष्टपे ।"

પૃથ્વીપર સરસ્વતી નદીના કિનારાપરની ભૂમિને અને તેપરના નિવાસને સ્વર્ગની માફક પવિત્ર તથા સુખપ્રદ જાણી, ઋષિઓએ સૌથી પહેલાં સરસ્વતીના તટ ઉપર વસી સારસ્વત પ્રદેશને સૌ પ્રદેશમાં અગ્રગણ્ય બનાવ્યો હતો. આ સબબથી દશ જાતના બ્રાહ્મણોમાં સારસ્વત બ્રાહ્મણ સર્વથી પ્રથમ માનવામાં આવે છે અને ગણવામાં આવે છે.

મહાનદી સરસ્વતીના કિનારેપરના પ્રદેશનેજ સર્વોત્તમ સારસ્વત પ્રદેશ માનવામાં આવે છે. પરન્તુ નિષ્કેવળ એક પિહોયા કુરૂક્ષેત્રવાળી સરસ્વતી નદીના કાંઠાની ભૂમિ માત્ર સારસ્વત પ્રદેશના નામથી પ્રસિદ્ધ છે, એમ કંઈ નથી. બલ્કે આજ પર્યન્ત પંચનદ પ્રદેશની પાંચે નદીના કાંઠાને સિન્ધુ (અટક) નદ સુધી સારસ્વત દેશ માનવામાં આવે છે. પંડિત તુલસીરામજી પોતાની રચેલી " જાતિ વિભાગ " નામની ચોપડીમાં ચાલુ સારસ્વત પ્રદેશની સીમા આ પ્રમાણે લખે છે:—" પૂર્વમાં પૃથૂદક અથવા પિહોયા, દક્ષિણમાં રતિયા અને ફતયાબાદ, પશ્ચિમમાં મુલતાન તથા અટક નદી, ઉત્તરે જમ્મુ તથા નરપુર: આ પ્રદેશમાં જે બ્રાહ્મણો વસે છે તે સારસ્વત બ્રાહ્મણ કહેવાય છે. હવે વિચારવાનું એટલુંજ છે કે કુરૂક્ષેત્રવાળી મુખ્ય સરસ્વતી નદીના કાંઠાનો પ્રદેશ સારસ્વત પ્રદેશ મનાય એ તો જાણે યુક્તિ યુક્ત છે. પણ તેથી ઉલટું બીજી પાંચ નદીઓવડે અન્તરાય પડી ગયો છે છતાં પણ અટક સુધીનો પ્રદેશ સારસ્વત દેશમાં શા માટે ગણાતો હશે ? પર્વત યા નદીથી જુદો પડેલો પ્રદેશ શાસ્ત્રમાં દેશાન્તરની રીતે ઓળખાય છે. તો પછી પંજાબની એવડી મ્હોટી મ્હોટી નદીઓવડે અન્તર પડી ગયા છતાં પણ આ પ્રદેશ દેશાન્તર ન મનાતાં એક અભિન્ન સારસ્વત પ્રદેશ કેમ મનાતો હશે ? પંડિત તુલસીરામજી પોતાના પુસ્તકમાં સારસ્વત દેશની સીમા તો મનમાનતી લખે છે. પરન્તુ એ વાતનું કોઈ શાસ્ત્રીય પ્રમાણ અથવા તો ઉપરની શંકાનું સમાધાન કંઈ પણ તેમના તરફથી કરવામાં આવ્યું નથી. એ બહુ દુઃખ તથા આશ્ચર્યની વાત છે.

વેદમન્ત્રોના ઐતિહાસિક પ્રમાણોના સમ્બન્ધમાં અચ્છી રીતે વિચાર કરતાં નિશ્ચય થાય છે કે આખો પંજાબ પ્રાન્ત બેશક સારસ્વત પ્રદેશના ના-

મથી ઓળખાય છે. સુપ્રસિદ્ધ સારસ્વત દેશના અપૂર્ણે મહિમાના કારણસરજ એ દેશમાં પંજાબની પાંચે નદી પોતપોતાનું નામ ત્યજી સરસ્વતી બની ગઈ હતી. યજુર્વેદના આ એકજ મંત્રના પ્રમાણવડે એ વાતનો દૃઢ નિશ્ચય થઈ જાય છે. મંત્રમાં લખેલુ છે કે—

"पञ्चनद्यः सरस्वतीमपि यान्ति सस्रोतसः

सरस्वतीतु पञ्चधा सो देशेऽभवत्सरित् ॥" ૩૪ अ० ११ कं०

આ મંત્રના બાકીના ભાગની વ્યાખ્યા મહીધરે પોતાના પ્રસિદ્ધ ભાષ્યમાં આ પ્રમાણે કરેલી છે—

"साउ सैव सरस्वत्येव पञ्चधा देशे सरिन्नदी अभवत्

पञ्चाऽपि स्वनामानि त्यक्त्वा सरस्वत्येवाऽभवत् ।" म० भाष्य ॥

અર્થાત્—પંચનદ સારસ્વત દેશમાં એજ સરસ્વતી નદી પાંચ ધારાથી પ્રવાહિત થઇ પાંચ નદીના રૂપમાં વહે છે. પંજાબની પાંચે નદી "દેશ" અર્થાત્ જે સારસ્વત દેશમાં વહે છે, તેથી પોતાનાં નામ છોડી તેઓ સરસ્વતી બની ગઈ છે. અર્થાત્ સરસ્વતી નદી અને તેના કાંઠાપરના સારસ્વત દેશના પ્રતાપે જ્યારે પંજાબની પાંચે નદી સરસ્વતી નામવાળી થઈ ગઈ તો દેશાન્તરની શંકાને અવકાશ ક્યાં રહ્યો ? એ કારણસર સમગ્ર પઞ્ચનદ પ્રદેશની સંજ્ઞા પ્રાચીન સમયથી સારસ્વત પ્રદેશ તરીકે મનાય છે. એ બિન તકરારી વાત છે. અલબત સમયના ફેરફારથી અથવા રાજ્યના ફેરફારથી દેશોની સીમામાં વધ ઘટ થાય છે. અમારા પંજાબ પંચનદ વા પાંચાલ અથવા સારસ્વત પ્રદેશની સીમામાં પણ સમયે સમયે ફેરફાર થતો ચાલ્યો છે. પંજાબ સારસ્વત પ્રદેશ છે એ તો વૈદિક પ્રમાણથીજ સિદ્ધ છે. પરન્તુ આ ઠેકાણે પાંચાળ રાજ્યને પણ પંજાબથી અભિન્ન લખવાનું કારણ એટલુંજ છે કે પુરાણ તથા ઇતિહાસમાં આ બાબત આવી રીતે લખેલું છે. "હસ્તિનાપુરના વસાવનાર રાજા હસ્તિની પાછળ ચંદ્રવંશી રાજાઓની અજમીઢ, દ્વિમીઢ અને પુરુમીઢ નામની ત્રણ શાખાઓનો વિશેષ ફેલાવ થયો હતો. અજમીઢ રાજાની ચોથી પેઢીએ પ્રતાપી બાહ્યાશ્વ રાજાનો જન્મ થયો. સદરહૂ બાહ્યાશ્વ મહારાજાનું રાજ્ય સિન્ધુ નદી (અટક)ના કિનારાપર સ્થાપવામાં આવ્યું હતું. મહારાજ બાહ્યાશ્વના મુદ્ગલ, યવીનર, બૃહદિષુ, સૃઞ્જય અને કામ્પિલ્ય નામે પાંચ પુત્ર હતા. એમાંના કામ્પિલ્યે કાંપિલ નગરી વસાવી.

ઋગ્વેદ પરિશિષ્ટમાં મધ્યદેશના સીમાનું જ્યાં વર્ણન છે ત્યાં આથી પૂર્વ તરફના દેશને દશાર્ણ સુધી મધ્ય દેશ માનવામાં આવ્યો છે. પંચનદ પ્રદેશનું પ્રસિદ્ધ પાંચાલિકા રાજ્ય મહારાજ બાહ્યાશ્વના આ પાંચ પુત્રોનું પ્રતિષ્ઠિત રાજ્ય કહેવાતું હતું. પાંચાળ પ્રદેશ પણ પ્રકારાન્તરે પંજાબનું નામાન્તર માત્ર હતું. એમાં શક નથી. મહારાજ બાહ્યાશ્વના પાંચ દીકરા જે વખતે રાજ્ય કરતા હતા, તે કાળે પાંચ નદીવાળા પંજાબની રાજ્ય–સીમા પૂર્વ તરફ વિશેષ વૃદ્ધિગત થઈ તેનું નામ પણ પાંચાલ રાજ્ય પડ્યું. મત્સ્યપુરાણમાં બાહ્યાશ્વનું નામ ભદ્રાશ્વ લખેલું છે. જેમકે—

भद्राश्वतनयान् श्रृणु । मुद्गलश्च जयश्चैव राजाबृहदिषुस्तथा

जवीनरश्च विक्रान्तः काम्पिल्यश्चैव पञ्चमः ।

पञ्चानाञ्चैव पाञ्चालान् एतान् जनपदान् विदुः ।

पाञ्चालं रक्षिणो ह्येते देशानामितिनः श्रुतम् ॥" म० पु० अ. ५०

વિશેષમાં શક્તિ સંગમમાં સ્પષ્ટ છે કે—

"कुरुक्षेत्रात्पश्चिमेतु तथा चोत्तर भागतः । इन्द्रप्रस्थाम्महेशानि ।

दश योजनकद्वये । पाञ्चाल देशो देवेशि ! सौन्दर्य गर्व भूषितः ॥"

તીર્થોત્તમ કુરૂક્ષેત્રથી પશ્ચિમે અને ઇન્દ્રપ્રસ્થ, દિલ્હીથી બાર યોજન ઉત્તર પશ્ચિમે સુંદરતાની ખાણ સમાન પાંચાળ દેશ આવેલો છે. ભવિષ્યોત્તરમાં શ્રી પરશુરામજીના યુદ્ધવર્ણનમાં લખ્યું છે કે—

"गतो पञ्चनदे देवो क्षत्रियान्वय सूदनः ।

तत्र प्राप्तान महाशूरान् क्षत्रियान् रण दुर्म्मदान् ।

युयुधेऽति बलोरामः साक्षान्नारायणां गजः ।

जनन्या जनितो लोकेकः शूरो ? यस्तु पार्थिवान् ।

पाञ्चालान् जयते युद्धे विना नारायणः स्वयम् ।

પંચનદ (પંજાબ) અને પાંચાળ એ એકજ છે. માત્ર નામવડે ભિન્નત્વ દૃષ્ટિગોચર થાય છે. આ પ્રસિદ્ધ સારસ્વત પંચનદ પ્રદેશની આ વૃદ્ધિગત થયેલી સીમાના સબંધમાં વિશેષ લખવાની શું જરૂર છે ? જુઓ આજ પણ દેહલી એજ પંજાબની દેહલી તરીકે પ્રસિદ્ધ છે. એમાં શક તો નથીજ કે સૌથી પુરાતન નામ, વૈદિક પ્રમાણવડે, પંચનદ પ્રદેશનું, સારસ્વત દેશજ

છે. એ કારણસર પ્રાચીનશાસ્ત્રોમાં કેવળ સારસ્વત બ્રાહ્મણો સંબંધેજ ઉલ્લેખ બહુધા દૃશ્યમાન થાય છે કાન્યકુબ્જ, ઉત્કલ, મૈથિલ, તૈલંગ, દ્રાવિડ આદિ બ્રાહ્મણોની આધુનિક શ્રેણીનાં નામ પ્રાચીનશાસ્ત્રોમાં માલૂમ પડતાં નથી. કલ્પની શરૂઆતના જે અતિ પ્રાચીનકાળમાં ઋષિઓએ સૌથી પ્રથમ પ્લક્ષ પ્રસ્ત્રવણની નજીક સરસ્વતીના કિનારાપરના પ્રદેશ સારસ્વત દેશમાં નિવાસ કરી વેદ ઘોષથી હિમાલયની કંદરાઓને પ્રતિધ્વનિત કરી હતી. એ વખત સુધી તેલંગ વગેરે નીચેના પ્રદેશો અથાગ સમુદ્રમાં નિમગ્ન હતા. અથવા તો તેમનું નિદર્શન પણ પૃથ્વી ઉપર નહોતું. એટલે એ પ્રદેશના રહેવાસીઓનું નામ શાસ્ત્રોમાં હોયજ ક્યાંથી ? આ ઉત્તમ રીતે સમજવા જેવી વાત છે કે પૃથ્વીનું કારણ જળ છે. અર્થાત્ આ પૃથ્વી જળથી ઉત્પન્ન થઈ છે. એટલે આદિ કાળમાં પૃથ્વી જળની અંદરજ હતી. કાળાન્તરે હજારો વર્ષ પછી પાણીથી બહાર નીકળી. વરાહ અવતારની અપૂર્વ કલ્પનામય, પૌરાણિક કથા, વરાહના દાંત ઉપર પૃથ્વીને પાણીથી બહાર કાઢવાની વાતને આ વૈજ્ઞાનિક તત્ત્વ અને સૃષ્ટિક્રમના દૃઢિકરણ સાથે અતલગનો સંબંધ છે. સૌથી ઉંચા હિમાલય પર્વતના શિખર ઉપર સમુદ્રના જળ જન્તુઓનાં હાડકાંનું આજલગણ અધિકતાથી પ્રાપ્ત થવું, એ બાબતનું એક મજબુત પ્રમાણ છે. કૂર્મ પુરાણના છઠ્ઠા અધ્યાયમાં લખ્યું છે કે—

"ततस्तु सलिले तस्मिन् विज्ञायान्तर्गताम्महीम् ।
अनुमानात्तदुद्धारं कर्तुकामः प्रजापतिः ।
जनक्रीडासुरुचिरं वाराहं रूपमास्थितः
अधृष्यं मन साप्यं न्यैर्वाङ्मयं ब्रह्मसंज्ञितम् ।
पृथिव्युद्धरणार्थाय प्रविश्य च रसातलम् ।
दंष्ट्रयाभ्युज्ज हारैनां आत्मधारी धराधरः ॥"

અથાગ સમુદ્રમાં ડૂબેલી આ પૃથ્વીને ભગવાને અદ્ભુત વરાહરૂપ ધારણ કરી પોતાના દાંત ઉપર પાણીથી બહાર કાઢી. આગળ ચાલતાં એજ અધ્યાયમાં ફરીથી લખ્યું છે કે—

"ततः स्वस्थान मानीय पृथिवीं पृथिवीपतिः ।
मुमोच रूपं मनसा धारयित्वा धराधरः ।

तस्योपरि जलौघस्य महती नौरिव स्थिता ।
त्रितन त्वाच्च देहस्य न महीयाति संप्लवम् ।
पृथिवीं स समीकृत्य पृथिव्यां सोऽचिनो द्रिमीन् ।
प्राक् सर्ग दग्धानखिलान् ततः सर्गे दधन्मतः ॥ २९ ॥

શાસ્ત્રનાં આ પ્રમાણોથી સારી રીતે નિશ્ચય થાય છે કે આદિ કાળને વિષે આ પૃથ્વી પાણીની અંદર ડુબેલી હતી. હવે નિશ્ચય થાય છે કે ક્રમ-યાનુસાર વરાહજીએ જ્યારે તેને (પૃથ્વી) બહાર કાઢી ત્યારે સૌથી પહેલાં આ ધરતીનો સૌથી ઉચ્ચ પ્રદેશ સમુદ્રના ગર્ભથી બહાર આવ્યો. વળી ઉપર લખ્યાં પ્રમાણોથી એ પણ નક્કી થાય છે કે ભૂગોળના સંગઠન કાળમાં વનસ્પતિની સૃષ્ટિથી પહેલાં પર્વતોની સૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી. પર્વતોમાં સૌથી ઉંચો પર્વત હતો તે સૌથી પહેલાં બહાર આવ્યો. એ પણ સિદ્ધ વાત છે. પૃથ્વી ઉપર સૌથી ઉંચા પર્વતો છે અને પર્વતોમાં સૌથી ઉંચો હિમાલય છે. અથવા તો સુમેરૂ છે. જે અરસામાં સમગ્ર ભૂમંડળ સમુદ્રના અથાગ જળભંડારમાં નિમગ્ન હતું. તે સમયે નિષ્કેવળ સુમેરૂ અથવા હિમા-લયનું ઉંચું શિખર માત્ર સૌથી પહેલાં જળાથી બહાર આવ્યું. એજ હેતુથી શાસ્ત્રમાં પર્વત સૃષ્ટિને મુખ્ય સર્ગ પણ લખેલ છે. જેમકે—

मुख्यानगाइति प्रोक्ता मुख्य सर्गस्तु सः स्मृतः ।"

તેમજ

प्राक्सर्गे दह्यमानेतु तदा संवर्त्तकाग्निना ।
तेनाग्निना विशीर्णास्ते पर्वता भुवि सर्वशः
शैला एकार्णवे मग्ना वायुनापस्तु संहताः ।
निषक्ता यत्र यत्रासन् स्तत्र तत्राचला भवन् ।
भूवि भागं ततः कृत्वा............ ।"

માર્કંડેય પુરાણમાં પાણીમાં ડૂબી ગએલી પૃથ્વીના પર્વત સૃષ્ટિનું ક્રમશઃ સુન્દરતાપૂર્વક વર્ણન કરેલું દેખાય છે. વાયુના દબાણથી ભૂગોલકની અંદર જ્યાં જ્યાં પાણીએ દાખલ થઈ ભૂગર્ભસ્થ દ્રવીભૂત તેજોમય ધાતુની વિકૃતિ કરી ત્યાં ત્યાં પર્વત બની ગયા. આર્યભટ્ટે લખ્યું છે કે—

"मृदनिल सलिल व्योम तेजोत्रयोयम् ।"

ભૂપિંડનું પંચભૂતાત્મક વર્ણન કરી જેવી રીતે પ્રથમ થરમાં માટી કહી તેવીજ રીતે વાયુ, જળ તથા આકાશની અંદર ભૂગર્ભને તેજોમય લખેલ છે. આ તેજોમય ભૂગર્ભમાં જ્યારે વાયુ જળને પહોંચે છે. ત્યારે તેજની વિકૃતિથી પર્વતની સૃષ્ટિ થાય છે. બેશક પર્વતની સૃષ્ટિમાં સુમેરૂ અને હિમાલય સર્વમાં મુખ્ય છે. સુમેરૂ જમ્બુદ્વીપની વચ્ચે છે. અને હેમવાન હેમકૂટ તથા નિષધ નામના ત્રણ પર્વત તેની દક્ષિણ તરફ છે; તેમજ નીલ, શ્વેત અને શૃંગી નામે ત્રણ પર્વત સુમેરૂની ઉત્તરે આવેલા છે. જેમકે—

"हिमवान् हेमकूटश्चनिषधाश्चास्य दक्षिणे ।
नील: श्वेतश्चशृंगी च उत्तरे वर्ष पर्वता: ॥ १० ॥ वि० पु०

જો કે સુમેરૂ સુધી પહોંચવાને આજના વખતમાં મનુષ્યો શક્તિવાન નથી. એ કારણસર સુમેરૂને ઓળખવામાં ઘણી ગડબડ ચાલે છે. તોપણ—

"तस्य शैलस्य शिखरात् क्षीरधारा महामते ।
पुण्यापुण्य तमैर्ज्जुष्टा गंगा भागीरथी शुभा ।
हिमालय विनिर्भेद्य भारतं वर्षमेत्य च ।
लवणाम्बधिमभ्येति दक्षिणस्यां दिशि द्विज ॥"

પદ્મપુરાણનાં આ વાક્યો તથા—

तथैवा लकनन्दा दक्षिणेन ब्रह्मसदनात् बहूनि
गिरिकूटान्यतिक्रम्य हेमकूट हिमकूटान्यतिरभ
सततरं हसा लुठन्ती भारतमिमं वर्षं
दक्षिणस्यान्दिशि लवणजलधिमभिप्रविशति ॥ ११ ॥"

ભાગવતના આ લેખ પ્રમાણે ગંગાની પવિત્ર ધારા સુમેરૂ શિખરપરથી નીકળી હેમકૂટ, હિમાલય વગેરે પર્વતોનાં શિખરોનો તોડ ફોડ કરી એ નદી દક્ષિણ સમુદ્રમાં પડે છે. એ નિશ્ચય થાય છે. ભારતથી સુમેરૂ સર્વથા દૂર હોત તો સુમેરૂથી નીકળી હિમાલયનું ભેદન કરતી ગંગાનદી વહન કરે છે. એવું વર્ણન શી રીતે સંભવિત થાય? પંજાબવાળી રાવી નદી જ્યાંથી નીકળે છે તે પર્વતના શિખર નજીક અત્રિઋષિનો આશ્રમ અને ઋષિની સ્થાપેલી નારાયણ મૂર્ત્તિનું વર્ણન કરેલું છે. તેમાં લખ્યું છે કે—

"तस्यैव पर्वतेन्द्रस्य प्रदेशं सुमनोरमम् ।
अगम्यं मानुषैरन्यैर्दैव योगादुपागतः ॥
ऐरावती सरिच्छ्रेष्ठा यस्माद्देशाद्विनिर्गता ।" अ० ११८

એ પ્રમાણે ખુલ્લી રીતે મત્સ્ય પુરાણમાં લખેલું છે. સદહૂ સ્થાનની બરાબર ઉત્તરે કૈલાસ પર્વત છે—

"तस्याश्रमस्योत्तरतः त्रिपुरारि निषवितः ।
मध्ये हिमवतः पृष्ठे कैलासो नाम पर्वतः ॥२॥ म० पु० अ० १२१

આ કૈલાસ પર્વતજ સુમેરૂની દક્ષિણ હદ છે, એથી કૈલાસને સુમેરૂના શિખર તરીકે પુરાણોમાં દર્શાવ્યો છે. કૂર્મ પુરાણના ૨૬ મા અધ્યાયની શરૂઆતમાં લખેલું છે કે—

"प्रविश्य मेरुशिखरं कैलाशं कनकप्रभम् ।"

એ જોતાં નિશ્ચય થાય છે કે સુમેરૂ ભારતવર્ષ અને હિમાલયથી સર્વથા દૂર પ્રદેશમાં નથી. હિમાલયના પ્રદેશમાં આજ સુધી સાધુસન્તો કૈલાશનાં દર્શન કરવા જાય છે. પરંતુ પૃથ્વીના ઉત્તર કેન્દ્રનું નામ પણ સુમેરૂ છે. એથી સુમેરૂના નિર્ણય સંબંધે શાસ્ત્રીય દ્વિવિધ વર્ણનથી અવસ્ય સંદેહ ઉત્પન્ન થાય છે. સમય પરત્વે વિદ્વાનો વચ્ચે પણ સુમેરૂના નિર્ણય સમ્બન્ધે ભારે વાદ-વિવાદ થાય છે. અને મતભેદ થાય છે. હાલ તો કેટલાક લોક ઉત્તર કેન્દ્ર-નેજ મનુષ્યોની આદિ જન્મ ભૂમિ માનવા લાગ્યા છે. પરન્તુ જમ્બુદ્વીપની મધ્યે જે સુમેરૂનું વર્ણન શાસ્ત્રોમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે તે તો ઉત્તર કેન્દ્ર કદી પણ હોઈ શકે નહિ. કારણ ઉત્તર કેન્દ્ર એ પૃથ્વીની ઉત્તર દિશાની પરમ અવધિ છે. ઉત્તર કેન્દ્રની ઉત્તરે પૃથ્વીનો કંઈ ભાગ નથી. આ પૃથ્વીનો શેષ ભાગ ઉત્તર કેન્દ્ર સુધીજ છે. તેથી કરી સસાગરા સપ્તદ્વીપા પૃથ્વીના ચાહે તે ઠેકાણાથી જુઓ એ કેન્દ્રવાલો સુમેરૂ બધે ઠેકાણેથી ઉત્તર તરફજ સદા જોવામાં આવશે. સદહૂ સુમેરૂની ઉત્તરે તો ત્રણે કાળે કદી પણ નદી, પ્રદેશ યા પર્વતનું હોવું સર્વથા અસંભવિત છે. આ ઉત્તર કેન્દ્ર નામે સુમેરૂમાં મનુષ્ય—સૃષ્ટિ—રચનાનો પ્રારંભ કદી પણ થયો નથી. પરન્તુ આ કનકાચલ સુમેરૂની ઉત્તર તરફના દેશ, પર્વત, નદી, સરોવર, ઝાડ વગેરેનું શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણન કરેલું છે. વળી આગળ ઉપર વર્ણવેલાં સ્થાનો-

માંનાં કેટલાંક આજસુધી જેમનાં તેમ વિદ્યમાન્ છે. અર્થાત જંબુદ્વીપની મધ્યમાં આવેલો સુમેરૂ, પૃથ્વીની મધ્યરેષા, જે કુરૂક્ષેત્રની ઉત્તર તરફ ગએલી છે. તેની સમસૂત્રમાં હિમાલય–પર્વતશ્રેણીના ઉત્તર પ્રાન્તની મધ્ય અવસ્થ છે. ભૂમધ્ય રેષા લંકાથી સીધી ઉજ્જન અને કુરૂક્ષેત્રની વચ્ચેથી નીકળી ઉત્તર કેન્દ્ર સુધી જાય છે. એ બાબતમાં લખ્યું છે કે,

"यल्लङ्कोज्जयिनी पुरोपरिकुरुक्षेत्रादि देशान् स्पृशन्
सूत्रं मेरुगतं बुधैर्निगदिता सामध्यरेषा भुवः ॥" शि०

જે મ્હોટી મ્હોટી સાત ધારને હાલ " હિમાલય પર્વત શ્રેણી " કહે છે. તેના દરેક અંશને પારિપાત્ર, કૈલાશ, પરિમંડલ આદિ નામથી ઓળખવામાં આવે છે, પૂર્વકાળમાં સાતે ધારોનાં જુદાં જુદાં શિખરોનાં સ્વતંત્ર સ્વતંત્ર અનેક નામ હતાં. ભારતના પશ્ચિમોત્તર પ્રદેશમાં ભૂમંડલની વચ્ચે સૌથી ઉંચી ધારવાળું, ચારે તરફથી આઠ પર્વત-શૃંગોથી ઘેરાયલું, સર્વથી ઉંચું, સુવર્ણ શિખર, તેજ સુમેરૂ નામ ધરાવતું, એ સંભવિત છે. કુરૂક્ષેત્રની સમસૂત્રે, હિમાલયના ઉત્તર પ્રાન્તમાં, કૈલાસની પાસેજ સુવર્ણ ભૂમિ ઉપર એ સુમેરૂ શિખર આજના સમયમાં બરફથી ઢંકાએલું ગુપ્ત છે. સત્યયુગમાં સોનાનો વિશેષ વ્યવહાર હોવાનું પણ એજ કારણ હોય એમ જણાય છે. હાલ પણ પંજાબની તરફ અને કાશ્મીર પ્રાન્તમાં નદી તથા માટીમાં સોનું બહુધા પ્રાપ્ત થાય છે. હાલે સુમેરૂ બરફથી ઢંકાઈ ગયો છે તોપણ સૂર્યોદય કાળે સોનેરી ઝળકાટ દર્શાવે છે, સુમેરૂની પૂર્વે જઠર તથા દેવકૂટ પર્વત, અને દક્ષિણમાં પ્રસિદ્ધ કૈલાશ શિખરનું વર્ણન છે. સુમેરૂની પૂર્વ તરફની શ્વેત વર્ણની દિવ્ય ભૂમિ બ્રાહ્મણોની ઉત્પતિનું સ્થાન અથવા બ્રહ્મવંશની આદિ જન્મભૂમિ છે. એ બાબતમાં લખ્યું છે કેઃ—

"शुक्लः पीतो ऽसितो रक्तः पाश्चादिषु यथाक्रमम् ।
विप्रो वैश्यस्तथा शूद्रः क्षत्रियश्च सवर्णतः" मा० पु०

સદહૂ સ્થાન સારસ્વત દેશના પ્લક્ષ પ્રસ્રવણની સમસૂત્રમાં અને નજીક છે. આ સુમેરૂ સંબંધનું વિશેષ વર્ણન, નિર્ણય રૂપે, સ્વરચિત વર્ણવિવેકમાં કરવામાં આવ્યું છે. આથી સુમેરૂ, સુમેરૂની ઉત્તરે આવેલી લાલ રંગની, દક્ષિણે આવેલી પીળા રંગની, અને પશ્ચિમ તરફની કાળા રંગની ભૂમિમાં પોત પોતાના સમયમાં ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ણના આદિ પુરૂષોએ જન્મ લઈ, વંશવૃદ્ધિ થયા બાદ, પૃથ્વીના સઘળા પ્રદેશોમાં ક્રમશઃ જઈ વસવાના

સંબંધમાં પૂરેપૂરો પત્તા મળશે. પણ પર્વતરાજ હિમાલય કરતાં ઉંચો પર્વત પૃથ્વી ઉપર બીજો નથી, એ વાત તો બધાએ કબુલ કરે છે. અને આ પણ બેશક વાત છે કે હિમવાનની ઉત્તરે અને જંબુદ્વીપની મધ્યમાં સુમેરૂ છે. હિમવાન પર્વત જે સુમેરૂની દક્ષિણે, પૂર્વથી પશ્ચિમ તરફ સમુદ્ર સુધી ફેલાએલો છે, તે આખી પૃથ્વી ઉપર બધાની સંમતિ પ્રમાણે ઉંચામાં ઉંચો પર્વત છે; અને તેજ ભરતખંડની ઉત્તર સીમા પણ છે. તેના પ્લક્ષ પ્રસ્ત્ર-વણ નામે શિખરપરથી સરસ્વતી મહા નદી નીકળી છે. એટલે સુમેરૂ સાથે હિમવાન પર્વત શ્રેણી કલ્પની આરંભે સૌથી પહેલાં પાણીની બહાર નીક-ળેલી સિદ્ધ થાય છે. એથી શાસ્ત્રમાં સ્પષ્ટ લખેલું છે કેઃ—

"यदिदं भारतं वर्षं यस्मिन् स्वायम्भुवादयः ।
चतुर्दशैव मनवः प्रजासर्गं ससर्ज्जिरे" म० पु०

આ કર્મભૂમિ ભારત ભૂમિમાં ચૌદે મનુ પ્રજા–સૃષ્ટિ કરે છે. સૌથી અવલ સઘળા પદાર્થોની રચના આ ભારતવર્ષના સુમેરૂ એટલે હિમાલયના ઉંચા પ્રદેશમાં થઇ હતી. જે વખતે પૃથ્વીના અન્ય દેશો સમુદ્રમાં ડૂબેલા હતા, તે સમયે ફકત ભરતખંડનો સૌથી ઉંચો હિમવાન પર્વત મનુષ્યોનું આવાસ સ્થાન હતું. એ કારણથી સત્યયુગના મનુષ્યોનું નિવાસ-સ્થાન કેવળ પર્વત ઉપર હતું, અથવા બીજા શબ્દોમાં સમુદ્ર ઉપર હતું. જેમકે,

"पर्वतोदधि सेविन्योह्यनिकेतास्तु सर्वशः" म० पु०

પછી હજારો વરસ વીત્યા બાદ જ્યારે પૃથ્વીનો નીચેનો ભાગ એટલે સર્વોચ્ચ શિખરથી નીચેનો ભૂમિ ભાગ પોતાની ઉંચાઈના ક્રમાનુસાર પાણીથી બહાર નીકળતો આવ્યો અને કાળાન્તરે વસવાટને યોગ્ય થયો. ત્યારે વંશ વૃદ્ધિ અને બીજાં કારણોથી એ પ્રદેશોમાં પણ ઘણા દહાડા બાદ ક્રમે ક્રમે મનુષ્યોની વસ્તી થઈ. આથી શાસ્ત્રોમાં ભરતખંડને સૌથી શ્રેષ્ઠ અને કર્મ ભૂમિ માનતાં આમ લખેલું પણ યક્તિ યુક્ત છે—

"भारतं नाम यद्वर्षं दक्षिणेन मयोदितम्
तत्कर्म्मभूमिर्नान्यत्र संप्राप्तिः पुण्यपापयोः ।
एतत् प्रधानम् विज्ञेयं यत्र सर्वं प्रतिष्ठितम् ।
तस्मात् स्वर्गापवर्गौ च मानुष्य नरकावपि ।
तिर्य्यक्त्वमथवाप्यन्यत्नरः प्राप्नोतिवैद्विज ॥" मा० पु०

પૃથ્વીનો આકાર ગોળ છે, એ કારણ સર્વોચ્ચ હિમાલય પર્વતની દૂર આવેલ ઉત્તર પ્રાન્ત તથા દક્ષિણ પ્રાન્તનો પ્રદેશ બીજા પ્રદેશો કરતાં અત્યન્ત નીચો છે. એથી,

"दक्षिणोत्तरतो निम्ना मध्ये तुङ्गायताक्षितिः ।"

શાસ્ત્રોમાં ભૂમંડળનો મધ્ય ભાગ ઉંચો અને દક્ષિણોત્તર ભાગ નીચો લખેલો છે. મતલબ આ વાત સર્વથા સિદ્ધ છે કે હિમાલય પર્વતના પ્રદેશના પ્લક્ષ પ્રસ્ત્રવણની પાસે આવેલા પર્વતના શિખરપર અને ત્યાર બાદ સારસ્વત દેશમાં જ્યારે બ્રાહ્મણો વસતા હતા તે સમય સુધી આ ધરતી પરના ઘણાખરા દેશો જળની અંદર ડૂબેલા હતા. તો તેમની આ પૃથ્વી ઉપર મુલક તરીકે તો અસ્તિ ક્યાંથીજ હોય? એ સબબથીજ શાસ્ત્રમાં પ્રાચીનમાં પ્રાચીન સમયથીજ સારસ્વતોનું નિદર્શન દૃષ્ટિગોચર થાય છે. ઠેકાણે ઠેકાણે—

"यत्र सारस्वतो जातः सोऽङ्गिरास्तपसो निधिः ।"

" ऋषिः सारस्वतोऽङ्गिराः" "द्विजाः सारस्वतास्तत्र"

"सारस्वतास्तुये विप्राः क्षात्रियाणां पुरोहिताः"

ઇત્યાદિ વર્ણન છે. વેદમાં પણ સારસ્વત યજ્ઞના વિસ્તાર પૂર્વક વિધિ પ્રદર્શિત થાય છે. પરંતુ " ગોડ યજ્ઞ" "મૈથિલ યજ્ઞ" " તૈલંગ યજ્ઞ" આદિ યજ્ઞોનું ક્યાં પણ નામ નિશાન જોવામાં આવતું નથી. મહાભારતનું પ્રસિદ્ધ સારસ્વતોપાખ્યાન પણ એક ઘણો પુરાતન ઇતિહાસ, મહાભારતના કાળથી ઘણો વખત અગાઉનો સારસ્વત ઋષિઓના મહિમાનો કીર્તિસ્તંભ છે.

પૃથ્વીની પ્રાચીનતા અને આદિ સૃષ્ટિનો વિચાર કરતાં અક્કલ હેરાન થઈ જાય છે. સૌથી અવલ માણસો આ ધરતીપર ક્યાંથી આવ્યા? કેવી રીતે તેમણે જન્મ લીધો? એનો વિચાર કરતાં આખરે દૃષ્ટિ આગળ અન્ધકાર જ દૃશ્યમાન થાય છે. એ બાબતનો નિર્ણય મનુષ્યની બુદ્ધિ કરી શકે તેમ નથી. કારણ જે કાળે પિતા, માતા અથવા મનુષ્ય શરીરના પૃથ્વી પર અસ્તિ ન હોતી, તે કાળે પ્રથમ મનુષ્યનો આવિર્ભાવ કેમ થયો? તર્ક, યુક્તિ, વિચાર, અનુમાન, સઘળું આ સ્થળે હાર ખાઇ જાય છે. એની યથાર્થ મિમાંસા મનુષ્ય બુદ્ધિને માટે અગમ્ય છે. એ કારણસર શાસ્ત્ર ઉપદેશ કરે છે કેઃ—

प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायोन बुध्यते ।
एतं विदन्ति वेदेन तस्मात् वेदस्य वेदता ॥"

જેનું પ્રત્યક્ષ જ્ઞાન અસંભવિત છે, અનુમાન યા કોઇ પણ ઉપાયથી જે સમજણને યોગ્ય વિષય નથી, તે વેદના પ્રમાણો વડે અમે જાણી શકીએ છીએ. વેદનું વેદત્વ એ વડેજ છે. "**विद् ज्ञाने**" ધાતુથી વેદ શબ્દ સિદ્ધ થાય છે. સર્વજ્ઞ, સર્વાન્તર્યામી, સચ્ચિદાનંદ, વિજ્ઞાનઘન પૂર્ણબ્રહ્મના અનન્ત જ્ઞાનનું આંશિક લક્ષ, માત્ર વેદજ છે. મુંડક શતપથ વગેરેમાં લખ્યું છે કે:—

"अस्य महतो भूतस्यनिश्वसितमे वैनद्यदृग्वेदो
यजुर्वेद स्सामवेदोऽथर्वाऽङ्गिरसः ।
वाचावै सम्राट बन्धुः प्रज्ञायते ऋग्वेदो यजुर्वेदो
यजुर्वेद स्सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणंविद्या
उपनिषदः श्लोकाः सूत्राण्यनुव्याख्यानानि
व्याख्यानानीष्ट ऽहुतमाशितं पायितम यश्च लोकः
परश्च लोकः लोकः सर्वाणि च भूतानि वा
चैव सम्राट प्रज्ञायन्ते । वागूवै सम्राट् परब्रह्म ॥"

અર્થાત્ પાપ પુણ્ય સ્વર્ગાપવર્ગ ધર્માધર્મ, પુનર્જન્મ. મુક્તિ વગેરે લૌકિકાલૌકિક વગેરે એવી જાતના સઘળા વિષયોનું જ્ઞાન સંપૂર્ણ જ્ઞાન અમને માત્ર એક વેદ ભગવાનનું શરણ ગ્રહણ કરવાથી થાય છે. જો કે એ બાબતનો નિર્ણય કરવાનું અમારૂં સામર્થ્ય અમારી પરિમિત શક્તિવાળી બુદ્ધિને લીધે નથી, સિવાય વેદનો આશ્રય હોય. એજ સબબ સર શ્રુતિ પ્રમાણથી શ્રેષ્ઠ આ સંસારમાં કોઇ અન્ય વાત નથી. માટે વેદનું પ્રમાણજ માન્ય કરવા યોગ્ય છે. સ્મૃતિ, પુરાણ વગેરે શ્રુતિને વિસ્તારથી સમજાવવાને માટેજ ઉપયોગી છે.

"इतिहास पुराणेभ्यो वेदं समुप बृंहयेत् ।
बिभेत्यल्पश्रुताद्वेदो मामय प्रहरिष्यति ।"

અલ્પજ્ઞ અલ્પશ્રુત પામરોના મન માન્યા હેતુના કારણસર, તથા અર્થનો અનર્થ ભાળી, વેદને પણ અંગના ભંગનો ભય ઉત્પન્ન થાય છે.

વેદશાસ્ત્રનો સિદ્ધાન્ત છે કે સર્વવ્યાપિ ભગવાનની ચૈતન્ય સત્તાના સંયોગથી જ્યારે પ્રકૃતિનો વિક્ષોભ ઉત્પન્ન થાય છે ત્યારે કારણવડે કાર્યની ઉત્પત્તિ થાય છે. તેનું નામ સૃષ્ટિ કહેવાય છે. પ્રકૃતિ જડ છે તેથી ચૈતન્ય પુરૂષના સંયોગ સિવાય તેમાં ક્રિયા શક્તિ ઉત્પન્ન થઈ શકતી નથી. સૃષ્ટિ કાળે એ સર્વ વ્યાપક સૂક્ષ્મ ચૈતન્યનો સંયોગ પ્રકૃતિ સાથે સર્વથા થઈ જાય છે. એ કારણસર પૃથ્વીના કારણરૂપ પાણીને—

"आपो नाराइति प्रोक्ता आपो वैनर सूनवः ।
अयनन्तस्यता यस्मात्तेन नारायणः स्मृतः ॥" कू. पु.

નારાયણનું નિવાસસ્થાન અથવા "**एकांशेनस्थितोजगत्**" ના હિસાબથી નારાયણ રૂપજ માનેલ છે. તથા—

स एष पुरुषः समुद्रः सर्वे लोकमति ।"
"विद्मते धाम परमं गुहाः यत्समुद्रे अन्तर्निहितासिनाभिः ॥"

વગેરે શ્રુતિઓમાં પણ સર્વવ્યાપક એજ જગન્નિયન્તા નારાયણને સમુદ્રમાં વ્યાપ્ત અને સૃષ્ટિકર્ત્તા તથા પ્રલયકર્ત્તા માન્યા છે. પ્રસિદ્ધ વાત છે કે સર્વ વ્યાપી વિષ્ણુ ભગવાનની નાભીરૂપ જે સમુદ્ર, તેમાંથી કલ્પની શરૂઆતમાં જે પ્રકાંડ કમળ ઉત્પન્ન થયું, તેમાંથીજ પદ્મયોની બ્રહ્માજીનો આવિર્ભાવ થયો. પૃથ્વીને જ આ સ્થળે કમળ કહેલ છેઃ—

अथ योगवतां श्रेष्ठम सृजद् भूरि तेजसम् ।
सृष्टारं सर्व लोकानां ब्रह्माणां सर्वतोमुखम् ॥
यस्मिन् हिरण्य मये पद्मे बहु योजन विस्तृते ।
सर्वतेजो गुणमयं पार्थिवैलक्षण वृतम् ॥
तच्च पद्मं पुराणज्ञाः पृथिवीरूप मुत्तमम् ।
नारायण समुद्भूतं प्रवदन्ति महर्षयः ॥
या पद्मा सारसादेवी पृथिवी परिचक्षते ।
ये पद्मसार गुरवस्तान् दिव्यानन् पर्वतान् विदुः ।
हिमवन्तं च मेरुं च नीलं निषधमेवच ।
कैलासं मुञ्जवन्तं च तथान्यं गन्ध मादनम् ।

વગેરે મત્સ્ય પુરાણના સોળમા અધ્યાયમાં વિસ્તારથી એનું વર્ણન છે. નિઃસન્દેહ પૃથ્વીરૂપ કમળમાંથી જ સૃષ્ટિકર્તા બ્રહ્માનો આવિર્ભાવ થયો હતો. એથી શ્રુતિ પણ કહે છે કેઃ—

"सवै भूमेरजायत् तस्माद् भूमिरजायत ।
धाता यथा पूर्वमकल्पयत्" अ० वे० वृह०

ભૂપદ્મથી આવિર્ભૂત થઈ વિધાતાએ પૂર્વ કલ્પનાનુસાર સૃષ્ટિની રચના કરી. એ અનુપમ કારીગરની અતિશય વિચિત્ર સૃષ્ટિ-કુશળતા અને આશ્ચર્ય-કારક સત્તા છે. જો સૂક્ષ્મરૂપથી એની વ્યાપકતાનો વિચાર કરીએ તો ચૌદે ભુવન એના એકાંશમાં સમાઈ જાય છે. પણ જ્યારે વિરાટ રૂપ ધારણ કરી સૃષ્ટિ રચનારૂપ મદારીના જેમ ખેલ બતાવે છે. ત્યારે બ્રહ્મારૂપે એને ભૂપદ્મથી સાંભળી અક્કલ સ્તંભિત થાય છે. એ કારણસર એને **अणोरणीयान् महतो महीयान्** પરમાણું કરતાં સૂક્ષ્મ અને મોટા કરતાં મોટો કહેવો તે સઘળું સુસંગત છે. એ માયાવીની સૃષ્ટિ-રચના અતિશય અદ્દભુત છે. વિચાર કરતાં પણ જ્યાં લગી તેની પૂર્ણ કૃપા ન હોય ત્યાં લગણ કંઈ પણ સમજ પડતી નથી. જે પ્રકારે સમુદ્ર તેની કૃપાવડે પૃથ્વીને કાળાન્તરે કાર્યરૂપે બતાવી શક્યો. તેજ પ્રમાણે ઉપાદાન કારણરુપ પૃથ્વીવડે વિવિધ પાર્થીવ શરીર ઉત્પન્ન કરી, કહેલી સૃષ્ટિ—રચના પિતામહ બ્રહ્માજીની સૂક્ષ્મ સત્તા તથા અપરિમિત શક્તિનું સાધ્ય પ્રદર્શિત કરે છે. સૂક્ષ્મ શરીરનું સંઘટન થયા બાદ સ્થૂળની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. વાસ્તવિક તો એજ છે કે સૂક્ષ્મની વાસના, સંકલ્પ તથા કર્મવડે બનાવેલોજ સ્થૂળ શરીરનો ઉદ્દભવ છે. બ્રહ્મા સૂક્ષ્મ શરીરમાં ગુણ કર્મનો જે પ્રમાણે વિભાગ રાખે છે, તે પ્રમાણે જ જીવ શરીર ઉત્પન્ન થાય છે. આતો સિદ્ધાન્તમય વાત છે કે સૃષ્ટિકર્ત્તા ભગવાન સ્વાયમ્ભૂ બ્રહ્માજીએ મનુષ્ય-સૃષ્ટિનો પ્રથમ પ્રારંભ, કલ્પ-ની શરૂઆતમાં, ઋષિઓના આવિર્ભાવ દ્વારા કર્યો. આ પ્રાતઃસ્મરણીય અમારા આદિ પુરૂષ ઋષિઓએ તપોબળ વડે પૃથ્વી ઉપર સૌથી પહેલાં બ્રાહ્મણોના વંશબીજનું રોપણ કર્યું. તે ક્રમશઃ ફળતું ફેલાતું આ સમયે ભારત ભૂમિપર વ્યાપ્ત વિવિધ શાખા પ્રશાખાઓથી સુશોભિત દૃષ્ટિગોચર થાય છે. ગોત્ર પ્રવર્તક સદ્દહૃ ઋષિઓનાં શ્રદ્ધેય નામ આપી તેનાં નામવાળા પ્રવર વડે આજ પણ અમે અમારા વંશની ઓળખાણ ફરજીઆત આપીએ છીએ. લખેલું છે કે—

"भृगुं पुलस्त्यं पुलहंक्रतुमंगिर सन्त था।
मरीचिन्द क्षमत्रिंच वशिष्ठश्चैव मानसम् ॥
नव ब्रह्माग इत्येते पुराणे निश्चयं गताः।
सर्वते ब्रह्मणा तुल्या साधका ब्रह्मवादिनः ॥" मा० पु०

ઉપર લખેલ ઋષિ અથવા પ્રજાપતિ સૌથી પહેલાં મનુષ્ય તરીકે પૃથ્વી ઉપર ઉત્પન્ન થયા. એમના વડે દુનીઆમાં ઋષિવંશનો ફેલાવો થયો. એમને ઋષિ કહેવાનો ઉદ્દેશ અને એમની ઉત્પત્તિ વિષે શ્રુતિમાં પણ લખ્યું છેઃ—

"अजान् हवै पृश्नीऽ स्तपस्यमानान् ब्रह्म स्वयम्भू
म्यानर्षत् तदृषयोऽभवन् तदृषीणां ऋषितत्वम् ॥"

એનો અર્થઃ—

"अजान् कल्पादावेव ब्रह्मणा सृष्टानतु अस्मदादिवत्
कल्पमध्ये मुहुर्मुहुर्जायन्ते ततोऽजाः
ते च प्रश्नयः शुक्लाः स्वरूपेणे वा विद्यकमालिन्यहीनाः
'मनसश्चेन्द्रियाणाञ्च ह्यैकाग्रं परन्तप।"
इति स्मृति प्रमाण सिद्ध सकलेन्द्रियो पशमलक्षणं
पुनस्तप स्तेपुः तत्तपसा परितुष्यमाण
स्वयम्भु ब्रह्मनिरनिशाय जगत्कारणं परब्रह्म
काश्चिन्मूर्तिन्भृत्वा तपस्यमानान् तान् ऋषीन्
अनुग्रहीतु मभ्यानर्षत् आभिमुख्येन प्रत्यक्षमागच्छत्
नस्मात्ते मुनयः ऋषधात्वर्थ विषयत्वात् ऋषयोऽभवन्
अन्येषां ऋषीणामपि अन यैव व्युत्पत्त्या ऋषित्वं सम्पन्नम् ॥"

એક કલ્પ દરમિયાન પુણ્ય પાપ ભોગવવાની ખાતર, સાધારણ મનુષ્યની માફક એક કરતાં વધારે વાર જન્મ નહિ ધરવાના કારણસર આગળ કહેલ ઋષિઓને અજ કહે છે. કારણ કલ્પની આદિમાં બ્રહ્મા તેમને એકજ વાર ઉત્પન્ન કરે છે. એથી તેઓ અજ કહેવાય છે. દિવ્યજ્ઞાન વિશિષ્ટ

અવિદ્યાજન્ય મલિનતાના અભાવથી શુક્લ અર્થાત્ અંદર તથા બહારથી પ્રકાશવાળા ગૌર વર્ણના આગળ વર્ણવેલા અજ ઋષિઓએ મન સહિત પોતાની સકળ ઇંદ્રિયોનો નિરોધ કરી એવું તો ઘોર તપ કર્યું કે જેના પ્રભાવથી સ્વયમ્ભુ બ્રહ્મ સકલ જગત્કારણ રૂપને કોઇપણ સ્થિતિમાં મૂર્તિમાન થઇ સદર્હુ ઋષિઓની સન્મુખ અનુગ્રહાર્થ આવવુંજ પડયું. ઋષ્ધાતુનો અર્થ ગતિ કરવી એવો થાય છે. એટલે બ્રહ્મસાક્ષાત્કાર સંબંધમાં આ પ્રત્યક્ષ ગતિના કારણસર એઓ ઋષિ કહેવાયા. અન્ય ઋષિઓના ઋષિત્વનું એજ કારણ અને એજ વ્યુત્પત્તિ છે. એ ઋષિઓને પ્રજાપતિ બ્રહ્મા તુલ્ય માનવામાં આવે છે. વેદમન્ત્રોનો આવિર્ભાવ પણ અધિકાંશે એમની માર્ફત જ થયો છે. કારણ એમ કહ્યું છે કેઃ—

"नकश्चित् वेदकर्त्ता च वेदस्मर्त्ता चतुर्मुखः ।
स्मर्त्तारश्च महर्षयः ।"

પરાશર વગેરે સ્મૃતિઓમાં સ્પષ્ટ લખ્યું છે કે વેદના રચનાર કોઈ બ્રહ્મા નથી. પણ મહર્ષિઓએ તપના પ્રભાવથી વેદમંત્રોને જોયા. એઓજ સઘળા મંત્રદ્રષ્ટા ઋષિ થયા. મત્સ્ય પુરાણમાં લખ્યું છે કેઃ—

"ऋषिर्हिंसा गतो धातुर्विद्या सत्यं तपः श्रुतम् ।
एष सन्नि च यो यस्मात् ब्रह्मणस्तु तत स्त्वृषिः ।"

તથા—

गत्यर्था द्दषते र्धातो र्नामनिवृत्ति कारणम् ।
यस्मादेष स्वयम्भूतः तस्माच्च ऋषितामता ।
सेश्वराः स्वयमुद्भूता ब्रह्मणो मानसाः सुताः ।"

અથવા,

ऋषन्ति परिणामं पश्यन्तीति ऋषयः ।"

વગેરે પ્રમાણ અને વ્યુત્પત્તિઓથી મંત્રદ્રષ્ટા હોવું એ પણ ઋષિત્વનું એક કારણ છે. એ કારણસરઃ—

"युगान्तेऽन्तर्हितान्वेदान् सेतिहासान्महर्षयः ।
लेभिर तपसा पूर्वमनु ज्ञाता स्वम्भुवा ।"

ખુલ્લી રીતે લખ્યું છે કે યુગાન્તે અથવા કલ્પના અંતે જ્યારે વેદ

અંતર્ધ્યાન થઈ જાય છે ત્યારે તપોબળ વડે બ્રહ્મસાક્ષાત્કાર થતાં બ્રહ્માની પરવાનગીથી ઋષિઓને કલ્પની શરૂઆતમાં ફરી ફરી વેદમંત્રોનો લાભ થાય છે. એથીજ ઋષિઓ મંત્રદ્રષ્ટા કહેવાય છે. સઘળા પ્રકારનાં પ્રમાણોથી નિશ્ચય થાય છે કે સત્યયુગમાં બ્રહ્મવંશ પ્રવર્ત્તક પ્રજાપતિ ઋષિઓએજ સર્વથી ઉંચા હેમવાન પર્વતના શિખર ઉપર ઘોર તપશ્ચર્યા કરી હતી. એ તપના પ્રભાવે એમની શક્તિ અતુલ્ય હતી ! એઓ સદા સત્ય સંકલ્પ અને સિદ્ધ સંકલ્પ હતા. આઠે સિદ્ધિ હાથ બાંધી દાસીની માફક એમની સામે હમેશાં ઉભી રહેતી હતી. કલ્પારંભના જે આદિ યુગમાં બ્રાહ્મણોના આદિ પુરૂષો, કહેલા ઋષિઓ હિમાલયનાં સુવર્ણ શિખરો ઉપર વિદ્યમાન હતા એ વખત લગણ હેમવાન પર્વત સર્વરીતે હિમવાન નહિ બન્યો હતો. અર્થાત્ હિમ એટલે બરફથી આચ્છાદિત નહોતો. અને એ સમય સુધી ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રની ઉત્પત્તિ થઈ નહોતી. તે સબબથી એ ઋષિઓ અગ્રજન્મા પણ કહેવાય છે. એમનું અગ્રજન્મા નામ પડ્યું તેનો અભિપ્રાય એવો છે કે મનુષ્યોમાં સૌથી પહેલાં પૃથ્વી પર એમણે તથા એમના વંશજોએ જન્મધારણ કર્યો. એમના તે સમયના શુદ્ધ અને સાત્વિક તથા સ્વર્ગીય દૃશ્યનો વિચાર કરતાં અંતઃકરણમાં શાન્તિ તથા પવિત્રતાનો આવિર્ભાવ થતાં, અકથનીય આનંદના અનુભવ સાથે શરીર રોમાંચિત થાય છે. એ સમયે—

अधमोत्तमता नासां निर्विशेषाः पुरञ्जय ।
तुल्यमायुः सुखंरूपंतासां तस्मिन् कृते युगे ।
विशोकाः सत्वबहुला एकान्त बहुलास्तथा ।
ध्याननिष्ठा स्तपोनिष्ठा महादेव परायणाः ।
तावैनिष्काम चारिण्यो नित्यम्मुदित मानसाः ।
पर्वतोदधि वासिन्योह्यनिकेताः परन्तप ।"

कू. पु. अ. २८ ॥"

"अप्रवृत्तिः कृतयुगे कर्म्मणोः शुभपापयोः ।
वर्णाश्रम व्यवस्थाश्च नतदासन्न संकरः ।
अनिच्छा द्वेष मुक्तास्ते वर्त्तयन्ति परस्परं ।
लाभालाभौमता स्वास्लां मित्रामित्रे प्रियाप्रिये ॥" वा०पु०

ઉત્તમ અધમનો ભેદ નહોતો, બધા એકત્ર અને હંમેશાં આનંદમગ્ન, પ્રસન્ન વદન, સુંદર દિવ્ય ગૌરવર્ણ, તેજસ્વી, શોક મોહ રહિત, બધા પૂર્ણાયુ, એકાન્તમાં સદા શંકરના ધ્યાનમાં મગ્ન, નિષ્કામ, બ્રહ્માનંદી, મહા પુરૂષ હતા. જે લોકોને ઘરબાર અથવા કોઈ વસ્તુનો સંગ્રહ કરવાની કંઈપણ જરૂર નહોતી. પર્વત અને સમુદ્ર વગર એ સમયે પૃથ્વી ઉપર વિશેષ કંઈ નહોતું. સબબ ધરતીનો સઘળો ભાગ એ કાળે સમુદ્રમાં ડૂબેલો હતો. ફક્ત મસ્તક સ્વરૂપ જ્યાં ત્યાં સુમેરૂ અથવા હિમાલયનાં સૌથી ઉચાં શિખર પાણીથી બહાર નીકળી સમુદ્ર લહરીઓનો લ્હાવો લેતાં હતાં. એ સ્વર્ણાભ શોભા શિખરો ઉપર સત્વગુણ—પ્રધાન સર્વોત્તમ પ્રાણી સદા જગન્નિયન્તાના ધ્યાનમાં પદ્માસન લગાવી બેઠેલા શોભાયમાન દીસતા હતા. બધા સત્વગુણી, શિષ્ટ અને શાન્ત પ્રકૃતિના હતા. કોઈ કોઇનો શત્રુ, મિત્ર વા કોઇને પ્રિય વા અપ્રિય નહતો. રાગ, દ્વેષ, લોભ તથા મોહનો સંસારમાં એ વખત સુધી અભાવ હતો. પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિમય સુખનો કાળ હતો. એથી શાસ્ત્રમાં કહેલું છે કેઃ—

"सत्वं कृतं रजस्त्रोता द्वापरन्तु रजस्तमौ ।
कलौतमस्तु विज्ञेयं युगवृत्त वशेनतु ।" वा० पु०
"तपःपरं कृतयुगे त्रेतायां ज्ञानमेवहि
द्वापरे यज्ञमेवा हुर्दान मेकं कलौयुगे ।"
मनुः । "श्वेतः कृतयुग वर्गः ।"

ઇત્યાદિથી સ્પષ્ટ ઉલ્લેખ કરે છે કે પ્રથમ કલ્પારંભમાં વર્ણભેદની ઉત્પત્તિ નહોતી. કેવળ ઋષિ અથવા બ્રાહ્મણ વર્ણનો સત્વગુણી યુગ હતો. એ સમયે શુદ્ધાન્તઃકરણ વિશિષ્ટ યોગાભ્યાસી ગૌરવર્ણના તેજસ્વી ઋષિઓ તપશ્ચર્યામાંજ વિશેષે કરી નિયુક્ત રહેતા હતા. સંસારમાં સમ્પૂર્ણ શાંતિ હતી. માણસો બહુ ન હોવાથી કોઈ પ્રકારનો ટંટો કે બખેડો થતો નહિ. મોટાં મોટાં ઝાડો પણ એ સમયે સમુદ્રથી બહાર નીકળેલાં પર્વતોનાં શિખરો ઉપર ક્યાંએ જોવામાં આવતાં નહોતાં. સમયના ફેરફારને લીધે ઘણા દિવસ પછી અર્થાત્ ત્રેતાયુગની શરૂઆતમાં એ પર્વતોની ઉષ્ણતા ન્યૂન થઈ ત્યારેઃ—

"मेघभ्यःस्तनुयित्नुभ्यः प्रवृत्तं वृष्टि सर्जनं ।
सकृदेवतया वृष्टया संयुक्ते पृथिवी तले ।

प्रादुराः स्तथ तामां वृक्षावैगृह संज्ञिताः
सर्व प्रत्युपयोगस्तु तासां तेभ्यः प्रजायते ।
वर्तयन्तिस्म तेभ्यस्ता त्रेतायुग मुखे प्रजाः ॥" कू० पु०

ત્રેતાયુગમાં સૌથી પહેલાં વાદળાંમાંથી વૃષ્ટિની ઉત્પત્તિ થઈ. એ વરસાદના પ્રભાવવડે એ સમયની પ્રજાને સર્વ સુખદાતા ગૃહસ્વરૂપ વૃક્ષોની ઉત્પત્તિ થઈ. જોઈતી સઘળી વસ્તુઓ એમને એ વૃક્ષો આપવા લાગ્યાં. એ કાળના સહલૂ કલ્પવૃક્ષોનું વર્ણન શાસ્ત્રમાં બહુજ યથાર્થ રીતે અને સુસંગત રીતે કરવામાં આવ્યું છે.

" वस्त्राणि ते प्रसूयन्ते फलान्या भरणानि च ।
तेष्वेव जायते ता सां गन्धवर्णरसान्तिम् ।
अमाक्षिकं महावीर्य्यम्पुटके पुटके मधु । "

વસ્ત્ર, ફળ, આભૂષણ અપૂર્વ રસાસ્વાદ યુક્ત, ઉત્તમ વર્ણનાં, વિશેષ પુષ્ટિ આપનાર, મધુર ફળો ઇત્યાદિ આપવાને એ ઝાડો જ્યારે શક્તિમાન થયાં, અને તેમાંથી તે વિશેષ રૂપે મળવા લાગ્યાં ત્યારે નિઃસન્દેહ યુગાન્તરની ઉત્પત્તિ થઈ. તપસ્વી, યોગી, ઋષિ અને તેમની પ્રજા પણ વિશેષ પુષ્ટ ફળ, મધુ વગેરેના ઉપયોગથી હૃષ્ટ પુષ્ટ અને કિંચિત વિલાસી થવા લાગી. વૃક્ષોની છાલનાં લૂગડાં પહેરવાનો રિવાજ શરૂ થયો. લોભ પણ પેદા થયો. યોગસિદ્ધિ તથા કલ્પવૃક્ષ પણ ક્યાંક ક્યાંક ઉજડ થવા લાગ્યાં. તથા નાશ થવા લાગ્યાં. દુઃખ પણ એ વખતની પ્રજાને અતિશય પ્રાપ્ત થયું. દુઃખનો ઉપાય કરવાનો વિચાર પણ આપસ આપસમાં કરવા લાગ્યા. એ વખતે વરસાદ પણ ઘણો પડતો. અને તેથી સરસ્વતી વગેરે પવિત્ર સલિલા મહા નદીઓ ઉત્પન્ન થઈ. ત્યારબાદ સમયાનુસાર નદી કિનારાની ભૂમિમાં તૃણ ધાન્યની સૌથી પ્રથમની ઉત્પત્તિનાં દર્શન થયાં. ઇતિહાસ તથા પુરાણ સઘળામાં તેનું સુંદર વર્ણન કરેલું છે.

"अपां भूमेश्च संयोगात् औषध्यस्ता स्तदा भवत् ।
अफालकृष्टाश्चानुप्ता ग्राम्यारण्याश्चतुर्दश ।
ऋतुपुष्पफलाश्चैव वृक्षगुल्माश्च जज्ञिरे ।
ततः प्रादुर्भूत् तासां रागो लोभश्च सर्वशः । "

તથા—

ततस्ताः जगृहुः सर्वाः अन्योन्यं क्रोध मूर्च्छिताः

प्राप्तदार धनाद्यास्तु बलात् कालबलेन तु ।

मर्य्यादायाः प्रतिष्ठार्थं ज्ञात्वैतद्भगवानजः ।

ससर्ज्ज क्षत्रियान् ब्रह्मा ब्राह्मणानां हिताय वै ।

वर्णाश्रम व्यवस्थाश्चत्रेतायां कृतवान प्रभुः ॥" कृ० पु०

એ પ્રમાણે કાળ ધર્મના પ્રતાપે યોગસિદ્ધિ નષ્ટ થતાં જ્યારે ત્રેતાયુગમાં રાગ લોભાત્મક ઉપદ્રવની શરૂઆત થઈ ત્યારે મર્યાદાનું રક્ષણ કરવા ખાતર શાસનકર્ત્તા બળવાન રાજાની આવશ્યકતા જણાઈ. એટલે બ્રહ્માજીએ આદિ ત્રેતાયુગમાં સુમેરૂની ઉત્તરે રાતા રંગની ભૂમિમાં વીર ક્ષત્રિયના આદિ પુરૂષની ઉત્પત્તિ કરી.

मेरोरुत्तर तस्ते तु जाताः पार्थिव सत्तमाः " म० पु०

આદિ કલ્પના આદિ યુગમાં તો સૌથી પહેલાં ફક્ત બ્રાહ્મણ વર્ણની ઉત્પત્તિ થઈ એમાં સન્દેહ નથી જ. એથી—

" विप्रस्य सर्वमेवैनद् यत्किञ्चिगती गतम् ।

ज्येष्ठनाभि जनेनेह तद्धर्म कुशलाविदु ।"

म० भा० शा० प० ।

" उत्तमाङ्गोद्भवात् ज्येष्ठचात् ब्रह्मणश्चैव धारणात् ।

सर्वस्ये वास्य सर्गस्य धर्म्म तो ब्राह्मणः प्रभुः ।" मनु०

સંસારની તમામ ચીજોના યથાર્થ અધિકારી બ્રાહ્મણજ છે. કારણ સૌથી પહેલાં ઉત્પન્ન થવાના સબબસર યથાર્થ સ્વત્ત્વાધિકાર ભૂમંડળના તમામ પદાર્થો ઉપર બ્રાહ્મણોનો જ હતો. એમ કહીને મનુ તથા વેદ વ્યાસજી પણ બ્રાહ્મણોનું અગ્રજન્માપણું સપ્રમાણ પ્રદર્શિત કરે છે. અગ્રજન્મા બ્રાહ્મણોના સૃષ્ટિ સંબંધે શ્રુતિ પ્રમાણ પણ અનેકાનેક વિદ્યમાન છે પરન્તુ સ્થાનાભાવથી નિદર્શન માત્રજ બુદ્ધિમાનોને માટે બસ છે.

"सोः कामयत यज्ञं सृजेयेति समुखतएव त्रिवृतम

तं गायत्री छन्दोऽन्वसृज्यताम्नि दैवता

ब्राह्मणो मनुष्यो वसन्त ऋतुस्त स्मात्रिवृत्

स्तोमानाम्मुखं, गायत्री छन्दसां, अग्निर्देवतानां,

ब्राह्मणो मनुष्याणां, वसन्त ऋतूनाम् ।

तस्मात् ब्राह्मणो मुखेन वीर्य्यङ्करोति मुखतोहिसृष्टः ॥"

એનું ભાષ્ય—

सः प्रजापतिः अकामयत किमिति ? सर्व साधकं यज्ञं सृजेयेति

सएतमग्निष्टोममपश्यन् तमाहरन् इत्युक्तस्यै वेदं विवरणम् ।

सः प्रजापति. मुखत आत्मनो मुखादेव त्रिवृतमावृत्रिय

साध्यमे तन्नामकं स्तोममसृजत तं त्रिवृत मनुपश्चाद्गायत्रीछन्दः

गायत्रनामछन्दऽसृज्य तमनु अग्निर्देवताऽसृज्यनतमनु

मनु यो ब्राह्मणोऽसृज्यत तथा तमनु वसन्ताख्यश्च

ऋतुरसृज्यत यस्माद्येते मुखतएवसृष्टाः तस्मात्

एते त्रिवृक्षादयः स्वस्वजातीयानाम्मध्ये मुख्या अभवन्

त्रिवृदादीनाम्मुख्यानाम्मध्ये ब्राह्मणस्य मुख्यत्त्व प्रयुक्तं

वीर्य्यं लोक सिद्धं दर्शयतिं तस्मान्मुख सृष्टत्वेन मुख्यत्वात्

ब्राह्मणो मुखेनेदानीमपि वीर्य्यं स्वाध्याय

प्रवचनादि जन्यं सामर्थ्यङ्करोति तस्मादित्युक्तं वृणोति

हियस्माद् ब्राह्मणो मुखतः सृष्टस्त तस्मादित्यर्थः ।

પુરૂષ સુક્તના પ્રસિદ્ધ:—

મંત્રપણ એની પુષ્ટિને માટે માન્ય પ્રમાણ છે કે મનુષ્ય સૃષ્ટિમાં બ્રહ્માએ સૌથી પહેલાં પોતાના મુખમાંથી બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા. એ કારણ સર એ મુખ સર્વસ્વ બ્રાહ્મણોમાં મુખ્ય બળ મોઢાનુંજ, વેદપાઠ, પ્રવચન વિગેરે આજ લગણ જોવામાં આવે છે. બ્રાહ્મણોજ મનુષ્યોમાં સૌથી મુખ્ય છે. મનુજી લખે છે કેઃ—

बुद्धिमत्सुरानराश्रेष्ठाः नरेषु ब्राह्मणास्मृताः ।

ब्राह्मणेषु च विद्वांसो विद्वत्सुकृत बुद्धयः ।

कृतबुद्धिषुकर्त्तारः कर्मृषुब्रह्मवेदिनः ॥ १ ॥ १६ ॥ १७

બુદ્ધિવાળામાં મનુષ્ય સર્વોત્તમ છે; મનુષ્યોમાં બ્રાહ્મણ, બ્રાહ્મણોમાં પણ વિદ્વાન, બ્રાહ્મણોમાં પણ વિશેષ અભિજ્ઞ, વિશેષજ્ઞોમાં આચરણ કરનાર અને આચરણ કરવાવાળામાં પણ બ્રહ્મવેત્તા સૌ કરતાં શ્રેષ્ઠ છે. હવે સર્વ પ્રકારના પ્રમાણોથી સિદ્ધ થયું કે આદિ કલ્પના આદિ યુગમાં સૌથી પહેલાં બ્રાહ્મણોના વંશપ્રવર્તક અગ્રજન્મા ઋષિઓનીજ સૃષ્ટિ થઈ. સત્યયુગ સત્વગુણી બ્રાહ્મણોનોજ સર્વોત્તમ અને પ્રથમ યુગ હતો. જેમ યુગોમાં સત્યયુગ આદિ મનાય છે તેમજ મનુષ્યોમાં બ્રાહ્મણ વર્ણજ આદિ વર્ણ છે. જે સમયે એમની ઉત્પત્તિ થઈ ત્યાં સુધી બીજાની વાત તો રહી પણ દ્વિતીય વર્ણના ક્ષત્રિય રાજાઓની ઉત્પત્તિ પણ નહોતી થઈ. વાસ્તવિક રીતે તે કાળે રાજાઓની જરૂરજ નહોતી.

"प्रयोजन मनुद्दिस्य मन्दोऽपि न प्रवर्तते ।"

સંસારમાં જ્યારે જ્યારે જેની જરૂરીઆત ઉભી થાય છે ત્યારે ત્યારે તે ઇશ્વરની સૃષ્ટિના પરિણામશીલ સુંદર પ્રાકૃતિક નિયમાનુસાર પોતપોતાના યોગ્ય સમયપર પોતપોતાના ક્ષેત્રમાં અવશ્ય ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી પૃથ્વી જળમાં ડૂબેલી હતી અને પર્વતોનાં શિખરો ઉપર કેવળ તપસ્વી ઋષિ ઇશ્વરના ધ્યાનમાં સમાધિ ચઢાવી બેઠા હતા અને અપૂર્વ અકથનીય બ્રહ્માનંદના સુખનો લાભ લેતા હતા. ત્યાં સુધી રાજા અને રાજશાસનનું સંસારમાં કંઈ પ્રયોજન નહોતું. તો પછી ક્ષત્રિયવંશના રાજા એ સમય લગણુ ભૂમંડલપર કેમ ઉત્પન્ન થાય? કલ્પવૃક્ષ તથા પ્રજાવૃદ્ધિ થતાં લોભના ઉપદ્રવથી જ્યારે ત્રેતાયુગની શરૂઆતમાં રાજા તથા રાજશાસનની જરૂર જણાઈ ત્યારે ઉપયોગી સમયપર ક્ષત્રિયવર્ણની રજોગુણ પ્રધાન રક્ત વર્ણની, તેજસ્વી તથા શૂરવીર પ્રજાની ઉત્પત્તિ પણ પ્રજાપતિ બ્રહ્માએ કરી. ક્ષત્રિય રાજા પોતાના સ્વાભાવિક વર્ણ ધર્માનુસાર ધનુષ્યબાણ હાથમાં લઇ, પંડિતોની રક્ષા અને જૂલમીઓને દંડ દેતા, મર્યાદા સ્થાપનને વિષે દૃઢપ્રતિજ્ઞ તથા રાજ્યાધિકાર વૃદ્ધિની ઇચ્છા વડે ભૂખંડપર વિચરતા, સુમેરૂની ઉત્તર દિશા તરફથી આવી, ભારતવર્ષ સાગરાન્ત વસુન્ધરાના અદ્વિતીય અધિપતિ બન્યા. બાદ રાક્ષસ, લોભી, આતતાયી, અત્યાચારીઓને દંડ દઈ એ ક્ષત્રિય રાજાઓએ બ્રાહ્મણોની ચિર અભ્યરત તપશ્ચર્યાનાં સઘળાં વિઘ્ન દૂર કર્યાં. અર્થાત્ રાજાઓ સદર્હૂ શિષ્ટ બ્રાહ્મણોના અનુગ્રહને પાત્ર થયા અને બ્રહ્મકુલના અમોઘ આશીર્વાદ મંત્ર અને સત્પરામર્શના પ્રતાપે રાજાઓની રાજ્યશ્રી ઉત્તરોત્તર વૃદ્ધિગત થવા લાગી. પ્રથમ ત્રેતાયુગની શરૂઆતમાં બ્રા-

ક્ષત્રિયવંશની જે પરિણામ વડે વૃદ્ધિ થઈ હતી અને પૃથ્વીનો જેટલો ભાગ સમુદ્રથી બહાર નીકળી મનુષ્યોને વસવા યોગ્ય થયો હતો. તદનુસાર પ્રમાણ તથા અનુમાનથી સિદ્ધ થાય છે કે સરસ્વતી નદીને કિનારે વસનારા સારસ્વત દેશ નિવાસી બ્રહ્મકુલાગ્રગણ્ય સારસ્વત બ્રાહ્મણ પોતાની પરમપ્રિય જન્મભૂમિ છોડી સરસ્વતીના પૂર્વ તરફના પ્રદેશમાં ત્યાં લગણ વસ્યા ન હતા. ઋગ્વેદના પૂર્વે વર્ણવેલા મંત્રોમાં સરસ્વતીને એ કારણસર "સદૃઢ દુર્ગભૂમિ" ગઢ તથા લોહના દરવાજાની માફક અન્ય આક્રમણ કારીઓથી રક્ષા કરવાવાલી વર્ણવી છે. બેશક એ વખત લગણ પૃથૂદક (પિહોયા વાળી સરસ્વતી નદી ઋષિઓની જન્મભૂમિની પૂર્વ હદ ઉપર હતી. પ્રમાણથી સ્વીકારવું પડે છે કે પ્રથમ ત્રેતાયુગમાં એટલે તેની આદિમાં સારસ્વત દેશના વાસી આ અગ્રજન્મા ઋષિવંશના બ્રાહ્મણોની સાધારણ સંજ્ઞા "સારસ્વત" પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. ક્ષત્રિય રાજવંશની ઉત્પત્તિ તથા વૃદ્ધિ થયા બાદ જ્યારે ઉક્ત રાજાઓની સાથે સારસ્વત બ્રાહ્મણોનો અતલગનો સંબંધ થવા લાગ્યો અને કેટલીક મુદત બાદ જ્યારે યજ્ઞોપવિત તથા દિક્ષા સંસ્કારથી યજ્ઞના કર્મનો પ્રારંભ બ્રાહ્મણોએ રાજાઓ પાસેથી કરાવ્યો ત્યારથી તેઓની રાજપુરોહિતની પદવી ઉપર વિશેષે કરી નિમણુક થઈ.

यत् क्षत्रियोऽब्राह्मणो भवति सयद्ध किं च कर्म
कुरुतेऽप्रसूतं ब्राह्मण मित्रेण हैवास्मै तत्समृध्यते
तस्माद् क्षत्रियेण कर्म्मकरिष्यमाणेनोपसर्त्तव्य एव ब्राह्मणः
संहैवास्मै तद्ब्रह्म प्रसूतं कर्म्मार्ध्यते ।" श० ब्रा० ४।१।४।६

બ્રાહ્મણો વગર ક્ષત્રિયોની કર્મસમૃદ્ધિ અસંભવિત છે. એ કારણસર શ્રુતિ ફરમાન કરે છે કે જે ક્ષત્રિયને શ્રૌત સ્માર્ત કર્મમાત્ર કરાવવાની આવશ્યકતા હોય તેમણે બ્રાહ્મણ પાસે જઈ પ્રાર્થના પૂર્વક એ કર્મ તેમના પાસેથી કરાવવું.

"पृथीहवै वैन्यो मनुष्याणां प्रथमोऽभिषिषिचे"

આ શ્રુતપથની શતતિથી નિશ્ચય થાય છે કે વેનપુત્ર (વૈન્ય) પૃથુરાજા મનુષ્યોમાં સૌથી પહેલાં રાજ્યાભિષિક્ત થએલ. શાસ્ત્રમાં રાજાના કર્તવ્ય સંબંધે સ્પષ્ટ આજ્ઞા છે કેઃ—

"क्षत्रियेणाभिजातेन पृथिवीं जेतुमिच्छता ।
पूर्वं पुरोहितः कार्य्यः पार्थराज्याभिसिद्धये ।"

म० भा० आ० प०

રાજ્યસિદ્ધિ ચાહનાર રાજાએ સૌથી પહેલાં સત્પાત્ર બ્રાહ્મણને પુરોહિત માનવાનું કર્તવ્ય પ્રથમ બજાવવવું જોઇએ. મનુષ્યોમાં સૌથી પહેલાં થનાર રાજા પૃથુ જેના નામ પરથી આજ પણ આ વસુન્ધરા પૃથ્વી કહેવાય છે. તે મહારાજા પૃથુએ રાજ્ય-સિંહાસનની પ્રાપ્તિના સમયે ભક્તિ પૂર્વક બ્રાહ્મણોને માન સહિત બોલાવી તેમની આજ્ઞા શિરતાજ કરી હતી. અને સારસ્વત કુલભૂષણ શુક્રાચાર્યજીને પોતાના ગુરુ તરીકે સ્વીકારી પુરોહિતનું પદ આપ્યું હતું. તથા મંત્રી, જ્યોતિષી વગેરે રાજકીય પ્રતિષ્ઠિત પદ્દીઓ ઉપર સર્વે બાલખિલ્ય ગર્ગ વગેરે સારસ્વત બ્રાહ્મણોના સમુહને નીમ્યો હતો. લખ્યું છે કેઃ—

ततस्तु प्राञ्जलिर्वैन्यो महर्षीन् स्तानुवाचह ।
ब्राह्मणामे महाभागा नमस्याःपुरुषर्षभाः ।
एवमस्त्विति वैन्यस्तु तैरुक्तो ब्रह्मवादिभिः ।
पुरोधाश्चा भवत्तस्य शुक्रो ब्रह्ममयोनिधिः ।
मन्त्रिणो बालखिल्याश्चं सारस्वन्त्यो गणस्तथा ।
महर्षि भगवान् गर्गस्तस्य सांवत्सरोऽभवत् ॥"

म० भा० शा० प०

ઉપર લખેલા પ્રમાણથી અગ્રજન્મા ઋષિવંશના બ્રાહ્મણોની સારસ્વત સંજ્ઞા અને તેમની સૌથી પ્રથમ રાજપુરોહિત તથા મંત્રીપણાની પદ્વી પર નિમણુક થવાના સંબંધમાં જરા પણ શંકા રહેતી નથી. ગૌડ, મૈથિલ, કાન્યકુબ્જ, ગુર્જર વગેરે બીજી શ્રેણીઓના બ્રાહ્મણોના સંબંધમાં એક પણ પ્રાચીનતમ પ્રમાણ મળતું નથી. એનું મુખ્ય કારણ એવું જણાય છે કે પ્રથમ સૃષ્ટિ સમયે સારસ્વત દેશ સિવાય અન્ય દેશમાં બ્રાહ્મણોનો નિવાસ ક્યાંએ નહોતો. અને ત્યાં સુધી સારસ્વત બ્રાહ્મણ સિવાય બ્રાહ્મણોની કોઈ બીજી સંજ્ઞા ઉત્પન્ન થઇજ નહોતી. ભાગવત એકાદશ સ્કન્ધના ઉત્તરાર્ધમાં પણ સરસ્વતી તીરવાસી સારસ્વત બ્રાહ્મણોના યજ્ઞના પુરાણા ઇતિહાસનું વર્ણન કરી પરમર્ષિ ભૃગુના બ્રહ્મલોક તથા શિવલોકમાં થઈ વૈકુંઠમાં જઈ વિષ્ણુના હૃદયમાં લાત મારવા સંબંધે જે પ્રસંગ વિસ્તારથી વર્ણવ્યો છે ત્યાં પણઃ—

"एवं सारस्वता विप्रानृणां संशयनुत्ते
ये पुरुषस्य पदाम्भोज सेवयातद्गतिंगताः ॥"

भा० १० स्कं० उ० अ ८९

ખુલ્લી રીતે સારસ્વત બ્રાહ્મણોનું જ નામ આપેલું છે. ભવિષ્યોત્તરમાં પણઃ—

"सारस्वतास्तु ये विप्राः क्षत्रियाणां पुरोहिताः"

અનેક સ્થળે સારસ્વતોને રાજપુરોહિત લખેલા છે. આ યજમાન પુરોહિતનો સંબંધ ઘણો પ્રાચીન છે.

"प्रादुर्भावे तदातस्य ब्रह्माह्यासीत्पुरोहितः ।"
"द्वितीये नर सिंहाख्ये रुद्रोह्यासीत्पुरोहितः ।"
तृतीये वामनस्यार्थे धर्मणतुपुरोधसा ।" म० पु०

મન્વંતરની આદિમાં દેવયજ્ઞ સમયે દેવતાના બ્રહ્માજી, નૃસિંહ અવતારમાં શિવજી, અને બળીને છળનાર વામનને ત્યાં ધર્મ પુરોહિત હતા.

"पुरोधीयतेऽसौपुरोहितः ।"

પુરોહિત શબ્દની વ્યુત્પત્તિ કરતાં તેનો અર્થ એવો થાય છે કે દેવ કર્મ આદિ શુભ કાર્યમાં જેને સૌથી આગળ અને માનકારી આસનપર સુપ્રતિષ્ઠિત કર્યાવગર યજમાનને ઘેર કોઈ પણ કાર્યનો પ્રારંભ ન થઈ શકે અથવા તો જેના કરતાં યજમાનનો અન્ય વધારે હિતૈષી નથી. આ સંસારમાં પુરોહિત સમાન યજમાનનો વધારે શુભેચ્છુ બીજો નથી. એવો તેનો અર્થ થાય છે હિન્દીમાં પણ " પુરોહિત " અર્થાત્ યજમાનની હિત કામના પૂર્ણ કરનાર સમ્પૂર્ણ શરીર એવો અર્થ પણ આ વ્યુત્પત્તિ ઉપરથી ઉત્પન્ન થાય છે. કવિ કલ્પલતામાં પુરોહિતનું લક્ષણ આ પ્રમાણે વર્ણવેલું છે.

" पुरोहितो हितोवेदं स्मृतिज्ञः सत्यवाक्शुचिः
ब्रह्मण्यो विमलाचारः प्रतिकर्त्ता पदामृजुः ।"

સર્વથા હિતૈષી, વેદ તથા ધર્મશાસ્ત્રજ્ઞ સત્યવાદી, શુદ્ધ હૃદય, નિર્મલ ચરિત્ર, બ્રહ્મણ્ય અને સઘળા પ્રકારની વિપત્તિને દૂર કરવામાં સમર્થ હોય તે પુરોહિત થાય. દેવ તથા અસુર વચ્ચેના યુદ્ધના પારમ્ભથી તે આજ સુધી પુરોહિત કુલવડે યજમાનના વંશનો જેવો ઉપકાર થતો આવ્યો છે, તેને યથાર્થ રીતે આ સ્થળે બતાવવો અશક્ય છે. વેદમાં ઇતિહાસ છે કેઃ—

" ते देवाबृहस्पतिं पुरोहित मुपाधावन्नुपतम् ॥"
शनाह काव्योऽसुराणां पुरोहित आस ।"

દેવ તથા અસુર વચ્ચેના યુદ્ધની શરૂઆતમાંજ બુદ્ધિમાંજ સૌથી તીવ્ર દેવ પુરોહિત બૃહસ્પતિની બુદ્ધિ શક્તિનો પરાજય કરવાને માટે શુક્રાચાર્યજી દૈત્યોના પુરોહિત બન્યા હતા. વળી ઋગ્વેદ સંહિતાના પ્રથમ મંત્રમાં પણ " **अग्निमीडे पुरोहितम्** " પુરોહિતની વિધમાનતા દેખાય છે. નિશ્ચય પ્રથમ ત્રેતાયુગની શરૂઆતમાં સારસ્વતોનો ક્ષત્રિય રાજાઓ સાથે યજમાન પુરોહિતનો સંબંધ સ્થાપન થયો હતો. સંક્ષિપ્ત રીતે વિચારતાં પણ સારસ્વત તથા ક્ષત્રિયોનો આ પુરોહિત યજમાનનો સંબંધ કેટલો બધો પ્રાચીનતમ છે.

ક્ષત્રિય રાજાઓના કુલ પુરોહિત સારસ્વત બ્રાહ્મણો પ્રથમ ત્રેતાયુગના સમયથીજ થયા. પણ ક્ષત્રિય રાજાઓ તથા સારસ્વતોની વિશેષ વસ્તી પંજાબ સારસ્વત દેશમાં, ત્યારબાદ હજારો વર્ષ પછી બલ્કે આજ પર્યન્ત જોવામાં આવે છે. સૂર્યવંશના આદિરાજા પુરૂરવાનું રાજ્ય પણ ચાક્ષુપ મન્વંતરમાં ઐરાવતી તીરવર્તી મદ્ર દેશમાં હતું. સ્વયંભુ બ્રહ્માનો દિવસ સૃષ્ટિનો પ્રવર્તક છે. અને રાત્રી પ્રલયકારી છે. બ્રહ્માના દિવસનું નામ કલ્પ છે. એક કલ્પમાં ચૌદ મનુનો સમય વ્યતીત થાય છે. પ્રત્યેક મનુના અધિકાર કાલને મન્વંતર કહે છે. દરેક મન્વંતરમાં સત્ય, ત્રેતા, દ્વાપર તથા કલિની એક એવી એકોતેર ચોકડી સમાપ્ત થાય છે સ્વાયંભુવથી ચાક્ષુષ સુધી છ મનુ થઈ ગયા છે. હાલ સાતમા વૈવસ્વત મનુનો અધિકાર છે. જ્યારે રાજા પુરૂરવા તીર્થયાત્રા અને તપશ્ચર્યા કરવા ગયા હતા. ત્યારે તેના વર્ણનમાં:—

" द्रष्टुंसतीर्थसदनं विषयान्ते स्वकेनदीम् ।
ऐरावतीति विख्यातांददर्शाति मनोरमाम् ।"

१८ । म. पु. अ. ११९

વળી:—

" सुशीत शीघ्र पानीयां द्विज सङ्घ निषेवितााम् ।
सुतां हिमवतः श्रेष्ठां चञ्च द्वीचि विराजिताम् ।
तपो धनाश्च ऋषयस्तथा देवा सहाप्सराः ।
लभन्ते यत्र पूताङ्गाः देवेभ्य प्रतिमानिताः ।

स्त्रियश्चनाकबहुला: पद्मेन्दु प्रतिमाननाः ।....
या सदा विविधैर्विप्रैर्देवैश्चा पिनिषेव्यते ॥"
म. पु. अ. ११६

મદ્ર રાજ્યની સીમા રાવી નદી સુધી લખેલી છે. પૂર્વેના મન્વંતરોની વાત છોડી દઈ ચાલતા વૈવસ્વત મનુના અધિકારમાં પણ એટલી હદસુધી વાત બની છે કે પરશુરામજીના અવતારના કાળમાં ક્ષત્રિયો સાથે વિશેષ યુદ્ધ કુરૂક્ષેત્રની ભૂમિમાં થયાં હતાં. પરશુરામજી:—

एकोनविंश त्रेतायां सर्वक्षत्रान्त कृद्विभुः ।
जामदग्न्य स्तथा षष्ठो विश्वामित्र पुरस्सर । म. पु. ४७ अ.

પરશુરામ વૈવસ્વત મન્વંતરની ૧૯ મી ત્રેતાદ્વાપરની સન્ધિમાં પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા કરી ઘોર યુદ્ધમાં પ્રવૃત્ત થયા હતા. આ વખતે ૨૮મી ચોકડી વીતવા આવી છે. એટલે ૧૯મી ચોકડીનો પરશુરામજીનો જન્મ તથા ઇતિહાસ કેટલો પ્રાચીન છે. આ યુદ્ધમાં ક્ષત્રિઓના લોહીથી પરશુરામે કુરૂક્ષેત્રમાં પાંચ મોટાં તળાવ ભર્યાં હતાં. તેજ **'समन्तपंचकतीर्थ'** ના નામથી આજ પણ પ્રસિદ્ધ છે. એથી પણ સારી રીતે પ્રતીત થાય છે કે ક્ષત્રિય રાજવંશનો નિવાસ પંજાબની ભૂમિમાં એ વખત લગણ હતો. બીજા હાથ ઉપર જો ક્ષત્રિયો દૂર દેશમાં વસતા હોત તો તેમનાં રૂધિરથી કુરૂક્ષેત્રનાં તળાવો શી રીતે ભરાત? કહ્યું છે કે:—

ससर्वक्षत्र मुत्साद्य स्ववीर्य्येणानलद्युतिः ।
समन्त पञ्चके पञ्च चकार रौधिरान् ह्रदान् ॥"

समन्तपञ्चक નામનાં પાંચ તળાવ કેવી રીતે સમ્પૂર્ણ ભરાય?

એ સિવાય વિશ્વામિત્ર પણ પરશુરામજીના સમયમાં થયા. પૈજવન સુદાસ રાજાને ત્યાં પુરોહિતપણું કરી વિશ્વામિત્રે વિશેષ ધન મેળવ્યું. સદહુ રાજાને ત્યાંથી પાછા વળતાં વિશ્વામિત્ર, વિપાશા અને શતદ્રુ નદીની પેલી પાર જવાને માટે સ્તુતિ અને મંત્રના બળથી નદીના પ્રવાહને સ્તંભિત કરી, નદીની પાર ગયા.

"महा ऋषिर्देवजादेव जूतोऽस्तभ्रात सिन्धुमर्णवंनृचक्षाः ।
विश्वामित्रोयदवहत् सुदासमप्रिया यतकुशिके भिरिन्द्रः ॥"

ऋग्वेद ३–५३–९.

તથાઃ—

विश्वामित्रऋषिः सुदासः पैजवनस्य पुरोहितो बभूव....
सावित्तं गृहीत्वा विपाट् छुतुद्र्योः सम्भेद माययावनुय यैरितरे।
सनदी स्तुष्टा व गाधा भवनेति" नि० २–२४ ॥

ઋગ્વેદના મંત્રથી અને નિરૂક્તથી જણાય છે કે વિપાશા અને સતલજની પેલીપાર સુદાસ રાજાનું રાજ્ય હતું, એમ દેખાય છે. વેદના મંત્રોમાં આ ઇક્ષ્વાકુ કુળના સૂર્યવંશી રાજા સુદાસ અને વસિષ્ઠજીની બહુ બહુ વાતો છે. જગાની તંગાસને લીધે તે આ ઠેકાણે દર્શાવી શકાય તેમ નથી. યથાર્થ રીતે જોતાં પરમર્ષિ વસિષ્ઠજી સારસ્વત પંચનદ પ્રદેશના રહેવાસી હતા. તેનાં અનેક પ્રમાણુ છે.

અન્યબાજૂ દૃષ્ટિપાત કરતાં પ્રસિદ્ધ ક્ષત્રિય રાજા ભરત જેના નામ ઉપરથી આર્યાવર્તનું ભરતખંડ નામ પડ્યું છે. તેના વંશના જન્હૂ રાજાના ભત્રિજા મહારાજા સંબરણની મહાભારતમાં કથા છે. તેમાં એમ લખ્યું છે કે એક વખત પાંચાલ રાજાથી હારી નાશી ગએલા સંબરણ રાજાને સિન્ધુ (અટક) નદીના કિનારાના કિલ્લામાં છૂપાઈ રહેવું પડયું. ત્યાં વસિષ્ઠજી પધાર્યા ત્યારે સંબરણે કહ્યું કે આપ પુરોહિત થઈ મને પુરતી સહાય કરો તો હું મારા પૂર્વજોનું પ્રતિષ્ઠિત રાજ્ય પુનરપિ મેળવવા પ્રયત્ન આરંભુ. એથીઃ—

"ओमित्येवं वशिष्ठोऽपि भारतान् प्रत्यपद्यत ।
यथाभ्यषिञ्चत् साम्राज्ये सर्वक्षत्रस्य पौरवम् ।
विषाण भूतं सर्वस्यां पृथिव्यामितिनः श्रुतम् ।
भारताध्युषितं पूर्वं सोध्यातिष्ठत् पुरोत्तमम् ।"

વસિષ્ઠજીએ "ॐम्" કહી રાજાની પ્રાર્થના મંજૂર કરી. અને રાજા સંબરણને સઘળા ક્ષત્રિયોનો અધીશ્વર બનાવી આખા પૃથ્વીમાં સર્વથી શ્રેષ્ઠ અને સર્વોચ્ચ પંજાબ દેશમાં ભરતની વસાવેલી જે ઉત્તમ નગરી તેના રા-

જસિંહાસન ઉપર તેનો એટલે સંબરણનો અભિષેક કર્યો. આથી પ્રસિદ્ધ થાય છે કે ચંદ્ર તથા સૂર્યવંશી રાજાઓની રાજધાની પ્રથમ સારસ્વત પ્રદેશમાંજ સ્થાપન થએલી હતી. કુલ પરંપરાવડે ક્ષત્રિયોએ જેવી રીતે સારસ્વત દેશમાં બહુધા નિવાસ કર્યો હતો તેજ પ્રમાણે વસિષ્ઠ. વિશ્વામિત્ર, અંગિરા અત્રિ વગેરે પરમર્ષિ તથા ઋષિ પુત્રોની જન્મભૂમિ પણ સારસ્વત દેશ (પંજાબ) માં હતી. અર્થાત્ એમનું પહેલવહેલું વસવું ત્યાંજ સંભવિત છે. સારસ્વત બ્રાહ્મણોજ સઘળા બ્રાહ્મણોમાં સૌથી પ્રાચીન છે.

પહેલાં સિદ્ધ થઈ ગયું છે કે હિમાલયના સર્વોચ્ચ શિખર ઉપર પ્રજાપતિ ઋષિઓનો આવિર્ભાવ થયો હતો. હાલે અંગ્રેજોએ મૌન્ટ એવરેસ્ટ નામના હિમાલયના શિખરને સૌથી ઉંચા શિખર તરીકે નિર્માણ કરેલ છે. એવરેસ્ટની ઉંચાઈ દરિયાની સપાટીથી ૨૯૦૦૨ ફીટ છે. તે નેપાલની રાજધાનીની પૂર્વમાં લગભગ ૧૦૦ મૈલને અન્તરે છે. સૌથી ઉંચો એવરેસ્ટ છે. એથી કરી સૃષ્ટિનો આરંભ પણ ત્યાં માનવો યુક્તિ પુરઃસર છે. હવે આ શંકા તથા આપત્તિ વિચારણીય છે. હાલે હિમાલયનું સૌથી ઉંચું શિખરજ અગમ્ય છે. તે બધા સ્વીકાર કરે છે. આ બાબતની પૂરેપૂરી તપાસ કર્યા વગર એક તરફી દલીલને આધારે નીચી ધારના સૌથી ઉંચા કોઈ શિખરને ઉચ્ચ માની લેવું દુરસ્ત નથી. કેટલાક અંગ્રેજોએ હિમાલય પર ચઢવાનો ઉદ્યમ કર્યો હતો. અને હજુ પણ કરે છે. પરંતુ આજ લગણ અંગ્રેજોમાં પણ સૌથી પહેલો જે અંગ્રેજ એ પર્વતો ઉપર જેટલે દૂર સુધી ચઢી ગએલ તેથી દૂર જવું તો એક બાજૂએ રહ્યું પરન્તુ તેટલે સુધી જવું પણ તેની પાછળના શોધકોને અશક્ય થઈ પડયું છે. તોપણ અંગ્રેજોને પોતાની મેળે કબુલ કરવું પડે છે કે મૌન્ટ એવરેસ્ટથી હિમાલયનું ઉંચું શિખર પણ જોવામાં આવેલું છે. પરન્તુ ત્યાં સુધી પહોંચવું અસાધ્ય છે. સિવાય એ પ્રદેશના ભૂતત્ત્વ તથા પદાર્થ વિજ્ઞાન જાણનાર અંગ્રેજોએ પણ નિશ્ચય કરેલ છે કે પંજાબ પ્રાન્તના હિમાલય પર્વતથી લઇને સમુદ્ર કિનારાની ભૂમિમાં એટલે ભૂમિ સ્તરોમાં જેટલો વિશેષ સ્વાભાવિક ફેરફાર થયો છે એવું દૃશ્યમાન થાય છે. તેટલો આખા હિન્દુસ્તાનના કોઈપણ પ્રદેશમાં થએલો દેખાતો નથી. મતલબ જે વખતે આદિ કલ્પમાં ઋષિ ઉત્પન્ન થયા હતા એ વખત સાથે મુકાબલો કરતાં આજના વખતમાં પ્લક્ષ પ્રસ્રવણની પાસેના હિમાલય પર્વતની શિખરોની નજદીકના સારસ્વત દેશમાં ઘણો ફેરફાર થઇ ગએલો છે. એ બેશક છે. સરસ્વતી નદી જે તે

વખતમાં સૌથી મુખ્ય અને વેગવાળી નદી હતી. તેનું જળ વિહીન તથા નષ્ટ થવું આ સ્વાભાવિક પરિવર્તનને અવલંબીને રહેલું છે. એમ માનવું પ્રત્યક્ષ જેવું ભાસે છે. હિમાલયના પ્લક્ષ પ્રસ્ત્રવણના ધરતી પર ધસી ગયા સિવાય સરસ્વતી નદી જેવી મહાનદીનું લુપ્ત થવું કદાપિ સંભવે નહિ. એથી નિશ્ચય થાય છે કે કલ્પની શરૂઆતમાં, ઋષિ સૃષ્ટિના કાળમાં, પ્લક્ષ પ્રસ્ત્રવણ નામના હિમાલયની શિખરની આસપાસની ધારોનાં શિખર જ સૌથી ઉંચાં હતાં. સમયના ફેરફારથી જ્યારે એ પ્રદેશના પર્વત ધસી પડયા તથા ધરતી કમ્પ વગેરે ઉપદ્રવ થયા ત્યારે સરસ્વતીનો પ્રવાહ અટકી ગયો. અને ત્યારથી પૂર્વ પ્રાન્તના પર્વત પણ ઉંચા થઈ ગયા હશે. વેદમાં જ્યારે સરસ્વતી નદી તીરસ્થ કુરૂક્ષેત્ર તથા બ્રહ્માવર્તની, સૌ પ્રદેશમાં શ્રેષ્ઠતા મનાય છે. અને એજ પ્રદેશ જ્યારે બ્રહ્માની ઉત્તર વેદી તથા દેવતાઓની પુરા-કલ્પની યજ્ઞભૂમિના નામથી વર્ણવેલો છે. વળી તેના કિનારાપરના સ્થાનમાં બ્રાહ્મણોની ઉત્પત્તિનું પ્રમાણ પણ મળે છે. બીજી બાજૂ નેપાળથી સો માઈલ દૂર પ્રમાણમાં નીચી ભૂમિ ઉપર આવેલ એવરેસ્ટ શિખર અથવા એ પ્રાન્તના સંબંધે વેદશાસ્ત્રમાં કંઈ એવું પ્રમાણ દૃષ્ટિગોચર થતું નથી. ત્યારે સ્વતઃસિદ્ધ એમજ માની લેવું પડે છે કે એ કાળમાં મૌન્ટ એવરેસ્ટ શિખર સૌથી ઉંચું શિખર હોવું ન જોઇએ.

સરસ્વતી, ગંગા, યમુના, સિંધુ, શતદ્રૂ, બ્રહ્મપૂત્ર વગેરે આર્યાવર્તની એટલે ભારતવર્ષની સઘળી મ્હોટી મ્હોટી નદીઓનું મૂળ પણ કહેલ પ્લક્ષ પ્રાન્તની આસપાસમાં દેખાય છે. એટલે એજ સૌથી ઉંચો પ્રદેશ અને બ્રાહ્મણોની જન્મભૂમિ હતી એ બેશક છે ભારતવર્ષની સઘળી બાજૂની ભૂમિ સહદૂ પ્લક્ષ પ્રસ્ત્રવણ પ્રાન્તના સર્વોચ્ચ હિમાલય પ્રદેશથી જે નીચી છે. તેનું બહુ અચ્છું પ્રમાણ તો એજ છે કે અધિકાંશે મ્હોટી નદીઓએ પર્વતનાં જુદાં જુદાં શિખરોપરથી ઉત્પન્ન થઈ ચારે બાજૂએથી પ્રવાહિત થઈ દક્ષિણ સમુદ્ર અને પશ્ચિમ સમુદ્રમાં જાય છે. બ્રહ્મપુત્રા નદી પણ એ ઠેકાણા પાસેથી થોડેક દૂર આવેલા નીચા ભૂ ભાગના માન સરોવરની નજદીકથી નીકળી, નેપાળ તથા ભૂતાનના ઉત્તર પાસેથી વહી બરાબર બંગાળાની ખાડીમાં પડે છે. આ તરફ ગંગા યમુનાને જુઓ તો તે પણ હિમાલયની દક્ષિણ તરફના ભૂ પ્રદેશને પવિત્ર કરતી કરતી બરાબર બંગા-ળાના સમુદ્રની દક્ષિણ તરફના ભાગમાં પડે છે. સિંધુ, શતદ્રુ, વ્યાસા આદિ સહદૂ સ્થાનથી ઉત્પન્ન થઈ પશ્ચિમ તરફના સમુદ્રમાં પડે છે. એટલે એ

સ્થાનની પશ્ચિમ, દક્ષિણ, ઉત્તરના સઘળા પ્રાન્તો નિશ્ચય નીચા દેખાય છે. એમ ન હોય તો એ પ્રદેશમાંથી નીકળી સિંધુ, શતદ્રુ, બ્રહ્મપુત્રા, ગંગા, યમુના વગેરે નદીઓ છેટેના સમુદ્ર લગણ ચારે તરફથી વહેતી વહેતી જવાનો કેવી રીતે સંભવ હોય ? નદીનો પ્રવાહ કદી ઉંચે ચઢતો નથી. નદી જે નિમ્નગા કહેવાય છે તેનો વ્યુત્પન્ન અર્થ નીચે જનારી જ થાય છે. અર્થાત્ વ્યર્થ શંકાનું સમાધાન તો કહેલી નદીઓને જોવા માત્રથા અથવા તેમની ગતિનું નિરીક્ષણ કરવા માત્રથીજ થઈ જાય છે. આતો નક્કી વાત છે કે મૌન્ટ એવરેસ્ટ હાલના વખતમાં અંગ્રેજોની દૃષ્ટિમાં વિશેષ ઉંચો મનાય છે છતાં હિમાલયના પ્લક્ષ પ્રસ્રવણની ઉત્તર તરફના સર્વોચ્ચ શિખરો કરતાં કલ્પારંભમાં નીચો હતો. અને મધ્યસ્થ ઉંચી ધારથી આજ પણ નીચો ઠરશે. જો કે બરફ જામી જવાથી હાલે તેની ઉંચાઈ વધી પણ ગઈ હોય તોપણ કલ્પારંભમાં તે પ્લક્ષ પ્રસ્રવણ કરતાં નીચો હતો એ બેશક છે. કારણ એ વખત જો તે સૌથી ઉંચો હોત તો ઉપર લખેલી નદીઓની ગતિ જે હાલ જોવામાં આવે છે તે ન દેખાત. એમ હોત તો ભારતની સઘળી મ્હોટી નદીઓ મૌન્ટ એવરેસ્ટમાંથી નીકળત. અને તેમની ગતિ પશ્ચિમોત્તર તરફ થાત, અને મુખ પણ ત્યાં જ હોત. જ્યારે એકે નદી મૌન્ટ એવરેસ્ટથી નીકળી પશ્ચિમોત્તર તરફ નથી જતી ત્યારે એ શિખરને તે સમયનું સૌથી ઉંચું શિખર માનવું યુક્તિ વિરૂદ્ધ છે. અથવા તો પરિવર્તન ધર્મ પડે આકાળે કદાચિત કોઈ અન્ય શિખર સૌથી ઉંચું જણાય તોપણ તેથી કંઈ એમ સિદ્ધ નથી થતું કે આદિ કલ્પમાં પણ તે સૌથી ઉંચું શિખર હતું. આમ વાકય અને શાસ્ત્ર પ્રમાણ વડે જ્યાંસુધી પુરાણ ઇતિહાસનું પકકું પ્રમાણ ન મળે ત્યાંસુધી મનના માનવા પ્રમાણે નવીન સિદ્ધાન્ત એ વિષયનો કદાપિ માની શકાતો નથી. પ્રાચીન ઇતિહાસનું પરિજ્ઞાન વેદની શ્રુતિઓના ઐતિહાસિક અંશવડે જ નક્કી થશે. એ જાણવાનો અન્ય ઉપાય નથી. શ્રુતિ પ્રમાણ સિદ્ધ અખંડિત સિદ્ધાન્તોનું ખંડન અસંભવિત છે. સરસ્વતીને આ સ્વાભાવિક પરિવર્તનના કારણસર અન્તઃસલિલા થયે આજ ઓછાંમાં ઓછાં લગભગ પાંચહજારથી વધારે વરસ વીતી ગયાં છે. સંસારમાં સમય ફેર વડે કયા કયા ફેરફાર નથી થતા ? મહાભારતના આરણ્ય પર્વના તીર્થ મહિમાના પ્રકરણમાં તથા અન્ય પુરાણોમાં પણ હિમાલયના સર્વોચ્ચ પ્લક્ષ પ્રસ્રવણ પ્રાન્તમાંથી નીકળેલી નદીઓમાં

"सिन्धुनदं पञ्चनदं देविकाऽथ सरस्वती ।"

"ऐरावती वितस्ता च विशाला देविका कुहूः ।....
इक्षुर्लौहितमित्स्ये ता हिमवत्पार्श्विनिः सृताः ॥"

દેવિકા અથવા સરસ્વતીનું જ્યાં નામ આવે છે. ત્યાં " **प्रसूतिर्यत्र विप्राणां श्रूयते भरतर्षभ** " લખી મહર્ષિ વ્યાસજી પણ નિઃસંદેહ રૂપે સદર્હુસ્થાન ને બ્રાહ્મણોની સૌથી પ્રથમની ઉત્પત્તિના સ્થાન રૂપે સ્થિર તથા નક્કી કરી ગએલ છે.

પ્રજાપતિ બ્રહ્માના માનસપુત્રો ભૃગુ વગેરે વેદમંત્રોના દ્રષ્ટા હતા. અને મંત્રદ્રષ્ટા હોવું એ ઋષિત્વનું એક મુખ્ય કારણ હતું. એ વાત તો શ્રુતિ સિદ્ધ માન્ય પ્રમાણોથી પણ સિદ્ધ થઈ ગએલ છે. ઘોર તપના પ્રભાવવડે જ ઋષિઓ મંત્રદ્રષ્ટા થયા હતા. આ વિષયને મત્સ્ય પુરાણમાં વિસ્તૃત રૂપથી સમજાવેલ છે કે કોઇ પણ રીતે પરમર્ષિઓએ ચારે વેદના પવિત્ર ધર્મ મૂલક મંત્રોનું સાક્ષાત્ દર્શન કરેલ, લખ્યું છે કેઃ—

ऋषाणां तप्य तान्तेषां तपः परमदुश्चरम् ।
मंत्राः प्रादुर्भवन्त्यादौ पूर्व मन्वन्तर स्यह ।
असन्तोषाद्भयाद्दुखात् मोहात् शोकाच्च पञ्चधा ।
ऋषीणां तारकायेन लक्षणेन यदृच्छया ।
ऋषीणां यादृशान्त्वं हितद्वक्षामीह लक्षणम् ।
अनीतानागतानाञ्च पञ्चधा ह्यार्षकं स्मृतम् ।"
" निवृत्ति समकालाश्च बुद्ध्या व्यक्त ऋषिस्त्वयम् ।
ऋषते परमं य स्मात्परमर्षि स्तत स्मृतः ॥
निवर्त्तमानैस्तैर्बुद्ध्या महान् परिगतः परः ।
यस्माद्दश परत्त्वेन सहतस्मान्महर्षयः ।
ईश्वराणां सुतास्तेषां मानसाश्चौरे साश्चवै ।
ऋषिस्तस्मात्परत्वेन भूतादिर्ऋषयस्ततः ?
ऋषिपुत्रा ऋषीकास्तु मैथुनाद्गर्भ संभवाः ।
परत्त्वेन ऋषन्ते वै भूतादीन् ऋषिका स्ततः ।
ऋषिकाणां सुतायेतु विज्ञेया ऋषिपुत्रकाः ।

श्रुत्वा ऋषं परन्त्वेनं श्रुतात्तस्माच्छ्रुतर्षयः ।
अव्यक्तात्मा महात्मावाहङ्कारात्मा तथैव च ।
भूतात्मा चेन्द्रियात्मा च नेषां तज् ज्ञान मुच्यते ।
इत्येवं ऋषि जातिस्तु पञ्चधानाम विश्रुता ॥"

८९. म. पु. अ. १४९.

પ્રજાસૃષ્ટિ દ્વારા બ્રાહ્મણોની વંશવૃદ્ધિ સારૂજ બ્રહ્માએ એ પ્રજાપતિ ભૃગુ વગેરે પરમર્ષિઓને ઉત્પન્ન કર્યા હતા. પણ એ પરમર્ષિ હતા. અવિદ્યારૂપી આવરણથી એમના અંતઃકરણમાં મોહરૂપી ઘોર અન્ધકાર પ્રવેશ થવા પામ્યો ન હતો. આ પરમર્ષિઓએ બ્રહ્માની ઇચ્છાનુસાર તપોબળ વડે ઋષિ વંશની યથા સાધ્ય વૃદ્ધિ કરી. અયોગ્ય મૈથુની સૃષ્ટિમાં તો સર્વથા એ પરમર્ષિઓની પ્રવૃત્તિજ નહોતી. માનસિક સંકલ્પ માત્રથી, અડકવાથી, દેખવાથી પ્રજાસૃષ્ટિ કરી બતાવવી એ આ અપૂર્વ તપસ્વીઓની અમોઘ તપશ્ચર્યાનું ફળ માત્ર હતું. વાયુ પુરાણમાંઃ—

"संकल्पाद्दर्शनात् स्पर्शात् पूर्वेषाम भवन प्रजाः ।
तपो विशे षैरिद्धानां नदात्यन्त तपस्विनाम् ।"

દિવ્યજ્ઞાની, સત્ય સંકલ્પ આ તપસ્વી પરમર્ષિઓના સંકલ્પ યા દર્શન અથવા તો સ્પર્શ માત્રવડે, કલ્પારંભના પ્રથમ સત્યુગમાં પ્રજાવૃદ્ધિ કર્યાનો લેખ જોવામાં આવે છે. તોપણ એમને તપશ્ચર્યા દ્વારા જેવો વિશુદ્ધ આનંદ બ્રહ્મસાક્ષાત્કાર સંબંધમાં હતો તેવો બીજા કોઈ વિષયની પ્રવૃત્તિમાં નહોતો. એથી કેવળ તપશ્ચર્યામાં પરમ નિમગ્ન અવ્યક્તાત્મા પ્રજાપતિ જ પરમર્ષિ કહેવાયા. પરમર્ષિ હોવાની બીજાની શક્તિ ન હોતી. પ્રજાપતિ ભૃગુ વગેરે આ પરમર્ષિઓએ જ્યારે પ્રજાવૃદ્ધિ કરી ત્યારે ઉત્પત્તિ ભેદ, સામર્થ્ય ભેદ અને શરીરના ગુણ ભેદ વડે મહર્ષિ, ઋષિ, ઋષીક અને ઋષિપુત્ર નામની ચાર શ્રેણી કાળાન્તરે વળી ઉત્પન્ન થઈ. જે પ્રકારે અસંતોષ, ભય, દુઃખ, શોક તથા મોહ એ પાંચેના કારણસર, એના તારક વેદમંત્રોનું પાંચ પ્રકારે કલ્પારંભમાં સાક્ષાત્ દર્શન ઋષિઓને થએલ. તે પ્રકારે વંશ વૃદ્ધિ થતાં અવ્યક્તાત્મા, મહાત્મા, અહંકારાત્મા, ભૂતાત્મા, અને ઇંદ્રિયાત્માના જ્ઞાન ભેદવડે પરમર્ષિ મહર્ષિ, ઋષિ, ઋષીક અને ઋષિપુત્રોની પાંચ શ્રેણીમાં વિભક્ત થવાના કારણસર સારસ્વત ઋષિવંશમાં "પંચજાતિ"-

ની સૃષ્ટિ તો કલ્પારંભના આદિ સત્યયુગમાં સૌથી પહેલાંજ થઈ હતી. સૃષ્ટિક્રમમાં જેમ સૌથી પહેલાં અવ્યક્તથી મહાન અથવા મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. તેમજ સ્વલ્પ વિકૃતિવડે પરમર્ષિની પછી એ મહાન પુરૂષના જ્ઞાતા મહર્ષિ ઉત્પન્ન થયા. આ પરમર્ષિ અને મહર્ષિઓના સંકલ્પ વડે જન્મેલા માનસ પુત્રો અને ઔરસપુત્રો ઋષિ સંજ્ઞાથી ઓળખાયા. ઉપર દર્શાવેલી ત્રણ શ્રેણી મૈથુની સૃષ્ટિથી બહાર છે. આ ત્રણ શ્રેણીઓની ઉત્પત્તિ પછી કાલાન્તરે મૈથુની સૃષ્ટિનો આરંભ થયો. કારણ ઉપર લખ્યા એ ઋષિઓની મૈથુની ગર્ભજ સંતતિ ઋષીક નામથી પ્રસિદ્ધ થઇ. ઋષીકોની આ ચોથી શ્રેણી મૈથુની સૃષ્ટિની છતાં તપોબળ વડે મંત્રદ્રષ્ટા હતી પરન્તુ એમની પાછળ પાંચમી શ્રેણીના જે ઋષિ પુત્ર ઉત્પન્ન થયા તે પોતે મંત્રદ્રષ્ટા ન થઇ શક્યા. પોતાના પૂર્વજો પાસેથી વેદમંત્રો સાંભળી ઋષિપુત્રોએ અભ્યાસવડે ધારણ કર્યા. સંભવ છે કે ત્યારથી વેદમંત્ર "શ્રુતિ" નામથી સંસારમાં પ્રસિદ્ધ થયા. અને પાંચમી શ્રેણીના આ ઋષિપુત્રોનું બીજું નામ શ્રુતર્ષિ પણ એ કારણસર પડયું. આ પાંચ શ્રેણીઓમાં વિભક્ત હોવાના કારણસર સારસ્વત બ્રાહ્મણોનો આદિ ઋષિવંશ કલ્પારંભના આદિ યુગની આખરે "પંચજાતિ વિશિષ્ટ" થઇ ગયો હતો, વેદના મંત્રોમાં પણ બ્રાહ્મણોના આ આદિ મૂળ પુરૂષોના અર્થાત્ સત્યયુગના મનુષ્યોની કહેલી પાંચ શ્રેણીના બોધક "**पंचजनाः**" અથવા '**पंच मानवः**' શબ્દ દ્રષ્ટિગોચર થાય છે. શતપથની શ્રુતિ છે કે:—

"महदद्य भरतस्यन पूर्वेनापरेजना:
दिवं मर्त्य इव बाहुभ्यांनोदापु:पञ्चमानवा: ॥"

તથા ઐતરેય શ્રુતિ પણ;—

"**पांन्च जन्यमे तदुकथ यद वैश्वदेवं सर्वेषांवा एतत् पञ्चजनानामुकथं देव मनुष्याणां गन्धर्वाप्सरसां सर्पाणाञ्च पितॄणाञ्च ।**"

તેમજ:—

"**यस्मिन् पञ्चजना आकाशश्च प्रतिष्ठित:**" **शा. सू.**

ભાષ્યના આ વેદ મંત્રોની વ્યાખ્યામાં ૨૫ તત્ત્વોની વ્યાખ્યાનું ખંડન વિસ્તારપૂર્વક કરેલું છે, તેમાં પંચ પ્રાણ અને પંચ જાતિ ભેદ અર્થજ સ્થિર કરેલો દ્રષ્ટિગોચર થાય છે. પણ વિશેષ સ્પષ્ટપણે તો એ વિષયના મર્મને

વ્યાસજીએ ભા. વ. ના ૨૧૯મા અધ્યાયમાં " પાંચજન્ય અગ્નિની ઉત્પત્તિ-ના વર્ણનમાં દેખાડેલું છે. જેમકેઃ—

"काश्यपोह्यथ वशिष्ठः प्राणश्च प्राणपुत्रकः ।
अग्निराङ्गिरसश्चैवच्यवनस्त्रि सुवर्च्चकः ।
अचरतम तपस्तीव्रं पुत्रार्थे बहुवार्षिकम् ।
पुत्रं लभे यं धर्मिष्ठं यशसा ब्रह्मणा समम् ।
महाव्याहृति मिध्यातः पंचभिस्तै स्तदास्त्वय ।
जज्ञे तेजो महर्च्चिष्मान् पंचवर्ण प्रभावतः ।
समिद्धोग्निः शिरस्तस्य बाहू सूर्य निभौतथा ।
त्वङ्नेत्रे च सुवर्णा मे कृष्णेजङ्घे च भारत ।
पंचवर्णः सतपसाकृतस्तैः पंचभिर्जनैः ।
पांचजन्यः श्रुतोदेवः पंचवंश करस्तुसः ॥"

કશ્યપ, વસિષ્ઠ, પ્રાણ, અંગિરા અને ચ્યવન એ પાંચે ઋષિઓએ મળીને અનેક વર્ષો સુધી ઘોર તપસ્યા કુળની વૃદ્ધિ સારૂ કરી હતી. એ પાંચેના ઉગ્ર તપોબળવડે અપૂર્વ તેજઃપુંજ પંચવર્ણ વિશિષ્ટ સાક્ષાત્ પાંચજન્ય અગ્નિનાં દર્શન થયાં. કહેલી પાંચજન્ય અગ્નિની કૃપાથી ઋષિઓના અદ્વિતીય તેજસ્વી પાંચે વંશની વૃદ્ધિ થઇ. ઉક્ત આદિ ઋષિઓના પાંચ વંશની સંજ્ઞા પણ પઞ્ચજનઃ અર્થાત્ " **पञ्चजाति** " ના નામથી પ્રસિદ્ધ થઈ હતી. જાતિ સંજ્ઞા વા " અલ્લ " એટલી પ્રાચીનતમ છે કે આદિઃ વેદ ઋગ્વેદમાં પણઃ—

"कपर्द्दिनो धियाधीवन्तो असपन्त तृत्सवः ।

વશિષ્ઠ **तृत्सू ' पञ्चावा आङ्गिरसः '** આદિ ઋષિઓનાં નામ અને વંશની સાથે એમનો ઘનિષ્ઠ સમ્બન્ધ બહુધા જોવામાં આવે છે.

"सुकेशाच भरद्वाजः" "कबन्धी कात्यायनः"
"उपकोसलोह वैकामलायनः सत्यकामे जावाले ब्रह्मचर्य्यमुवास"

વગેરે અથર્વ વેદના પ્રષ્ણોપનિષદ્ અને સામવેદના છાન્દોગ્યમાં પણ એવાં અનેક ઉદાહરણ છે.

યુગોમાં સર્વથી શ્રેષ્ઠ આ સત્યયુગ, ધર્મપ્રધાન યુગ હતો. કારણઃ—

“ तमसो लक्षणं कामो रजस स्त्वर्थ उच्यते ।
सत्वस्य लक्षणं धर्म्मः श्रैष्ठ्यमेषां यथोत्तरम् ॥” मनुः

ધર્મ, અર્થ અને કામ એ સત્વગુણ, રજોગુણ, અને તમોગુણના ફળ સ્વરુપે છે. એ કારણથી પ્રથમ સત્યયુગના પરમર્ષિઓને સાક્ષાત્ ધર્મનો અવતાર અને ધર્મના સ્થાપન કર્ત્તા કહેવા યોગ્ય છે. ધર્મ મૂલક વેદ કલ્પતરુની સ્વર્ગમોક્ષ ફળપ્રદ શાખા આ પરમર્ષિઓની સ્વાભાવિક ધર્મનિષ્ઠા અને પરમ ઉગ્ર તપશ્ચર્યા વડેજ આ સંસારમાં આજ લગણ ફેલાયલી દેખાય છે. ત્રણે તાપથી ભુંજાએલા ક્લિષ્ટ સંસારી જીવો આજ પણ એ વેદ કલ્પતરુની સુવિસ્તીર્ણ હરિઆળી સઘન શાખાઓની પરમ સુશીતળ છાયામાં આશ્રય લઈ પરમ શાન્તિનો લાભ લે છે. ખેદની વાત છે કે બ્રહ્મકુલના અયત્ન વડે આજના વખતમાં ઘણીખરી શાખાઓ નાશ પામી ગએલી છે. જે છે તેનું પણ યત્નપૂર્વક સિંચન થતું નથી. સત્વગુણ પ્રધાન એ ધર્મ ધુરંધર બ્રાહ્મણોનાઃ—

“ शमोदमस्तपः शौचंक्षान्तिरार्जव मेवच ।
ज्ञानं विज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥”

ગી૦ શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન, ઈશ્વર પરાયણતા વગેરે સ્વભાવસિદ્ધ ધર્મો કાં ન હોય ?

સત્યયુગમાં પહેલાં એ બ્રાહ્મણોમાં ઉત્પત્તિ કાળે ઉચ્ચ નીચ, ઉત્તમ તથા અધમનો ભેદ નહોતો. કેવળ તપશ્ચર્યા અને પ્રભાવ એજ બ્રહ્મકુળની શ્રેષ્ઠતાનું કારણ હતું. તેમાં પણ તપોબળ વડે જેનો પ્રભાવ વિશેષ હતો, તે શ્રેષ્ઠ મનાતો હતો. વિષ્ણુ પુરાણમાં ખુલ્લું લખેલું છે કેઃ—

“ कनिष्ठयं ज्यैष्ठ्यमपि एषां पूर्वंना भूद्द्विजोत्तम ।
तप एव गरीयोऽभूद्प्रभावश्चैव कारणम् ।

પરમર્ષિઓના તપોબળવડે અને ઉગ્ર પ્રભાવ વડે કાળાન્તરે વંશવૃદ્ધિ થઈ ત્યારે તેઓ પાંચ શ્રેણીમાં વિભક્ત થયા. એ પાંચ જાતના ઋષિપુત્રોએ પોતાના પૂર્વજો પાસેથી સાંભળી ત્રેતાયુગની આદિમાં વેદમંત્રોનો અભ્યાસ શરૂ કર્યો અને ક્રમે ક્રમે શ્રુતર્ષિઓની સંખ્યા વિશેષ થઈ ત્યારેઃ—

" स्वाध्यायोऽध्येतव्यो मन्तव्योनिदिध्योसितव्यः ।"

" वेदमेव सदाभ्यसेत् शुचौदेशे समाहित ।

ઇત્યાદિ શાસ્ત્રની આજ્ઞાવડે વેદઘોષના ઉત્તમ સ્વરોનો પ્રતિધ્વનિ આખા સારસ્વત પ્રદેશમાં ગુંજાર કરવા લાગ્યો અને બ્રાહ્મણોનું કર્મ પણ ત્યારે નિર્માણ થયું કેઃ—

"षट्कर्म्माणि निजान्याहु ब्रह्मिणस्य महात्मनः ।

तैरेव सततं यस्तु वर्तयेत्सुखमेधते ।

अध्यापनं अध्ययनं याजनंयजनं तथा ।

दानं प्रतिग्रहश्चेतिषट् कर्म्माणीति चोच्यते ।।" हा. सं. ।

વેદનું પઠન કરવું, કરાવવું, યજ્ઞ કરવો, કરાવવો; દાન દેવું અથવા લેવું એ કામ બ્રાહ્મણોનાં નક્કી થયાં; આ છ કર્મના કરવાથી સત્યયુગના પરમશાન્ત તપસ્વી ઋષિઓની શિષ્ટ સંતતિ પણ ત્રેતાયુગમાં ષટ્ કર્મો બની રજોગુણ પ્રધાન ત્રેતાયુગમાં અર્થભોગની કામનાવડે રાજાઓએ પણ ઉત્સાહ પૂર્વક યજ્ઞકર્મની ધૂન લગાવી. અર્થાત્ હવે શ્રોત્રીય બ્રાહ્મણોના શ્રોત સ્માર્ત ધર્મના બહુલ પ્રચારનો સમય આવી લાગ્યો. બ્રાહ્મણોની વિદ્યા તપ, પ્રભાવ અને કર્મદ્દતા વગેરેના પરિચયનો યુગાન્તર ઉપસ્થિત થતાં યોગ્યતાના તારતમ્યવડે બ્રાહ્મણોમાં હવે વિવિધ પ્રકારની ઉંચી નીચી શ્રેણી તથા માન પ્રતિષ્ઠાની રૂચિ અને ચેષ્ટા પણ ઉત્પન્ન થઈ. યથાર્થ રીતે તો જ્યારથી વિશેષરૂપે " વિવાહ સંસ્કાર " અથવા મૈથુની સૃષ્ટિનો ઉત્પન્ન થવાનો પ્રચાર શરૂ થયો ત્યારથી કુળની પરીક્ષા અને ઉંચા નીચા કુળના ભેદની શરૂઆત થઈ હોય એમ દેખાય છે.

" कुलमग्रे परीक्षेत " गृ. " एतैरेव गुणैर्युक्तः सवर्णः श्रोत्रियोवरः ।"

कुलं च शीलं च वयश्च रूपं विद्यां च वित्तं च सनाथतांच ।

एतान् गुणान् सप्तपरीक्ष्य देयाकन्या बुधैः शेषम चिन्तनीयम् " यमः

આ વચનો સિવાય જેની સાથે વિવાહ થાય છે તેનું નામ વર અ-ર્થાત્ સર્વરીતે શ્રેષ્ઠ કહેવાય છે.

योऽनूचानः स्सना महान् " " यएव विद्वान्

स्तपसाच वृद्धः सएव पूज्यो भवति द्विजानाम् ।"

તપ તથા વિદ્યાવડે જ દ્વિજોની શ્રેષ્ઠતા મનાય છે. સ્વવર્ણના શ્રોત્રિય. યથોક્ત વેદાધ્યાયી અને કુળમાં શ્રેષ્ઠ હોય ત્યારે તે વર સાથે કન્યાનો **વિવાહ** સંબંધ કરવો. એજ વિવાહ વિષયક મૂલ સૂત્ર છે. એ કારણસરઃ—

जात्याकुलेन वृत्तेन स्वाध्यायेन श्रुतेनच ।
एभिर्युक्तोहि यस्तिष्ठेत् निच्यं स द्विज उच्यते ॥"

જાતિ, કુળ, વૃત્તિ વેદપાઠ તથા વિદ્યાભ્યાસવાળોજ એ કાળે દ્વિજ મનાતો હતો. જે લોકો એમ કહે છે કે બ્રાહ્મણોમાં એ વખતે જાતિ વિભાગ કોઈ જાણતું નહોતું. તે લોકોને યાતો શાસ્ત્રની સમજણ નથી, અથવા તો આગ્રહવડે તેમની વિચાર શક્તિ તથા બુદ્ધિ નાશ પામી ગઈ છે. જે લોકો ગીતાના બે ચાર અધ્યાય માત્ર ભણ્યા છે. તેઓ પણ એવી વગર સમજણની વાતો નહિ કરે. કેમકેઃ—

उत्साद्यन्ते जाति धर्म्माः कुल धर्म्माश्च शाश्वताः

ગીતાજીમાં પણ જાતિ અને કુળના વિષયમાં સારૂ કહેલું છે. વળી "**कुलमग्रे परिक्षेत** આ ગૃહ્યવચનની અને કુલ તથા કુલીન શબ્દની તથાઃ—

"जात्याकुलेन वृत्तेन स्वाध्यायेन श्रुतेन च ।"
"एतैरेव गुणैर्युक्तः सवर्णः श्रोत्रियोवरः ॥"

આદિ શાસ્ત્રોક્ત શ્રેષ્ટતા વાચક વર શબ્દની પ્રવૃત્તિજ કેમ થઈ હતી. પરન્તુ જે મહાપુરૂષેઃ—

"समान गोत्र प्रवरां कन्या मूढ्वोपमभ्य च ।
तस्यामुत्पाद्य चाण्डालं ब्राह्मण्या देवहीयते ।

શાસ્ત્રનાં આ ગંભીર વચનોનો વિચાર ન કરતાં બ્રાહ્મણોના વિવાહમાં ગોત્રના વિચારો સર્વે રીતે ત્યાગ કરી તેઓને ચંડાળ બનાવવાનો પ્રયત્ન કર્યો. તેના ખંડનમાં ફોકટ પાનાં બગાડવાં નિષ્કારણ છે. બ્રાહ્મણોના કુળ વિષયમાં પહેલાં લખાઈ ગયું છે કેઃ—

येषां पुरुषतः प्रजोत्पत्तिरविच्छिन्ना भवतिते संगतकुलीनाः ।
ये सप्त भूयः पंच पुरुषंचायोनिश्रित शीलवृत्त
सम्पन्ना श्रुतिवन्तो श्रुतिमतस्ते पितृमन्तः

पितृमन्त्या ऋषय आर्षेया भवन्त्यार्त्विजीनाः ।
अथ दत्तक क्रीत कृत्रम पुत्रिका पुत्रा परपरिग्रहेणार्षेण
येऽत्रजातास्तेऽसंगत कुलीनाः ह्यामुष्यायणा भवन्ति ॥"

તથા મનુસ્મૃતિમાં પણઃ—

"आचार्य्यस्तस्य यां जातिं विधिवद् वेदपारगः ।
उत्पादयति सावित्र्या सानित्या साऽजराऽमरा ।"

દ્વિતીય જન્મરૂપ ઉપનયન સંસ્કારવડે જાતિની મુખ્યતા અને અનેક પ્રકારની અનુલોમ વિલોમ જાતિના વિભાગ અને તેમની યોગ્યતાનુસાર વિવિધ શ્રેણી ભેદ કરેલા સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. જે દિવસ પૃથ્વી ઉપર આચાર શીલ સુસંસ્કૃત શ્રોત્રિય બ્રાહ્મણોનો આવિર્ભાવ અને વર્ણાશ્રમ વ્યવસ્થા પ્રથમ પ્રચલિત થઈ. ખચિત તે રોજથી દ્વિજાતિ કુળમાં વર્ણ ધર્મ, જાતિધર્મ. અને કુળ ધર્મની મર્યાદા પણ સુદૃઢ રીતે સ્થાપિત થઇ ગઈ હતી. એજ કારણસર શ્રદ્ધેય પરમર્ષિ અંગિરાએઃ—

"चित्रं कर्म यथानेकैरङ्गै रून्मील्यते शनैः
ब्राह्मण्यमपि तद्वत्स्यात् संस्कारैर्विधिपूर्वकैः ॥"

જે પ્રમાણે એક એક કરી અનેક રંગોથી રંગાએલું ચિત્ર ક્રમે ક્રમે સર્વાંગ સુંદર સજીવન જેવું બની જાય છે. તેજ પ્રમાણે વિધિપૂર્વક ગર્ભાધાન વગેરે શાસ્ત્રોક્ત સઘળા સંસ્કારોવડે સુસંગત તથા સુસંસ્કૃત હોતાં યથાર્થ દ્વિજત્વ સિદ્ધ થાય છે.

દ્વિજોના ગર્ભાધાન વગેરે સઘળા સંસ્કાર અને અગ્નિહોત્રાદિ નિત્ય કર્મનું મૂળ પણ શ્રૌત તથા સ્માર્ત ધર્મ છે. સાક્ષાત્ ધર્માવતાર ભૃગુ વગેરે પરમર્ષિ અને ભગવાન મનુ પણ શ્રૌત તથા સ્માર્ત ધર્મના પ્રવર્તક થયા. જેમકેઃ—

"साक्षातूकृत धर्म्माण ऋषयोवभूवुस्तेऽवरेभ्योऽ
साक्षातूकृत धर्म्मभ्य उपदेशेन मंत्रान् संप्राहुः ।" नि.

તથાઃ—

"दाराग्निहोत्र सम्बन्ध मिज्याश्रौतस्य लक्षणम् ।
स्मार्त्तो वर्णाश्रमाचारो यमैश्चनियमैर्युतः ।

સર્વથા વર્તમાન યુગમાં—આ વખતમાં—દેખાતી નથી:—

"ब्राह्मण्यां ब्राह्मणाज्जातो ब्राह्मण: स्यान्न संशय: ।

क्षत्रियायां तथैवस्याद् वैश्यायामपिचैवहि ।" भा० दा० धर्म० ।

પહેલા યુગોમાં બ્રાહ્મણોના ઉત્પત્તિ ક્ષત્રિય તથા વૈશ્ય જાતિની માતાના ગર્ભથી થતી હતી. તેજ પ્રમાણે નારદ, દ્રોણ, અગસ્ત્ય વગેરેની કલ્પાન્તર તથા યુગાન્તરને વિષે બ્રાહ્મણોના સત્ય સંકલ્પના કારણસર અયોનિજ ઉત્પત્તિનાં પણ અનેક ઉદાહરણ છે. વર્તમાન સમયમાં બ્રાહ્મણોમાં એવા સત્ય સંકલ્પનો પણ સર્વથા અભાવ છે. અને અસવર્ણ વિવાહનો ચાલ પણ અટકી ગયો છે. એથી હાલે એવા પ્રકારની વિચિત્ર સૃષ્ટિ પણ થતી નથી. બ્રાહ્મણોના સત્ય સંકલ્પ તથા તેમની પરમ ઉગ્ર તપશ્ચર્યાના કારણસર તથા અપૂર્વ પ્રભાવથી વિશ્વામિત્ર જેવી રીતે ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ થયા હતા. તેવી જ રીતે પહેલાંના યુગોમાં રાજા બીતહવ્ય, રાજા પ્રતર્દનથી યુદ્ધમાં હારી પરમર્ષિ ભૃગુજીને શરણે જ્યારે ગયા ત્યારે સત્ય સંકલ્પ તપસ્વિશ્રેષ્ઠ ભૃગુ મહારાજના કથન માત્ર વડે તે ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ બન્યા હતા. એવા બીજા ઘણા દાખલા છે.

ત્રેતાયુગ એ જ્ઞાન પ્રધાન યુગ હતો. વર્ણાશ્રમ ધર્મની સૌથી પહેલાં પ્રવૃત્તિ એજ યુગમાં થઈ. વિશેષે કરી કલ્પારંભના પ્રથમ ત્રેતાયુગમાં એક તો કેવળ બ્રાહ્મણ અને બીજા માત્ર ક્ષત્રિય એ બે વર્ણની ઉત્પત્તિ થઇ હતી. બીજું બ્રાહ્મણો પણ પૂર્ણ ધર્મ વડે સમાજ-શાસન કરવાની અતુલ્ય શક્તિ ધરાવતા હતા. અને રાજાઓ પણ અપૂર્વ શક્તિ તથા સામર્થ્ય યુક્ત, અને સર્વ રીતે સમ્પૂર્ણ સ્થિતિમાં રાજ્ય-શાસનમાં સામર્થ્ય ધરાવતા હતા. અર્થાત્ રાજ્ય અને સમાજના અધિષ્ઠાતા તથા રક્ષક શ્રદ્ધેય બ્રાહ્મણ હતા. વળી તેજસ્વી રાજાઓ ધર્મદંડ વડે સમાજનું નિયમિત રૂપે શાસન કરવામાં સદા ઉદ્યુક્ત અને એક ચિત્તવાળા હતા. એથી કરીને ધર્મ કર્મમાં ન્યૂનતા આવતાં અથવા તો વર્ણ અને સ્વભાવમાં કોઈ કારણસર વિશેષ રૂપે અન્તરાય આવતાં એ કાળે મનુષ્યોને પોતાની સમાજમાં રહેવું અસાધ્ય તથા અસંભવિત હતું. પરન્તુ કલ્પારંભના પ્રથમ ત્રેતાયુગમાં બહુધા એવી વ્યવસ્થા અસંભવિત હતી. સબબ એ સમય સુધી બ્રાહ્મણ તથા ક્ષત્રિય એ બેજ વર્ણની સ્વલ્પ સંખ્યા હતી. બીજું સ્વધર્મ પ્રવૃત્તિ અત્યન્ત પ્રબળ અને સ્વાભાવિક હતી. ઘણો સમય વીત્યા બાદ જ્યારે પ્રથમ દ્વાપર યુગની

પ્રવૃત્તિ થઈ ત્યારે પૃથ્વીનો અધિકાંશ સમુદ્રથી બહાર નીકળી આવ્યો હતો. અને પ્રજાની પણ વિશેષ વૃદ્ધિ થઈ ચૂકી હતી. પરન્તુ ખેતી તથા વ્યાપાર વગર પ્રજાને જીવિકા માટે વિશેષ ઉદ્યમ, કષ્ટ તથા શ્રમ ઉઠાવવાં પડતાં. એટલે યોગ્ય સમયપર સુમેરૂ શિખરની દક્ષિણ તરફની પીળા રંગની ભૂમિ ઉપર બ્રહ્માએ અપૂર્વ સૃષ્ટિ રચનાની ચતુરાઇ વડે પીળા વર્ણના વૈશ્ય અને સુમેરૂની પશ્ચિમ તરફની કાળી ભૂમિમાં શૂદ્રને કલ્પારંભના પ્રથમ દ્વાપર યુગમાં ક્રમે ક્રમે ઉત્પન્ન કર્યા. મહાભારતના ભીષ્મપર્વમાં પણ એ વિષે લખેલું છે કેઃ—

" जाताः कृतयुगे राजन् धनिनः प्रियदर्शनाः ।
प्रजायन्ते च जाताश्च मुनयो वै तपोधनाः ।
महोत्साहा महात्मानो धार्मिकाः सत्यवादिनः
प्रियदर्शनाव पुष्मन्तो महावार्य्या धनुर्धराः ।
वराहायुधि जायन्ते क्षत्रियाः शूरसत्तमाः
त्रेतायां क्षत्रिया राजन् सर्वे वै चक्रवर्त्तिनः ।
आयुष्मन्तोमहावीरा धनुर्धरयुधि ।
जायन्तेक्षत्रियाःशूरास्त्रेतायां वशवर्त्तिनः ।
सर्वे वर्णा महाराज जायन्ते द्वापरे सति ।
महोत्साहा वीर्यवन्तः परस्पर जयेषिणः ॥
तेजसाल्पेन संयुक्ताः क्रोधनाः पुरुषानृप ।
लुब्धा अनृतकाश्चैव तिष्ये जायन्ति भारत ॥"

સત્ય યુગમાં દર્શનીય મૂર્ત્તિ તપોધન બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ. ત્રેતામા વીર ક્ષત્રિયોની, અને દ્વાપરમાં વૈશ્ય તથા શૂદ્ર વર્ણની ઉત્પત્તિ થઈ. અને થતી આવી છે. અવશ્ય આ વ્યવસ્થા કલ્પારંભની પ્રથમ ચોકડીની છે. કારણ સુમેરૂ શિખરની પૂર્વતટની શ્વેત વર્ણની ભૂમિ જેટલી ઉંચી હતી તેટલી ઉત્તર તથા દક્ષિણ તરફની ઉંચી નહોતી. એથી કલ્પારંભના આદિ યુગમાં કેવળ બ્રાહ્મણ વર્ણની જન્મ ભૂમિજ માત્ર સમુદ્રના ગર્ભથી બહાર નીકળી હતી. એમ સિદ્ધ થાય છે. ત્યારબાદ એનાથી ઉંચાઇમાં ઓછી સુમેરૂની ઉત્તર તરફની ભૂમિ જળથી બહાર નીકળતાં આદિ ત્રેતાયુગમાં ક્ષત્રિયોના આદિ

પુરૂષોએ શરીર ધારણ કર્યું. એવીજ રીતે કલ્પના પહેલા દ્વાપર યુગમાં શરૂઆતના સમયમાં સુમેરૂની દક્ષિણ તરફની પહેલા કરતાં નીચી ભૂમિ ઉપર કાળ પરત્વે વૈશ્યોના આદિ પુરૂષની ઉત્પત્તિ થઈ. કલ્પારંભના સદહૂ પ્રથમ દ્વાપર યુગમાં વૈશ્યોની ઉત્પત્તિ પછી કેટલેક કાળે પોતાની જન્મ ભૂમિમાં શૂદ્રની પણ ઉત્પત્તિ થઈ ચૂકી હતી. એટલે કલ્પારંભના પ્રથમ દ્વાપર યુગમાં ચારે વર્ણના મનુષ્યોથી ભારત ભૂમિ સૌથી પહેલાં સુશોભિત થઈ હતી. પ્રથમ દ્વાપર યુગની પહેલાં ચારે વર્ણની ઉત્પત્તિ પણ થઇ નહોતી. શાસ્ત્રોમાં જ્યાં કંઇ સતયુગ વા ત્રેતાયુગમાં ચારે વર્ણનું વર્ણન આવે છે. ત્યાં કલ્પારંભના પ્રથમ ચાર યુગનું વર્ણન સમજવું નહિ. એતો ત્યાર પછીના બીજા યુગોનો વિષય સમજવો. વેદ મંત્રોમાં જેવી રીતે બ્રહ્માના મુખ બાહુ, જાંગ અને પગમાંથી ચારે વર્ણની ઉત્પત્તિના વર્ણનમાં તેમના ગુણ, ધર્મ, ઉત્પત્તિ અને સ્વભાવ વગેરેની ઓળખાણ બુદ્ધિમાનોને થાય છે. તેવી રીતે સર્વથી ઉંચે મસ્તકથી તે પગ સુધી ક્રમે ક્રમે ચારે અંગની નિમ્નતા, એ ચારે વર્ણની જન્મ ભૂમિની નિમ્નતાનું તથા તેના ક્રમનું ઉત્તમ રીતે સુચન કરે છે. શરીરમાં મોઢું જેવી રીતે સઘળાં અંગોમાં ઉંચે છે તેમજ તે ઉત્તમ અંગ છે. તેવીજ રીતે બ્રહ્માના મુખથી ઉત્પન્ન થએલ એ સારસ્વત બ્રાહ્મણોનો જન્મ ભૂમિ પણ પૃથ્વીમાં સઘળા પ્રદેશો કરતાં ઉંચી અને ઉત્તમોત્તમ ભૂમિ હતી. બાહુ મૂળ, મુખ અને માથાથી નીચે છે. તેમ ક્ષત્રિયોની જન્મ ભૂમિ પણ બ્રાહ્મણોની જન્મ ભૂમિ કરતાં નીચેના ભાગમાં હતી. ગર્ભમાં પણ પહેલાં માથુ તથા મુખ, અને પાછળથી હાથ પગ વગેરે ઉત્પન્ન થાય છે. એવી રીતે પ્રત્યેક કલ્પારંભે બ્રાહ્મણોની પછીજ ક્ષત્રિય, વૈશ્ય વગેરેની સૃષ્ટિ થાય છે. સૃષ્ટિનો આવોજ ક્રમ સ્વાભાવિક છે

એ કાળે વર્ણાશ્રમ ધર્મની પ્રથમજ પૂર્ણ રીતે પ્રવૃત્તિ થઇ હતી. એટલે ધર્મ કર્મમાં ન્યૂનતા આવતાં મનુષ્યને વર્ણ અને જાતિથી એકદમ અલગ કરી કાઢી મૂકવામાં આવતો. એક જાતિથી બહાર કરી ફરીથી તેનામાં જે જાતિના યા વર્ણના ગુણ ધર્મ હોય તે જાતિમાં તેને રહેવું પડતું. શાસ્ત્રમાં:—

"काम भोग प्रियास्तीक्ष्णाः क्रोधनाः प्रिय साहसाः ।
त्यक्त स्वधर्म्मारक्ताङ्गास्ते द्विजा क्षत्रतांगताः ।
गोभ्योवृत्तिं समास्थाय पीताः कृष्युपजीविनः ।
स्वधर्म्मान्नानुतिष्ठन्ति ते द्विजा वैश्यतांगता ।
हिंसानृतप्रिया लुब्धाः सर्व कर्मोपजीविनः ।

कृष्णाः शौच परिभ्रष्टास्तेद्विजाः शूद्रतांगताः ।
इत्येतैः कर्म्मभिर्व्यस्ता द्विजावर्णान्तरंगताः ”

કામી, ભોગી, તીખા સ્વભાવના, અતિ સાહસી, રક્તવર્ણના તથા સ્વધર્મત્યાગી બ્રાહ્મણ એ ક્ષત્રિય; પશુ પાળક, ખેતીવડે ગુજારો ચલાવનાર, તથા પીળા વર્ણના બ્રાહ્મણ અને ક્ષત્રિય તે વૈશ્ય કહેવાય. અને હિંસા પરાયણ, જૂઠા, લોભી, વૈધ તથા અવૈધ કર્મ માત્ર વડે ધનનું ઉપાર્જન કરવાવાળા કાળા રંગના દ્વિજાતિ માત્ર શૂદ્રમાં ગણવામાં આવતા હતા. આ વ્યવસ્થા પ્રથમના દ્વાપરયુગનો પરિચય કરાવનારી અને પહેલાંના યુગોની વૈદિક પવિત્ર સમાજનું ચિત્ર દેખાડનારી છે. ધર્મબળ સાથે રાજ–શક્તિના મળવાથી કલ્પારંભના પ્રથમ દ્વાપર અને તેની પછીના યુગોમાં સમાજની એવી રીતે સુંદર અને સુદૃઢ વ્યવસ્થા હતી. પહેલાંના એ યુગોની સુવ્યવસ્થાનો પરિચય ઉપર કહેલાં વચનોથી થાય છે. વર્ણધર્મ તથા આશ્રમધર્મ પ્રથમાવસ્થામાંજ પોતાના યથાર્થજ રૂપમાં પૂરી મર્યાદા પર સ્થિત હતા. એ બેશક છે. દિલગીરીની વાત છે કે આ સામાજિક વિષયના પ્રબળ નિયમની કાર્યવાહીને હાલના અંગ્રેજી લખી વાંચી જાણનારાઓ વર્ણ ભેદની ઉત્પત્તિનું મૂળ કારણ સમજે છે. પણ મૂળ ચારે વર્ણની ઉત્પત્તિ તથા સ્થિતિને ઠીક ઠીક સમજવાથી તેમનો આ ભ્રમ દૂર થશે. વિલાયતી શિક્ષા ગુરુઓના અન્ય વિશ્વાસી ચેલાઓ જ્યારે તેમના ગુરુઓની માફક ગોરા અને કાળા એમ બે વર્ણવાળાઓને અનુક્રમે આર્ય તથા અનાર્ય માને છે. ત્યારે મનુષ્યોથી આરંભી ખનિજ, ઉદ્‌ભિજ વગેરે સઘળા પાર્થિવ પદાર્થોમાં આ ચાર મૂળ રંગને પ્રત્યક્ષ ભાળી કેમ માનતા નથી ? આગ્રહ તથા હઠ સિવાય એ બાબતનું યુક્તિ પુરઃસર કારણ તો કંઇ જોવામાં આવતું નથી.

પ્રથમ ત્રેતાયુગની શરૂઆતમાં યજ્ઞના અનુષ્ઠાનની પ્રક્રિયા અગ્નિહોત્રી શ્રોત્રિય બ્રાહ્મણોએ ચલાવી હતી. શ્રૌત તથા સ્માર્ત, અગ્નિના ભેદ વડે એએમનામાં બે મુખ્ય ભેદ તો પહેલાંથીજ ઉત્પન્ન થયા હતા. વળી હોતા, અધ્વર્યુ, બ્રહ્મા તથા ઉદ્ગાતા એ ચાર ઋત્વિજ તો હવનમાં પ્રથમથીજ હોય છે. આ પ્રત્યેક ઋત્વિજ સાથે સહાયકારી કર્મચારી ત્રણ ત્રણ આ રીતે થયા. જેમકે મૈત્રાવરુણ, અચ્છાવાક્, ગ્રાવસ્તુત (હોતાની સાથે), પ્રતિપ્રસ્થાતા, નેષ્ટા, ઉન્નેતા (અધ્વર્યુની સાથે) બ્રાહ્મણાચ્છંસી, અગ્નીધ્ર, પોતા (બ્રહ્માસાથે) પ્રસ્તોતા, પ્રતિહર્ત્તા, અને સુબ્રહ્મણ્ય (ઉદ્ગાતાની સાથે સઘળા મળી એ સોળ અને સત્તરમો ગૃહપતિ. એ સઘળા પોતાના કાર્ય-

માં કુશળ, સાંગ વેદાધ્યાયી, સાગ્નિક બ્રાહ્મણોની તો એક માત્ર સોમયજ્ઞ કરવામાં જરૂર પડતી. અન્ય યજ્ઞોમાં અધિકાર ભેદે ક્રમશઃ વળી વિશેષની જરૂર ઉભી થઇ.

"त्वमध्वर्यु रुत होतासि पूर्व्यः प्रशास्ता पोता जनुषा पुरोहितः ।"

ऋ. १–९४–६.

આ મંત્ર વડે પણ પુરોહિતની પદવી એમનાથી સ્વતંત્ર જણાય છે. મંત્ર, સંહિતા તથા શાખાઓના અગણિત ભેદ સાથે સ્વાધ્યાયી કર્મઠ બ્રાહ્મણોની યોગ્યતા અનુસાર યજ્ઞકર્મમાં અધિકાર ભેદની આ વ્યવસ્થા પ્રથમ ત્રેતાયુગના પારમ્ભથીજ ચાલવા લાગી. અને તેજ ક્રમશઃ કુલ પરમ્પરાની વૃત્તિ તરીકે સ્થિર થઈ ગઈ. અને કાળાન્તરે તેથી પણ જાતિ ભેદ ઉત્પન્ન થયો. આ પુરોહિતોના કુળનો ક્રમે ક્રમે એટલો બધો અધિકાર વધ્યો કે રાજાઓ એમના વગર યજ્ઞ કર્મ આદિ બીજા કોઇ પાસે કરાવી શકે નહિ. શાસ્ત્રકર્ત્તા દૂરદર્શી ઋષિઓએ એ કારણસર બ્રાહ્મણપણાનું લક્ષણ પણ વૈદિક શ્રૌત સ્માર્ત કર્મોને અનુસાર વિધિબદ્ધ કરેલ. જેમકેઃ—

"जात्या कुलेन वृत्तेन स्वाध्यायेन श्रुतेन च ।
एभिर्युक्तोहि यस्तिष्ठन्नित्यं सद्विज उच्यते ।"

યથોક્ત સુસંસ્કારી બ્રાહ્મણ માબાપ, અને વેદોક્ત ઉપનયન સંસ્કારવડે જાતિ પ્રશંસિત શ્રોત્રિય કુલ, શાસ્ત્રવિહિત શુદ્ધ ઉપજીવિકા, શિષ્ટાચાર, દર રોજ વેદનું અધ્યયન, શાસ્ત્રનું બહુ જ્ઞાન, જેમાં આટલાં લક્ષણો હોય, તે યથાર્થ દ્વિજન્મા બ્રાહ્મણ છે. આ લક્ષણ યુક્ત બનાવવામાં ઉદ્દેશ એજ હતો કે ભવિષ્યમાં બ્રાહ્મણો મૂર્ખ, અનાચારી તથા નીચ કુળના ન થઈ જાય. કારણ કે જે પરિણામ વડે આ ગુણ બ્રાહ્મણોમાં ઓછા થશે, તે પ્રમાણમાં તે અવશ્ય નીચી શ્રેણીનો ગણાશે. યથાર્થ રીતે તો બ્રાહ્મણોમાં જાતિ ભેદ એ રીતે ગુણ તથા યોગ્યતાના તારતમ્ય વડે સર્વથી પ્રથમ ઉત્પન્ન થયો. એ પ્રકારે આદિ ત્રેતા તથા દ્વાપર યુગમાં ગોત્ર, જાતિ, કુલ, વૃત્તિ, ચરણ શાખા સહિત વેદપાઠ શ્રોત્રિયત્વ, શિષ્ટાચાર, પાંડિત્ય, કર્મઠતા, વિવાહ વગેરે ભેદ વડે બ્રાહ્મણમાં બહુ પ્રકારે જાતિના ભેદ ઉત્પન્ન થયા.

અહિં રાજ્યશાસનની મર્યાદાના પ્રતાપે પ્રથમ દ્વાપરયુગમાં સુમેરૂની દક્ષિણના ભૂપ્રદેશમાં ઉત્પન્ન થએલ પીળા વર્ણના વૈશ્યોએ પણ ભારતના સારસ્વત પ્રદેશમાં આવી સૌથી પહેલાં ખેતી તથા વ્યાપાર વડે દેશની ધન

સમ્પત્તિને વધારવાનો પ્રારમ્ભ કર્યો. સંભવિત છે કે એમના સૌથી પહેલાં ખેતી કરવાના કારણસર પંજાબમાં " સૈરીન્ધ્ર " (સરહિન્દ) નામે પ્રાન્તની સૃષ્ટિ થઇ હતી. કારણ " સીર " હળને કહે છે.

'सीरं हलन्धरतीति सीरन्ध्रः कृषकः तस्यायं सैरिन्ध्रः ।

સીરધારી હળધરોથી ખેડાએલ પ્રદેશ સૈરીન્ધ્ર નામથી પ્રસિદ્ધ થયો. આજ પર્યંત એ પ્રદેશમાં ભૂમિ વિશેષ રસાળ છે અને ખેડાયલ છે. અન્ન પણ સર્વોત્તમ પેદા થાય છે. એ વાત ન સમજતાં બાદશાહોએ કેવળ ઉંચો પ્રદેશ ધારી સરહિન્દ નામ ધાર્યું. પૃથ્વીનો અધિક ભાગ સમુદ્રથી બહાર આવી મનુષ્યોને વસવા લાયક એ કાળે થઈ ચૂક્યો હતો. ક્રમે ક્રમે ગામ, નગર વગેરેથી ભૂ ભાગ વસવાટ વાળો થઈ ગયો હતો. પ્રતાપી રાજાઓને પણ હવે પોતાનો અધિકાર તથા રાજ્ય વધારવાનું સૂઝી આવ્યું. કુલ પુરોહિતતથા મંત્રી તો એમના પહેલેથીજ સારસ્વતો થઈ ચૂક્યા હતા. હવે પુરોહિતના આશ્રય વડે વિજયી થઈ રાજાઓએ જ્યાં જ્યાં પોતાની રાજધાની કરી ત્યાં ત્યાં તેમના પુરોહિત તથા મંત્રી વર્ગના બ્રાહ્મણોને પણ રાજાની રાજધાનીમાં જઇ વસવું પડયું. એક દેશમાંથી બીજા દેશમાં વસવાનું સારસ્વતોને માટે આજ મુખ્ય કારણ હતું. ઉત્તમોત્તમ બહુ જ્ઞાની, બુદ્ધિશાળી, કુલિન, શ્રોત્રિય સારસ્વતોને રાજપુરોહિત બનાવવામાં આવ્યા. કારણ પુરોહિતપણું તથા મન્ત્રીપણું એ બન્ને કામ કુલ પુરોહિતનાં મુખ્યત્વે કરીને હતાં. એવા પૂર્ણ ભરોસાવાળા કામ ઉપર સૌથી લાયક મનુષ્યને નીમવો એ સ્વાભાવિક હતું. એથી સૌથી પહેલાં પૃથુ રાજાએ અને તેમના પછી ચંદ્રવંશી તથા સૂર્યવંશી અનેક રાજાઓએ પરમર્ષિ શ્રેષ્ઠ ભૃગુજી તથા તેમના વંશજોને પોતાના પુરોહિત માન્યા. સૂર્યવંશી ઇક્ષ્વાકુ રાજાઓના કુલ પુરોહિત વસિષ્ઠજી થયા. એવીજ રીતે ભરદ્વાજ, ગૌતમ, આત્રેય, કશ્યપ આદિ મુખ્ય ઋષિઓ રાજપુરોહિતના હોદ્દાપર ત્રેતાયુગની આદિમાં નિયુક્ત થયા. જે રાજાએ જેને પોતાના પુરોહિત તરીકે માન્યા. ભવિષ્યમાં તેજ ઋષિના ઉત્તરાધીશ વંશજોની તેજ કૌલિક પુરોહિત વૃત્તિ સ્થિર થઇ ગઇ. યજમાન પુરોહિત બન્ને આ નિયમનું પાલન કરવામાં બંધાયા હતા. એમાં કાંઇપણ ફેરફાર કરવાની કોઇની મગદુર નહોતી. જ્યાં આ નિયમનો ભંગ થયો છે ત્યાં ઉપદ્રવ પણ ભારે થયો છે. ઇક્ષ્વાકુ કુલ પુરોહિત વસિષ્ઠજી અને રાજા નિમિષ વચ્ચે આથી જન્માંતરનો કલહ ઉભો થયો. નિમિ રાજાના પ્રાર્થના ઉપરથી તેમના કુલપુરોહિત વસિષ્ઠજીએ એવું કહ્યું કે પહેલાં

ઇન્દ્રને યજ્ઞ કરાવી પછી તમને યજ્ઞ કરાવી દેશું. તેથી નિમિ રાજાએ કહ્યું કે ધર્મ કાર્યમાં ઢીલ કરવી નીતિ વિરુદ્ધ છે. કારણ જીવનનો ભરોસો નથી. વળી મોત કોઇને સારૂ વખતની ઢીલ કરતું નથી. અથવા રાહ જોતું નથી. યજ્ઞની સઘળી સામગ્રી એકત્ર કરવામાં આવી છે. છતાં આપ યજ્ઞ નહિ કરાવો તો બીજા પાસેથી યજ્ઞ કરાવવો પડશે. વસિષ્ઠજી ન આવતાં રાજાએ ગૌતમ ઋષિ પાસેથી યજ્ઞ કરાવ્યો હતો. આથી વસિષ્ઠજી એ નિમિને અને નિમિએ વસિષ્ઠજીને શ્રાપ આપ્યો હતો. સઘળાં પુરાણોમાં એનું વિસ્તાર પૂર્વક વર્ણન છે. વસિષ્ઠજીના શાપથી નિમિનો દેહ ત્યાગ થયો. અને નિમિના શાપથી વસિષ્ઠજીને મૈત્રાવરુણના વીર્યથી બીજો જન્મ લેવો પડયો. ઋગ્વેદમાં પણ આ અતિ પ્રાચીન ઇતિહાસ વર્ણવેલો છે. વિષ્ણુ પુરાણમાં પણ લખ્યું છે કેઃ—

"तच्छापाच्च मित्रावरुण योस्तेजसि वसिष्ठ तेजः प्रविष्टम् ।
उर्वशी दर्शनात् उद्भूत वीर्य्य प्रपातयोः
सकाशात् वशिष्टो देहमपरंक्रमे ।"

तथाः—

"उतासि मैत्रावरुणो वशिष्ठोर्वश्यां ब्रह्मन् मनसाऽधिजातः ।
द्रप्सं स्कन्नं ब्रह्मणा दैव्येन विश्वेदेवाः पुष्करे त्वाददन्त ॥११॥
सत्रेह जाता त्रिपिता न मोभिः कुम्भेरेतः सिसिचतुः समानम् ।
ततोहमान उदियाय मध्यात् ततो जातमृषिमाहुर्वशिष्टम् ॥१३॥"

ऋग्वेद मं. ७—३३.

એની વ્યાખ્યા નિરુક્તમાં પણ છે. તાત્પર્ય કે નિમિ અને વસિષ્ઠજીના સમયથી કુલ પુરોહિતોનું સ્વત્વ એવું તો દૃઢ થઈ ગયું હતું કે તેમાં ફેરફાર ન કરવા દેવાના કારણસર વસિષ્ઠ જેવા ઋષિને શરીર ત્યજી દેવું પડયું હતું. એથી કરી જેમ બને તેમ કોઇથી પુરોહિત બદલી શકાતો નહિ. વળી બ્રાહ્મણોના આ કૌલિક પરંપરાગત સુદૃઢ સ્વત્વાધિકારનું ઉચ્છેદન કરવાની કોઇથી વાસના કરાઈ શકાતી નહિ. એ પ્રકારે જ્યારે બ્રાહ્મણોનું કુલપુરોહિતપણાનું સ્વત્વ સુદૃઢ થયું અને ધાર્મિક રાજાઓ પુરોહિતોની આજ્ઞાવડે હંમેશાં યજ્ઞાનુષ્ઠાનમાં પુષ્કળ દાન, દક્ષિણા, માન અને સત્કાર પૂર્વક સારસ્વત કુલાગ્રગણ્ય બ્રાહ્મણોને આપવા લાગ્યા. ત્યારે બેશક થોડા રોજમાં

સઘળા રાજપુરોહિત કુલ સર્વથા સમ્પન્ન અને ધનવાન થયા. આ બાજૂએ ક્ષત્રિયો પણ કાળાન્તરે રાજમદ અને અધિકાર બલની મગરૂબી વડે ક્રમશઃ મદાન્ધ બનવા લાગ્યા. વિશેષે કરી ભાવિ સૌથી બળવાન છે. એટલે યજમાન પુરોહિતો વચ્ચે વિરોધનો અગ્નિ સળગવાનો વખત જોત જોતામાં ત્રણ દિવસો બાદ આવી લાગ્યો.

'मिथोभेदाद ब्राह्मण क्षत्रियाणां प्रजादुःखं दुःसहञ्चाविशान्ति ।' म.भा.

બ્રાહ્મણ ક્ષત્રિયોમાં હવે પુરોહિત યજમાનો વચ્ચે પરસ્પરના વિરોધ વડે ભારતવર્ષમાં ઘણોજ કષ્ટનો સમય આવી લાગ્યો.

વિચારતાં જણાય છે કે ચન્દ્રવંશી રાજાઓનો રાજપ્રતાપ સૌથી પહેલાં વિશેષ રૂપ પર હતો, એમ માનવુંજ પડે છે. ઇલા અને ઇલાવૃત્ત વર્ષની વાત છોડી દેતાં પણ, સૌથી પહેલા રાજા પૃથુ પણ ચંદ્રવંશી હતા, એમ જણાય છે. જેના રાજ્ય-શાસનનો પ્રતાપ આજ લગણ દુનિયાના પૃથ્વી નામ ઉપરથી જણાઈ આવે છે. રાજ્ય—મદ પણ ઘણો કઠિન છે. એક વખત રાજા પુરૂરવા પણ મદમત્ત થઈ બ્રાહ્મણોની છેડતી કરવા લાગ્યા તથા તેમને સતાવવા લાગ્યા હતા, ઉપરાન્ત લૂટવા તથા મારવા લાગ્યા હતા. એ ચંદ્રવંશી રાજાઓના આદિ પુરૂષ હતા. ભૃગુકુળના બ્રાહ્મણો એમના પુરોહિત હતા. પંજાબની રાવી નદીના કિનારાપર મદ્ર દેશમાં એમનું રાજ્ય હતું. મહાભારત આદિ પર્વમાં લખ્યું છે કેઃ—

" विप्रैः सह विग्रहं चक्रे वीर्य्योन्मत्तः पुरूरवाः ।
जहारच स विप्राणां रत्नान्युत्क्रोशतामपि ।
ततो महर्षिभिः क्रुद्धैः सद्यः शप्तोव्यनश्यत ।"

છેલ્લે બ્રાહ્મણોના શાપથી એઓ નાશ પણ પામ્યા. એમની પછી એમનાથી ચઢીઆતા જૂલમી એમના પૌત્ર રાજા નહુષ થયા. ઉક્ત ચંદ્રવંશી ય પુરૂરવા રાજાના પૌત્ર પ્રતાપી મહારાજ નહુષે પોતાના બાહુબળ વડે ઇંદ્રના સિંહાસનનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો. એથી મદમસ્ત થઇ તેણે સૌ કરતાં વિશેષ રીતે બ્રાહ્મણોપર જૂલમ ગુજાર્યો. એટલે સૂધી તે પશુઓની માફક બિચારા હજારો નિર્દોષ બ્રાહ્મણોને અને તપસ્વીઓને પોતાના રથમાં જોડ્યા. અને પોતાની પાલખી તેમના પાસેથી ઉપડાવી.

જેવી રીતે ચંદ્રવંશી રાજા, રાજ્યાધિકાર ધન સમ્પત્તિ આદિથી વિ-

શેષ સમ્પન્ન થયા હતા. તેવીજ રીતે સારસ્વત સપ્તર્ષિઓમાં ભૃગુવંશી પણ સૌથી પહેલાં દૈત્ય કુળ તરફથી ધનસમ્પત્તિ મેળવી ઋષિઓમાં સૌથી વિશેષ સમ્પન્ન અને પ્રભાવશાળી થયા હતા. ભૃગુઋષિ સમાન તપોબળ, પ્રભાવ, બુદ્ધિબળ, સંજીવિની જેવી અપૂર્વ વિદ્યા અને ધન સમ્પન્ન કુળ ઋષિઓમાં બીજું નહોતું. એથી જ્યારે બ્રહ્માએ આપેલું વરદાન " જે સામે થશે તેનું તેજ નહુષમાં આવશે. " પ્રમાણે અજેય બનેલ નહુષ રાજાએ બ્રાહ્મણોપર અતિશય જૂલમ ગુજાર્યો. તે કાળે ભૃગુઋષિની તિવ્ર બુદ્ધિવડેજ નહુષને સર્પત્વની પ્રાપ્તિ થઇ. યાદ રાખવું જોઇએ કે પુરૂરવાના પૌત્ર મહારાજા નહુષ પણ સુપ્રસિદ્ધ ભૃગુકુળના યજમાન હતા. લખ્યું છે કે:—

"अथागस्त्य मृषि श्रेष्ठं वाहनामाजुहावह ।
द्रुतं सरस्वती कुलात् स्मयन्निव महाबल: ।
ततो भृगुर्महातेजा मैत्रावरुणिम ब्रवीत् ।
निमीलय स्वनयने जटां यावद् विशामिते ।
तन्तुराजा प्रतोदेन नोदयामास भारत ।
नचुकोप सधर्म्मात्मा तत: पादेन देवराट् ।
अगस्त्यस्य तदा क्रुद्धोवामे नाभ्यहनच्छिर: ।
तस्मिञ्छिरस्यभिहते स जटान्तर्गतो भृगु: ।
श शाप बलवत् क्रुद्धो नहुष पाप चेतसम् ।
यस्मात्पादाऽहन: क्रोधाच्छिर सीमं महामुनिम् ।
तस्मादाशु महीङ्गच्छ सर्पो भूत्वा सुदुर्म्मते ।
इत्युक्त: स ततस्तेन सर्पो भूत्वा पपातह ।" म. भा.अनु.

મહાભારતના અનુશાસન પર્વમાં એવી કથા છે કે સારસ્વત ઋષિ શ્રેષ્ઠ અગસ્ત્યજીને સરસ્વતીને કિનારેથી બોલાવી મશ્કરી તથા હાસ્ય કરી સ્વારીમાં જોડ્યા. ત્રિકાલજ્ઞ ભૃગુ ઋષિ પહેલાંથીજ તેની રક્ષા કરવા અને નહુષને શિક્ષા કરવા સારૂ અગસ્ત્યઋષિને સમજાવીયોગબળવડે સૂક્ષ્મ શરીર ધારણ કરી તેની જટામાં છૂપાઈ રહ્યા. જ્યારે કોરડા તથા ચાબુકથી મારી નહુષ રાજાએ અગસ્ત્યજીને ચલાવ્યા ત્યારે જાણી બૂઝી તેમણે ક્રોધ ન કર્યો. એથી નહુષે વિશેષ કોપ કરી જેવી બળવડે અસ્ત્યઋષિના માથામાં લાત

મારી તેવાજ ભૃગુઋષિએ કુપિત થઇ રાજા નહુષને શાપ આપ્યો જેથી તે સર્પ થઇ પૃથ્વી પર પડયો. તપોબળ, બુદ્ધિબળ અને ઋષિઓના બ્રહ્મતેજથી રાજા નહુષની આવી ગતિ થઇ. તે જોઇ ક્ષત્રિય રાજકુળની બુદ્ધિ કંઇક ઠેકાણે તો આવી ગઇ. સબબ નહુષ પછી સારસ્વત બ્રાહ્મણોપર ઘણા વખત સુધી કોઇએ એવો જુલમ ગુજાર્યો નહિ. પણ આ ક્ષત્રિય રાજવંશના અન્તઃકરણમાં ત્યારથી પોતાના કુલ પુરોહિતો સાથે ગુપ્ત વેરનું બીજ રોપાયું. કારણ બ્રાહ્મણો જેવું સરલ હૃદય ક્ષત્રિયોનું હોતું નથી. રજોગુણની પ્રધાનતા સાથે તમો ગુણના મિશ્રણથી વખત મળતાં ઘણા રોજ બાદ પણ બદલો લેવો અને હૃદયમાં ગુપ્ત ભાવે પોષેલા ક્રોધાગ્નિને સમયે જવલિત કરી કાર્યમાં યુક્ત કરવો એ ક્ષત્રિયોનો સ્વભાવ સિદ્ધ ધર્મજ છે. એથી ચંદ્રવંશી રાજા ગુપ્ત ભાવે હૃદયમાં દ્વેષનું પોષણ કરતા અવસરની રાહ જોતા. કાળાન્તરે જ્યારે ચંદ્રવંશની વિશેષ વૃદ્ધિ થઇ અને તેની હૈહય તથા તાલજંઘ નામની બન્ને શાખા વિશેષ પરાક્રમી રાજાઓથી અત્યન્ત બળવાન થઇ. ત્યારે રાજા કૃતવીર્યના હૈહયવંશી રાજાઓએ આપસમાં મેળ કરી કુલ પુરોહિત ભૃગુઋષિની વિશેષ ધન સમ્પન્ન સંતતિ સાથે પોતાના લાંબા કાળના દ્વેષનો બદલો લેવાનો લાગ હાથમાં આવેલો જોઇ કહ્યું કે " બ્રાહ્મણોને ધનનું શું કામ છે ? અમે રાજા છીએ એટલે પૃથ્વીનું સઘળું ધન અમારૂં છે. તેથી તમારા ઘરમાં દીર્ઘ કાળનું સંચય કરેલું બહુ ધન છે. તે અમારા પૂર્વજોનું આપેલું છે. તે તમે અમને આપી દો. અમને તેની જરૂર છે. બ્રાહ્મણોનું કહેવું એવું હતું કે એ અમારૂં તથા અમારા પૂર્વજોનું ન્યાય પૂર્વક મેળવેલું ધન છે. તે બળથી ઝુંટવી લેવું એ રાજાનો ધર્મ નથી. અમારી ઇચ્છા પ્રમાણે એ ધન અમારી પાસે રાખીએ અથવા દાન કરી દઇએ તેમાં રાજાનો બળ પ્રયોગ ધર્મ વિરુદ્ધ છે. પરન્તુ હૈહયવંશી રાજા તથા રાજપુત્રોએ બ્રાહ્મણોની એકે વાત સાંભળી નહિ. ત્યારે ભયના માર્યા ભૃગુવંશી સારસ્વતોએ પોતાનાં ઘરોમાં જમીનમાં ધન દાટી દીધું. કેટલાકે પુણ્યદાનમાં આપી દીધું. પણ કેટલાક બ્રાહ્મણોએ અન્ય ઉપાય માલૂમ ન પડવાથી રાજાઓનેજ આપી દીધું. તોપણ આ દુષ્ટ રાજાઓએ બ્રાહ્મણોના ઘરમાંથી બળ પૂર્વક ખોદી ખોદી બધું ધન કાઢી લીધું. અને બ્રાહ્મણો શરણ થયા છતાં બાળ બચ્ચાં સાથે રાક્ષસોની માફક પૂરી નિર્દયતા વડે તેમને મારવા તથા કાપવાનું શરૂ કીધું. એટલે સુધી પોતાના કુલ-પુરોહિતોના બીજનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો ને બિચારી ગર્ભવંતી સ્ત્રીઓનાં ગર્ભસ્થ બાળકોની હત્યા કરવાને પણ આ પાપીઓ ખંચાયા નહિ. પોતાના

કુલ પૂજ્ય પુરોહિત ભૃગુવંશના બ્રાહ્મણમાત્રનો આ યજમાન રાજાઓએ વધ કર્યો. એકેને જીવતો રહેવા ન દીધો, ત્યારે સર્વ રીતે નિરાશ્રિત અનાથ વિધવા બ્રાહ્મણીઓ બિચારી નાશ ભાગ કરી હિમાલયની ખોમાં, તથા જંગલોમાં આશ્રય લેવા લાગી. તેમાં કેવળ એકજ ગર્ભિણી સ્ત્રી કોઇક પ્રકારે નાશી છૂટવા પામી હતી. આ તપસ્વી સ્ત્રીએ વંશ–રક્ષક પુત્રનું મુખ જોવાને માટે આશા પૂર્વક પોતાના ગર્ભને છાનો રાખેલ. પરન્તુ કોઇ ભયભીત દુષ્ટાએ જઇ હૈહયવંશી રાજપુત્રોને છાની રીતે આ ગર્ભિણી સ્ત્રીના સમાચાર આપ્યા. સાંભળતાંજ સઘળા હૈહય અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઇ હિમાલયની આકંદરા સુધી તરત પહોંચી ગયા. ત્યાં આ અબળા સ્ત્રીને મારી નાંખવાની ઇચ્છાવડે પિશાચની માફક શસ્ત્ર પ્રહાર કરવાની ચેષ્ટા કરે છે, એટલામાં ગર્ભસ્થ અપૂર્વ તેજસ્વી બાળક ઇશ્વર ઇચ્છાએ માતાની જાંગને વિદીર્ણ કરી રાજાઓની સામે પ્રલય કાળના સૂર્ય સમાન તેજઃપુંજ ઉદયમાન થયો. સદર્હુ બાળકના અસહ્ય તેજવડે એજ સમયે સઘળા હૈહયવંશી અન્ધ બની ગયા. અને પહાડના પત્થર સાથે પડવા તથા અથડાવા લાગ્યા. અને જંગલોમાં અથડાતા કુટાતા બુરી દશાને પામ્યા. અન્તે હાર પામી આ આંધળાઓએ એ અદ્વિતીય તેજસ્વી ઋષિપુત્રની માતાને અરજ કરી કરી કે અમારી દુષ્ટતા પરથી ધ્યાન ખસેડી, મેહેરબાની કરી, જોકે અમે નીચ તથા નાલાયક છીએ છતાં પણ તમારા યજમાન છીએ. કૃપા કરી અમને અમારી આંખો પાછી આપો. અને અમો મુવેલાને ફરી જીવતા કરો. તે પરથી એ તેજસ્વી બાળકની માતાએ કહ્યું “ મેં તમારી આંખો ફોડી નથી, અને મારો તમારા પર ક્રોધ પણ નથી. પરન્તુ હું તમને આંખો આપી શકતી નથી. તમે મ્હારા એ અપૂર્વ તેજસ્વી ભૃગુકુળ રક્ષક માત્ર એકજ પ્રિયપુત્રને પ્રાર્થના કરશો તો તે દયાસિન્ધુ છે. તમને આંધળામાંથી તે દેખતા કરશે. જલદી તેને શરણે જાઓ. જ્યારે તમે ભૃગુકુળનો નાશ કીધો. ગર્ભસ્થ બાળકોને પણ છોડયાં નહિ. તે સમયે તપોબળવડે સો વર્ષ સુધી એ ગર્ભને ઉરૂ અર્થાત જાંઘમાં છૂપાવી રાખ્યો. એ એવો તો પ્રતાપશાળી તથા તેજસ્વી થયો કે ગર્ભમાંજ એને સાંગવેદ મૂર્તિમાન પ્રાપ્ત થયા આ મારો પુત્ર ઉરૂમાંથી ઉત્પન્ન થયો, તેથી એનું નામ ઔર્વ છે. તે તમને ફરીથી તમારી આંખો આપશે. ” જ્યારે મહાત્મા ઔર્વ પાસે આંધળા હૈહયવંશી યજમાન રાજાઓએ આવી પ્રાર્થના કરી ત્યારે ઉદાર હૃદયવાળા ઔર્વની કૃપાથી તે સઘળા દેખતા થયા. મહાભારતમાં પણ આ બાબતનું સુન્દર વર્ણન આ પ્રમાણે કરેલું છેઃ—

" कृतवीर्यइति ख्यातो बभूव पृथिवीपतिः ।
याज्यो वेदाविदां लोके भृगूणां पार्थिवर्षभः ।
सतानग्र भुजस्तात । धान्येन च धनेन च ।
सोमान्ते तर्पयामास विपुलेन विशाम्पते ।
तस्मिन्नृपतिशार्दूले स्वर्यातेऽथ कथञ्चन ।
बभूवतत कुलेयानां द्रव्यकार्यमुपास्थितम् ।
भृगूणान्तु धनं ज्ञात्वा राजानः सर्व्वे एवते ।
याचिष्णवोऽभिजग्मु स्तांस्ततो भार्गव सत्तमान् ।
भूमौतु निदधुः केचित् भृगवो धनमक्षयम् ।
ददुःकेचिद् द्विजातिभ्यो ज्ञात्वा क्षत्रियतो भयम् ।
भृगवस्तु ददुः केचित्तेषां वित्तं यथेप्सितम् ।
क्षत्रियाणां तदा तात ! कारणान्तर दर्शनात् ।
ततो महीतल तात ! क्षत्रियेण यदृच्छया ।
खनताधि गतं वित्तं केनचिद् भृगुवेश्मनि ।
तद्वित्तंददृशुः सर्वे समेताः क्षत्रियर्षभाः ।
अवमन्यततः क्रोधाद् भृगूस्ताञ्छरणागतान् ।
निजघ्नुः परमेष्वासाः सर्वांस्तान्निशितैः शरैः ।
आगर्भादवकृन्तन्तश्चेरुः सर्वां वसुन्धराम् ।
ततउच्छिद्य मानेषु भृगुष्वेवं भयात्तदा ।
भृगुपत्न्यो गिरिं दुर्गं हिमवन्तं प्रपेदिरे ।
तासामन्य तमागर्भं भयाद्दध्रे महौजसम् ।
ऊरुणैकेन वा मोरूभर्त्तुः कुलस्यवृद्धये ।
तद्गर्भमुपलभ्याशु ब्राह्मण्यास्तु भयार्दिता ।
गत्वैका कथयामास क्षत्रियाणा सुपह्वरे ।
ततस्ते क्षत्रिया जग्मुस्तं गर्भं हन्तुमुद्यताः

ददृशु ब्राह्मणीं तेऽथदीप्यमानां स्वतेजसा ।
अथ गर्भः सभित्त्वोरुं ब्राह्मण्यां निर्जगामह ।
मुष्णन् दृष्टीः क्षत्रियाणां मध्याह्न इव भास्करः ।
ततश्चक्षुर्विहीना स्ते गिरि दुर्गेषु बभ्रमुः ।
ततस्ते मोहमापन्ना राजानो नष्ट दृष्टयः ।
ब्राह्मणीं शरणं जग्मुर्दृष्टयर्थं तामनिन्दिताम् ।
ऊचुश्चैनां महाभागां क्षत्रियास्ते विचेतसः ।
ज्योतिः प्रहीणा दुखार्त्ताः शान्तार्चिष इवाग्नयः ।
भगवत्याः प्रसादेन गच्छेत् क्षत्रं स चक्षुषम् ।
उपरम्य च गच्छेम सहिताः पापकर्मणः ।
सपुत्रात्वं प्रसादं (प्रसादं) नः कर्त्तुमर्हसि शोभेन !!
पुनर्दृष्टि प्रदानेन राज्ञः सन्त्रातु मर्हसि ।
ब्राह्मण्यु वाच । नाहं गृह्णामि वस्ताता ।
दृष्टीर्नास्मि रुषान्विता ।
अयन्तु भार्गवोनूनमूरूजः कुपितोऽद्यवः ।
तेन चक्षूंषि वस्ताता ! व्यक्तं कोपान्महात्मना ।
स्मरता निहतान् बन्धूना दत्तानि न संशयः ।
गर्भानपि यदानूनं भृगूणांघ्नत पुत्रकाः ।
तदाय मूरुणा गर्भोमया वर्षशतं धृतः ।
षडङ्गश्चाखिलो वेद इमं गर्भस्थ मेवह ।
विवेश भृगुवंशस्य भूयः प्रियचिकीर्षया ।
सोऽयं पितृवधाद्व्यक्तं क्रोधान्वो हन्तुमिच्छति ।
तेजसा तस्य दिव्येन चक्षूंषि मुषितानिवः ।
याचध्व मौर्वं तमिमं ताता मम सुतोत्तमम् ।
अयंवः प्रणिपातेन तुष्टो दृष्टीः प्रमोक्ष्यति ।

वशिष्ठ उवाच । एवमुक्तास्ततः सर्वे राजानस्ते तमूरुजम् ।
ऊचुः प्रसीदेति तदा प्रसादञ्च चकार सः ।
अने नैव च विख्यातो नाम्ना लोकेषुसत्तमः ।
स और्व इति विप्रार्सिऊरुं भित्त्वा व्यजायत ।
चक्षूंषि प्रतिलब्ध्वा च प्रतिजग्मुस्त तो नृपाः ।" મા૦આ૦

ભૃગુકુલદીપક અદ્વિતીય તેજસ્વી ઔર્વ ઋષિએ જેવી રીતે હૈહયવંશી બ્રહ્મદ્રોહી પુરોહિત કુલ નાશક એ નીચ ક્ષત્રિયોને પણ ફરીથી બ્રાહ્મણ સ્વભાવ સિદ્ધ દયા પરવશ થઈ નેત્ર બક્ષ્યાં. આથી ક્ષત્રિયોને લાજમ હતું કે વિરોધ છોડી પોતાના કુળ પુરોહિતને તાબે થવું જોઇતું હતું. પરન્તુ ભાવિ બહુ પ્રબળ છે. કોઇની ટાળી ટળતી નથી. મતલબ ફરીથી પણ દુષ્ટ તાલજંઘ અને હૈહયવંશીઓએ વિરોધ છોડયો નહિ.

ત્યારબાદ જ્યારે સગર રાજાની મા સતી થવાને ચાલી, અને ચિતા પર ચઢવાને તૈયાર થઈ તે વખત ત્રિકાલજ્ઞાની ઔર્વ ઋષિએ તપોબળવડે તેના ગર્ભમાંના બાળકને ભવિષ્યનો વિચાર કરી બચાવવા ખાતર રાણીને સતી થતાં અટકાવી અને પોતાના આશ્રમમાં તેને આસરો આપી મંત્રબળવડે ગર્ભસ્થ બાળકના શરીરમાંથી ઝેરની અસર દૂર કરી. જે વખત સગર ગર્ભ રહ્યો તે વખત સગરની ઓરમાન માતાઓએ દ્વેષથી સગરની માતાને ઝેર દીધું. અને ઝેરનું સ્તમ્ભન કીધું. પરન્તુ તે વખત એ બાબત કોઇના ધ્યાનમાંજ ન રહી. આ તરફ પ્રબળ પ્રતાપી તથા ઉન્મત્ત ચંદ્રવશી હૈહય અને તાલજંઘવંશી મદોન્મત રાજાઓએ જેવી રીતે ગુરુકુળનો નાશ કીધો તેવીજ રીતે સૂર્યવંશી રાજાઓ ઉપર ચઢાઈ કરી તેમનું રાજ્ય છીનવી લેવાની શરૂઆત કરી. એ ઝગડામાં સગરના બાપનું મૃત્યુ થતાં તથા રાજ્ય ઝૂંટાઈ જતાં નિરાશ્રિત તથા શોકથી સંતપ્ત થઇ રાણી સતી થવા ચાલી. નશીબ યોગે ત્રિકાલજ્ઞ મહાત્મા ઔર્વે એના ગર્ભસ્થ બાળકનું રક્ષણ કીધું. એ ગર અર્થાત વિષ સાથે (ઔર્વના આશ્રમમાં) જન્મ થયો એ કારણસર એ બાળકનું નામ સગર પાડયું. સગરના પિતા પ્રસિદ્ધ વસિષ્ઠ કુળના યજમાન હતા. પરન્તુ એ સમયે સગરના જાત કર્માદિ સઘળા સંસ્કાર ઔર્વઋષિયે કર્યા. અને ધનુર્વિદ્યાનો ઉપદેશ કીધો. યથા સમયે સગરને શાસ્ત્ર અને શસ્ત્રની વિદ્યામાં પૂરો પંડિત બનાવ્યો. તાલજંઘોએ સગરના પૂર્વજોનું રાજ્ય છીનવી લીધું. અને પોતાને તાબે કીધું.

આણી તરફ પુરોહિત ઔર્વ ઋષિ સાથે તાલજંઘ કુળના રાજાઓ સર્વથા દ્વેષ કરતા હતા. હવે ઔર્વ ઋષિએ ફક્ત એ સગર રાજાની મારફતે અપૂર્વ તપોબળ વડે અનાચારી આ દુષ્ટ હૈહય તથા તાલજંઘ કુળના ક્ષત્રિઓનો વિધ્વંસ કરી બતાવ્યો હતો.

और्वस्तु जातकर्मादितस्य कृत्वा महात्मन:
अध्याप्य वेदानखिलांस्ततोऽस्त्रं प्रत्यपादयत् ।

आग्नेयन्तु महाबाहु रमरैरपि दु:सहम् ।
सतेनास्त्र बलेनाजौ यलेन च समान्वित: ।

हेहेयान् निज धानाशु कद्धो रुद्र: पशूनिव ।
आजहारच लोकेषु कीर्त्तिमतां वर: ।

तत:शकान् सयवनान् काम्बोजान् पारदांस्तथा ।
पह्लवांश्चैव नि:शेषान कर्त्तृं व्यवासित: किल ।

ते बध्यमाना वीरेण सगरेण महात्मना ।
वशिष्ठं शरणं गत्वा प्रणिपेतुर्मनीषिणम् ।

वशिष्ठ स्त्वथ तान् दृष्ट्वा समयेन महाद्युति: ।
सगरं वारयामास तेषां दत्त्वाऽभयं तदा ।

सगर: स्वां प्रतिज्ञां च गुरोर्वाक्यं निशम्य च ।
धर्मं जघान तेषां वै वैशान्य त्वं चकारह ।''

હરિવંશના ચૌદમા અધ્યાયમાં ઔર્વ તથા સગરનું કહેલું વૃત્તાંત સર્વથા વર્ણવેલું છે. બ્રહ્મકુલનું સામર્થ્ય પૂર્વના યુગોમાં અતુલનીય હતું. ત્રિકાલજ્ઞ એ બ્રાહ્મણોને ભવિષ્યમાં બનવાના બનાવો પહેલેથીજ પ્રત્યક્ષવત્ સુઝતા હતા. ભૃગુકુલના ચ્યવન ઋષિ ઔર્વના પૂર્વજોમાંના એક હતા. તેમને ઔર્વના જન્મ પહેલાં ઘણા દિવસ આગમચથી આ ભવિષ્યમાં બનવાની વાતનું સંપૂર્ણ જ્ઞાન હતું. એક વખત કુશિક રાજાના પૂછવાથી ત્રિકાલજ્ઞ ચ્યવન ઋષિએ આ પ્રમાણે ભવિષ્ય કહ્યું હતું:—

"भृगूणां क्षत्रिया याज्या नित्यमेतज्जनाधिप !
तेच भेदं गमिष्यन्ति दैव युक्तेन हेतुना ।
क्षत्रियाश्च भृगून् सर्वान् बंधिष्यन्ति नराधिप ।
आगर्भादनु कृन्तन्तो दैवदण्ड निपीडिता: ।
तत उत्पत्स्य तेऽस्माकं कुल गोत्र विवर्धन: ।
ऊर्वोनाम महा तेजा ज्वलनार्क समद्युति: ।
सत्रैलोक्य विनाशाय कोपाग्नि जनयिष्यति ।
महींसपर्वत वनांय: करिष्याति भस्मसात् ।
पुत्रं तस्य महाराज ऋचीकं भृगुनन्दनम् ।
साक्षात् कृत्स्नो धनुर्वेद: समुपस्थास्यतेऽनघ ।
क्षत्रियाणाम भावाय दैव युक्तेन हेतुना ।
सतुतं प्रतिगृह्यैव पुत्रे संक्रामयिष्यति ।
जमदग्नौ महाभागे तपसा भावितात्मनि ।
सचापि भृगुशार्दूल स्तं वेदं धारयिष्यति ।
"कुलात्तु तव धर्मात्मन् कन्यां सोऽधिगमिष्यति ।
उद्भवनार्थं भवतो वंशस्य भरतर्षभ ।
गाधेर्दुहितरं प्राप्य पौत्रीं तव महा तपा: ।
ब्राह्मणं क्षत्र धर्माणं पुत्रमुत्पादयिष्याति ।
क्षत्रियं विप्र धर्माणं बृहस्पति मिवौजसा ।
विश्वामित्रं तवकुले गाधे: पुत्रं सुधार्मिकम् ।
तपसा महता युक्तं प्रदास्याति महाद्युते !
स्त्रियौ तुकारणं तत्र परिवर्त्ते भविष्यत: ।
पितामहनि योगाद् वैनान्य थैतद् भविष्याति ।
तृतीय पुरुषे तुभ्यं ब्राह्मणत्वमुपैष्यति ।
भवितात्वञ्च सम्बन्धी भृगुणां भावितात्मनाम् ॥"

મહાભારતના અનુશાસન પર્વમાં લખ્યું છે કે " હંમેશથી ભૃગુવંશના બ્રાહ્મણોજ પૃથ્વીપતિ ક્ષત્રિયોના કુલ પુરોહિત છે. પણ દૈવની પ્રતિકૂળતાથી ભવિષ્યમાં એ યજમાન પુરોહિતો વચ્ચે ભયંકર વિદ્વેષાગ્નિ પ્રજવલિત થશે. યજમાનો પોતાના કુળના પૂજ્ય પુરોહિતોના વંશનો નાશ કરશે. પરિણામે તેજસ્વી ઔર્વઋષિનો જન્મ થશે. એ ઋષિવડે એ દુષ્ટ યજમાનોનો વિનાશ થશે. અને ભૃગુકુળનું ગૌરવ પુનરપિ સંસારમાં સ્થિર થશે. એના પુત્ર ઋચીકને સમ્પૂર્ણ અને સાંગ ધનુર્વેદ સ્વતઃ પ્રાપ્ત થશે. તે પોતાના પુત્ર જમદગ્નિ ઋષિને પૂરેપૂરો ધનુર્વેદ શિખવશે. પરન્તુ ધનુર્વેદની યથાર્થ પ્રાપ્તિ કર્યા છતાં શાન્ત પ્રકૃતિ જમદગ્નિ ઇશ્વરારાધનમાં વિશેષ રૂપે નિમગ્ન રહેશે. હે કુશિક, ઉકત જમદગ્નિ તમારા વંશની કન્યાનું પાણિગ્રહણ કરશે. એ કન્યાવડે ક્ષત્રિય ધર્મ યુક્ત પરશુરામનો અવતાર થશે. ઋષિના આપેલા પ્રભાવશાળી યજ્ઞચરૂને બદલી ખાવાથી તમારા વંશમાં પણ બૃહસ્પતિ સમાન અપૂર્વ તેજસ્વી બ્રાહ્મણ ધર્મા વિશ્વામિત્રનો આવિર્ભાવ થશે. જેના તપોબળના પ્રભાવ વડે ત્રીજી પેઢીએ તમારો એ ક્ષત્રિયવંશ બ્રહ્મત્વમાં ફેરવાઈ જશે. " વગેરે વગેરે ત્રિકાલજ્ઞાની મહર્ષિ ચ્યવને ભવિષ્યમાં બનવાની બાબતો વિષે કુશિક રાજાને ઘણા દિવસ આગમચથીજ કંઇ કહ્યું હતું. તેનું અક્ષરશઃ યથાર્થ સ્વરૂપે યથાકાળે સત્ય ઠરવાનું બન્યું. જ્યારે પ્રતાપશાળી રાજા કૃતવીર્યનાં સન્તાનોમાં હૈહય તથા તાલજંઘ કુળના ઉન્મત્ત ક્ષત્રિયોએ ભૃગુકુળનાં ગર્ભસ્થ બાળકો સુદ્ધાં ભૃગુકુળના રાજ બીજનો નાશ કર્યો ત્યારે એવા કઠણ સમયમાં તેજસ્વી ઔર્વ ઋષિની ઉત્પત્તિ થઇ. ઔર્વના ક્રોધાગ્નિ વડે એ સમયમાં બધો સંસાર દગ્ધ થવાની અણીપર હતો. પરન્તુ ઔર્વના પિતૃ પુરૂષોએ વખતસર આવી આવિર્ભૂત થઈ.

" मावधीः क्षत्रियां स्तातन लोकान् सप्त पुत्रक !
दूषयन्तन्तप स्तेजः क्रोधमुत्पातितं जहि ।" म. भा.

કહ્યું કે હે પુત્ર ! અનર્થમૂલક ક્રોધનો પરિત્યાગ કરી બ્રાહ્મણને યોગ્ય શાન્તિનું અવલંબન કર અને આ ક્ષત્રિયોનો વધ ના કર. એટલે શરણાગત આંધળા યજમાનોને આંખો આપી આપી મહર્ષિ. ઔર્વે તો પોતાના કુળને યોગ્ય કર્તવ્ય બજાવ્યું. તોપણ યજમાનોએ પુરોહિત ઔર્વ સાથે ય-

યોચિત વ્યવહાર થવા આવ્યો નહિ, આંખો આરોગ્ય થતાંજ આ હૃદયચક્ષુહીન આંધળાઓએ પોતાના સ્વભાવાનુસાર રસ્તો લીધો. અતે ઉપદ્રવ કરવાને તૈયાર થયા. જેને પરિણામે સગર રાજાને નિમિત્ત માત્ર :કરી ભવિષ્યમાં લગભગ હૈહય તથા તાલજંઘોનો વિનાશ એક માત્ર ભૃગુકુળગૌરવ મહર્ષિ ઔર્વની ક્રોધાગ્નિદ્વારા થયો. લખ્યું છે છેઃ—

"तालजङ्घमहाक्षत्र मौर्वेणैकेन नाशितम्"

કેવળ વસિષ્ઠ ઋષિની પ્રાર્થનાથી, એ યુદ્ધમાંથી નાશી છૂટેલા તથા બચી ગએલા થોડાક તાલજંઘો સ્વધર્મ વેદપાઠ અને વષટ્કાર આદિનો પરિત્યાગ કરવાની પ્રતિજ્ઞા લઇ જીવતા રહેવા પામ્યા. વિષ્ણુ પુરાણમાં સ્પષ્ટ લખ્યું છે કેઃ—

"अथैतान् वशिष्ठो जीवन्मृतकान् कृत्वा सगरमाहवत्स

वत्सालमेभिरति जीवन्मृन रनुसृतैः ।

एते च मयैव त्वत्प्रतिज्ञा पारिपालनाय

निज धर्म्मद्विजसङ्ग परित्यागं कारिताः ।

निस्वाध्याय वषट्कारान् एतान्

अन्यांश्च क्षात्रियांश्चकार ।" विष्णु पु०

મહાત્મા વસિષ્ઠ ઋષિની સહાયતા અને અભયદાનથી જીવનનો લાભ મેળવી આ તાલજંઘવંશના ક્ષત્રિયોએ તેમને પોતાના પૂજ્ય તરીકે માન્યા. આવી દુર્દશા થયા છતાં સરલ ચિત્તથી ભૃગુવંશીય ઔર્વઋષિને શરણે ગયા નહિ. જોકે પ્રકટ રીતે આ ઘટનાને લીધે વસિષ્ઠ કુલ સાથે ભૃગુકુળનો એ કાળે કોઇ પ્રકારનો વિરોધ યા વૈરભાવ દૃષ્ટિગોચર થયો નહિ. તોપણ આગળ ઉપર એ બન્ને કુળોનો જેવી રીતે વ્યવહાર જોવામાં આવે છે. તેથી ખુલ્લી રીતે સિદ્ધ થાય છે કે આ સામાન્ય ઘટનાથી પણ ભવિષ્યમાં એ બન્ને કુળો વચ્ચે પરસ્પર ખુલ્લો વિરોધ પ્રકટી ચૂક્યો હતો.

પરશુરામ અને વિશ્વામિત્ર જન્મ્યા, ત્યારબાદ વસિષ્ઠજીની ગાય, અને યજમાન સુદાસ રાજાના ઘરનું ગોરપદું છીનવી લેતાં વિશ્વામિત્ર સાથે વસિષ્ઠ કુળનો ભારે દ્વેષ આડે આવ્યો હતો. વિશ્વામિત્ર પરશુરામજીના મોસાળ પક્ષના હતા. નાતેદારી નજદીકની હતી. ભૃગુકુળની યજમાની બાબે

જૂના વેરનો બદલો વાળવાને વિશ્વામિત્ર અગ્રેસર બન્યા. પરન્તુ આ વિદ્વેષ અગ્નિની વિશેષ પ્રચંડતાના કારણસર જ્યાં જ્યાં વિશ્વામિત્ર, વસિષ્ઠજીની અપૂર્વ વિદ્યા. ઉગ્ર તપોબળ અને સુપ્રસિદ્ધ બ્રહ્મતેજની આગળ હતઃપ્રાય થયા છે. ત્યાં ત્યાં સમયપર પરશુરામજીની પૂર્ણ સહાયતા વડે વિશ્વામિત્ર વિશેષ ઉત્સાહી તથા પ્રભાવશાળી થઈ અગાઉ કરતાં ચારગણી શક્તિવડે વસિષ્ઠજીની સામે ફરી ફરી થયા છે. અનુક્રમણિકાની વિવૃત્તિમાં સદ્‌ગુરુ શિષ્ય લખે છે કેઃ—

" ससर्परीदत्वे प्राहुरितिहासं पुराविदः ।
सुदासनृपतेर्यज्ञ वशिष्ठात्मज शक्तिना ।
विश्वामित्रस्याभि भूतं वलं वाक्च समन्ततः ।
वाशिष्टनाभि भूतः सह्यवासीच्च गाधिजः ।
तस्मै ब्राह्मीं तु सौरीं वा नाम्ना वाचं ससर्परीम् ।
सूर्यवेश्मन आहृत्य ददर्वैजमदग्नयः ।
कुशिकानां ततः सावाङ्मनाक् चिन्तामथानुदत् ।
उपप्रेतेति कुशिकान् विश्वामित्रोन्व चोदयत् ।
लब्ध्वा वाचं च हृष्टात्मा जमदग्नीन पूजयत् ।
ससर्परितिद्वाभ्या मृगभ्यां वाचं स्तुवन् स्वयम् ॥"

તથા ઋગ્વેદમાં પણઃ—

ससर्परी रमतिं बाधमाना बृहद् मिमाय जमदग्नि दत्ता ।
आ मूर्यस्य दुहिता ततानश्रवो देवेष्वमृत मजुर्यम् ।१५।
सर्सपरी रभरत्तूतुर्य मेभ्योऽधिश्रवः पाञ्चजन्यासुकृष्टिषु ।
सापक्ष्या नव्यमायुर्दधाना यांमे पलस्ति जमदग्नयो ददुः॥१६।"

ऋग्वेद म. ३—५३ ।

જામદગ્ન્ય પરશુરામજીની એ વિખ્યાત સસર્પરી વિદ્યાનો મહિમા સ્પષ્ટ જણાઈ આવે છે. ઇક્ષ્વાકુવંશના રાજા સુદાસના કુલ પુરોહિત વસિષ્ઠ ઋષિ હતા. પણ વિશ્વામિત્ર પરશુરામજીની છાની મદદ મેળવી વસિષ્ઠજી પર સ-

ઢાઈ કરતા હતા. અને તેના યજમાન સુદાસના ઘરની ગોરવૃત્તિ છીનવી લેવા ચાહતા હતા. વસિષ્ઠજી પણ પોતાના યજમાનનું ઘર સહજ છોડે એમ નહોતું.

એક વખતે આવી રીતે ઉપરા ચઢીમાં સુદાસ રાજાને ઘેર યજ્ઞમાં વસિષ્ઠના પુત્ર શક્તિએ મંત્રબળવડે વિશ્વામિત્રનું બળ હરણ કરી તેની વાચાનું રૂંધન કર્યું. મંત્ર–મુગ્ધ સ્તંભિત વિશ્વામિત્રની આવી દુર્દશા નિહાળી, પરશુરામે સૂર્યવડે પ્રાપ્ત થએલ અપૂર્વ પ્રભાવયુક્ત સસર્પરી મંત્ર–વિદ્યાના બળથી તેજ સમયે વિશ્વામિત્રને અસલ સ્થિતિમાં આણ્યા હતા. સસર્પરી મંત્રોની અસાધારણ શક્તિવડે જ્યારે ફરીથી વાક્–શક્તિની પ્રાપ્તિ થઈ ત્યારે પ્રસન્ન ચિત્તે વિશ્વામિત્રે કહેલા પ્રભાવશાળી સસર્પરી મંત્ર ગ્રહણ કરી જામદગ્ન્ય એટલે પરશુરામનું પૂજન કીધું હતું. વેદમૂલક આ પુરાણા ઇતિ-સથી જામદગ્ન્ય કુળનો અંદરખાનેનો વસિષ્ઠકુલ સાથેનો યજમાનવૃત્તિ સંબંધનો વિરોધ તથા મનનું અંતર સારી પેઠે આડે આવેલ હોય એમ જણાય છે. આજ સુધી વસિષ્ઠ કુળના સાક્ષર બ્રાહ્મણો એ મંત્રોનો અથવા વિશ્વામિત્રથી યોજાએલી અન્ય વસિષ્ટ દ્વેષિણી ઋચાઓનો જેમાં " લોધા " નો પ્રયોગ આવે છે. તેનો કદી પણ સ્વમુખે ઉચ્ચાર સરખો કરતા નથી બલ્કે શ્રવણ કરવામાં મહા પાપ સમજે છે. આ વિષયમાં શૌનકના બૃહદ્દેવતમાં એટલે સુધી લખેલું છે કેઃ—

"પરીશ્વત્ ત્વાયા સ્તત્ર વશિષ્ટ દ્વેષિણીર્વિદુઃ ।
વિશ્વામિત્રેણ તાઃ પ્રોક્તા અભિશાપા ઇતિ સ્મૃતાઃ ।
દ્વેષાદ્દ્વેષ્યા સ્તુતાઃ પ્રોક્તા વિદ્યાચ્ચૈત્રાભિચારિકાઃ ।
વશિષ્ઠાસ્તુ ન શૃણ્વન્તિ તદાચાર્યસ્ય સમ્મતમ્ ।
કીર્ત્તનાદ્ શ્રવણાદ્વાપિ મહાન દોષઃ પ્રજાયતે ।
શતધાભિદ્યતે મૂર્દ્ધાકીર્ત્તિતેન શ્રુતેન વા ।
તેષાં બાલાઃ પ્રમીયન્તે તસ્માત્તા સ્તુન કીર્ત્તયેત્ ॥"

વાસ્તવિક તો એજ છે કે યજમાન પુરોહિતો વચ્ચેના પરસ્પરના દ્વેષે વિસ્તૃત થઈ પરસ્પર તેમના સહાયકો વચ્ચે પણ તેણે જગો લીધી હતી. કે જેમ હોવું સ્વાભાવિકજ છે. અકસર કરીને આ ઘોર ઉપદ્રવોના મૂળમાં સ્વાર્થહાનિ અને પુરોહિત કુળની માનહાનિ સમાવેશ કરી રહેલી હતી. જ્યારે વસિષ્ઠ કુળના અભયદાનવડે તથા પૂરેપૂરી સહાયતા વડે પ્રાણભિક્ષા

પ્રાપ્ત કરી તાલજંઘોએ પોતાના કુળ પુરોહિતો સાથે આંતરિક વૈરભાવ રાખ્યો અને વસિષ્ઠજીને તાબે થયા. ત્યારે ભૃગુકુળ સાથે વસિષ્ઠ કુળનું વિરુદ્ધ આચરણ અને વેર શા માટે બદ્ધમૂળ ન થાય? વિશ્વામિત્ર તથા વસિષ્ઠના વિરોધનું ગુહ્ય, હાર્દિક અને અનન્ય મૂળ કારણ પણ ઉપર લખેલો વિરોધજ હતો. એ બેશક છે. એ કારણસર ભૃગુવંશી જામદગ્ન્ય, વસિષ્ઠની વિરુદ્ધમાં વિશ્વામિત્રની પૂરેપૂરી સહાયતા કરતા. પરશુરામ અને વિશ્વામિત્રના યજ્ઞના ચરૂની ફેર બદલીથી જન્મવૃત્તાન્ત, અને વસિષ્ઠ તથા વિશ્વામિત્રના ઘોર દ્વેષને પરિણામે વસિષ્ઠના સો પુત્રોનો વિનાશ, અને વિશ્વામિત્રને બ્રાહ્મણત્વની પ્રાપ્તિ વગેરેની કથા એટલી તો પ્રસિદ્ધ છે કે તેના ઉલ્લેખની આ જગોપર આવશ્યકતા નથી. હા, આ વાત અવશ્ય ધ્યાન આપવા યોગ્ય છે કે ભૃગુકુળથી મુક્ત થએલા યજમાન, હૈહય તથા તાલજંઘ કુળના એ અનાચારી રાજાઓ જ્યારે પોતાના કુળપુરોહિતોથી પણ વિમુખ થઈ સર્વ રીતે આતતાયી થયા હતા ત્યારે વસિષ્ઠ કુળના ઉપકારને જન્મ પર્યન્ત યાદ કરી તેમને તાબે રહેવાનો એમનો ક્યાં સંભવ હતો? અન્તે થયું પણ તેમજ. કૃતવીર્યના પુત્ર સહસ્રાર્જુન પર કોપ કરી વસિષ્ઠ ઋષિએ તેને શાપ આપ્યો કે "તારી આ ભુજાઓને પરશુરામ કાપશે."

ત્યારબાદ પરશુરામના બાપ શાન્ત પ્રકૃતિવાળા તપસ્વી જમદગ્નિની તપોવનવાટીકાને ઉજ્જડ કરવી, કામધેનુનું હરણ કરવું અને આખરે તદ્દન નિરપરાધી જમદગ્નિ ઋષિને પણ ધ્યાનસ્થ અવસ્થામાં મારી નાંખવું; આદિ કરીથી એ દુષ્ટ હૈહય અને તાલજંઘ વંશજોની કીર્તિધ્વજા ઉડાવનારી છેલ્લી છેલ્લી દુષ્ટ ક્રિયા દૃષ્ટિગોચર થઈ. ભાગવતના નવમા સ્કન્ધના ૧૬મા અધ્યાયમાં લખ્યું છે કે:—

"एकदाश्रमतो रामे सभ्रातरि वनं गते ।
वैरंसिसाधयिषवो लब्धच्छिद्रा उपागमन् ।
दृष्ट्वाग्न्यागार मासीनमावेशितधियंमुनिम् ।
भगवत्युत्तमश्लोके जघ्नुस्तेपापनिश्चयः ॥"

જ્યારે પરશુરામ પોતાના ભાઇઓ સાથે આશ્રમમાં નહોતા. અને જમદગ્નિ ઋષિ હવન કુંડની સામે ભગવાનના ધ્યાનમાં આંખો બંધ કરી બેઠા હતા. એટલે સમાધિસ્થ સ્થિતિમાં હતા. એ સમયે જૂનું વેર લેવાની ઇચ્છાથી આ ધર્મમૂર્તિ યજમાન કુલ ગૌરવોએ ચુપચાપ આશ્રમમાં દાખલ

થઈ ચોરોની માફક પ્રવેશમાન થઈ જમદગ્નિનો વધ કરી બ્રહ્મહત્યા તથા ગુરુહત્યાનું અક્ષય પુણ્ય હાંસલ કર્યું. વનથી પાછા વળી પરશુરામે જ્યારે આ હૃદય વિદારક ભીષણદૃશ્ય પોતાની આંખોથી નિહાળ્યું ત્યારે શોક, સન્તાપ, ક્રોધ, અનુતાપ વગેરેથી તેમનું અન્તઃકરણ કેટલે દરજ્જે દગ્ધ થયું હશે? સહૃદય વિચારશીળ માત્રને આ દુર્ઘટનાનું કિંચિત વર્ણન માત્ર વાંચવાથી પોતાના હૃદયની ગતિ આજ સુધી કેવી થઈ જાય છે તેની તુલનાથી એ વાત સારી પેઠે સમજી શકાય છે. મહા ભારત શાન્તિ પર્વમાં:—

"ततःपितृवधामर्षाद्रामः परममन्युमान् ।
निःक्षत्रियांप्रातिश्रुत्य,महींशस्त्रमगृहत ।
ततः स भृगुशार्दूलः कार्त्तवीर्य्यस्य वीर्य्यवान् ।
विक्रम्यानिजघानाशुपुत्रान् पौत्रांश्चसर्वशः ।
सहैहय सहस्त्राणिहत्वा परममन्युमान् ।
चकारभार्गवोराजन् महींम्शोणितकर्दमाम् ।
सतथाशुमहातेजा कृत्वानिःक्षत्रियांमहीम्
कृपयापरया विष्टोवनमेवजगामह ॥"

એવી રીતે પિતાના વધથી બહુજ શોક સંતપ્ત થઈ તથા અતિ ક્રોધે ભરાઈ પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા લઈ શસ્ત્રધારણ કરી પોતાના બાહુબળ વડે કાર્તવીર્યના પુત્ર તથા પૌત્રોને તથા હજારો હૈહેય વંશીઓને લડાઇમાં મારી તેમના રક્તના વહનથી પૃથ્વીને તર કરી. બ્રાહ્મણ સ્વભાવને સુલભ વિવેક તથા અનુતાપથી પીડિત થઈ ગંભીર વનમાં શાન્તિની પ્રાપ્તિને ખાતર પ્રવેશમાન થયા.

આ ઘોર યુદ્ધમાંથી નાશી બચેલા તથા બીજા અનુપસ્થિત ક્ષત્રિયોએ કેટલાક દિવસ પછી ફરીથી માથું ઉઠાવ્યું. કારણ જેઓ તે વખતે ગર્ભમાં હતા તેઓ સમયનો લાભ લઈ આજ યુદ્ધમાં ભાગ લેવા યોગ્ય બન્યા હતા. જ્યારે એમનું જૂથ જામ્યું ત્યારે ફરીથી સામા થયા. એટલે પરશુરામજીનો ક્રોધાગ્નિ ફરીથી સ્વાભાવિક રીતે પ્રચંડ થયો. ક્ષત્રિયોનો બન્ને વખત વિધ્વંસ થયો. એવી રીતે એકવીશ વખત ક્ષત્રિયોનો વિધ્વંસ કરી પરશુરામે એ મહાન્ધોનો મદ સર્વથા ચૂર્ણ કર્યો. એટલે શાંતિનો સમય સ્વતઃ પ્રાપ્ત થયો. પરશુરામે પણ પ્રકૃતિસ્થ થઈ રાજાની હત્યાનું પ્રાયશ્ચિત અને યજ્ઞાનુષ્ઠાન કરી

બાહુબળવડે જીતેલી સઘળી પૃથ્વી દાનમાં આપી દીધી. અને સ્વર્ગસ્થ પિતૃઓના હૂકમથી આગળને માટે ક્ષત્રિયવધથી વિરામ પામ્યા. દાનમાં હાથ આવેલી પૃથ્વીના અધીશ્વર કશ્યપ ઋષિએ આખા ભારત વર્ષમાં શાસનકર્તા રાજાના અભાવથી ઘોર અરાજકતાનો ફેલાવો થએલો જોઇ પરશુરામના ભયથી પ્રાણ બચાવવા સારૂ સર્વકર્મ્મા નામના શૂદ્ર વેષધારી છૂપાએલા ક્ષત્રિયોને પરાશર ઋષિના આશ્રમમાંથી શોધી કાઢી તથા બીજા ચદ્રવંશી ક્ષત્રિયોને શોધી કાઢી રાજાને લાવી યથાયોગ્ય રાજગાદી પર સ્થાપન કર્યા. ફરીથી કેટલાક રોજ બાદ એટલે ઘણા દિવસ વ્યતીત થયા. બાદ મર્યાદાનું પુનરપિ સ્થાપન થયું, વિચારતાં માલમ પડે છે કે યજમાન પુરોહિત કુળના આપસ આપસના વિરોધથી અદ્યપર્યન્તના અનર્થ, ઉત્પાત તથા ઉપદ્રવો થયા હતા. એકવીશ વાર યુદ્ધમાં પોતાના કુળનો નાશ કરાવ્યા બાદ હવે ફરીથી ક્ષત્રિયોના ચૈતન્યનો ઉદય થયો. સુમતિ આવી.

પોતાના કુલપુરોહિતોની પૂજા પ્રતિષ્ઠા તથા ભક્તિ કરવાથી ફરીથી પણ ક્ષત્રિયોની ક્રમે ક્રમે વંશવૃદ્ધિ થઇ. એટલુંજ નહિ પણ પ્રતાપ તથા આબાદીનો શુભ અવસર પણ આવ્યો. વર્ણાશ્રમ ધર્મ તથા શિષ્ટાચારપાલન વડે હવે ફરીથી સર્વ રીતે શાન્તિનું રાજ્ય પ્રાપ્ત થયું. કૌલિક વૃત્તિ અને પુરોહિતોનું સ્વત્વ ન બદલી શકાય તેવું છે. એ સારી રીતે પરીક્ષા વડે પ્રમાણિત થયું. યજમાન પુરોહિત અથવા બ્રાહ્મણ ક્ષત્રિયોના પરસ્પરના વિરોધથી પડતી અને સર્વ પ્રકારની દુર્ગતિજ પ્રાપ્ત થાય છે. તથા વૈદિક અને ચતુરંગિણી ચાતુર્વર્ણ્ય સમાજનું સાથે દેશનું સત્યાનાશ વળે છે. એ વાત જેવી રીતે આ બનાવોથી પ્રત્યક્ષ પુરવાર થઇ તેવીજ રીતે એમના પરસ્પરના સદ્‌ભાવ તથા એક બીજાના સહાયક થવાના કારણસર સમાજ ઉન્નતિની પરાકાષ્ટાએ પહોંચે છે. એ પણ બધાઓએ સારી પેઠે નિશ્ચય કરી જાણ્યું. અર્થાત્ સૂર્યવંશી તથા ચન્દ્રવંશી નવા સંપ્રદાયના ધાર્મિક ક્ષત્રિઓએ પરશુરામના ઘોર યુદ્ધોના અંત પછી પોતાના કુળને છાજતી ગુરુભક્તિ તથા ધર્મ મર્યાદાનું પુનરપિ સર્વ રીતે અનુસરણ કરવાની શરૂઆત કરી. પરિણામે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીના અવતાર રૂપે આ સદ્‌વૃત્તિનું પ્રત્યક્ષ સુફળ પ્રાપ્ત થયું.

જેવી રીતે દર વરસે ઋતુરાજ વસન્ત, ગ્રીષ્મ વગેરે પોત પોતાના યોગ્ય સમય પર આવે છે. અને ઋતુ ધર્માનુસાર સમયનું વિચિત્ર પરિવર્તન કરે છે. અને માણસોના સ્વભાવનું આ પૃથ્વીની પ્રકૃતિ પ્રમાણે સર્વથા

રૂપાન્તર કરે છે. તેવીજ રીતે કલ્પની શરૂઆતથી તે આજ સુધી સત્ય, ત્રેતા વગેરે યુગો પણ પોતાના નિયમિત વખત પર પરંપરાથી ચાલ્યા આવે છે. અને પ્રાણી માત્રના સ્વભાવ તથા ચરિત્રમાં મહાન ફેરફાર કરી ભૂમંડલની અવસ્થાનું પણ અદ્‌ભુત રૂપાન્તર દર્શાવી જાય છે. વર્ષાઋતુની સ્યામ ઘનઘોર ઘટા, વિવિધ રંગ બેરંગી વર્ષાપ્રિય ભ્રમરના આકારની ઇંદ્ર ધનુષ્યની પ્યારી વક્ર છટા, ચંચળ તથા ચપળા નામ ધરાવનારી વિજળીની ચમક દમક વડે ચકિત મેઘોનો હૃદય કંપાવનાર ભયંકર કડકડાટ તથા તેથી થતી ગંભીર ગર્જના, મન પસંદ શ્રાવણ માસની શોભીતી તથા જગતને લલચાવનારી મેઘમાળાનું અહર્નિશ પ્રેમવારિ ધારારૂપે સહસ્રધારા પ્રતાપવડે મૂસળધાર વરસવું, તેની મોહ પમાડનારી આશાના બળવડે વધારે બળવાન, પરિશ્રમી ખેડુતોનું ભીંજતાં છતાં પણ પ્રેમવડે ક્ષેત્રકર્ષણ વગેરે વર્ષાઋતુનો મહિમા અને તેના અદમ્ય પ્રતાપનુંજ છાયાચિત્ર છે. શરદઋતુમાં આ દૃશ્યોનું દર્શન ક્યાંથી ? એજ પ્રમાણે સત્ય ત્રેતા, દ્વાપર તથા કળિયુગની ચોકડીનું સમાવર્તન, કલ્પારંભથી માંડી પોતાના યુગધર્મપ્રતાપ તથા તેનાં કારણોવડે સંસારનાં પ્રાણી માત્રની જીવનશક્તિ, સ્વભાવ, સામર્થ્ય અને મનોવૃત્તિ વગેરેનું અદ્‌ભુત આકસ્મિક પરિવર્તન દેખાડતું આવ્યું છે. એજ પ્રમાણે હંમેશાં દેખાડતું રહેશે. કારણ વિશેષે કરી દેશ વિશેષમાં આ અવસ્ય ભાવિ કાલધર્મનું કદાચિત, કિંચિત પરિવર્તન, ક્યારે ક્યારે વર્ષાઋતુમાં જેમ સૂકી ઋતુ હોય છે તેની માફક વિધર્મયુક્ત હોય છે. નહિ તો કાલધર્મ તથા યુગધર્મનું પરિવર્તન, અથવા તો પોતાના સમય પર સર્વથા ન હોવું એતો ત્રિકાલે પણ અસંભવિત છે. સતયુગમાં એ યુગને યોગ્ય ધર્મ, તેવાજ જીવ, તેવાજ મનોવૃત્તિ વાસ્તવિક રહે છે. ત્રેતાની અસ્તિ સાથે યુગ ધર્મના પ્રબળ અદમ્ય અદ્‌ભુત પ્રતાપે સ્વતઃ સંસારનું વિચિત્ર પરિવર્તન થઈ કંઈક અધોગતિનો સૂત્રપાત થાય છે. વળી જ્યારે દ્વાપરની શરૂઆત થાય છે. ત્યારે ત્રેતાયુગની સઘળી સૃષ્ટિ પોતાની મેળે જોત જોતામાં રંગ બદલાવવા માંડે છે. છેલ્લે છેલ્લે કલિ મહારાજના અટલ રાજ્ય પ્રતાપનું તો પૂછવું જ શું ? આ વખતે આપણે તેના રાજ્યની પરાધીન પ્રજા છીએ. હૈડે હાથ દઈ અન્તઃકરણની સર્વાંગવ્યાપી સ્વાર્થાન્ધ વૃત્તિઓને ખરેખર થોડાક વખતને માટે પોતપોતાના જીવનમાં તપાસતાં પૂર્વ પુરૂષોનું મેળવેલું કંઈ પણ પુણ્યબળ હશે તો કલિ મહારાજની મન મોહિની અને પ્રતાપી મૂર્તિની ઝાંખી રોમે રોમમાં પોતાનું સુન્દર મુખ ઉચું કરી અવસ્ય દર્શન દેશે; એ સિવાય સંસારમાં જે વ્યાપી રહેલ છે તે દર્શા-

વવાનો વૃથા કાલક્ષેપ કરવાની શું જરૂર છે? મનુષ્ય માત્રનું મન અને સંસારની દરરોજની ઘટના સર્વે આ કલિધર્મની સાક્ષી માટે ઘટ ઘટમાં વર્ત્તમાન છે.

કલ્પારંભથી તે આજસુધી ઘણો ઘણો ફેરફાર થઈ ગયો છે. સંસાર સર સર કરતો ક્યાંએ સરકી ગયો છે અને ક્યાં સુધી પહોંચ્યો છે. બ્રહ્માજીનું અરધું આયુષ્ય નિઃશેષ પૂર્ણ થયું છે. સત્ય, ત્રેતા, દ્વાપર તથા કળિયુગની સેંકડો ચોકડીઓ હરણની માફક ફાળ મારતી પોતાની છટા પ્રદર્શિત કરતી હતી નહતી થઈ ગઈ છે. વર્ત્તમાન વૈવસ્વત મન્વન્તરની પણ હાલે અઠ્ઠાવીશમી ચોકડીને નિઃશેષ કરનાર કલિ મહારાજ, ધાર્મિક શત્રુઓની છાતી પર પગ રાખી વૃદ્ધ તથા જેનો એક પગ શેષમાં રહેલો છે. વળી જે જરાથી જર્જરિત થઈ ગએલ છે. તથા નિર્જીવ સ્થિતિમય છે. જે સિસ્કારા ભરી રહેલ છે એવા સનાતન ધર્મની અતિ નિર્દયતા વડે બચી ગએલી એક ટંગડી તોડતો સંદિગ્ધ સંધિકાળે ૫૦૦૦ વરસ પસાર કરી પ્રપંચી બાળક સ્વરૂપે રાજ્યસિંહાસનારૂઢ થઈ પાંચ વરસથી પોતાનો પ્રપંચ પૂર્ણ રીતે દર્શાવી રહેલ છે. ખરે એના પ્રતાપનો પુરો પરિચય કોને નથી? વેદશાસ્ત્રમાંથી લોકોની આસ્થા ઉઠી ગઈ છે. એ પણ કળિમહારાજનું માહાત્મ્ય છે. પોતાના સનાતન ધર્મમાં પંડિતથી તે મૂર્ખ સુધી સઘળાને કંઈને કંઈ અંશમાં અવશ્ય અવિશ્વાસ ઉત્પન્ન થવા લાગ્યો છે. પોતે તો લગભગ કંઈ પણ સમજતા નથી છતાં સંસારને સમજાવવાને માટે ઉપદેશક થઈ સઘળા ફરતા રહે છે. સિવાય ઇંગ્રેજી કુશિક્ષારૂપી ઝેરનો સંચાર ક્રમે ક્રમે સર્વમાં સાધારણ રીતે ત્વરિત ગતિથી સંચારિત થવા લાગ્યો છે. આ કઠણ અવસ્થામાં બ્રાહ્મણ વગેરે ચારે વર્ણની મૂળ ઉત્પત્તિ અને તાત્કાલિક સ્થિતિ પર વિચાર ન કરવાનો થોડા ભણેલા અથવા વગર ભણેલા હિન્દુઓને થોડો સમય થયાં એક જાતનો ચેપી રોગ લાગ્યો છે. કેવળ અત્ર તત્રની વાતો સાંભળી એવી જાતના શંકાઓ લોકો કરવા લાગ્યા છે કે શુક્રાચાર્ય બ્રાહ્મણ હતા પરન્તુ તેની કન્યા દેવયાની ક્ષત્રિય રાજા યયાતી સાથે પરણી હતી. વ્યાસપુત્ર શુકદેવજીની કન્યા કૃત્વીનો પાંચાળપતિ સાથે વિવાહ થયો હતો. અર્થાત્ બ્રાહ્મણ ક્ષત્રિઓને અગાઉ પોતાની પુત્રીઓ પરણાવતા હતા. એથી સિદ્ધ થાય છે કે પહેલાં વર્ણભેદની એવી વ્યવસ્થા ભરતખંડમાં નહોતી. બ્રાહ્મણ ક્ષત્રિય સઘળા એકાકાર હતા. વગેરે વગેરે. બીજું ક્ષત્રિય રાજવંશથી બ્રાહ્મણોની ઉત્પત્તિ થવાની પણ આ લોકોની

શંકા છે. ત્રીજી શંકા રાજા નહુષ અને યુધિષ્ઠિર વચ્ચે બ્રહ્મત્વ સંબંધે ચાલેલા પ્રશ્નોત્તર ઉપરથી લોકો કરે છે. ક્રમશઃ એ શંકાઓનું સમાધાન સંક્ષેપમાં કરવામાં આવે છે.

સ્વાયંભુવ મનુના સમયથી તે આજ સુધી અગણિત, ઉદાહરણ, ઉપાખ્યાન, ઇતિવૃત્ત, પુરાણ તથા ઇતિહાસમાં છે. એટલે સુધી કે સ્વાયંભુવથી ક્રમપરંપરા બતાવી આજ સમય સુધીના ઇતિહાસની આનુપૂર્વી દેખાડવાની ચેષ્ટા પણ પુરાણ તથા ઐતિહાસિક ગ્રંથોમાં કરેલી દેખાય છે. તોપણ કોણ જાણે શા કારણથી કહેલા પ્રકારના વિલોમ વિવાહનાં ઉદાહરણ બે ત્રણથી વધારે માલમ પડતાં નથી. જો સમાજનું ચલણ એવું હોત કે બ્રાહ્મણોની કન્યાનું લગ્ન ક્ષત્રિય સાથે થાય. તો આજ સુધીમાં એવાં હજારો ઉદાહરણ એ પ્રકારનાં પુરાણ ગ્રંથોમાં અવશ્ય માલમ પડત. જ્યારે એવા દૃષ્ટાંતોનો સર્વથા અભાવ છે ત્યારે અવશ્ય એવું માનવું પડે છે કે સમાજનું ચલણ એવા પ્રકારના વિલોમ વિવાહને કદિ પણ પુષ્ટિ આપતું નહોતું. જો સામાજિક ચલણ એવું હોત તો એવા અયોગ્ય એક બે વિવાહ દૈવી ઘટનાથી કોઈ યુગમાં થએલ છે. તેનાં કારણો શાસ્ત્રમાં પ્રદર્શિત કરવાની આવશ્યકતા કદી પણ પડત નહિ. અને તેનું સવિસ્તર વૃત્તાન્ત પણ કદી પ્રાપ્ત થાત નહિ.

સર્વ રીતે હાર પામી દેવગુરુ બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને શુક્રાચાર્યજી પાસેથી સંજીવની વિદ્યા શિખવા સારૂ મોકલ્યો તે સમયે જયન્તી ગર્ભસંભૂતા દેવયાનીએ ધર્મ વીર કચને પ્રણયવશ પોતાનું પાણિગ્રહણ કરવાને વિશેષ અનુરોધ કર્યો. છતાં કોઈ પણ પ્રકારે તેને લલચાવી ન શકી. ત્યારે અન્તે ક્રોધ-વશ થઈ જ્યારે તેણે કચને શાપ આપ્યો ત્યારે કચે પણ દેવયાનીને એવો શાપ આપ્યો કે “ બ્રાહ્મણ કુળમાં તારો વિવાહજ નહિ થાય. ” તેવીજ રીતે કૃત્વીની માતા પીવરીના તપથી પ્રસન્ન થઈ વરદાન આપવાથી બીજા જન્મમાં એ યોગિની શુકદેવજીની સ્ત્રી થઈ. અને તેના ગર્ભવડે યોગિની કૃત્વીનો જન્મ થયો હતો. વરદાન તથા બ્રહ્માના નિયોગથીજ તેનો વિવાહ પાંચાલાધિપ સાથે થયો હતો. મત્સ્ય પુરાણના પંદરમા અધ્યાયમાં એનુ તથા કર્દમ પ્રજાપતિની કન્યા વગેરે એવી રીતે દૈવ યોગથી ઉત્પન્ન થએલ યોગિની અને માનસી કન્યાઓના જન્મથી તે વિવાહ સુધીનાં કારણો સ્પષ્ટ દર્શાવેલાં છે. તેનુ મનોનિવેશ પૂર્વક પઠન કરવાથી ધાર્મિક સજ્જનો આ વ્યર્થ શંકાઓનો સહજ ખુલાસો મેળવી શકશે.

પહેલાં વિધવા તથા સધવા બન્નેમાં નિયોગથી ક્ષેત્રજ પુત્ર પેદા કરાવવાનો રિવાજ ચાલતો હતો. વિશેષે કરી પરશુરામે એકવીસ વખત નિઃક્ષત્રિય પૃથ્વી કર્યાબાદ તો બહુધા નિયોગથી ઉત્પન્ન થએલ સંતતિ વડેજ નાશ પામેલા ક્ષત્રિય વંશની રક્ષા વિશેષે કરી કરવામાં આવી. મહાભારત સભાપર્વના ૧૩મા અધ્યાયમાં શ્રી કૃષ્ણ મહારાજે વિસ્તાર પૂર્વક સુસ્પષ્ટ રીતે આ વિષયને આરસીની માફક સ્વચ્છ અને પ્રત્યક્ષ કરી બતાવેલ છે. તેને સારી પેઠે સમજી ઘટના પરંપરાએ મેળવી દેવાથી તથા વિચારી જોવાથી બ્રાહ્મણ પુરોહિતો વડે ક્ષત્રિયોના ક્ષેત્રજ સંતાનોની ઉત્પત્તિ અને એ પ્રસંગમાં દૈવાનુકુળ બ્રાહ્મણ વંશની શાખા પણ બ્રાહ્મણોની ત્રિકાલજ્ઞતા, તપશ્ચર્યા અને સંકલ્પ સિદ્ધિ વડે થએલી દેખાય છે. આ બાબતમાં શંકા તેનેજ ઉત્પન્ન થાય છે કે જેઓ આ ગૂઢ તત્ત્વના મર્મને સમજતા નથી. ગોત્ર તથા પ્રવર વિષે જ્યાં જ્યાં લખવામાં આવશે ત્યાં ત્યાં પ્રસંગ સંગતિ વડે આ વિષયની સ્પષ્ટ વિવૃત્તિ પણ કરવામાં આવશે. પરન્તુ આ તો બેશક છે કે ક્ષત્રિય રાજવંશવડે બ્રાહ્મણ વંશની શાખા તેજ વંશમાં દેખાશે કે જ્યાં બ્રાહ્મણોએ ક્ષેત્રજ પુત્ર ઉત્પન્ન કરેલા અથવા તો જ્યાં તેમની સત્ય સંકલ્પતા અને તપ;પ્રભાવનો સમ્બન્ધ હતો.

"न स शूद्रो भवेच्छूद्रः ब्राह्मणोन च ब्राह्मणः।"

એ પ્રકારનાં વચનોને જોતા જે મહાત્મા સિદ્ધાન્ત કરે છે કે ચાતુર્વર્ણ્ય વ્યવસ્થા કેવળ ગુણોના આધાર પરજ હતી અને છે. શૂદ્ર પણ પોતાના સદ્ગુણોથી બ્રાહ્મણ કહાવી શકાય છે. અને ગુણ રહીત બ્રાહ્મણ પણ શૂદ્ર થઈ જાય છે. તેને નિવેદન કરવામાં આવે છે કે જે ઠેકાણાનાં એ વચન છે તે પ્રસંગને અવલથી આખર સુધી વિચારવાથી એવી સઘળી શંકાઓ નિર્મૂળ થઈ જશે. ઉત્કર્ષ અને ઉત્તમ તથા અધમનો ભેદ દર્શાવવાનેજ આ વચનોનો ઉપયોગ થએલો છે. ચારે વર્ણની સ્વતંત્રતા અને સમૂલકતાને તો આ વચનો સ્વયં પુષ્ટિ આપે છે. ચારે વર્ણવાળા યથાર્થ રીતે જો સુદૃઢ મૂળ વડે ઉત્પન્ન થઈ પોતાના યથાર્થ સ્વરૂપમાં જો સ્થિતિ કરતા ન હોત તો એ બ્રાહ્મણ બ્રાહ્મણ નહિ" "એ શૂદ્ર શૂદ્ર નહિ" ઈત્યાદિ વચનોનો વપરાસજ કેવી રીતે થાત? કહેલાં વચનોથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણ તથા શૂદ્ર વર્ણ હંમેશથી સ્વતંત્ર છે. કેવળ બ્રાહ્મણોમાં યથાર્થ બ્રાહ્મણોચિત ગુણોનો સર્વથા અભાવ અને શૂદ્રોમાં શૂદ્રોચિત્ત ગુણોથી વિશેષ ઉત્તમ કોટીના બ્રાહ્મણોચિત સદ્ગુણોનો સદ્ભાવ બતાવી એ ગુણાંશમાત્ર વડે

તારતમ્ય પ્રદર્શિત કરવાને આવા પ્રકારનાં વાક્યોનો પ્રયોગ કરવામાં આવે છે. એથી એમ તો ન સમજવું કે શૂદ્ર સર્વથા બ્રાહ્મણત્વને પ્રાપ્ત થયો કે બ્રાહ્મણ સર્વથા શૂદ્ર બની ગયો, જેમ મધુર સર્વોત્તમ આંબાના ફળને દેનાર આંબાનું ઝાડ કહેવાય છે. અને કદી ફળ ન દેનાર અથવા ખાટાં ફળ આપનાર પણ આંબાનું વૃક્ષ કહેવાય છે. ગુણનું એટલું બધું રૂપાન્તર પણ આંબાના ઝાડને આમલીના ઝાડનું નામ આપવાને કદી શક્તિમાન થશે નહિ. તેવીજ રીતે કદાચિત કોઈ અતિ મધુર આમલીથી ભરેલું અપૂર્વ સ્વાદયુક્ત આમલીનું ઝાડ પણ કદાચ નશીબ યોગે કોઈ સ્થળે મળી જાય તોપણ તે આંબાનું ઝાડ કદી પણ નહિ કહેવાય. સઘળા તેને આમલી અથવા મીઠી આમલીનું નામ આપશે. આવી રીતે આંબો તે આંબો અને આમલી તે હમેશાં આમલીજ રહેશે. એજ પ્રકારે વિશેષ ગુણવાન શૂદ્ર પણ બ્રાહ્મણ થવાનો નથી. આ બાબતનું વિશેષ સમર્થન વર્ણ વિવેકના પુસ્તકમાં કરવામાં આવેલ છે. એથીજ શાસ્ત્રમાં મૂર્ખ છતાં પણ બ્રાહ્મણ સાથે દ્વેષ અથવા તેના પર તુચ્છ દૃષ્ટિ કરવાનો નિષેધ છે. આ બાબતમાં પદ્મ પુરાણના સ્વર્ગખંડના ૨૬મા અધ્યાયમાં એવું લખેલું છે કેઃ—

"हरिशर्म्मोवाच । सर्ववर्णगुरु विप्रस्त्व या प्रोक्तः

सुरोत्तम तेषां मध्ये चकः श्रेष्ठः कस्मैदानं प्रदीयते ॥

ब्रह्मोवाच सर्वेऽपि ब्राह्मणाः श्रेष्ठाः पूजनीयाः सदैवहि ।

अविद्यावा सविद्यावा नात्रकार्य्या विचारणा ।

स्तेयादि दोषयुक्ताये ब्राह्मणा ब्राह्मणोत्तम ।

आत्मभ्य द्वेषिणस्तेऽपि परेभ्योन कदाचन ।

अनाचाराः द्विजाः पूज्याः न च शूद्रा जितेंद्रियाः ।

अभक्ष्य भक्षका गावो को कोलास्सुमतयोम च ।

क्षत्रियाणां च वैश्यानां शूद्राणां गुरवो द्विजाः ।

अन्योन्यगुरवोज्ञेयाः पूजनीयाश्च भूसुर ।

ब्राह्मण प्रणमेद्यस्तु विष्णुबुद्ध्या नरोत्तमः ।

आयुः पुत्राश्च कीर्त्तिश्च सम्पत्ति स्तस्य वर्द्धते ।

नचनौति द्विजं यस्तु मूढ धीर्मानवो भूवि ।
सुदर्शनेन तच्छीर्ष हन्तुमिच्छति केशवः ॥'' प० पु०

મૂર્ખ તથા આચાર હીન બ્રાહ્મણ સ્વયં પોતાનોજ દ્વેષી છે. બીજા-ઓએ એ કારણસર તેની સાથે દ્વેષ વા તિરસ્કાર દૃષ્ટિથી નિહાળી દ્વેષ ન કરવો. અને તેમ કરી પાપનો સંચય ન કરવો. પંડિત, મૂર્ખ, લાયક, નાલાયક ગમે તેવું હોય તોપણ બ્રાહ્મણ શરીર હંમેશાં શ્રેષ્ઠ અને પૂજવાલાયક સમજવાનું છે. અભક્ષ્ય ભોજી છતાં પણ ગાયની સઘળા પૂજા કરે છે. અને કરશે. પરન્તુ પરમ શુદ્ધ આચાર વડે રાખેલી ભૂંડણ અથવા વિશેષ દૂધ દેનારી ગધેડી કદી પણ પૂજાવાની નહિ. બ્રાહ્મણ માત્ર ક્ષત્રિય અને વૈશ્ય તેમજ શૂદ્રના એટલે સર્વવર્ણના ગુરુ છે. તેમને ભક્તિપૂર્વક હાથજોડી નમન કરવાથી આવરદા, કીર્ત્તિ, ધન, સન્તાન વગેરેની વૃદ્ધિ થાય છે. બ્રાહ્મણ શરીરને ભગવાનનું સ્વરુપ સમજી ભક્તિપૂર્વક પૂજા કરનારને યથોક્ત ફળ નક્કી મળવાનુંજ. બ્રાહ્મણોમાં પણ ગુણ અને સમ્બન્ધના તારતમ્યવડે પરસ્પરના ગુરુ હોવાને યોગ્ય છે. ઉંચી તથા નીચી શ્રેણી પણ બ્રાહ્મણોમાં ગુણ ભેદ વડે છે. તોપણ બ્રાહ્મણ શરીર બ્રાહ્મણોને માટે પણ પરસ્પર નમસ્કારને પાત્ર છે. એ વાતમાં વિચારાન્તર નથી જ. કારણ બ્રાહ્મણ કુળમાં જન્મ તથા બ્રાહ્મણ શરીરની પ્રાપ્તિ પૂર્વજન્મના પુણ્યનું ફળ છે. અને ચારે વર્ણમાં અનન્ત શ્રેષ્ઠતાનું મુખ્ય કારણ છે.

પણ કેવળ બ્રાહ્મણ શરીર, કેવળ તપશ્ચર્યા, કેવળ વેદાધ્યયન અથવા બહુશ્રુતપણુંજ માત્ર સર્વથા સોળે સોળ આના બ્રાહ્મણત્વ સિદ્ધ કરતું નથી. એથી ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મ પામીને પણ મૂર્ખ તથા દુરાચારી બ્રાહ્મણ, બ્રાહ્મણ વર્ણમાં સર્વોત્તમ, શિષ્ટ અને સર્વથા સત્પાત્ર કદી પણ કહેવાવાનો નથી. ફક્ત શરીરસમ્પત્તિના કારણસર અન્યવર્ણોમાં પૂજ્ય છતાં બ્રાહ્મણોમાં તેની અધમ શ્રેણીમાં ગણના થશે. એવીજ રીતે બહુશ્રુત છતાં અનાચારી, અથવા આચારશીલ છતાં નિરક્ષર મૂર્ખ યથાર્થ સત્પાત્ર શિષ્ટ બ્રાહ્મણ થઈ શકનાર નથી. બ્રાહ્મણપણાની સર્વાંગસુન્દરતા તથા પૂર્ણતાતો સાંગ વેદાધ્યયન, યથાર્થ શિષ્ટાચરણ પૂર્વક તપ તથા ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મ, એ સઘળી વાતો સાથે હોવા વગર બની શકે નહિ. જે પુણ્યવાનને સંસાર વિષે ઉપર લખ્યા સઘળા ગુણો તથા લક્ષણો પ્રાપ્ત છે. તેજ યથાર્થ શિષ્ટ બ્રાહ્મણોત્તમ છે. એથી:—

तपः श्रुतश्च योनिश्चेत्य तद्ब्राह्मण कारणम् ।
तपश्रुताभ्यां योहीनो जाति ब्राह्मण एव: स: ”

શ્રુતિ પ્રમાણ સિદ્ધ શબ્દાર્થ ચિન્તામણી ધૃત આ વચનો પણ તપશ્ચર્યાચરણ તથા વેદજ્ઞાન વિહીન બ્રાહ્મણને ફક્ત જાતિ બ્રાહ્મણ તરીકે સિદ્ધ કરે છે. તપ, વેદવિદ્યા તથા બ્રાહ્મણવર્ણનાં માબાપોથી જન્મ એ ત્રણે બાબતોનો સંયોગ યથાર્થ બ્રાહ્મણત્વ સિદ્ધ કરે છે, જાતિ બ્રાહ્મણ વા અબ્રાહ્મણનાં બીજાં લક્ષણો ઉપર ધ્યાન દેવાથી આ વિષય સહજ બોધગમ્ય થશે. જેમ:—

“ गर्भाधानादि मन्त्रैर्यो वेदोपनयने नच ।
नाध्यापयतिनाधीते स भवेद् ब्राह्मण ब्रुव: ।” व्यास: ।
अव्रतानाम मन्त्राणां जातिमात्रोप जीविनाम् ।
तेषां प्रतिग्रहो देयोनशिलतार येच्छिकाम् ॥” मनु:
“ ब्रह्मबीज समुत्पन्नो मंत्र संस्कार वर्जित:
जातिमात्रोप जीवी च भवेद ब्राह्मण: सतु ॥”
जातिमात्रोप जीवीवाकामं स्याद् ब्राह्मण ब्रुव: ॥”

તથા:—

“ अब्राह्मणास्तु षट्प्रोक्ता ऋषिणा तत्त्ववादिना ।
आद्यो राज भृतस्तेषा, द्वितीय: क्रयविक्रयी ।
तृतीयो बहुयाज्यस्याच्चतुर्थो ग्रामयाजक: ।
पञ्चमस्तु भृतस्तेषां ग्रामस्य नगरस्य च ।
अनागतान्तुय: पूर्वां सादित्याञ्चैव पश्चिमाम् ।
नोपासीत द्विज: सन्ध्यां सषष्ठोऽब्राह्मण: स्मृत: ॥”

आ० त० शा० ता०

આ વચનોથી જાતિ બ્રાહ્મણ તો અબ્રાહ્મણ કરતાં પણ અધમ તથા સૌથી નીચી શ્રેણીના ગણાય છે. જાતિ બ્રાહ્મણને પાત્રતા પ્રાપ્ત થતી નથી એ બાબતનું સ્પષ્ટીકરણ કરતાં મહર્ષિ હારિત કહે છે કે:—

"श्रुति स्मृती तु विप्राणां चक्षुषी देवनिर्म्मिते ।
काण स्तत्रै कयाहीनः द्वाभ्यामन्धः प्रकीर्त्तितः ॥"

વેદ તથા સ્મૃતિ (ધર્મશાસ્ત્ર) જ બ્રાહ્મણોની પરમેશ્વરે નિર્માણ કરેલી બે આંખો છે. એમાંથી એક જેને નથી તે કાણો અને વેદ તથા સ્મૃતિ બન્નેથી રહિત બ્રાહ્મણ ચર્મચક્ષુ છતાં આંધળો છે. યાજ્ઞવલ્કય મહર્ષિ પણ કહે છે કેઃ—

"न विद्यया केवलया तपसात्राऽपि पात्रता ।
यत्र वृत्तमिमे चोभेतद्धिपात्रं प्रकीर्त्तिम् ॥"

ફકત વિદ્વતા અથવા ઉંધે માથે ટીંગાઇ પંચાગ્નિથી તપશ્ચર્યા કરનાર સત્પાત્ર મનાતો નથી. જેમાં વિદ્વતાની સાથે આચારશીલતા છે તેજ યથાર્થ સત્પાત્ર છે. અપાત્રને ભોજન અથવા તો ફક્ત ભિક્ષા દેવાનીજ શાસ્ત્રમાં આજ્ઞા છે. પણ સંકલ્પ અથવા મંત્ર પાઠ પૂર્વક દાનનો અધિકારી તો સત્પાત્ર બ્રાહ્મણ જ છે શાતા તપની આજ્ઞા છે કેઃ—

"मंत्र पूर्वञ्च यद्दानं अपात्राय प्रदीयते ।
दातुर्निकृन्त्य हस्तन्तद्भोक्तुर्जिह्वान्नि कृन्तति ॥"

શ્રાદ્ધાદિકમાં મંત્ર પાઠપૂર્વક સંકલ્પ કરીને આપેલું અન્ન જે કોઈ મૂર્ખતા અથવા હઠવડે અપાત્રને દે છે અથવા અપાત્ર તેનું ભોજન કરે છે, તો પરલોકમાં દેનારના હાથ કપાય છે. અને ખાવાવાલાની જીભનું છેદન થાય છે. અપાત્રને ન આપવાથી ધર્મ શાસ્ત્રોકત વ્યતિક્રમ દોષ પણ નડતો નથી. કારણ શાસ્ત્ર એ પ્રમાણે પણ સ્પષ્ટ ફરમાવે છે કેઃ—

"यस्य चैत्र गृहे मूर्खः दरे चाऽपि बहुश्रुतः ।
बहुश्रुताय दातव्यंनास्ति मूर्खे व्यतिक्रमः ।
ब्राह्मणातिक्रमो नास्ति विप्रोवेद विवर्जित ।
ज्वलन्तमग्नि मुत् सृज्य नहि भस्मानि हूयते ॥"

પાત્રને તજી મૂર્ખ તથા અપાત્રને આપવું એ પ્રજવલિત અગ્નિને છોડી રાખમાં વ્યર્થ ઘી હોમવા બરાબર છે,

પણ કુલપુરોહિતોનો સ્વત્વાધિકાર યજમાનને ઘેર એવો તો સુદૃઢ

રીતે સ્થાપિત થઈ ગયો હતો કે તે વિષયમાં માબાપની માફક જ્ઞાન વડે શાસ્ત્રને પણ જુદીજ પદ્ધતિ ગ્રહણ કરવાની જરૂર પડી।

आत्मनस्तु भवेत्पात्रं नान्यस्य स्यात् पुरोहितः ।
पुरोहितेतु यद्दत्तं दानमक्षय्य मुच्यते ।'' त्रि० ध०

અર્થાત્ પુરોહિત યજમાનને માટે સદા પાત્રજ છે. તેની અપાત્રતા કુપાત્રતાનો વિચાર તો બીજાઓ માટે છે. યજમાન પોતાના કુલ પુરોહિતને જે કંઈ આપશે, તેમાં તે પોતાના અક્ષયદાનનો ફળભાગી થશે. પુરોહિતને આપ્યા વગર તેની સિદ્ધિજ થવાની નહિ. એવી રીતે શાસ્ત્રની આજ્ઞા માતા, પિતા, ગુરુ તથા બ્રહ્મવાદીઓના સંબંધમાં સ્વતંત્ર જોવામાં આવે છે.

જેમકે:—

''मातृपितृ गुरु ब्रह्मवादिनां दीयतेतुयत् ।
तल्लक्षगुणितं विन्द्यात् पापं वा पुण्यमेववा ।''

વગેરે. માતા, પિતા, ગુરુ અને બ્રહ્મવેત્તાના સંબંધમાં પાપ પુણ્ય બન્નેનું લાખગણું ફળ કર્ત્તાને ભોગવવું પડશે. તાત્પર્ય કે કુલપરમ્પરાગત દૃઢ સ્વત્વાધિકાર તથા સંબંધના ગુરુત્વના કારણસર એમની બાબતને શાસ્ત્રને ન્યાય પ્રમાણે વિશેષ વિધિ આપવી પડી. પરન્તુ પોતાના યજમાનો પાસેથી પ્રાપ્તિ કરવાનો સંબંધ અપ્રતિહત રાખવા છતાં બ્રહ્મમંડલીમાં કઠિન જ્ઞાતિ અપમાનથી છુટકારો મેળવવા માટે તો આ વિશેષ વિધિ પણ નિરુપયોગી માલમ પડી। અપાત્ર કુપાત્ર ''અપાંક્તેય'' શ્રેણીમાં ગણાવા લાગ્યા, એટલું જ નહિ પણ શિષ્ટ તથા કુલિન સારસ્વતોની પંક્તિથી તેવાઓને બહાર કાઢવામાં આવ્યા. એક પંક્તિમાં બેસી સાથે ભોજન કરવાની શક્તિ પણ તેઓ ગુમાવી બેઠા. આજના સમયના શિક્ષિતાભિમાની વગર વિચારે તથા વગર સમજે કુલ પુરોહિતોના એ સ્વત્વને ઉખેડી નાખવાને માટે તૈયાર દેખાય છે. પરન્તુ સઘળા પ્રકારની અવનતિ અને અનિષ્ટતાનું એકજ મૂલ કારણ સમાજવિપ્લવનું ખંડન કરવાની વાત તો એક બાજૂએ રહી પરન્તુ પોતેજ આ તૂટી ફૂટી દશામાં પણ સમાજ વિપ્લવકર્ત્તા બનવામાં મોટાઈ માને છે. પણ ધન્ય છે. અમારા પૂર્વજ પરિણામદર્શી ઋષિમુનિઓની બુદ્ધિને. એ શ્રદ્ધાળુ દૂરદર્શી પુરૂષોએ સામાજિક અપમાન તથા માન પ્રતિષ્ઠારૂપ એવું તો સુંદર નિયામક યંત્ર પોતાની સમાજના ભવિષ્યના કલ્યાણ માટે રચ્યું

હતું. કે જ્યાંસુધી એ અદ્દભુત યંત્રની ગતિ પોતાની રાહ પર ઠીક ઠીક રહી ત્યાં સુધી બ્રાહ્મણ સમાજમાં કોઈ પ્રકારની અવ્યવસ્થા થવા ન પામી!

संभावितस्यचा कीर्तिर्मरणादतिरिच्यते ।" गी०

પ્રતિષ્ઠાવાનને અપમાન મોત કરતાં પણ વધારે નુકસાન કર્તા છે. મતલબ જ્યાં લગણ સમાજની આ સજીવ સ્થિતિ કાયમ રહી ત્યાં લગણ તેની એ સુશૃંખલા ટૂટવા પામી નહિ. એટલુંજ નહિ પણ પુરોહિતમંડળી આ વિશેષ વિધિની અસ્તિ છતાં અપમાન ભયથી પોતાના પૂર્વજોની રાહ ઉપર ચાલતી રહી. એ નિયામક યંત્રની ભયંકર જ્ઞાતિ બહાર કરવા રૂપ અપમાન કરવાવાળી મૂર્તિથી એ લોકો હંમેશાં ડરતા. અને થર થર કાંપતા હતા.

બીજી તરફ આ અદ્દભુત નિયામક યંત્રની બીજી પાર્શ્વવર્ત્તિની મનમોહિની મૂર્ત્તિ, પોતાની આકર્ષણ શક્તિ વડે, સઘળા બ્રાહ્મણોમાં શિરોમણી ' પંક્તિપાવન 'રૂપ માન પ્રતિષ્ઠાના લાભની ખાતર બ્રાહ્મણોને શ્રોત્રિય, બહુજ્ઞ, તપસ્વિ તથા આચારશીળ શિરોભૂષણ બનાવવા માટે હંમેશાં સોગણા ઉત્સાહની સાથે પ્રોત્સાહિત કરી બલપૂર્વક અગ્રેસર કરવા લાગી. પંક્તિ-બહારનાઓનાં દૂષણ અને પંક્તિ પાવનોના સદ્દગુણ પર ધ્યાન દેવાથી સમાજની એ સમયની મૂર્ત્તિ આંખોની આગળ ખડી થાય છે.

"ये स्तेन पातित क्लीवा येच नास्तिक वृत्तय: ।
तान्हव्य कव्ययोर्विप्राननर्हान् मनुरब्रवीत् ॥"

થી પ્રારંભ કરો.

"कृषिजीवी श्लीपदीच सद्भिर्निन्दित एवच ।
औरभ्रिको माहिषिक: परपूर्वा पतिस्तथा ।
प्रेतनिर्हारि कश्चैव वर्जनीय: प्रयत्नत: ।
एतान् विगर्हिता चारान पाङ्क्तेयान्
द्विजाधमान् द्विजातिप्रवरो विद्वानुभयत्र विवर्जयेत् ।
ब्राह्मण स्त्वन धीयान: तृणाग्निरिव शाम्यति ।
तस्मै हव्यं न दातव्यम हि भस्मनि हूयते"

આટલે સુધી મનુસ્મૃતિમાં કેવળ એ અધમ પાંક્તેયો સંબંધી લેખ છે. સ્થળ સંકોચ સબબે તે સઘળું અહિં લખી શકાય તેમ નથી. સજ્જનોને વિનવવામાં આવે છે કે મનુસ્મૃતિ, પદ્મપુરાણ વગેરેમાં પંક્તિદૂષકોનાં લક્ષણોને અવશ્ય ધ્યાન પૂર્વક વાંચી જુએ. યાજ્ઞવલ્કય કહે છે કે,—

"विहितस्यानुष्ठानात् निन्दितस्यच्च सेवनात् ।
अनिग्रहाच्चेन्द्रियाणान्नरः पतनमृच्छति ।"

જે દુષ્ટ આચરણો વડે ધર્મનીતિ, સમાજનીતિ, રાજનીતિ તથા શિષ્ટાચારની પ્રતિકૂળતા તથા હાનિ થતાં પાપસંચયની સાથે સમાજ તથા સુનીતિની અવનતિનો કંઈપણ સંભવ દેખાય છે. તેવાં લક્ષણોનો બ્રાહ્મણધર્મે અપાંક્તેયોનાં લક્ષણોમાં સમાવેશ કરવામાં આવેલો દેખાય છે. વિશેષે કરી મૂઢ તથા અનાચારી બ્રાહ્મણોની એ વખત પૂરેપૂરી દુર્દશા હતી. એ અપાંક્તેયોના વધારે મોટા વ્યક્તિગત દોષોને લીધે એમનાં કુળ પણ દોષી અને પતિત બનાવવામાં આવતાં હતાં. કારણ અનાચાર તથા મૂર્ખતાજ કુળને નીચાં કરનાર મુખ્ય કારણ હતાં. કૂર્મ પુરાણના સોળમા અધ્યાયમાં લખ્યું છે કેઃ—

"गोभिश्च दैवतैर्विप्रैः कृष्या राजोपसेवया ।
कुलान्य कुलतां यान्ति यानि हीनानि वृत्ततः ।
कुविवाहैः क्रियालोपैर्वेदानध्ययनेनच ।
कुलान्य कुलतां यान्ति ब्राह्मणातिक्रमेण च ।
अनृतात् पारदार्याच्च तथाऽभक्ष्यस्य भक्षणात् ।
अश्रौत धर्म्माचरणात् क्षिप्रं नश्यति वैकुलम् ।
अश्रोत्रि येषु वेदानात् वृषलेषु तथैवच ।
विहिताचार हीनेषु क्षिप्रं नश्यति वैकुलम् ।"

તથા નીચ કુળ અને શ્રેણીના મનુષ્યો સાથેના સંબંધવડે પણ પડતી અવશ્ય છે. એમ સમજી એ અધ્યાયમાં એમ પણ લખેલું છે કેઃ—

"योजनं योनि सम्बन्धं सहवासञ्च भाषणम् ।
कुर्वाणः पतते जन्तु स्तस्माद् यत्नेन वर्जयेत् ।"

નીચ કુળના અધ:પતિતોના ઘરની વૃત્તિ, તેમની દીકરી સાથે લગ્ન, તેમનો સહવાસ, સંસર્ગ અને એટલે સુધી મનાઇ છે કે તેમની સાથે ભાષણ પણ ન કરવું. આથી આતો સ્પષ્ટ થાય છે કે એ વખતે સમાજ બન્ધન કેવું સુદૃઢ અને સુશૃંખલા બદ્ધ તથા સર્વાંગસુંદર હતું. આચાર હીન તથા મૂર્ખોનાં કુળ પતિત થવાની સાથે તેને બહુજ તિરસ્કારની દૃષ્ટિથી જોવામાં આવતાં હતાં. સમાજના માનનીય સત્પાત્ર કુલીન બ્રાહ્મણ તેની સાથે સંભાષણ કરવામાં પણ મહા પાપ સમજતા હતા. વિશેષ આ વિષયને વધારે ક્યાં સુધી વર્ણવવો ? આ ઉન્નતિના સર્વોત્તમ સમયમાં સામાજિક આ અપ્રતિષ્ઠા તથા અપમાન વડે મૂર્ખ બ્રાહ્મણનો સર્વ સાધારણ લોકમાં એવો તો ભારે અનાદર થતો કે જેની બીકથી સાધ્યાનુસાર બ્રાહ્મણ માત્ર ન્હાનપણથીજ વિદ્યાભ્યાસ તથા શિષ્ટાચરણની શિક્ષામાં તન મન તથા ધન વડે લાગ્યા રહેતા હતા. જ્યાંલગણ સમાજનું આ શાસન ઠીક ઠીક ચાલ્યું ત્યાં સુધી કહેલી વિશેષ વિધિ, પુરોહિત કુળને કંઇપણ પડતીમાં લાવી શકી નહીં. આજના વખતમાં શાસનના અભાવે તથા નાતના લોભી પટેલોના ઘોર અન્યાય વડેજ સમાજની આજની દુર્દશા થયલી દેખાય છે.

પંક્તિપાવન બ્રાહ્મણ, તેજ શિષ્ટ સજ્જન કહેવાતા હતા. કે જેની પંગતમાં બેસતાં, જેટલે દૂર દૃષ્ટિ જાય. તેટલે દૂર બેઠેલા અપવિત્ર પણ પુનરપિ દૃષ્ટિપાત માત્ર વડે સર્વ રીતે પવિત્ર બની જતા હતા. લખ્યું છે કે:—

"अग्र्याः सर्वेषु वेदेषु सर्व प्रवचनेषु च ।
श्रोत्रियान्व यजाश्चैव विज्ञेया: पङ्क्तिपावना: ।
त्रिणाचिकेता: पञ्चाग्नि स्त्रिसुपर्ण: षडङ्गवित् ।
ब्राह्मयदेयात्मसन्तानो ज्येष्ठसामगएव च ।
वेदार्थ वित्प्रवक्ता च ब्रह्मचारी सहस्रद: ।
शतयुश्चैव विज्ञेया ब्राह्मणा: पङ्क्तिपावना: ॥" मनु: ॥
ये सोमपा विरजसो धर्म्मज्ञा: शान्तचेतस: ।
व्रतिनो नियम स्थाश्च ऋतुकालाभि गामिन: ।
पञ्चाग्निरप्यधीयानो यजुर्वेदविदेवच ।

बह्वृचश्च त्रिसौपर्णं स्त्रिमधुर्वाऽथ यो भवेत् ।
त्रिणाचिकेतश्छन्दोगो ज्येष्ठसामग एवच ।
अथर्वशिरसोऽध्येता रुद्राध्यायी विशेषतः ।
अग्निहोत्र परो विद्वान्न्यायविच्च षडङ्गवित् ।
मन्त्र ब्राह्मण विच्चैव यश्चस्याद्धर्म्मपाठकः ।
ऋषिव्रती ऋषीकश्च तथा द्वादशवार्षिकः ।
ब्राह्मदेयानु सन्तानो गर्भ शुद्धः सहस्रदः ।
चान्द्रायण व्रतचरः सत्यवादी पुराणवित् ।
गुरुदेवाग्नि पूजासु प्रसक्तो ज्ञान तत्परः ।
विमुक्तः सर्वतो धीरो ब्रह्मभूतो द्विजोत्तमः ।
महादेवार्चनरतो वैष्णवः पङ्क्तिपावनः ।
अहिंसानिरतो नित्यमप्रति ग्रहणरतथा ।
सत्रीचदान निरतो विज्ञेयः पंक्तिपावनः ।
मातापित्रोर्हिते युक्तः प्रातः स्नायी तथा द्विजः ।
अध्यात्म विन्मुनिर्दान्तो विज्ञेयः पंक्तिपावनः ।
ज्ञाननिष्ठो महायोगी वेदान्तार्थ विचिन्तकः ।
श्रद्धालुः श्राद्धनिरतो ब्राह्मणः पंक्तिपावनः ।
वेदविद्या व्रत स्नातो ब्रह्मचर्य्यपरः सदा ।
आथर्वणो मुमुक्षुश्च ब्राह्मणः पंक्तिपावनः ।"

સાંગ વેદાધ્યાયી, શ્રોત્રિય, સંગતકુલીન, વેદાર્થ જાણનાર, ત્રિણાચિકેત અધ્વર્યું, અગ્નિહોત્રી, સુપર્ણઋષિ પ્રવર્ત્તિત વ્રતાચારી ત્રિસુપર્ણ, સુવક્તા, નિત્ય વેદોક્ત યજ્ઞાનુષ્ઠાનકારી, ઉક્ત સર્વ સદ્‍ગુણસમ્પન્ન, બ્રહ્મચારી, શિષ્ટ બ્રાહ્મણોત્તમ, એવા પંક્તિપાવનોનું જ્યાંસુધી સમાજમાં માન હતું, દેવતા તુલ્ય સમજી લોકો જ્યાં સુધી ભક્તિપૂર્વક એમની પૂજા કરતા હતા. જ્યાં સુધી વધારે પ્રતિષ્ઠા એમની થતી હતી ત્યાં સુધીજ બ્રાહ્મણસમાજ એવા સજ્જનોથી શણગારાયલો દેખાતો હતો. જે વખત પંક્તિ પાવનોવડે

બ્રહ્મભોજનની પવિત્ર પંક્તિ પોતાના સૌથી પવિત્ર તેજ વડે જોનારાની આંખે અપૂર્વ ચમત્કાર દશ્યમાન કરતી હતી. એ પણ ભરતખંડનો એક દિવસ હતો. હવે ઇશ્વર કોણ જાણે ફરીથી ક્યારે એવો દિવસ બતાવશે ?

ચાલતા વૈવસ્વત મન્વન્તરના અઠ્ઠાવીસમા દ્વાપરયુગના અન્તસુધી, એ બ્રાહ્મણોમાં સંકલ્પસિદ્ધિ, તપોબળ અને સઘળી વિદ્યાઓની પારદર્શિતાની સાથે વર્ણાશ્રમ ધર્મની પૂરેપૂરી મર્યાદા પણ જોવામાં આવતી હુતી. પણ મહાભારતના યુદ્ધની આખર પછી ક્રમે ક્રમે ભારતની પડતી દશા દેખાય છે. ભારતનો સૌભાગ્યસૂર્ય અસ્તાચળના શિખર પર તો મહાભારતના યુદ્ધ સમયમાંજ પહોંચી ગયો હતો. પછી તો આ દુર્ભાગી દેશને ઘોરમાં ઘોર અન્ધકાર રાક્ષસવત્ ગળી જવા લાગ્યો. રાજવિદ્વેષવડે અરાજકતા સુધીની વારી આવી લાગી. બ્રાહ્મણોમાં પણ આપસ આપસમાં બહુ ભારે દ્વેષ શુકલ યજુર્વેદની બાજીસનેયી સંહિતાના વિરોધ વડે ઉભો થયો. એ કલહના કારણસર રાજા જનમેજયને શાપિત થઇ વનમાં જવું પડયું. બ્રાહ્મણોમાં પણ પરસ્પરના અભિશાપો વડે પૂરી દુર્દશા ચાલી રહી હતી. મત્સ્ય પુરાણના ૫૦ મા અધ્યાયમાં એ વિષયના મર્મનો આભાસ માત્ર બતાવવામાં આવ્યો છે.. યુગધર્માનુસાર કલિના પ્રવર્તન વડે ક્રમશઃ જેવી દુર્દશા ધર્મ કર્મની થવી જોઇએ તેવી ત્વરાથી થવા લાગી. ધર્મવિપ્લવ, રાજવિદ્રોહ, અને અશાન્તિએ પોતાનું મૂળ ઘાલ્યું. બ્રાહ્મણોમાં જેવી રીતે પરસ્પરનો દ્રોહ વધવા લાગ્યો તેની સાથે ગૌત્તમ બુદ્ધનો આવિર્ભાવ અને જૈન તથા બૌદ્ધ ધર્મની ઉન્નતિ તથા સ્પર્ધાથી સનાતન ધર્મની તેવીજ રીતે વિશેષ હાનિ થઇ. ધનલોભી યવન રાજાઓ પણ વખત પ્રાપ્ત થતાં હિન્દુસ્તાન પર અધિકાર બજાવવાને હુમલા કરી આગળ વધવા લાગ્યા. એવી રીતે ઘરની ફાટફૂટ તથા બહારના શત્રુઓના ફરી ફરી હુમલા થવાથી ભરતખંડની દુર્દશા ઉત્તરોઉત્તર વધવા લાગી. વચવચમાં ચન્દ્રગુપ્ત જેવા રાજાઓએ પોતાના પ્રતાપવડે બહારના શત્રુઓનું કેટલાક વખત સુધી દમનપણ કીધું. પરન્તુ અન્દરની દુર્દશા, ધર્મવિપ્લવ અને સમાજવિપ્લવ દિનબદિન ઉંડાં મૂળ ઘાલતાં ગયાં. પ્રાચિન ક્ષત્રિય રાજવંશનો વિનાશ મહાભારતના યુદ્ધથી તથા તે પછી યાદવો અંદર અંદર કપાઇ મરવાથી થઈ ચૂકયો હતો. જે કંઈ થોડા ઘણા બચ્યા હતા, તેને નન્દવંશના પ્રબળ પ્રતાપી તથા નિર્દય રાજા મહાપદ્મે પૂરા કર્યા. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કેઃ—

महानन्दि सुतश्शूद्रा गर्भोद्भवोऽति लुब्धः महापद्मोनन्दः
परशुराम इवा परोऽखिल क्षत्रान्तकारी भविता ।
ततः प्रभृति शूद्रा भूपाला भविष्यन्ति ।
सचैकच्छत्रा मनुल्लङ्घित शासनो महापद्मः पृथिवीं भोक्ष्यति ।...
मौर्याश्च पृथिवीं भोक्ष्यन्ति ।
कौटिल्यएव चंद्रगुप्तं राज्येऽभिषेक्ष्यति ।......
मगधायां विश्व स्फटिक संज्ञोऽन्यान् वर्णान् करिष्यति ।
कैवर्त्तपटुपुलिन्द ब्राह्मणान् राज्ये स्थापयिष्यति ।
उत्पाटया खिल क्षत्रजातिन्नव नागाः
पद्मावत्यां कांतीपुर्यां मथुरायां अनुगंगां प्रयागं मागधाः
गुप्ताश्च भोक्ष्यन्ति कोशलेन्द्र ताम्रलिप्तान् ।"

આથી વર્ણસંકરોનો રાજપ્રતાપ, સંકરી સૃષ્ટિનો વિશેષ પ્રચાર, જૂના ક્ષત્રિયવંશના વડવાઓના રાજ્યની સાથે તે વિશુદ્ધ ક્ષત્રિયોનું નષ્ટ ભ્રષ્ટ હોવું, તેમના કુળનો ઉચ્છેદ, સારી રીતે પ્રમાણિત થાય છે. વિશુદ્ધ ક્ષત્રિય જાતિની જેવી બુરી દશા આ કઠણ સમયમાં થઈ હતી. તેથી પણ બુરી દશા જો પુરોહિત સારસ્વત-કુલ-તિલક પૂજનીય બ્રાહ્મણ સર્વ રીતે પોતાના પ્રાણના જોખમે પણ એ સમયે તેમની રક્ષા ન કરત તો થાત. નહિ અને પરશુરામ તથા નવનાગોનો ડસેલો એક પણ વિશુદ્ધ વંશનો ક્ષત્રિય જીવતો રહેવા પામત નહિ. પુરોહિતોના બચાવેલા વિશુદ્ધ ક્ષત્રિય કુલની કુલોચિત રીતિયોનું કિંચિત પરિવર્તન, તથા ગાજાવાજા વગર ચુપચાપ વિવાહ કરવાની રીત પણ સમ્ભવ પ્રમાણે આ કઠણ સમયમાં ઉત્પન્ન થઈ. અને ભવિષ્યમાં અત્યાચારી મુસલમાન બાદશાહોના વખતમાં વિશેષ દૃઢ થઈ. રાજ્ય તથા સ્વદેશ પરહસ્તે જવાથી એ બિચારા વિશુદ્ધ ક્ષત્રિયકુળના રાજકુમાર દેશદેશાંતરમાં બુરી દુર્દશામાં, પુરોહિતોના આશ્રિત થઈ શત્રુના ભયથી પીડાયલા અહીંથી તહીં ભટકતા રહ્યા. મહાપદ્મના વખતમાં નાશી છૂટેલા ઘણા ક્ષત્રિયો જંગલ તથા પહાડોમાં પશુ પાળકની બુરી દશામાં આજના વખતમાં પણ જીવનની રક્ષા કરતા. હિમાલયના તેરીઓમાં કેવળ ક્ષત્રિયોચિતરૂપની છટાવડે પિછાની શકાય છે. એમાંના ઘણા આજ પણ

પોતાના પ્રાચીન વંશનો પરિચય વિશુદ્ધ ક્ષત્રિયોની જાતિદ્વારા આપે છે. અને આવી દુર્દશામાં આવી પડયા છતાં પણ ખેતી કરવી અથવા હળ ફેરવવો સર્વથા અયોગ્ય અને અનુચિત સમજે છે. એટલે આવી ઘોર અવનતિના કાળમાં પૂર્વકાળના વર્ણાશ્રમ ધર્મની મર્યાદાનું રહેવું કેવી રીતે સંભવિત હોય ? પૂજ્યપાદ શંકરાચાર્ય સ્વામિનો અવતાર સમયાનુસાર ન થયો હોત તો આજ સનાતન ધર્મ કર્મનું નામ પણ ભરતખંડમાં રહેત નહિ. તોપણ ગર્ભાધાનથી તે વિવાહ સુધીના સઘળા સંસ્કાર જેવી વિશુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિથી એ ક્ષત્રિયોના થતા આવે છે. એ પણ કંઈ ઓછું પ્રશંસાને પાત્ર નથી. કારણ સમય પ્રતિકુળ હતો. અધિકાંશ પ્રજા બૌદ્ધ, જૈન, વ્રાત્ય તથા વર્ણસંકર એજ કાળે થઈ. રાજપુત ક્ષત્રિય અને ખત્રીનો ભેદ પણ એજ કાળે વિવાહભેદવડે ઉત્પન્ન થયો. એવા કઠણ કાળમાં પણ વિશેષે કરી વિવાહના નિયમોની કઠિનતાનું પાલન કરી એ લોકોએ પોતાની નસલને બગડવા ન દીધી. એ કંઈ તેમનું ઓછું પરાક્રમ કહેવાય ? દિલગીરીની વાત છે કે પ્રતાપી ઇંગ્રેજોના આ શાન્તિમય રાજ્યમાં હવે ક્રમશઃ નસલ બગડવાનો એ ક્ષત્રિયોમાં સ્વતઃ ચાલ પડી ગયો છે.

અસ્તુ ! સમય તથા રાજ્યના ફેરફારવડે સમાજના સ્વરૂપમાં પણ ક્રમશઃ કંઈ વિશેષ રૂપે ફેરફાર ત્વરિત ગતિથી થવા લાગ્યો. સમાજનું બન્ધન પહેલાં કરતાં વિશેષ શિથિલ થયું. ગુણવડે સારસ્વતોની ઊત્તમતાનો રિવાજ બદલી આ વખત કેવળ કુળની રક્ષા તથા વિવાહાદિમાં કરતૂત બતાવવા પરજ આવી લાગ્યો.

"ગુણામાત્રેऽપિતદ્વંશ્યાઃ કુલીનાઃ ક્રુરયતઃ પરમ્ ॥"

એ પ્રકારનાં વચનોનો આશ્રય લઈ ઉત્તમ કુલિન કુળના ગુણહીત બ્રાહ્મણ પણ ફક્ત પોતાના ઉત્તમ કુળના માહાત્મ્યવડેજ પૂજાવા તથા સર્વોત્તમ ગણાવા લાગ્યા. છેલ્લે છેલ્લે સર્વોત્તમ આઢયકુળની કુલીનતાના રક્ષણનો સંબંધ ફક્ત કન્યાના વિવાહ સંબંધમાં સુદઢ થયો. શાસ્ત્રમાં લખેલું જણાય છે કેઃ—

कुलं कन्यागतं प्रोक्तं, कन्या कुलमयी मता ।
तद्दा दान प्रदानाभ्यां कुलं ह्रसति वर्द्धते ।"

યથાર્થ રીતે કુલ કન્યાગતજ છે. એથી કન્યા કુલમયીજ છે. એટલે

કન્યાના લેવા દેવા ઉપરથી કુળના ઉંચા નીચાપણાનો ખ્યાલ બંધાય છે. અર્થાત્ ઉત્તમ આઢ્યકુળની કન્યા નીચા કુળમાં જાય તો કુળનો બગાડ થશે. તેમજ નીચા કુળની કન્યા સર્વોત્તમ આઢ્ય કુળમાં આદરાવવામાં આવે તોપણ ભવિષ્યમાં તે આઢ્યકુળની કુલીનતાને બટ્ટો લાગશે. જે વખત કેવળ કન્યાના આ વિવાહ સંબંધ વડેજ આઢ્યકુળની કુલીનતાનો સુધરવા યા બગડવાનો સંભવ મનાતો એજ વખતથી ઉત્તમ કુળવાનોમાં છોકરૂં ગર્ભમાં હોય ત્યારથીજ સગપણ કરી લેવાનો નઠારો ચાલ શરૂ થયો. અને:—

"प्रसूति मात्रे कन्यायाः वाग्दानं कुल लक्षणम् ।"

કન્યા જન્મતાંજ સંબંધ પક્કો કરી લેવો એ આઢ્ય કુળનું એક સર્વોત્તમ લક્ષણ છે. એમ લોકો માનવા લાગ્યા. આનંદની વાત છે કે સમયના ફેર વડે બચ્ચું પેટમાંજ હોય ત્યારથીજ તેનું વાગ્દાન અને વિવાહ સંબંધમાં હદ બહારની ઉતાવળ કરવાનો રિવાજ લગભગ નાશ પામતો જાય છે. આજના વખતમાં એ ચાલ સર્વ સાધારણ કુલીન સારસ્વતોની રૂચિથી વિરૂદ્ધ દેખાય છે. જે ખાનદાનોમાં મૂર્ખ સ્ત્રીઓનું એકહથ્થુ ચલણ છે. ત્યાંજ માત્ર એવો સંબંધ આજના સમયમાં દૃશ્યમાન થાય છે. આઠ વર્ષથી તે દશ વર્ષ સુધીની કે બાર વર્ષ સુધીની કન્યાનો વિવાહ અવશ્ય કરવો. એવી આજ્ઞા ધર્મશાસ્ત્રોમાં જોવામાં આવે છે. પણ ગર્ભસ્થ કન્યાનું વાગ્દાન અથવા કહેલી અવસ્થા કરતાં ન્હાની ઉમ્મરની બાળાઓનું સંપ્રદાન કરવા શાસ્ત્રો સર્વથા અનુમોદન આપતાં નથી. ભરતખંડમાં ત્રણથી તે પાંચ વર્ષ સુધીનાં બાળકોની મૃત્યુ સંખ્યા પણ અધિક થાય છે. એથી ગર્ભસ્થ કન્યાનું વાગ્દાન કરતાં ૪-૫ વરસની અવસ્થાની અંદર ઇશ્વરેચ્છાએ બાળક વરનું મૃત્યુ થયું તો દૂધ પીતી કન્યા પુનર્ભૂ દોષવડે દુષિત બને છે. બીજું એવા સંબંધમાં વરકન્યાની ઉમ્મર પણ લગભગ સરખી હોય છે. એ પણ એક મોટો દોષ છે. જ્યાં લગણ આ બદીનો નાશ થાય, ત્યાં લગણ પ્રયત્ન કરવો, એ ગૃહસ્થ માત્રનું કર્તવ્ય છે. કારણ શાસ્ત્રોમાં લખ્યું છે કે:—

"अन्य पूर्वा गर्भजाता धनक्रीता रजस्वला ।
रोगिणि दौष्कुले याचकन्याः पञ्चकुलाधमाः ।"

પુનર્ભૂની કન્યા, ધન આપી લીધેલી, રજસ્વલા, રોગિષ્ટ તથા અધમ કુળની કન્યા સૌથી નેષ્ટ તથા કુળને બગાડનારી લખી છે. કુળના નીચા-ઉંચા થવાનો વિવાહ સંબંધ સાથે અતલગનો તાલુકો છે. બલ્કે આજના

વખતમાં તો ઉત્તમ કુળની પરીક્ષાનો તો માત્ર એકજ ઉપાય બાકી રહેલો જોવામાં આવે છે. સર્વોતમ આઢ્ય કુળના કુલીનોથી શરૂ કરી નીચી શ્રેણીના બ્રાહ્મણો સુધી ક્રમશઃ ઉંચી નીચી શ્રેણીનું પરિજ્ઞાન કન્યાની લેવડ દેવડ સંબંધના જ્ઞાન ઉપરથીજ આજના સમયમાં થાય છે. સાત પેઢીએ આઢ્ય કુલીન તેજ કહેવાય કે જેના કુળમાં મ્હોટા પુત્રનો વિવાહ આગલી પાંચ વા સાત પેઢી સુધી હલકા કુળની કન્યા સાથે થયો ન હોય. પણ આઢ્ય કુળની કન્યા સાથેજ થયો હોય. તે સિવાય જે કુળ યા જથ્થાના બ્રાહ્મણ પોતાની ઉંચી શ્રેણીમાં કન્યાદાન કરી શકે છે, તેઓને તેવી શ્રેણીના કુળની કન્યા મળી શકતી નથી. તો તેઓ સરખામણીમાં નીચી શ્રેણીના મનાય છે. પરસ્પર કન્યા આપ લે થાય છે, તેજ સમાન શ્રેણીના ગણાય છે. જો કે સનાતનથી આ રીત ચાલી આવે છે. પરન્તુ દિલગીરીની વાત છે કે અત્રે મૂર્ખતાનો અધિકાર વૃદ્ધિ પામવાના કારણસર આપસ આપસમાં ફાટફૂટ, ઈર્ષ્યા, દ્વેષ અથવા નર્યા અહંકારની અયોગ્ય મગરૂબી તથા અત્યાચારના કારણથી સનાતન કુલીનતાની મર્યાદાનો આજના વખતમાં સંપૂર્ણ રીતે તિરસ્કાર કરી વિવાહ સંબંધી એક જુદીજ વિચિત્ર પ્રથા ચાલુ થઇ છે. આ પ્રથાને ચાલુ થયે હજુ ઘણો વિશેષ સમય થયો નથી. એથી પુરાણી નાતેદારીનાં ચિહ્ન તથા પુરાણી સટીક હાલત જાણનારાની મુખ જુબાની તથા પુસ્તકોમાં લખેલાં પ્રમાણથી પણ સારસ્વતોની ઉંચી નીચી શ્રેણી, તથા અંતરંગ શ્રેણી વિભાગનો ક્રમ જાણવામાં કંઈ મુશ્કેલી પડતી નથી. તોપણ ભવિષ્યમાં આ નવા રિવાજનું પરિણામ ઉત્તમ આવશે, એમ જણાતું નથી. ટૂંક દૃષ્ટિવાળા લોકોના પરસ્પર કુસંપને લીધે ઉત્પન્ન થએલ અયોગ્ય વિવાહ સંબંધ તથા સગોત્રી પરિણયનો અનર્થકારી આ ચાલ ફેલાશે તો સંભવ છે કે જલદીથી પોતાનું સંહારક રૂપ બતાવશે. સમયપર ચૈતન્યોદયના અભાવે અગ્રજન્મા સારસ્વતોની ભવિષ્યની દશા દરેક વિચારવંતને બહુજ શોચનીય દૃષ્ટિગોચર થાય છે. બહુ બહુ કઠણ સમયમાં જે નહોતી બગડી તે નસલ હાલે બગડવાના દિવસો સામે આવેલા દેખાય છે.

જો કે પંજાબમાં પણ સારસ્વતોનો નિવાસ અધિક છે, તોપણ પ્રતાપી ક્ષત્રિય રાજકુલોની રાજધાની મથુરા, પ્રયાગ, કાશી, ઇંદ્રપ્રસ્થ વગેરે ભારતવર્ષના સુપ્રસિદ્ધ મહાન નગરોમાં પણ ઘણા વખતથી સારસ્વતો વસે છે. એ ઠેકાણા સિવાય ઇતિહાસમાં એવો પતો મળે છે કે ઇંગ્રેજી ઇસ્વીસનની સાતમી સદીથી શરૂ કરતાં મુસલમાનોનો અધિકાર થયો ત્યાંસુધી,

યથાર્થે ક્ષત્રિય રાજકુળની દુર્દશા, બૌદ્ધ ધર્મનો અભ્યુદય, આતતાયી નવીન નીચ કુળના રાજાઓના ઉપરા ઉપરી યુદ્ધ તથા અરાજકતાના વિષમ સમયમાં પંજાબના સારસ્વત બ્રાહ્મણોના ઘણા ખરા પોતાની જન્મભૂમિથી નાશી જઈ બીજા છેટેના પ્રદેશોમાં અથવા રજપૂતસ્થાનમાં અથવા સિન્ધ મધ્યે આવેલાં જંગલોમાં જઇ વસ્યા. પરન્તુ કેટલાક વીરત્વવાળા બ્રાહ્મણોએ અગ્રેસર થઈ લડતાં લડતાં કાબુલ લગણ પોતાની સત્તા જમાવી. રાજા બનાર એ માંહેલો એક હતો. તેના નામ પરથી કાબુલ પ્રાન્તમાં બનાર પ્રદેશ વસ્યો. સિંધમાં પણ સારસ્વતોનો વિશેષ નિવાસ એજ વખતથી થયો છે. એ વખતથી એ બ્રાહ્મણોએ સર કરેલા પ્રાન્તની રાજધાની "ઉહન્દ" હતી, એમ અનુમાન થાય છે. સિંધનો બ્રાહ્મણ 'ચચ' હતો. પણ મુસલમાનોના રાજ્ય પછી તો પંજાબ પ્રાન્તના સારસ્વતોને વિશેષ દુઃખ ખમવું પડયું. એ સમયે પણ ભયથી નાશી છૂટેલા ઘણા સારસ્વતો દૂર દેશોમાં જઈ વસ્યા. તેમાંથી કેટલાક તો રાજ્યની વ્યવસ્થા તથા શાંતિ સ્થાપન થયા પછી ફરીથી સ્વર્ગથી પણ શ્રેષ્ઠ પોતાની જન્મભૂમિમાં આવી વસ્યા. અને કેટલાક દૂર દેશમાંજ રહી ગયા. વિદેશમાં રહી જે બ્રાહ્મણોએ વિવાહ સંબંધ સ્વદેશીઓ સાથે પોતાના સમાજમાં બરાબર રીતે રાખ્યો, તેમની તો સ્વતંત્ર મંડળી બનવા ન પામી. પણ વિદેશમાં વસી જે સારસ્વતોએ સ્વદેશ તથા સ્વજાતિ સાથે સંબંધ છોડી વિદેશમાંજ વિવાહ સંબંધ કરી લીધો તેમની ક્રમશઃ સ્વતંત્ર મંડળી બનતી ગઈ. ઘણાખરા વર્ણસંકરતાની વૃદ્ધિથી પણ નષ્ટ ભ્રષ્ટ થયા.

લાહોર પણ પંજાબ પ્રદેશની પ્રાચીન રાજધાની છે. કહેવામાં આવે છે કે શ્રી રામચંદ્રજીના પુત્ર લવના નામ ઉપરથી એનું વિશુદ્ધ નામ "લવપુર" હતું. અપભ્રંશ થઈ તેનું લાહોર નામ થયું. સારસ્વતોમાં લાહોરના નિવાસી આઢ્ય કુળના સારસ્વતો પણ " ઢાઇઘિર લાહોરિયા " કહેવાયા. એજ પ્રમાણે મુલતાનના મુલતાની, પિશોરના પિશોરિયા, ગુજરાતના ગુજરાતી, પહાડના પહાડી અને દ્વિગર્ત દેશના રહેવાશી સારસ્વત "ડોગરે" વગેરે નામથી પ્રસિદ્ધ થયા. તાત્પર્ય કે જે પ્રદેશમાં જેઓ જઈ વસ્યા તે પ્રદેશના નામ ઉપરથી તે જથ્થાનું તેવું નામ પડયું. એ પ્રકારના અનેક માંહોમાંહેના પેટા ભેદ એ સારસ્વતોમાં છે. સારસ્વત પંચનદ પ્રદેશની સુપ્રસિદ્ધ રાજધાનીના રહેનાર બ્રાહ્મણોના વિષયમાં સૌથી પહેલાં લખી ક્રમશઃ બીજાઓના સંબંધમાં યથાસાધ્ય લખવાની ઇચ્છા છે.

સર્વોત્તમ "પઞ્ચ જાતિ" સારસ્વતોનું વિવરણ.

લવપુરના સારસ્વત આઢય કુલીનો (લાહોરિયા ઢાઇઘિર બ્રાહ્મણો)ની એ પંચજાતિ સૌથી પ્રાચીન તથા એ પ્રાન્તના રહેવાસી તમામ સારસ્વતોની જ્ઞાતિ તરફથી સર્વમાન્ય તથા બધાની સંમતિથી સર્વોત્તમ ગણાતી આવી છે. ગોત્રપ્રવર્ત્તક મુખ્ય પરમર્ષિની સૌથી પ્રથમ સંગઠિત પંચ જાતિઓના, આઢય કુલના કુલીનો અને તેમના સંતાનોથી વિભૂષિત હોવાના સબબસરજ એ બ્રાહ્મણો, પ્રાકૃત ભાષામાં પણ "ઢાઇઘિર" કહેવાયા. કુલનો પર્યાય પણ દેશી ભાષામાં ઘર યા ઘરાનાના નામથી પ્રસિદ્ધ છે. એ પ્રકારે આઢયનો અપભ્રંશ થઈ અઢાઈ વા ઢાઈ શબ્દ બન્યો છે. ય તથા ઇનો બદલો ઘણું કરીને અપભ્રંશમાં થાય છે. એને સારી પેઠે સમજ્યા વગર, નાતના મૂર્ખ ચોધરીઓએ મન કલ્પિત ઢાઇઘરના બે અને અરધો મળી અઢી થાય એવો અર્થ કરેલો છે. આવા ભ્રાંતિમૂલક મતના વિશેષ પ્રચાર વડે આ વખતે લોકોની બુદ્ધિ ખરા તત્ત્વને ગ્રહણ કરતી નથી. આ સર્વોત્તમ પંચજાતિના બ્રાહ્મણોની સંજ્ઞા પણ અપભ્રંશ થઈ બગડી એવી થઈ ગઈ છે કે આ વખતે તેનો બોધ સહજ થઇ શકતો નથી. 'કુમડિયા' 'જૈતલી' 'ઝિંગણ' 'તિખે' તથા 'મોહલે' એ પંચજાતિના એટલે પાંચ કુલના બ્રાહ્મણો વડે ચાલતા સમયમાં કહેલી પાંચ જાતિ સંગ્રહિત થએલી દેખાય છે. પરન્તુ લગભગ બસેં વરસ પહેલાં એ પંચજાતિમાં "મોહલે"ની ગણના નહોતી. ઉપમન્યુ ગોત્રજ "પમ્બૂ" કોઈ વિશેષ પંચાયતી ઝગડાના સબબથી જે વખતે પંચજાતિથી બહાર મૂકવામાં આવ્યા તે સમયથી "મોહલે" ને પંચજાતિમાં મેળવ્યા હોય એવું જણાય છે આ બનાવને લગભગ બસેં વરસ થયાં છે. દિલગીરીની વાત છે કે લિખિત પ્રમાણના સર્વથા અભાવને લીધે આ વખતે વાસ્તવિક નથી જણાતું કે કયા મોટા અપરાધને લીધે "પમ્બૂ"ઓને એવી ભારે સજા થઈ છે. યજમાનવૃત્તિ પણ એ વખતથી પમ્બૂઓ પાસેથી છીનવી લેવામાં આવી. આ જાતીય ઘોર અપમાનથી શરમીંદા થઈ દાઝેલા અંતઃકરણવાળા "પમ્બૂઓએ" યજમાનવૃત્તિ હસ્તગત કરવાની કે ફરીથી પંચજાતિમાં ભેળાવાની પુનરપિ કંઇપણ કોશીશ કરી નહિ.

"કુમડિયા" બ્રાહ્મણ સુવિખ્યાત પરમર્ષિ ભૃગુજીના વિશાળ વંશમાંના, પરમ તેજસ્વી જામદગ્ન્ય કુળની મુખ્ય શાખામાંના છે. પરમર્ષિ ભૃગુજીના ઉત્પત્તિના વિષયમાં કુલ્લૂક ભટ્ટકૃત શ્રુતિપ્રમાણ આ પ્રમાણે છે.

"तस्ययद्रे तसः प्रथमं देदीप्यते तदसावादित्योऽभवत् ।

यद्द्वितीय मासीद् भृगुरिति"

નિરતિશય જગત્કારણ રૂપ જે અગ્નિ તેના વીર્યથી પ્રથમ સૂરજની ઉત્પત્તિ થઈ. બીજીવાર તેજ અપૂર્વ અગ્નિ તેજના સ્ખલિત થવાથી ભૃગુઋષિની ઉત્પત્તિ થઈ. કુલ્લૂક એની વ્યાખ્યામાં લખે છે કે:—

"अतएव भ्रष्टाद्रेतन उत्पन्नत्वाद् भृगुः ।"

નિરુક્તમાં પણ લખ્યું છે કે:—

"अर्चिषि भृगुः सम्बभूव भृगुर्भृज्यमानो न देहे ।"

ભૃગુ અગ્નિ જવાળાથી પેદા થયા. પણ તે અગ્નિથી એમનું શરીર દાઝયું નહિ. આ વિષયમાં મહાભારતના અનુશાસન પર્વમાં પણ વિસ્તારથી લખ્યું છે કે:—

'देवपत्न्यश्च कन्याश्च देवानाञ्चैव मातरः ।

आजग्मुः सहितास्तत्र तदा भगुकुलोद्भव ।

यज्ञ पशुपतेः प्रीता वरुणस्य महात्मनः ।

स्वयम्भुवस्तु तादृष्ट्वारेतः समपतद्भुवि ।......

स्कन्नमात्रं च तच्छुक्रं श्रुवेण परिगृह्य सः ।

आज्यवद् मंत्रतश्चापि सोऽजुहोद् भृगुनन्दन ।

शुक्रेहुतेऽग्नौ तस्मिंस्तु.........

सहज्वाला भिरुत्पन्नो भृगुस्त स्माद् भृगु स्मृतः ।"

આ માન્ય પ્રમાણોથી સિદ્ધ થાય છે કે પરમર્ષિ ભૃગુજી અગ્નિથી ઉઉત્પન્ન થયા હતા. એ સબબથી એ વંશમાં અવતારી શ્રી જામદગ્ન્ય પરશુરામજી પણ "અગ્નિવંશીય" રામ નામથી પ્રસિદ્ધ હતા. અગ્નિ કુમાર રૂદ્રાત્મજ કાર્તિકસ્વામિ હંમેશથી એ ભૃગુકુળના પરમ ઇષ્ટ એક માત્ર ઉપાસ્ય કુળદેવ છે. વૈદિક સમયની શિવોપાસનામાં શિવની સર્વથી પ્રથમ પૂ-

જનીય મૂર્તિ પણ અગ્નિજ છે. અગ્નિ સાક્ષાત્ શિવસ્વરૂપ છે. અગ્નિપુત્ર કુમાર, બ્રાહ્મણ હિતૈષી, પુત્રપ્રદ અને ભૃગુકુળના પરમ ઇષ્ટ કુલ પૂજ્યદેવતા છે. જ્યાં જ્યાં શ્રી કુમારનું વર્ણન પુરાણ વગેરે ગ્રંથોમાં આવે છે. ત્યાં ત્યાં:-

"भार्गवाणां हितेरतः" "ब्राह्मणप्रियः अने योगीनामीश्वरन्देवम्"

વગેરે એનાં વિશેષણોથી ખુલ્લી રીતે બ્રાહ્મણોના ભૃગુકુળ સાથે એનો અતલગનો સંબંધ પ્રદર્શિત થાય છે. યજુર્વેદમાંઃ—

"यदक्रन्दः प्रथमं जायमानः............"

ઇત્યાદિ એ મંત્ર પણ કુમારની પૂજામાં યોજાય છે. એ મંત્રના ઋષિ પણ ભાર્ગવ જામદગ્ન્ય છે. દેવસેનાપતિ શ્રી કુમાર એટલે કાર્તિક સ્વામિની ઉપાસના કરવામાં સંસ્કૃત દેવવાણીમાં " કુમારીય " અથવા કુમારોપાસક તરીકે વિખ્યાત છે. પંજાબની પ્રાકૃત ભાષામાં र ને ઘણું કરી ड કહે છે. એટલે દેશ ભાષામાં વિકૃતિ પામી કુમારીય શબ્દજ ' કુમડિયા ' બોલાય છે. આ કુમાડિયા સારસ્વત માત્રના કુલ દેવતા પરમ પૂજ્ય ઇષ્ટ શ્રી ૧૦૮ " શ્રી જય જય કુમાર " કાર્તિકસ્વામિ છે. એની ઉપાસના કરવાના કારણસરજ એ બ્રાહ્મણો કુમારિય અથવા કુમડિયા કહેવાય છે. જ્ઞાનપ્રદ પરમ તેજસ્વી શ્રી કાર્તિકસ્વામિએ શિવને પણ એક વખત પ્રણવના અર્થનો ઉપદેશ કર્યો હતો. એની અતુલ્ય શક્તિ તથા જ્ઞાનનું એથી વધારે ચઢીઆતું બીજું શું પ્રમાણ જોઇએ ?

આગળ કહેવામાં આવ્યું છે કે પ્રજાપતિ કલ્પની આદિમાં કેવળ એકજવાર અવતાર લે છે. પણ દરેક મન્વન્તરના સૃષ્ટિક્રમમાં પ્રજાપતિ વંશજ સપ્તર્ષિ ભિન્ન ભિન્ન દૃષ્ટિગોચર થાય છે. વર્ત્તમાન વૈવસ્વત મન્વન્તરમાં—

"अत्रिश्चैव वशिष्ठश्च कश्यपो गौतमस्तथा ।
भरद्वाजस्तथा योगी विश्वामित्रः प्रतापवान् ।
जमदग्निश्च सप्तैते साम्प्रतं ये महर्षयः ।
कृत्वा धर्म्म व्यवस्थानं प्रयान्ति परम् पदम् ॥"

અત્રિ, વસિષ્ઠ, કશ્યપ, ગૌતમ ભરદ્વાજ, વિશ્વામિત્ર અને જમદગ્નિ એ સાત ઋષિ થયા. એ સપ્તર્ષિઓના ગોત્રજ બ્રાહ્મણ પણ એ મન્વન્તરમાં વિશેષરૂપે વિદ્યમાન છે. ગોત્ર પ્રવર નિર્દેશક શાસ્ત્રોમાંઃ—

"भृगूणामेवाग्रे व्याख्या स्याम: ।"

ભૃગુવંશ સંબંધી સૌથી પહેલો ઉલ્લેખ માલૂમ પડે છે. અને ભૃગુવંશના વર્ણનમાં પણ શરૂઆતમાં જામદગ્ન્ય 'વત્સ' ગોત્રના પ્રવરો બાબે ઉલ્લેખ છે. ગોત્રથી વંશની ઓળખાણ, અને પ્રવેશથી એ કુળમાં ઉત્પન્ન થએલા 'મંત્રદષ્ટા,' તેજસ્વી, વંશપ્રવર્તક. શ્રેષ્ઠ ઋષિઓના નામનું જ્ઞાન થાય છે. કહેલી સર્વોત્તમ "પંચજાતિ" દરમિયાન એ કુમારીય અથવા કુમડીયાનું ગોત્ર ભાર્ગવ જામદગ્ન્ય "વત્સ" અથવા 'વત્સસ' છે. એ વત્સ ગોત્રના પાંચ પ્રવર સુવિખ્યાત છે. શાસ્ત્રમાં:—

"सकारेणतु वक्तव्यं गोत्रं सर्व धीमता ।" म० पु०

"अत्रि सगोत्रानित्याद्युच्चार इति" हेमाद्रिः ।

ગોત્રનો સકારાન્ત ઉચ્ચારણ કરવાનો વિધિ છે. એથી 'વત્સ' ને 'વત્સસ' પણ લખવામાં આવે છે. મહર્ષિ બૌધાયન એના "ભાર્ગવ, ચ્યવન, આપ્નવાન, ઔર્વ અને જામદગ્ન્ય, એમ પાંચ પ્રવર લખી ગએલ છે. હિરણ્ય કેશી અથવા આશ્વલાયનના મતે એના પાંચ અથવા-વખતે ત્રણ પ્રવર પણ મનાય છે. ત્રણ પ્રવર માનવાથી 'ભાર્ગવ, ઔર્વ જામદગ્ન્ય' અથવા "ભાર્ગવ ચ્યવન આપ્નવાન પણ એના પ્રવર છે."

સારસ્વત પંચજાતીય કુમડીઆના વંશપ્રવર્તક આદિ પુરૂષ પરમર્ષિ શ્રેષ્ઠ ભૃગુજીની કીર્તિ કલ્લોલિનીનો પયઃપ્રવાહ સંસારમાં અકથનીય છે. અથવા સર્વોચ્ચ છે! એથી એનો ફરીથી ઉલ્લેખ કરવાની અત્રે શું જરૂર છે? મહર્ષિ ચ્યવનની ત્રિકાલજ્ઞતાનો પરિચય તો મળીજ ચૂકયો છે. પરન્તુ એમના તપોબળ વડે અશ્વિનીકુમારોને યજ્ઞનો ભાગ કેવી રીતે મળી શકયો હતો, એ પ્રસંગનું બ્યાન આ ઠેકાણે કર્યા વગર કલમ આગળ ચાલી શકતી નથી. વૈદ્યોમાં અગ્રેસર એવા અશ્વિનીકુમારોના બનાવેલા પરોપકારી ઘીનું પ્રાશન કરી મહર્ષિ ચ્યવન ફરીથી યુવાન બન્યા હતા. એ ઘીનું નામ એ વખતથી 'ચ્યવનપ્રાશ' પ્રસિદ્ધ થયું. તેના બદલામાં ચ્યવન ઋષિએ ઇંદ્રાદિ દેવતાઓ સાથે લડી તથા ઝગડા કરી પોતાના અપૂર્વ તપઃપ્રભાવ તથા મંત્રબળથી ઇંદ્રનો પરાભવ કરી અશ્વિનીકુમારોને કેવી રીતે યજ્ઞનો ભાગ અપાવ્યો છે. તેનું વર્ણન મહાભારતના અનુશાસન પર્વમાં આ પ્રમાણે છે.

"अश्विनोः प्रति संश्रुत्य च्यवनः पाकशासनम्।
प्रोवाच सहितो देवैः सोमपावश्विनौ कुरु।
इन्द्रउवाच। अस्माभिर्निन्दिता वेतौ भवेतां सोमपौकथम्?
देवैर्न सम्मिता वेतौ तस्मात् मैवं वदस्वनः।
अश्विभ्यां सहनेच्छामः सोमं पातुं महाव्रत।
यदन्यद् वक्ष्यसेविप्र तत्करिष्यामते वचः।
च्यवनउवाच। पिबेतामश्विनौ सोमं भवाद्भिः सहितावुभौ।
उभावेतावपि सुरौ सूर्य्य पुत्रौ सुरेश्वर।
क्रियताम्मद्वचो देवा यथावसमुदा हृतम्।
एतद्वः कुर्वतांश्रेयो भवेन्नैतद कुर्वताम्।
इन्द्रउवाच। अश्विभ्यां सह सोमं वैनपास्यामि द्विजोत्तम।
पिबन्त्वन्ये यथाकामं नाहं पातुमिहोत्सहे।
च्यवनउवाच। नचेत्करिष्यसि वचोमयोक्तं बलसूदन।
मया प्रमथितः मद्यः सोमं पास्यसि वैमखे।
वायुरुवाच। ततः कर्म्म समारब्धं हिताय सहसाऽश्विनो
च्यवनेन ततो मन्त्रैरभि भूताः सुराऽभवन्।
तत्तुकर्म्म समारब्धं दृष्ट्वेन्द्रः क्रोधमूर्च्छितः।
उद्यम्य विपुलशैलं च्यवनं समुपाद्रवत्।
तथा वज्रेण भगवान् अमर्षाकुल लोचनः।
तमापतन्तन्दृष्ट्वैव च्यवन स्तपसान्वितः।
अद्भिः सिक्त्वाऽस्तम्भ यत्तं सवज्रं सहपर्वतम्।
अथेन्द्रस्य महाघोरं साऽसृजच्छत्रुमेवहि।'...
ते सम्मन्त्रा ततो देवा मदस्यास्य समीपगाः।
अब्रुवं सहिताः शक्रं प्रणमास्मै द्विजातये।
अश्विभ्यां सहसोमञ्च पिबाम विगत ज्वराः।

ततः स प्रणतः शक्रश्चकार च्यवन स्यतत् ।
च्यवनः कृतवाने तावश्विनौ सोमपायिनौ ॥"

અશ્વિનીકુમારો સાથે યજ્ઞભાગાદિ લાવી આપવાને પ્રતિજ્ઞા કરી મહર્ષિ ચ્યવને ઇંદ્ર પાસે જઇને કહ્યું કે " સઘળા દેવો સહિત યજ્ઞમાં હવેથી અ. શ્વિનીકુમારોને પણ સોમપાન કરાવવું! ઇંદ્રે કહ્યું " તે અમારી બરાબર પણ નથી, વળી દેવતાઓ પણ એ બાબતમાં સમ્મતિ આપનાર નથી. માટે આપ આ ગેરવાજબીપણુનો ત્યાગ કરી બીજો જે કંઈ હુકમ ફરમાવશો તે બજાવવાને માટે તૈયાર છું. પણ અશ્વિનીકુમારો સાથે હું કદીપણ સોમ પાન કરીશ નહિ. " ચ્યવને ઉત્તર આપ્યું. " એ પણ સૂર્યના પુત્ર છે તથા દેવતા છે. મારી આ વાત તમારે માન્ય કરવી પડશે। એમાં તમારૂં કલ્યાણ છે. એથી વિરૂદ્ધ વર્ત્તનમાં તમારૂં કલ્યાણ નથી. " છતાં ઇંદ્રે એ વાત માન્ય કરી નહિ. અને ઉત્તર તથા પ્રત્યુત્તરવડે વાત એટલે સુધી વધી ગઇ કે મદોન્મત ઇંદ્ર વજ્ર સહિત પર્વત હાથમાં લઇ ક્રોધાન્વિત થઈ ચ્યવનઋષિને મારવા દોડયો. એવી રીતે ઇંદ્રને આવતો જોઈ થોડુંક પાણી લઈ તેને મંત્રી તપસ્વી ચ્યવને જેવું ઇંદ્રને છાંટયું કે તેની સાથેજ ઇંદ્ર દેવતા સ્તંભિત થઈ કાષ્ટની પૂતળીની મિસાલે નિશ્ચલ તથા અકર્મણ્ય થઈ જવાંના ત્યાં સ્થિર થઈ ઉભા રહ્યા. ત્યારે ભયભિત થયલા સઘળા દેવો પોતપોતામાં ગોઠવણ કરી મહર્ષિ ચ્યવનને શરણે જઇ બોલ્યા. " ઇંદ્ર સહિત અમે સઘળા તમને પ્રણામ કરીએ છીએ. અને તમારી આજ્ઞા પાળવાને તૈયાર છીએ. સાથે અશ્વિનીકુમારો જોડે સોમપાન કરવાને પણ તૈયાર છીએ. એ પ્રકારે ઇંદ્રે નમન પૂર્વક ચ્યવન ઋષિની આજ્ઞા શિરસાવંદ્ય કરવાથી ચ્યવન ઋષિના મહિમા અને તપના પ્રભાવથી તે રોજથી અશ્વિનીકુમારો પણ દેવતાઓની સાથે સોમપાન પૂર્વક યજ્ઞભાગના અધિકારી બન્યા.

મહર્ષિ આપ્નવાનના નામની વ્યુત્પત્તિજ તેમના સદ્દગુણ તથા સત્કર્મોનું ઓળખાણ આપનારી છે.

"अप्नसा कर्मणाप्नवानं गतिः सद्गतिरस्य ।'

અર્થાત્ પોતાના સત્કર્મોથીજ જેની સદ્દગતિ થઇ. ઋગ્વેદમાં તેના મંત્રોમાં બહુધા મહર્ષિ આપ્નવાનનું નામ આવે છે. જેમકેઃ—

"यमप्नवानो भृगवो विरुरुचुः ।" ऋ ४०७—१ ।

और्व भृगुवदप्नुवान् अच्छाहुवे अग्निं समुद्रसम् ।" ऋ० ८० १०२ ।

ત્યારબાદ મહા તેજસ્વી ઔર્વનો પરિચય તો આપણે આગળ જાણી-જ ચૂક્યા છીએ. અત્રે તેના સંબંધની કેવળ એકજ વાત ખાસ કરી યાદ રાખવા લાયક તથા લખી રાખવા યોગ્ય છે કે " **आग्नेयास्त्र** " એટલે બંદુક વા તોપ તથા દારૂની સૃષ્ટિ ઔર્વ ઋષિએ કરી હતી. જામદગ્ન્ય પરશુરામ કીર્તિબળ વડેજ સાત ચિરંજીવમાં ગણાય છે. એથી કરી આ ન્હાની ચોપડીમાં તેમના સઘળા ગુણોનો સમાવેશ અસંભવિત છે.

કુમડિયા સારસ્વતોનો વેદ શુક્લ યજુર્વેદ, શાખા માધ્યન્દિની આદિ, ઉપવેદ, ધનુર્વેદ, સૂત્ર ગત્યાયન આદિ, દેશ સારસ્વત, નદી સરસ્વતી, વૃક્ષ વિલ્વ, કુલેશ ' બાબા જય જય કુમાર ' શ્રી પૂજ્ય કાર્તિકેયજી, ઔશનસ તીર્થ પૃથૂદકમાં શ્રી કુમાર કાર્ત્તિકેય કુલદેવતાની જે ધ્યાનની મૂર્ત્તિ છે. તેની ઉપાસના જામદગ્ન્ય ભાર્ગવ શ્રેષ્ઠ, વત્સ ગોત્રોદ્‌ભવ કુમારીય (કુમડિયા) વંશના યજમાન પહેલાં લગભગ સઘળા કુલીન રાજવંશના ક્ષત્રિય હતા. શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે કે:—

भृगुणां क्षत्रिया याज्या नित्यमे तज्जनाधिप ।" મ૦ મા૦ અ૦ ૫૦

પણ આ સમયે શેઠ તથા કક્કડ એ બેજ કુળ કેવળ રહી ગયા છે. સંસ્કૃત શ્રેષ્ઠ શબ્દનો અપભ્રંશ થઈ કહેલ શેઠ શબ્દ બન્યો છે. કૂર્મ પુરાણના ૨૨મા અધ્યાયમાં ચંદ્રવંશના વર્ણનમાં પ્રતાપી રાજા નહુષની સંતતિ પરંપરા બતાવી લખ્યું છે કે:—

"यदोरप्य भवन् पुत्राः पश्चदेव सुतोपमाः ।
सहस्त्रजित्तथा श्रेष्ठः क्रोष्टुर्नीलोजिनो रघुः"

રાજા યદુના પાંચ પુત્રોનાં નામ સહસ્ત્રજિત, ક્રોષ્ટુ, નીલ, જિન તથા રઘુ છે. શ્રેષ્ઠ અત્રે સાધારણ રીતે એમનું વિશેષણ છે. કારણકે 'શ્રેષ્ઠ' શબ્દ એ વંશોમાં ઉપાધિ અથવા તો જાતિવાચકજ છે. એથી એ અધ્યાયમાં શરૂઆતમાંજ" **दक्षिणा परयोराजा यदुं श्रेष्ठंन्ययोजयत्** "સ્પષ્ટ લખેલું જોવામાં આવે છે. દક્ષિણ તથા પશ્ચિમનું રાજ્ય યદુશ્રેષ્ઠને આપ્યું. અહિં બાપનું ન માનવા છતાં પણ શ્રેષ્ઠ કુલના કારણસર યદુને પણ શ્રેષ્ઠ લખવો પડયો છે. આ વિશેષણ ગુણોની શ્રેષ્ઠતાવડે હોત તો આજ્ઞાંકિત પુત્ર પુરૂ પણ કહેલા શ્રેષ્ઠપદ વાચ્ય હતો. મ્હોટા પુત્રનો ધર્મ પ્રમાણે રાજ્યનો અધિકાર છતાં સામ્રાજ્યના સર્વપ્રધાન રાજ્યસિંહાસન પર બાપે યદુનો રાજ્યાભિષેક ન કર્યો. અને એવી રીતે તેને અભિશાપિત કર્યો હતો. આજ્ઞા

ભંગના દોષથી જ્યેષ્ઠ પુત્ર યદુની, ગુણવડે શ્રેષ્ઠતાતો કદાપિ સંભવિત નહોતી હરિવંશના ૩૦મા અધ્યાયમાં પણ:—

"दिशि पूर्वोत्तर स्यान्तु यदुं श्रेष्ठंन्य योजयत् ।"

યદુ શ્રેષ્ઠ લખવામાં આવ્યો. બેશક એ સ્થળમાં જાતિવાચક ઉપાધિ અને કુળવિશેષની શ્રેષ્ઠતાનો દર્શક એ શ્રેષ્ઠ શબ્દ યોજવામાં આવ્યો છે. સુવિશાળ ચંદ્રવંશમાં રાજા પુરૂરવાના સર્વેથી જ્યેષ્ઠ પુત્ર આયુરાજાનાં સંતાનોમાંજ કુલ વિશેષની 'શ્રેષ્ઠ' સંજ્ઞા પ્રખ્યાત થઇ હતી.

આયુ રાજાના નહુષ, ક્ષત્રવૃદ્ધ, રંભ, રજિ અને અનેના એમ પાંચ પુત્ર હતા. એમાંથી જેવી રીતે રાજા નહુષના પૌત્ર યદુથીજ 'યદુવંશ' ની સંજ્ઞા ચાલી. તેવીજ રીતે નહુષના સહોદર ક્ષત્રવૃદ્ધની સંતાન પરંપરામાં કાશી રાજાથીજ 'કાશેય' અથવા કાસ્ય સંજ્ઞા પણ થઈ. કાશી રાજાની રાજધાની પણ કાશીપુરી કહેવાયી. એ વંશના કુલેશ દેવ સનાતન દેવ શિવ છે. એથી એની રાજધાની કાશી શિવજીની નગરી તરીકે પ્રસિદ્ધ થઇ એમ શા માટે ન માનવું? કાશી રાજાનો પુત્ર કાશીરાજ અને પૌત્ર ધન્વન્તરી થયા. મહારાજ કાશીરાજની છઠ્ઠી પેઢીએ પ્રતાપી રાજર્ષિ દિવોદાસનો જન્મ થયો. દિવોદાસનો પુત્ર મહારાજ પ્રતર્દન હતા. સદહૂં પ્રતર્દન ઋતધ્વજ, શત્રુજિત, કુવલયાશ્વ અને વત્સ નામથી પ્રસિદ્ધ હતા. વિષ્ણુ પુરાણમાં:—

"तेन च प्रीतिमतामत्पुत्रो वत्सवत्सेत्त्याभिहित स्तनो वत्सोऽसा बभवत् ॥"

પ્રીતિપૂર્વક પિતાએ વારંવાર "વત્સ" "વત્સ" કહીને પોકારવાથીજ પ્રતર્દન રાજાની "વત્સ" નામ વડે વિશેષ પ્રસિદ્ધિ થઈ. એ પ્રમાણે એનું મૂળ કારણ જણાય છે. પ્રતર્દન વત્સથીજ એ "શ્રેષ્ઠ કુળની" "વત્સ" સંજ્ઞાની શરૂઆત થઇ. " લખ્યું છે કે:—

"तस्मात्प्रतर्द्दन इति स्मृतः ।
स एव शत्रुजिद्वत्स ऋतध्वज इतीरितः ।
तथा कुवलयाश्वेति प्रोक्तोऽलर्कादयस्ततः ।
षष्टि वर्ष सहस्राणि षष्टि वर्ष शतानिच
नाऽलर्कादपरोराजा मेदिनीं बुभुजे युवा ।"

તથાઃ—

प्रतर्द्दनस्य पुत्रौ द्वौवत्स भार्गौ बभूवतुः ।

वत्सपुत्रो ह्यलर्कस्तु सन्नति स्तस्य चात्मजः ।" ह० पु० अ० २९

ચંદ્રવંશના શ્રેષ્ઠ કુળની આ " વત્સ " સંજ્ઞાની વિશેષ પ્રસિદ્ધિ અને ભાર્ગવ ' વત્સગોત્રીય ' પુરોહિતો સાથેના વિશેષ અતલગના સંબંધવડે રાજા પ્રતર્દનના બન્ને પુત્રોનાં નામ પણ " વત્સ " તથા " ભાર્ગવ " રાખવામાં આવ્યાં. ભવિષ્યમાં એ કુળમાં જે ઉત્પન્ન થયા તે સઘળા 'વત્સ' કહેવાયા. રાજા પ્રતર્દનવડેજ ' વત્સકુલ ' ની પ્રસિદ્ધિ થઈ. ચંદ્રવંશી રાજા કુશાંબની વસાવેલી " કૌશાંબી " નગરીનું નામ ' વત્સપત્તન ' પણ કહેલા વત્સકુલના કારણસરજ પડયું હતું. ઉદ્દયન વત્સરાજ તથા વૃષભરાજના સંબંધમાં કાદમ્બરીમાં પણ ' उदयनमिवा नन्दितवत्सकुलम् ' એથીજ લખેલું છે યાદ રાખવું જોઇએ કે વર્ત્તમાન મન્વન્તરમાં એ ચંદ્રવંશી શ્રેષ્ઠ કુલના રાજાઓની પ્રયાગ એ અતિ પ્રાચીન રાજધાની હતું. ત્યારબાદ કાશી અને અંતે કૌશાંબી પણ વસાવવામાં આવી. આ વિશાલવંશની હૈહયશાખામાં (જેની યદુ વા જ્યેષ્ઠપુત્ર સહસ્રજીતથી ઉત્પત્તિ થઈ; અન્યતપ પ્રતાપી મહિષ્માન રાજાનાં નામથીજ નર્મદાના કિનારા ઉપર " માહિષ્મતિ " નગરી વસાવવામાં આવી. કાર્ત્તવીર્ય સહસ્રાર્જુનની એજ રાજધાની હતી. આજ પણ તેના ધ્વંસાવશેષને ત્યાંના રહેવાસી " માહેશ્વર " અથવા સહસ્રબાહુની વસ્તી કહે છે. માહેશ્વર નામનું મૂળ, કુળદેવ મહેશ્વર શિવ સાથેનો સંબંધ બતાવે છે. ચંદ્રવંશી શ્રેષ્ઠ કુલોદ્દભવ એ વત્સોનું ગોત્ર પણ વત્સજ લે. સબબ ક્ષત્રિય વંશના એટલે ક્ષત્રિય રાજ્યવંશના ગોત્ર પ્રવર કુલપુરોહિતોને અનુસરે છે. શ્રુતિ પણ ફરમાવે છે કેઃ—

"पुरोहित प्रवरा वै राजन्यः ।"

આશ્વલાયનાદિ શ્રાૈત સૂત્ર પણઃ—

"पुरोहितस्य प्रवरेण राजा प्रवणीत इति विज्ञायते"

पुरोहित प्रवरास्ते प्रवणीरंनू ।"

પુરોહિતોના પ્રવર પ્રમાણે એના ગોત્ર પ્રવરની વિધિ આપે છે. મેધાતિથિ વિજ્ઞાનેશ્વરાદિકોનો પણ એજ સિદ્ધાંત છે કેઃ—

"विवाहेतु पुरोहित गोत्र प्रवर ग्रह एवेति ।"

વિવાહમાં એના પુરોહિતોના ગોત્રનું ગ્રહણ તથા ઉચ્ચારણ કરવું.

વત્સકુળના આ રાજવંશનો માતામહ (માનો બાપ) નો ઉત્તરાધિકારી થતાં એટલે નાનાએ દત્તક લેવાથી અથવા વંશની ક્ષયવૃદ્ધિવડે, સૂર્યવંશી તથા ચંદ્રવંશીની કેટલીક શાખાઓ સાથે સમયાનુસાર સંબંધ થયાના દાખલા છે. એ કારણસર પુરાણોમાં ક્યાંક ક્યાંક એ હૈહયકુળ તથા શ્રેષ્ઠ વત્સકુળના રાજાઓને સૂર્યવંશી તરીકે પણ વર્ણવ્યા છે. પુરોહિતો સાથે દ્વેષ કરવાથી હૈહયવંશ ક્ષીણ થવાના સબબસર અને યદુવંશીની ઘણીખરી શાખાઓ પુરૂવંશમાં ભળી જવાથી એક વખત સુદ્ધાં વત્સકુળનું સંમિલન પુરુવંશ સાથે થયું હતું. હરિવંશના ૩૨મા અધ્યાયમાં એ કારણથી ક્ષત્રવૃદ્ધના પુત્ર સુહોત્રનું સંપૂર્ણ વિસ્તારથી બે વખત વંશ વર્ણન કરેલું છે. પરન્તુ એ સ્થળમાં પણઃ—

"सुहोत्रश्च सुतद्वयम् ।

શરૂઆતમાં લખી વંશવર્ણન કરતાં મધ્યમાં ૪૨મા શ્લોકમાંઃ—

"वत्सस्य वत्स भूमिस्तु भार्गवात् ।
एतेत्वङ्गिरसः पुत्राजाता वंशेऽथ भार्गवे ।
ब्राह्मणाः क्षत्रिया वैश्याः........ ।

વગેરે લખી સ્પષ્ટ બતાવેલું છે કે જેવી રીતે સુહોત્ર નામના બે રાજા થયા, તેવીજ રીતે 'વત્સ' 'વત્સભૂમિ' 'ભાર્ગવ' અને 'ભૃગુભૂમિ' નામે ગોત્રના બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈસ્ય, અંગિરાના વંશમાં સ્વતંત્ર અને ભૃગુવંશમાં એ નામના બીજા પણ ઉત્પન્ન થયા હતા. નામ એક છતાં ભૃગુવંશના એ નામવાળા જુદા અને અંગિરાના જથ્થાના ભિન્ન ભિન્ન પુરૂષો હતા. વાયુપુરાણમાં પણ એનું દૃઢિકરણ કરેલ છે. અનેઃ—

"वेणुहोत्र सुतश्चाऽपि गार्ग्यो वैनामविश्रुतः ।
गार्ग्यस्य गर्गभूमिस्तु वत्सो वत्सस्य धीमतः ।
ब्राह्मणाः क्षत्रियाश्चैव तयोः पुत्राः सुधार्म्मिकाः ।"

તાત્પર્ય એ છે કેઃ—

'भृगु भार्ग भार्ग भूमि' 'वत्स गार्ग्य गर्गभूमि सुहोत्र

વગેરે નામના એકેક ભૃગુવંશમાં અને એકેક અંગિરાના વંશમાં હતા.

એજ રીતે ક્ષત્રિય રાજ કુળમાં પણ એ નામના બબ્બે રાજા થયા. પરન્તુ શકુંતલાના ગર્ભવડે મહારાજ દુષ્યન્તના ઉત્પન્ન થએલ પુત્ર, મહારાજ ભરતને પુત્ર ન હોવાથી છેલ્લે ભરદ્વાજ નામે પુત્ર મરુત દેવતાઓ વડે, ગર્ભ સંક્રામણ કરાવવાથી ઉત્પન્ન થયો હતો. ભરદ્વાજે ઘણા યજ્ઞ કરવાથી એનો પુત્ર રાજા વિતથ થયો. ઉક્ત વિતથ રાજાના સુહોત્ર નામના બે પુત્ર હતા. એક અંગિરાના પક્ષમાં; બીજો ભાર્ગવ, ભૃગુપક્ષના સુહોત્રથી વિતથ રાજાના સમયમાં પણ પુરુકુળ તથા વત્સકુળ બન્ને એકત્ર થઇ ગયા હતા. પછી એ વંશમાં ઉત્પન્ન થએલ પાંચાળપતિ અજમીઢનું કુળ જ્યારે ક્ષીણતાને પામ્યું, ત્યારે સોમક રાજાથી પુનરપિ વંશ ચાલ્યો; તથા અજમીઢ રાજાની સ્ત્રી ધૂમીનીની તપશ્ચર્યાથી વંશ રક્ષક એક પુત્ર નામે ઋક્ષ થયો. ઋક્ષ રાજાના પૌત્ર કુરુએ પ્રયાગમાંથી વત્સકુળની પૈતૃક રાજધાની કાઢી નાંખી કુરુ ક્ષેત્રમાં રાજધાની કરી. કુરુ એ કૌરવોના આદિ પુરુષ હતા. કુરુના ચારે પુત્રોમાં પ્રથમ સુધન્વાનો ઉત્તરાધિકારી બુદ્ધિશાળી સુહોત્ર પણ થયો હતો. સુહોત્ર મતિમાન 'વત્સ' કુળનો અને ભૃગુવંશી જામદગ્ન્ય 'વત્સ' ગોત્રના કુમારીય બ્રાહ્મણોનોજ યજમાન હતો. પુરુ; કુરુ તથા વત્સ કુળનું સંમિલન હરિવંશના ૨૯મા અધ્યાયથી ૩૩મા અધ્યાય લગણ વિસ્તાર પૂર્વક વર્ણવ્યું છે. સંભવિત છે કે મહારાજા પુરુરવાના સૌથી મ્હોટા પુત્ર આયુ રાજાના વંશજોજ મ્હોટા પુત્રનાં સંતાન હોવાના કારણસર ગાદીવારસ સઘળા પુત્રોમાં શ્રેષ્ઠ હતા. એથીજ એમના કુળની શ્રેષ્ઠ સંજ્ઞા પણ પ્રસિદ્ધ થઇ.

"किमर्थं पौरवो वंशः श्रेष्ठत्त्वं प्राप भूतले"

"ब्रभ्रु श्रेष्ठो मनुष्याणां।"

"तेषां दुर्य्योधनः श्रेष्ठः सर्व क्षत्रस्य वै प्रभुः।"

વગેરે જોતાં એજ નિશ્ચય થાય છે કે કુળવિશેષની ઉપાધિજ 'શ્રેષ્ઠ' હતી. એથી યદુ, પુરુ, બભ્રુ અને કુરુવંશી વગેરે એ વંશના સઘળાઓને સ્થળ વિશેષમાં " શ્રેષ્ઠ " લખ્યા છે. કૂર્મ પુરાણમાં પણ સદર્હૂ શ્રેષ્ઠ વંશના મુખ્ય મુખ્ય રાજાઓનાં નામની ગણત્રી કરી.

"रुद्रभक्ता महात्मनः पूजयान्तिस्म शङ्करम् ।

સઘળાઓને શિવપૂજક લખ્યા છે. તથા કાળયવનની ચઢાઇ વખતે મથુરાપુરી ઘેરાઇજતાં યાદવોએ કૃષ્ણ બળદેવ સહિત દ્વારકા નાશી જવાના કઠણ કાળમાં જ્યારે પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કર્યું હતું. તેના વર્ણન સંબંધે હરિવંશમાં લખ્યું છે કે:—

"कृत्वाच निश्चयं सर्वे पलायन परायणाः ।
विहाय मथुरां रम्यां मानयन्तः पिनाकिनम् ।"

એ શિવભક્તોએ પિનાકપતિ શિવનીજ માન્યતા કરી એવું લખ્યું છે કે એવા વખતમાં તેમ કરવું એટલે કુળદેવતાની માન્યતા કરવી સ્વાભાવિક છે. આ વિશાળ વંશના 'વત્સ' કૌકુર તથા 'તાલજંઘ' જે રહી ગયા છે. તે સઘળા આજ પણ પોતાને 'શેઠ' કહે છે. કુળ પુરોહિતોના ગોત્ર પ્રમાણે વત્સકુળમાં પેદા થએલા 'શ્રેષ્ઠો' નું ગોત્ર પણ પરંપરાથી 'વત્સ' છે. વિશેષ ધ્યાન આપવા લાયક વિષય તો એજ છે કે જામદગ્ન્ય 'વત્સ' ગોત્રીય 'વત્સકુલના' યજમાન' 'શ્રેષ્ઠ રાજવંશમાં જન્મેલા વર્તમાન શેઠોની કહેલી શ્રેષ્ઠ સંખ્યા આજ પણ જેમની તેમ ચાલુ છે. સઘળી જાતિના કુલિન ક્ષત્રિયોની સમાજમાં સઘળા કરતાં શ્રેષ્ઠોની આ ન પ્રતિષ્ઠા વિશેષ છે. લગભગ સઘળાં મુખ્ય નગરોમાં આ વખતે પણ શેઠ 'ચોધરી' વિશેષે કરી માનનીય જોવામાં આવે છે. જાતીય બન્ધન તથા લેણુદેણના વ્યવહારોનું બંધન પણ શેઠોનુંજ બાંધેલું આજ લગણ ચાલેછે, યાદ આપવાને વહીવંચા 'શેઠ ઢક્કન અથવા ઠક્કરનું બાંધેલું પંચરાજ કહી એમના પૂર્વ પ્રતાપનું ગૌરવ આજ પણ નિયમ પૂર્વક શ્રવણ કરાવે છે. વિવાહમાં સોપારી પણ કેવળ શેઠોનેજ મળે છે. સઘળી જાતિઓમાં 'શેઠાઇ' પણ એ કુળ સિવાય બીજાને પ્રાપ્ત થતી નથી.

ચંદ્રવંશના રાજાઓએ ભૃગુકુળના પ્રતાપી બ્રાહ્મણોને પોતાના કુળપુરોહિત તરિકે માન્યા હતા. સૃષ્ટિની શરૂઆતથી આજ સુધી એમનો એ પ્રાચીન પુરોહિત તથા યજમાનનો સંબંધ જેમનો તેમ ચાલ્યો આવે છે. મહારાજા યયાતીએ પુરોહિત ભૃગુના મહિમાની સુચના કરનાર 'ભૃગુતુંગ' તીર્થમાં કેટલોક વખત તપ કીધું હતું. અન્તે અનશન વ્રતવડે એજ તીર્થમાં શરીરનો પરિત્યાગ કરી સ્વર્ગારોહણ કરવાથી એના પુત્રોનાં સંતાન સંતતિજ પૃથ્વિ ઉપર વિશેષે કરી વિસ્તૃત થયાં. હરિવંશમાં લખ્યું છે કેઃ—

"भृगुतुंगे तपस्तप्त्वा तपसोऽन्ते महातपाः ।
अनश्नन्देहमुत्सृज्यसदारः स्वर्गमाप्तवान् ।
तस्यवंशे महाराज पञ्चराजर्षि सत्तमाः ।
वैर्व्याप्ताः पृथिवीः सर्वासूर्य्यस्येव गभस्तिभिः ।"

મહારાજ યયાતિનો અન્તિમ આશિર્વાદ એજ હતો કેઃ—

"अपौरवा नतु मही भविष्यति कदाचन ।"

પૃથ્વી પૌરવો વગરની કદી પણ થવાની નથી. મહારાજ યદુના જ્યેષ્ટ પુત્ર સહસ્રજિતના વંશમાં પણ હૈહય, વૃષણ, મધુ, શૂરસેન, તાલજંઘ વગેરે પરમ પ્રતાપી ઉત્પન્ન થયા હતા. જેમનાં નામો વડેજ યાદવોનાં કુળોની સંજ્ઞા તાલજંઘ, હૈહય, વૃષ્ણિ, માધવ, શૂર, શૂરસેન વગેરે નામોથી પ્રસિદ્ધ થઈ. લખ્યું છે કે:—

"वृषणाद्वृष्ण यस्सर्व्वे मधोस्तुमाधवास्तथा ।
यादवा यदुनाचाग्रे निरुच्यन्तेच हैहयाः ।
शूराश्च शूरवीराश्च शूरसेनास्तथाऽनघ ।
शूरसेन इति ख्यातस्तस्य देशो महात्मनः ।" ह० वं.

મથુરા પ્રાન્તનું નામ રાજાના નામના કારણસરજ પડયું. શ્રી કૃષ્ણચંદ્ર આનન્દ કન્દનું યદુનંદન નામ પણ મહારાજા યદુના કારણસરજ પ્રસિદ્ધ છે. હૈહય રાજાના સબબથીજ યદુકુળ હૈહયવંશના નામથી પણ વિખ્યાત છે. આ પુસ્તકના ૯૧મા પૃષ્ટમાં ઔર્વઋષિ તથા હૈહયવંશનું પુરોહિતપણું તથા યજમાન સંબંધનું પ્રમાણ મળી ચૂક્યું છે. મહારાજા યદુના બીજા પુત્ર ક્રોષ્ટુના વંશમાં જ્યારે શ્રી કૃષ્ણ ચન્દ્ર અવતર્યા. તે વખત જો કે ભાર્ગવ પરશુરામજી સંસારમાંથી સવથા વિરત થયા હતા. તો પણ ફક્ત પુરોહિત કુળની ફરજ બજાવવાની ખાતર સ્વેચ્છા પૂર્વક શ્રી કૃષ્ણ બળદેવ સાથે રસ્તામાં મળી તેમણે ગોમંત પર્વતનો રસ્તો પોતાની સાથે લઇ જઈ બતાવ્યો હતો. એ વખતે જેવા હિતપૂર્વક એમનું મળવું તથા પરસ્પર સંભાષણ થએલ, તેનું હરિવંશમાં જે વર્ણન કરેલું છે, તે વાંચવા લાયક છે. શ્રી કૃષ્ણચંદ્રને સુદર્શનાદિ દિવ્ય શસ્ત્રો તથા યુદ્ધનીતિના ઉપદેશની પ્રાપ્તિ કુળગુરુ પરશુરામજીની કૃપાથી થઈ હતી. લખ્યું છે કે:—

"एवमावा मनुप्राप्तौ मुनिश्रेष्ठ नवान्तिकम् ।
आवयोर्मन्त्र मात्रेण कर्त्तुमर्हसि सत्कृयाम् ।"

શ્રી કૃષ્ણનાં આ વાક્યો સાંભળી પરશુરામજીએ કહ્યું:—

"अपरान्तादहं कृष्ण सम्प्रती ह्यागतः स्वयम् ।
एकएव विना शिष्यैर्युवयोर्मन्त्र कारणात् ।........

जानैत्वां कृष्ण गोप्तारं जगतः प्रभुरव्ययम् ।........

इदं चैवामृत प्रख्यं होम धेन्वाः पयोऽमृतम् ।

पीत्वा गच्छत भद्रं वो मयोद्दिष्टेन वर्त्मना ॥"

આખરે પોતાની હોમ ધેનુનું અમૃત તુલ્ય દૂધ શ્રી કૃષ્ણુ તથા બળદેવજીને પરમ પ્રીતિપૂર્વક પીવડાવી ગોમન્ત પર્વત ઉપર મોકલી જે વખતે વિદાય થવા લાગ્યા, તે વખત પણુ પરશુરામજીએ કહ્યું કેઃ—

"साधयामि महाबाहो भवतः कर्म्मसिद्धये ।

स्मर्त्तव्यश्चास्मि युद्धेषु कान्तारेषु महीक्षिताम् ।

इत्युक्त्वा जामदग्न्यस्तुक्लिष्टमक्लिष्ट कारिणम् ।

जयाशिषा वर्द्धयित्वा जगामाभीप्सितं दिशम् ॥" ह० अ० ९६ ।

હું તમારી કર્મસિદ્ધિનો ઉપાય કરૂંછું. લડાઇમાં રાજાઓની વચ્ચે દુર્ગમ પ્રદેશમાં મારૂં સ્મરણુ કરજો. જય થાઓ ! કહી આશીર્વાદ આપ્યા પછી પરશુરામજી પોતાના અભીષ્ટ પ્રદેશ તરફ પ્રયાણુ કરી ગયા. સનાતનથીજ કુલપુરોહિતોની મંત્રણાવડેજ રાજવંશની ઉન્નતિ થતી આવી છે. જો કે કંસની બ્હીકથી ગુપ્ત રહેવાના કારણુસર નન્દના ઘરમાં ગએલા શ્રી કૃષ્ણુ જાહેર રીતે પોતાના કુલ પુરોહિતોને માનવાનું નીતિ વિરૂદ્ધ સમજી બીજા બ્રાહ્મણોને માની લેતા હતા, પણુ એ પ્રપંચનીતિના કારણુસર માત્ર છળજ હતો. કારણુ શ્રી કૃષ્ણુચંદ્રના વૃદ્ધ પ્રપિતામહ કૃતવર્મા સાથે દેવર્ષિ ચ્યવનનો સબંધ પુરાણોમાં સર્વ સ્થળે દેખાય છે. વાસ્તવિક રીતે એ ચંદ્રવંશી (યદુવંશી કૌકુર તથા વૃષ્ણિવંશી વત્સ કાશિરાજ હૈહય વગેરે સઘળા) ભૃગુકુળનાજ યજમાન હતા.

વસુદેવ તથા દેવકીએ ચિરંજીવી પ્રતાપી પુત્રની કામનાથી પોતાના પુરોહિતોના કુળના ઇષ્ટદેવ કાર્તિકેય શ્રી જય જય કુમારજીનું કાત્તિક સંક્રાન્તિને રોજ વ્રતાનુષ્ઠાન કર્યું હતું. શ્રી કુમારની કૃપાથી દશમે મહિનેજ શ્રી કૃષ્ણુચંદ્ર આનંદકંદનો જન્મ થયો. ભરતખંડમાં સદર્હૂ વ્રતનો વિશેષ પ્રચાર ત્યારથીજ થયો છે. અને શ્રી પૂજ્ય જય જય કુમારજીનું નામ વાસુદેવપ્રિય પણુ એજ સમયથીજ પ્રસિદ્ધ થયું છે.

કહેલ ' શ્રેષ્ઠ ' કુળના વર્તમાનકાલિન શેઠ યજમાનો એ વિશુદ્ધ

કુળથી ઉત્પન્ન થયાનાં એજ સર્વોત્તમ માન્ય પ્રમાણો છે કે એઓ આજ પણ 'શેઠ' તથા 'વત્સ' તરીકે પ્રસિદ્ધ છે. ભૃગુકુલગૌરવ જમદગ્ન્ય વંશના વત્સગોત્રીય કુમારીય વા ' કુમડીયા ' આજ પણ એમના માન્ય કુળ-પુરોહિત છે. પુરોહિતોના ગોત્રાનુસાર ' શેઠ ' ક્ષત્રિય માત્રનું પણ વત્સગોત્ર છે. અને કુળ દેવતા પણ પૂજ્ય ' વાવા શિવાઉ ' ની ઉક્ત મૂર્ત્તિ છે. તે શિવની મૂર્ત્તિ છે.

જયારથી રિઝલી સાહેબ બહાદુરે મનુષ્યની ગણત્રી કરતાં જાતિ વિભાગમાં વિશેષ ગડબડાટનો ફેલાવો જોયો, ત્યારે ખત્રીઓને સ્વસંમતિથી વાણિયા બનાવવાનું નક્કી કર્યું. ત્યારથી ખત્રીઓએ ગભરાઈ પાણીમાં ડૂબતો માણસ જેવી રીતે કર્ત્તવ્ય વિમૂઢ થઈ જાન બચાવવાને અતિ બળવાન ઇચ્છાવડે, તરતો માણસ બચવા સારૂ ફીણને વળગે અને હાથ લંબાવી ગોખાય અને પાણી પીએ તેવી રીતે મનમાની વ્યર્થ યુક્તિ અને વિચિત્ર કલ્પનાનો આશ્રય લઇ એવી એવી નવીન આવિષ્કિયાઓ તથા શબ્દ શાસ્ત્રજ્ઞતાની સાથે ઉદ્ભાવની શક્તિનો પરિચય બતાવ્યો. પુસ્તક, અનુષ્ઠાનપત્ર વિજ્ઞાપન વગેરેથી પણ પ્રદર્શિત કરાવ્યું. જે જોઈ એમની યથાયોગ્ય પ્રશંસાનો સર્વથા અભાવ જોઇ મૌન ધારણ કરવાનું યોગ્ય સમજવામાં આવ્યું હતું. છેલ્લે વર્દ્ધમાનના પ્રસિદ્ધ પરમમાનનિય બંગદેશીય કુલીન ક્ષત્રિય કુલ તિલક રાજા વનવિહારી કપૂર બહાદૂરના ચરણનો આશ્રયલઈ જેમ તેમ એ બિચારાઓએ પ્રામ વિપત્તિ મહા સમુદ્રમાંથી થોડાક વખતને માટે તો અવશ્ય ગોથાં ખાવાથી રાહત મેળવી. પરન્તુ આ નિરાળી ઘટનાઓનું નિદર્શન ઇતિહાસમાં તો સુવર્ણાક્ષરે લખેલું રહી ગયું તે રહીજ ગયું. એ બેશક છે. આ નવું શિક્ષણ પામેલા ક્ષત્રિયોના અપભ્રંશ ખત્રીઓના આ નવીન ઉદ્યોગની પ્રથમ શરૂઆતમાંજ ખત્રિયોની જાતિ તથા કુળના સંબંધમાં એવી એવી અપૂર્વ અપૂર્વ પ્રતિભા પૂર્ણ શબ્દ વ્યુત્પત્તિનાં ઉદાહરણ તથા અલૌકિક કલ્પના પ્રસૂત ભારે ઘોષણાના અદ્ભુત આવિષ્કરણ નશીબ યોગે દૃષ્ટિગોચર થયાં કે જેનાં વખાણ પરિમિત બુદ્ધિવાળા જીવોથી થવાં અશક્ય છે. કક્કડોની શબ્દ વ્યુત્પત્તિ અને ક્ષત્રિયોના કુળ પરિચયમાં એ મહા પુરૂષોની ઉક્તિનો સારાંશ આ ઠેકાણે જેમનો તેમ દાખલ કરવો પરમ આવશ્યક ભાસે છે. એ ચારે ખત્રી, મિહર, કૃપાકર, શંખન અને મારતંડ નામના હતા. જે નામોનો અપભ્રંશ, મિહરે, કપુર, ખન્ને અને તંડન ખત્રીઓમાં પ્રસિદ્ધ થઈ રહેલ છે. અને રાજછત્ર હોવાના કારણસર સર્વ ખત્રીઓમાં શ્રેષ્ઠ ગ-

થાય છે. ખન્ના ખડ્ગીથી અરબા થઇ ગયા. એથી મિહરે, કપુર, ખન્ને, ઢાંઘિર અવ્વલ તિલક લગાડવાના સબબસર પરમોત્તમ મનાય છે. બાકી આઠ સૂર્યવંશી સૂર્ય નામના છે. જેવા કે શ્રેષ્ઠ, ધાવન, મહેન્દ્ર, બહુકર, ચક્રાબલિ, કરાલાગ્નિ, સૂર્ય, સહસ્ત્રકર એ નામોનો અપભ્રંશ થઈ શેઠ, ધૌન, મહીંદ્રૂ, વહોરા ચૌપડે, કક્કડ, સૂર, સહગળ નામ મળીને સઘળા બાર નામ વાળા છે. લૌકિક ઉક્ત નામોના મોટાપણાની બાબતમાં એવું સાંભળવામાં આવે છે કે પહેલા નંબરવાળા એટલે મિહરે ખત્રીમાંના એકે પોતાના દીકરાને કોઇ અમીર ખત્રીને ત્યાંથી પરણાવ્યો. દીકરીના બાપે ઘણો દાયજો દેવાથી તેણે બહુ ખુશ થઈ પુત્ર–વધુને તેડી નાચવાનું શરૂ કર્યું. આ અજયબી જોઈ તેની હાંસી કરી લોકોએ મિહરે ખત્રી કહી તેને બોલાવ્યો, બીજા નંબર વાળા એટલે કપુર ઓળખવાળાએએ હજારો દીન દુઃખીઆને ખાવાનું, કપડાં વિગરે આપ્યાં કીધું. એ કીર્ત્તિવડે, એટલે કીર્તિની ખૂશબોવડે એને લોકોએ કપુર નામથી બોલાવ્યો. અને ત્રીજા એટલે ખન્ન અવટંકવાળાએ પોતાના પુત્રને કોઈ ધનાઢ્ય ખત્રીને ત્યાંથી પરણાવ્યો. અને મ્હોટી જાન લઈ ગયો. છોકરે ભારે પહેરામણી માંગી અને તેને વાસ્તે ભારે ઝગડો કીધો. આથી પીરસેલાં પક્વાન્ન સઘળાં સૂકાવા લાગ્યાં. આ જોઈ દીકરાના બાપે ઝટ જય લક્ષ્મીનારાયણ કહી પોતે ખાવાનું શરૂ કર્યું. ત્યારથી લોકો તેને ખન્ના નામથી પિછાને છે. એકસેં પાંચ સારસ્વતોની કન્યાઓના વિવાહ પતાવ્યા અને પાંચસેં પચીસ છોકરાઓને જનોઇ પણ અપાવ્યું. આવું તેમનું શ્રેષ્ઠ કર્મ જોઈ લોકોએ તેમને શ્રેષ્ઠ કહ્યા. જેનો અપભ્રંશ શેઠ થઈ ગયો છે. એક બ્રાહ્મણ કન્યા બહુ ખૂબસુરત હતી તેને એક કન્દહારી સરદારે જોઈ. તેણે તે કન્યાના બાપને કહ્યું કે તમારી દીકરીનો વિવાહ મારી સંગાથે કરો. બાપે કહ્યું હું બ્રાહ્મણ છું તેથી મ્હારી દીકરી આપી શકતો નથી. તુર્ક લોકોએ સદરહુ કન્યાનાં માબાપ, ભાઈ વગેરેને મારી નાંખ્યાં. અને કન્યાને પકડી કન્દારીને સુપરત કરી. બિચારી કન્યાએ ઝેરનું પાન કરી પોતાના પ્રાણનો ત્યાગ કર્યો. ખન્નાના બ્રાહ્મણ પુરોહિતોએ આ ખબર જાણી પોતાના જ્ઞાતિભાઇઓને એકઠા કરી તેમની સહાયતાથી આગળ વર્ણવેલા કન્દારી સરદારને ઘેરો ઘાલ્યો. આગ લગાડી કન્દારીઓને બાળી ખાક કરી નાંખ્યા. ત્યારથી લોકો એમને ખક્કર નામથી બોલાવવા લાગ્યા. જેનો અપભ્રંશ કક્કર થઇ ગયો વગેરે વગેરે.

લાલા સરવનલાલ ષંડન રચિત ક્ષત્રિય પ્રકાશમાં લખ્યું છે કે મિહિર

નામ સૂર્યનું છે. તે કારણસર સૂર્યવંશી ખત્રીઓ મિહિરે કહેવાયા. ટંડન તથા ટંટો બન્ને એકજ ધાતુમાંથી નીકળ્યા છે. અને ટંટો કરવાવાળા એ વીરોનો ધર્મ હતો કે જે કાર્ય શરૂ કરવું, તેમાં ગમે એટલા લડાઈ ઝઘડા થાય, તોપણ તે કાર્ય પૂરૂં કરવું. એ સબબથી એમની ટંડન સંજ્ઞા થઈ. ખન્ન નામ ખત્રીઓમાં આરધાનું છે. જેમકે આ ઘરમાં ત્રણ ખંડ છે. ખન તથા ખંડ એકજ ધાતુમાંથી ઉત્પન્ન થયા છે. જેમાંથી ખન્ના શબ્દ બન્યો છે, અર્થાત્ અરધો વંશ બ્રાહ્મણ થઈ ગયો. અરધો ક્ષત્રિય રહી ગયો. એ કારણથી ખત્રિયોમાં આજલગણ ઢાઇઘર પ્રખ્યાત છે. જેમાં ખન્નાને પણ ગણવામાં આવે છે. વગેરે વગેરે.

આવી રીતે આ નવીન આવિષ્કારના સુપંડિત પ્રતિભાશાળી મહા પુરૂષોનો સઘળો અદ્‌ભુત ખેલ દાખલ કરવાને આ પુસ્તકમાં પૂરતી જગો નથી. આ નમુનાઓથીજ બુદ્ધિશાળી પુરૂષો તો સારી પેઠે સમજીજ ગયા હશે. એ રીતે મન કલ્પિત નવી બાબતોનો આલાપ કરવામાં અનેક મહાશયોએ પોતપોતાની તુતીનો અવાજ પૂરેપૂરી ઉસ્તાદી બતાવી માધુર્ય સહિત સંભળાવ્યો છે ? કોઈ 'સુરી' ને સૂર્યથી ઉત્પન્ન થએલ બતાવે છે.

કોઈ શૂરતા અથવા વીરતાનો ચળકાટ બતાવે છે. કોઈ કપૂરને ચંદ્રમાનો પર્યાય નિશ્ચય કરી ચંદ્રવંશી અને કોઇ 'ભસીનોનો' ભા અથવા વડે સૂર્યવંશી બતાવે છે. ક્યાંક 'વોહરા' નામમાં લશ્કરની વ્યૂહ રચનાનો સમ્બન્ધ અને 'સહની' તથા 'સેની' માં સેનાની અથવા સેના નાયકનો પ્રબન્ધ આવે છે. એવીજ રીતે 'ધૌન' દોડનાર દૂત અથવા હલકારા ઉપરથી, 'ઉપ્પલ' ઉપલ અર્થાત્ પ્રસ્તર ઉપરથી, 'સરહીન' શૂરિન ઉપનામ યોદ્ધા, 'ખન્ના' (સંખન્ ધાતુ ઉપરથી ખનન કરવા વાળા એટલે ખોદવાવાળા) પાવડાવડે જમીન ખોદનારા. અને કક્કડ દાંત નીચે કઠણ વસ્તુ આવતાં જેમ જેમ કડ કડ થાય છે. તે પરથી કડા સુસિદ્ધ કરે છે.

કરાલાગ્નિનો અપભ્રંશ 'કક્કડ' કયા નિયમ પ્રમાણે થયો. એ તો લખનાર મહાન પંડિત મહામહોપાધ્યાય કુલશિરોમણિજી જ કૃપા કરી સમજાવે તો સંસારનું ઘણું હિત થાય, વરરુચિ વગેરે પ્રાચિન વિદ્વાનોના વિધિબદ્ધ નિયમો પ્રમાણેજ સંસ્કૃત શબ્દો અપભ્રંશ બને છે. પ્રાકૃત પ્રકાશ વગેરે ગ્રંથોમાં જે નિયમો છે. તદનુસાર તો કરાલાગ્નિમાંથી કક્કડ કદી પણ બને નહિ. લખનારને પોતાને પણ આ પ્રમાણે અપભ્રંશ સિદ્ધ થવા બાબે પૂરેપૂરો વિશ્વાસ હોય એમ જણાતું નથી. એથી કરી લોકોક્તિ અને મ-

નસ્વી પ્રવાદવડે ' કક્કડ ' શબ્દ ' ખાક્કર ' અથવા ખક્કર શબ્દમાંથી સુ-સિદ્ધ થએલ છે. એવું બતાવવાની ચેષ્ટા તે લોકોએ કરી. પરન્તુ આ પ્રવાદનું મૂળ નથી તેમ તે વિશ્વાસપાત્ર પણ નથી. વિશેષ હરકત તો એજ છે કે આ પ્રવાદને સત્ય માનીએ તો શું મુસલમાની રાજ્યની પહેલાં ભારત વર્ષમાં કક્કડ નહિ હતા ? ' કક્કડ ' બોલનાર કઠિનતાવડે કક્કડોની કઠોરતા બતાવવી એ તો પૂરેપૂરી બાલિશતા છે. આહા ? સમયના ફેરવડે પ્રતાપી રાજકુળના ક્ષત્રિયોની આ દુર્દશા પણ એક જાતની બદી કહી શકાય,

ખરૂં તો એજ છે કે કહેલા વિશાળ ચંદ્રવંશમાં યદુના બીજા પુત્ર ક્રોષ્ટુની શાખામાં શ્રી કૃષ્ણ બળદેવ ઉત્પન્ન થયા. શ્રી કૃષ્ણ મહારાજથી આગળ ઉપર પંદર પેઢી અગાઉ અંશુ રાજાનો પુત્ર પરમ વિદ્વાન સત્ત્વ રાજા હતો. એના પુત્ર રાજા સાત્ત્વત વડે કૌશલ્યાના ગર્ભમાં ભજમાન, અન્ધક, દેવાવૃધ, વૃષ્ણિ તથા મહાભોજ થયા. સદર્હુ અંધકના ચાર પુત્ર ' કુકુર ' ભજમાન, શમીક, અને બલિગર્વિત નામના હતા. એ મહારાજ કુકુરના વંશમાં જે પેદા થયા તે ' કૌકકુર ' કહેવાયા. કુકુરના ન્હાનાભાઇ ભજમાનના વંશમાં અગિઆરમી પેઢીએ બલરામ સાથે શ્રી કૃષ્ણચંદ્રનો જન્મ થયો. " કૌકકુરનો અપભ્રંશજ હાલમાં બોલાતો એ કક્કડ શબ્દ છે. મહાભારત ભીષ્મ પર્વના પાંચમા અધ્યાયમાં:—

"श्रुत्वा विनष्टान् वार्ष्णेयान स भोजान्धक कौक्कुरान् ।"

કુકુરવંશીઓનેજ ' કૌકકુર ' કહ્યા છે. કહેલા " કૌકકુર " જ હાલના વખતમાં કક્કડ ક્ષત્રિય બોલાય છે ૭ જાતના ક્ષત્રિયોમાં એક જાતિ કક્કડોની પણ ગણાય છે. પણ વત્સકુલના શેઠોની તો હાલના સમયમાં " ચાર જાતિના ઢાઇધર " કુલીન ક્ષત્રિયોમાં ગણના થાય છે. કુલીનતામાં આ વખતે કક્કડો કરતાં શેઠ ઉત્તમ છે. હાલના સમય લગલ આયુ પ્રવર્ત્તિત શેઠ વંશમાં ઉત્પન્ન થએલ સુપ્રસિદ્ધ ' વત્સકુલ ' પ્રસૂત ' શેઠ ' અને રાજા અન્ધકના ' કૌકકુર ' વંશજ એટલે શેઠ કક્કડ બન્ને કુળ પરમ પૂજ્ય બાબા શિવાઉની કૃપાથી અસ્તિમાન છે. એમના કુલ પુરોહિત પણ જામદગ્ન્ય વત્સ ગોત્રીય સારસ્વત ' કુમડીયા ' જ છે. ફક્ત તાલજંઘ કુળના થોડાક ક્ષત્રિયો મહર્ષિ ઔર્વના કાળથી વસિષ્ઠ કુળને માનવા લાગ્યા. તેમની વિશેષ વૃદ્ધિ પણ જોવામાં આવતી નથી. કારણ પ્રથમથીજ ઔર્વ ઋષિના ક્રોધથી પ્રથમથીજ તેઓ લગભગ નાશ તો પામીજ ચૂક્યા હતા. જે થોડા ઘણા જીવતા રહ્યા હતા તેમની પણ વિશેષ વંશ વૃદ્ધિ ન થઈ. તો પણ જે છે

તેઓ પોતાને આજ પણ ' શેઠ ' કહી ઓળખાવે છે. ' વત્સ ' કુળના શેઠ વગેરે ચારે જાતિના ક્ષત્રિય તે સર્વોત્તમ કુલિન ક્ષત્રિય માત્ર પોતાને શેઠ કહેવડાવે છે, તે તેઓ સહન કરી શકતા નથી. તેથી કરી એમને ' શેઠ તાલાવાડ ' કહે છે. અસ્તુ. આજ પણ ઉક્ત ત્રણે કુળની સાધારણ કુળ સંજ્ઞા ' શેઠ ' જ દૃષ્ટિગોચર થાય છે. વિશેષ ચમત્કાર તો એજ છે કે વસિષ્ઠ વંશજ પરાશરે ગોત્રીય તિકખા સારસ્વતજ આજ પણ એ તાલજંઘ અથવા તાલવાડોના પુરોહિત છે. પરન્તુ અંગના યજમાન ન હોવાના સબબ સર એ તાલવાડોનું ગોત્ર આજપણ વસિષ્ઠ વા પારાસરના ગણનું નથી. આજના વખતમાં પણ તાલવાડ ઉત્તમ કુલીન ક્ષત્રિયોની ચારે જ્ઞાતિથી ભિન્ન નિમ્ન શ્રેણીના ગણાય છે.

કુલીન ક્ષત્રિયોમાં ' કુલ ધર્મ ' પાલનનો સનાતન ચાલ યથાસાધ્ય આજ લગણ નીભી રહ્યો છે. એથી નિત્ય ' હન્તકાર ' અર્થાત્ ' હન્દા ' નું દાન કર્યા વગર એ લોકો ભોજન કરતા નથી. પંજાબમાં ક્ષત્રિય માત્ર ' હન્દા ' આપે છે. દીલગીરીની વાત છે કે સદર્હૂ કુળના ક્ષત્રિય આ તરફના દેશોમાં વસી પુરોહિતોને ' હન્તકાર ' દાન કરવાની ઉત્તમ પરિપાટીનો સર્વથા પરિત્યાગ કરી ચૂક્યા છે. બૌધાયન ઋષિની આજ્ઞા છે કે:—

"अहंरहः ब्राह्मणेभ्योऽन्नं दद्यादा मूलफल
शाकेभ्यः अथैवं मनुष्य यज्ञं समाप्नोति ।"

પુરોણોમાં એનો વિસ્તાર કરી:—

"ग्रासप्रमाणं भिक्षास्यादग्रं ग्रास चतुष्टयं ।
अग्राच्चतुर्गुणं प्राहुः हन्तकारं द्विजोत्तमाः ।
भोजनं हन्तकारं वा अग्रं भिक्षामथाऽपि
अदत्त्वातुन भोक्तव्यं यथाविभव मात्मनः ॥"

શક્તિ પ્રમાણે રોજ એક બ્રાહ્મણ ભોજનથી શરૂ કરી છેવટ એક કોળીઓ પણ દાન કર્યા વગર પોતે ભોજન કરવાની મનાઇ છે. ચાર કોળીઆનું પરિમાણ ' અગ્ર ' અને સોળ કોળીઆનું અન્નદાન જ ' હન્તકાર ' અથવા ' હન્દા ' કહેવાય છે. પંજાબી ક્ષત્રિય હંમેશાં પુરોહિતને હન્દાનું દાન દીધા બાદ પોતે ભોજન કરે છે. અદ્યાપિ પર્યન્ત લુહાણાઓ પોતાના ગોરોને અમુક દાન આપતાં ' હંધે ' શબ્દ વાપરે છે. તે હન્દાનો અપભ્રંશ હોય એમ જણાય છે.

મુસલમાનોની બાદશાહીના વખતમાં અમારા પૂર્વજોમાંના એક માનકારી મહાપુરૂષને બાદશાહની નિર્દયતાને લીધે આ 'હન્દા' લેવા પાછળ પોતાના પ્રાણનું સમર્પણ કરવું પડયું હતું. કહેવાય છે કે સદર્હૂ યોગ્ય પુરૂષને કોઈ પાદશાહે પોતાના દીવાન અથવા મંત્રીનો ઓહ્દો આપ્યો હતો. ફાગણ મહીનામાં વસન્તી દુશાલા ઓઢી હાથીપર સ્વાર થઈ સદહૂ દિવાનજી સાહેબની સ્વારી શહેરની અંદર બાદશાહી વૈભવ સહીત ચાલી જતી હતી. એ વખત એ ફળીઆની રહેનાર એક ડોસીએ 'હન્દા' ની બે રોટલી હાથમાં લઈ પોતાના કુળ પુરોહિત દિવાન મિશ્રસાહેબને સંભળાવી મેણું માર્યું કે 'હવે તો પુરોહિતજી દીવાન થયા છે. હવે એમને આ રોટીઓની શું દરકાર છે? ડોસીના મોઢામાંથી આ વચનો નિકળતાંજ મિશ્રજીએ હાથીને બેસાડવાનો હુકમ આપ્યો. પોતે હાથી ઉપરથી ઉતરી ડોસી સામે જઈ દુશાલાની ઝોળી પ્રસારી બોલ્યા કે 'આપી દો; એ રોટલીને તો હું મારી દિવાનગીરી કરતાં પણ શ્રેષ્ઠ માનું છું. ડોસીએ પણ રોટલી ઝોળીમાં નાંખી દીધી, અને મિશ્રજી પણ ઝોળી દબાવી પુનરપિ પોતાના હાથીપર આરૂઢ થઈ અભીષ્ટ સ્થાન પ્રતિ પ્રયાણ કરી ગયા. ચુગલં ખોરોએ આ વાત પાદશાહને ઝાહેર કરી. વાત સાંભળતાંજ બાદશાહ ક્રોધથી લાલચોળ થઇ ગયો. પોતાના દિવાન મિશ્ર સાહેબને બોલાવી પાદશાહે ક્રોધવડે કંપિત સ્વરથી કહ્યું 'આવી ઉંચી નોકરીના દરબારી પગારથી પણ શું તમારૂં પેટ નથી ભરાતું? કે ચાલતે રસ્તામાં ટુકડા માગી બાદશાહી ઓહ્દાની આબરૂ ગુમાવો છો. હું તમારી લાયકીથી આજ સુધી તમારા પર કૃપાવંત રહેતો આવ્યો છું. એથી તમારી આવા મ્હોટી કસૂર છતાં આજ વખત તમને માફ કરૂં છું અને તમને તમારા ઓહ્દા પર રહેવા દઉંછું. હવેથી આવું કદી કરશો નહિ. નહિ તો તમારા જીવની આશા છોડી દેવી પડશે. કદાચિત દીવાનગીરીના પગારથી તમારૂં પૂરૂં ન થતુ હોય, અને તમે આ ભીખ માગવાનો ધંધો સદંતર છોડી દેવાની શરત કરતા હો તો તમને ધરબારથી જાગીર આપવામાં આવશે. પણ મિશ્રજીએ હાથ જોડી કહ્યું અને વિનયથી પ્રાર્થના કરી કે દરબારથી મારી પ્રતિપાલના ઉત્તમ પ્રકારે થાય છે. અવશ્ય રસ્તામાં રોટલી લેવાને માટે હું અપરાધી છું. પરન્તુ બુઢ્ઢીનું મહેણું હું સહન કરી શક્યો નહિ. પોતાની જાન હથેલીમાં લઈ મેં એ કામ વિચાર પૂર્વક કર્યું હતું. સત્ય વાત એ છે કે આપની બે જાગીર તથા નોકરી બન્ને કરતાં હું મારી કુલ પરંપરાની આ વૃત્તિને વિશેષ કિમતી સમજુંછું. જે જન્મ્યો તે એક દિવસ નક્કી મરવાનો તો છેજ. મોતથી હું સત્ય છુપાવવા માંગતો

નથી. અને બ્હીતો નથી. આપની કૃપાથી મ્હેં આજ લગણુ આપની નોકરી કરી. આ કર્તવ્ય પાલનમાં હું મારી યોગ્યાયોગ્યતા સમજતો નથી. સઘળો આપનોજ પ્રતાપ છે મારા મૃત્યુ બાદ મ્હારાં સંતાનો મૂર્ખ નીવડયાં તો તેમને આ ઓદ્ધો તો મળવો એક તરફ રહ્યો, પણ આપ જે જાગીર આજે આપશો તે તેમના પાસેથી છીનવી લેશો. અથવા તો તેઓ પોતે કોડીના મૂલ્યમાં વેચી મારશે. અને દાણા દાણાને માટે બીજાના મોં સામે તાકીને જોયા કરશે. પરન્તુ એ સમયે મ્હારી કુલ પરંપરાની આ યજમાન વૃત્તિ જો કાયમ રહેશે તો તે ચારને ખવડાવી પોતે પણ ખાઈ શકે એવી સ્થિતિમાં અવશ્ય રહેશેજ. બીજા પાસેથી ભીખ માગવાની તેમને જરૂર રહેશે નહિ. યજમાનોની આ અમૂલ્ય જાગીર હમેશથી અમારા પૂર્વજો ભોગવતા આવ્યા છે. ભવિષ્યમાં જ્યાં સુધી અમારો વંશ કાયમ રહેશે ત્યાં તે એનો અધિકારી રહેશે. મેં સારી પેઠે વિચાર કર્યો છે. અને હું મારી આ વૃત્તિને તો કદી પણ છોડીશ નહિ. હું સમયફેરવડે આ સમયે અવશ્ય આપનો નોકર છું. પરન્તુ મારા પૂર્વજોએ કમાવેલા આ અમૂલ્ય ધનને ખોવાનો અધિકાર મને ધર્મની રૂએ નથી. મારા અપરાધનો આપની ઈચ્છામાં આવે તેવો દંડ આપ મને દેઈ શકો છો. હું આનંદથી આપ જે શિક્ષા કરશો તે ભોગવીશ. મિશ્રજીના આવા બ્રાહ્મણોચિત સુસ્પષ્ટ ગંભીર ઉત્તરથી અત્યન્ત ક્રુદ્ધ થઈ, બાદશાહે ચંડાળોને બોલાવી તેની ચામડી ઉતરાવી તેને તેજ વખત મરાવી નાંખ્યા. ત્યારથી મિશ્રજીના પૌત્ર પુત્રાદિકની અલ્લ 'ખલ્લ ખિચ્ચ' કુમડિયા થઇ. અને ફાગણ માસ પણ એ કુળમાં તથા વત્સકુળના શેઠોમાં ત્યારથી 'અવારન' અર્થાત્ શુભ કર્મ માત્રને માટે ત્યાજ્ય માનવામાં આવ્યો છે. 'વત્સ' કુળના શેઠ યજમાન તો ફાગણ મહિનામાં ક્ષૌર કરવું, સફેદ લૂગડાં પહેરવાં, બદલવાં વગેરે આજ પણ કરતા નથી. વિશેષે કરી જૂની ઢબના લોક તો આખો ફાગણ અશૌચનું ચિહ્ન ધારણ કરી પોતાના કહેલા પુરોહિતજીના શોકમાંજ વ્યતીત કરે છે. અને આજ લગણુ યજમાનો અતિશય પરિતાપ કરે છે કે અમારા કુળની હન્દાની રોટલીને ખાતર ઉક્ત મિશ્રજીના પ્રાણ ગયા. તાત્પર્ય એજ છે કે આ લોકોક્તિ ઉલ્લેખવાની જરૂર એટલીજ છે કે વર્ત્તમાનકાળ લગણુ પુરોહિત યજમાનનો એ ઘણો પ્રાચીન સંબંધ કેટલો સુદૃઢ છે કે જેના માટે અમુલ્ય પ્રાણને પણ તૃણવત્ સમજી ત્યાગ કરવા કંઈ મોટી વાત્ત સમજવામાં આવતી નહોતી. દિલગીરીની વાત છે કે આ બનાવ મુસલમાની રાજ્યમાં બનેલો છતાં લિખિત પ્રમાણની ગેરહાજરીમાં આ વખતે ઉક્ત મિશ્રજીનું

અથવા તો પાદશાહનું નામ કોઈ જાણતુંએ નથી- અથવા તો કોઇએ આજ સુધી આ બાબતનું લિખિત પ્રમાણુ પ્રાપ્ત કરવાની તજવીજ અથવા શોધ કરી એમ જાણવામાં નથી. એ બાબતનો લિખિત મજબુત પુરાવો એકત્ર કરી જો કોઈ પંજાબી મહાશય આપી શકે તો તે પરમ ધન્યવાદને પાત્ર છે. નક્કી આ બનાવ પંજાબના કોઇ મૂખ્ય નગરમાં બન્યો હતો. કેમકે હન્દાની રોટલી દેવાનો ચાલ પંજાબ સિવાય બીજા દેશોમાં નથી. કચ્છમાં હંદે દેવાનો રિવાજ છે. તેનો સબબ કચ્છી સારસ્વતો તથા લોહાણુા પંજાબથી તથા પંજાબ નજદીકના સિન્ધ પ્રાન્તથી આવેલા છે.

'કુમાડિયા' જથ્થામાં 'ખલ્લ ખિચ્ચ' કુમાડિયાનો જથ્થો પણ જો કે એક જથ્થા તરીકે ગણાય છે. પણ આ સ્વતંત્ર જથ્થો તો નજ હોવો જોઇએ. એ પણ કુમડિયા કુટુંબની એક વિશેષ 'અલ્લ' છે. મુસલમાનોની બાદશાહીના કાળમાં ઉપર લખી દુર્ઘટના બન્યા બાદ મિશ્ર જીતરામજીના જથ્થાવાળા ઉક્ત સ્મરણીય મિશ્રજીની શાખાની પણ ખલ્લ ખિચ્ચ અલ્લ પડી ગઈ છે. એવી રીતે 'રણુબાંકુરે' પણ એક અલ્લ છે. જામદગ્ન્ય વત્સ કુળના કુમડિયા બ્રાહ્મણુ હંમેશથી યુદ્ધવિદ્યામાં પણ સર્વોત્તમ અને નિપુણ છે. કારણુ એક તો એ છે કે એમનો ઉપવેદ જ ધનુર્વેદ હતો. ઔર્વ ઋષિ તરફથી બંદૂકનો દારૂ તથા આગ્નેયાસ્ત્રની શોધ, ઋચીક તથા જામદગ્ન્ય ઋષિને સ્વતઃ સાંગ ધનુર્વેદનો અપૂર્વલાભ, પરશુરામજીને શંકર તરફથી અલૌકિક પરશુની પ્રાપ્તિ, અને પરશુવડે વીરક્ષત્રિયો સાથે લડી એકવીશ વખત નિઃક્ષત્રિય પૃથ્વી કરવાનો ઇતિહાસ વગેરે બાબતોથી આ વંશ પ્રાચીન કાળથીજ યુદ્ધમાં નિપૂણુ છે. તથા અદ્વિતીય શૂરવીર છે. તેનો સર્વોત્તમ પુરાવો આપે છે, ઋગ્વેદમાં ભૃગુવંશની યુદ્ધ વિદ્યાનો બહુધા લેખ છે. અકસર કરીને સાતમા મંડલના ૧૮મા મંત્રમાં તો સ્પષ્ટ એ ભાર્ગવોની જાતિનેયોદ્ધા તરીકે કહી છે. ચાલુ વખત સૂધી એ યુદ્ધ-નૈપુણ્યનાં ચિન્હ એ વંશમાં વ્યક્તિવિશેષમાં સ્વાભાવિક રીતે દૃશ્યમાન થાય છે. એ વંશોત્પન્ન માન્યવર રાજા સર સાહબધાલ વીરવરનું શીખોના રાજ્યના અંતકાલ સમયમાં બળવાખોરોને દમન કરવાને કેટલીક વાર સેના લઈ પોતે યુદ્ધ-ક્ષેત્રમાં ઉતરી તેમને જીતવું, અને પ્રતાપી ઈંગ્રેજોના દરબારમાં પણ હથિયાર સહ સજ્જિત થઇ દાખલ થવું, શું! પોતાના કુળની ધાર્મિક સુપ્રસિદ્ધ વિરતાનું પ્રત્યક્ષ પ્રમાણુ નથી? ઉદયપુરમાં અદ્યાપિ પર્યન્ત એ વંશનો એક યુદ્ધ-વિદ્યામાં કુશળ વીર પુરૂષ હયાત છે. સ્વર્ગસ્થ પરમ પૂજ્ય મ્હારા દાદા શિવનારા-

યણુજી પણ ગુલેલનું નિશાન ચીંધવાના કામમાં ભારે કુશળ હતા. એથીજ કુમડીઆ વંશની અમુક શાખાની 'અલ્ল' યુદ્ધમાં નિરતા બતાવવાના કારણુસર 'રણબાંકુરે' પડી હશે. ક્ષેત્રપાળ જથ્થાવાળા, પ્રયાગપૌત્ર મિશ્ર જીતરામજીના જથ્થાવાળા તથા કીતુના જથ્થાવાળા પણ કુમડિયામાં પ્રસિદ્ધ છે. પરન્તુ થંભા (જથ્થા) તથા પરવારોનું વિશેષ પ્રામાણિક વિવરણ, વંશાવળી સાથે ત્વરાથી પ્રકટ કરવામાં આવશે. કુમડિઆ તથા એમના યજમાનોના ભાટ રુદ્રજાતિના નાઈઠ્ઠી તથા ધમ્મી છે. કે જેમના અધિકારમાં કુળદેવતાની મૂર્તિ રહે છે. સારા પ્રસંગપર કુળદેવતાની મૂર્ત્તિ લાવી પોતાના લાગ લગમ લેવા એ ધમ્મીનું મુખ્ય કર્તવ્ય છે. ભાજડોંના કઠણ કાળમાં કુમડીઆના ધમ્મીઓનું કુટુંબ સર્વથા નાશ પામ્યું હોય એવું પ્રતીત થાય છે. એ કારણુસર કુળ દેવતાની મૂર્તિ પણ આજના વખતમાં નથી. ફકત એકાદ આરીઆમાં થાપા કરી સામે પડદો રાખી કુલ દેવતાનું માનસિક પૂજન આવાહન વગેરેથી કામ નીભાવવામાં આવે છે પરન્તુ આગળ ઉપર કુળદેવતાની મોર ઉપર આરુઢ થયેલી ચાર ભુજાવાળી મૂર્તિ શ્રી જય જય કુમારજીની હતી. દેવકાર્યના સમયમાં તેનાં દર્શન કરાવવામાં આવતાં હતાં. ધમ્મીના કુળનું નક્કી થઇ જાય તો બહુ સારી વાત છે. નહિતર શ્રી કુળદેવતાની મૂર્તિનું ફરીથી સ્થાપન કરવું એ કુમડીઆનું અવશ્ય કર્તવ્ય છે. મૂર્તિ ન હોવાના સબબથી આજના વખતમાં ઘણાઓને કુલદેવતાના ધ્યાનનો નિશ્ચય નથી. ઘણાને તો દેવતા તથા દેવીની બાબતમાં સંદેહ છે. અસીરત એટલે આશ્રિત 'રસોઇઆ' બ્રાહ્મણ તથા કુમ્હાર, મિરાસી, ફુલેરા, ડોમ વગેરે બીજા પણ યાચક તથા લાગાવાળાઓનો આજના સમયમાં પતો લાગતો નથી. અને સમયના ફેરથી આજના વખતમાં એમની જરૂર પણ નથી. એમાંના કેટલાક તો નાશ પામ્યા છે. કેટલાક અંગ્રેજી રાજ્ય થતાં બીજી આ જીવિકામાં લાભ જોઇ પિતૃઓની (બાપદાદાની) વૃત્તિ છોડી બેઠા છે.

ત્રિગુણના તારતમ્ય તથા ઉપાસકની મનોવૃત્તિના ફેરવડે દરેક દેવતાની મૂર્ત્તિ તથા ધ્યાનના અગણિત ભેદ થઇ ગયા છે. જ્યાં જે ધ્યાનની પૂજાનો અધિકાર છે. ત્યાં તેનું ગ્રહણ કરવામાં આવે છે. ગૃહસ્થોમાં રજોગુણ પ્રધાન સૌમ્ય મૂર્તિનીજ ઉપાસના ચાલુ છે. ત્યાં શ્રી પૂજ્ય જય જય કુમાર કુળદેવના શાસ્ત્રમાં કહેલ ધ્યાનનો ઉલ્લેખ પણ અવશ્ય કરવા લાયક છે.

"अथ शिखिवाहना कुमार ध्यानम् ।

"चतुर्भुजं चैक वक्त्रं त्रिनेत्रमभयं वरम् ।

पाशाङ्कुशद्वयश्चैव ध्वजाके ... ... ।"
"चतुर्भुजश्चैक वक्त्रं करण्ड मुकुटान्वितम् ।
शक्तिश्चाभयद ... क्षे सव्ये वरद वज्रके ।
पद्मपुष्प ... कण्ठे देवं बाल स्वरूपकम् ।"
"आवाहयामि देवेशं षण्मुखं कृत्तिका सुतम् ।
रुद्र तेज समुत्पन्नं देवसेना समन्वितम् ।
मयुर वाहनं शक्तिपाणिं वै ब्रह्मचारिणम् ।
आगच्छ भगवन् स्कन्द यज्ञेऽस्मिन् सन्निधिङ्कुरु ।"
"ॐ नमः स्कन्दाय शैवाय घण्टाकुक्कुट धारिणे।
पताकाशक्ति हस्ताय षण्मुखाय च तेनमः ।
मयुर वाहन स्कन्द गौरी सुत षडानन ।
कार्तिकेय महा भाग दयाकुरु दयानिधे ।
"ॐ कार्त्तिकेयं महाभागं मयूरोपरि संस्थितम् ।
तप्तकाञ्चन वर्णाभं शक्ति हस्तं वरप्रदम् ।
द्विभुजं शत्रुहन्तारं नानाऽलङ्कार भूषितम् ।
प्रसन्न वदनन्देवं कुमारं पुत्र दायकम् ।"

ઇત્યાદિ પૂજ્ય કુલ દેવતાનો મહોત્સવ દર વરસે સ્કન્દ છઠને રોજ કરવા લાયક છે. દેવતાઓએ ચૈત્ર મહિનાના છઠ્ઠ તિથિને રોજ શ્રી કુમારનો અભિષેક કર્યો હતો, છઠ્ઠ એજ કુમારની તિથિ છે. સાત દિવસના શ્રી કુમારે તારકાસુરનો વધ કર્યો હતો. એમની જન્મ કથાની સાથે મત્સ્યપુરાણના ૧૫૯મા અધ્યાયમાં દેવ બન્દિજનોની ઉચ્ચારેલી ગાથા ભણવી યોગ્ય છે. શ્રી જય જય કુમારની પૂજાના ક્રમ સાથે વિસ્તારથી એમની ઉત્પત્તિ તથા ઇન્દ્રની કન્યા દેવસેનાના સાથેના વિવાહ વગેરેનું વર્ણન ' કુલ દેવાર્ચન ' ' પદ્ધતિ ' માં લખવાની ઇચ્છા છે.

" જૈતલી " સારસ્વત પ્રખ્યાત પરમર્ષિ અંગિરાના ગણમાં સુવિશાળ ગૌતમ વંશની ઔશનસ શાખામાં છે. મત્સ્ય પુરાણના ૧૯૬મા અધ્યામાં-

"द. रेणाङ्करा जातो अर्चिभ्योऽत्रिस्तथैवच ।
मरीचिभ्यो मरीचिस्तु ततो जातो महातपाः ।"

સકળ જગત્ કારણ રૂપ એ અગ્નિના અંગારામાંથી અંગિરાની ઉત્પત્તિ લખી છે. જોકે કૂર્મ્મ પુરાણમાં પ્રજાપતિઓની ઉત્પત્તિ સંબંધે બીજે પ્રકારે પણ વર્ણન કરેલું છે. જેમકે:—

"प्राणाद् ब्रह्माऽसृजद्दक्षं चक्षुर्भ्याञ्च मरीचिकम् ।
शिरसोऽङ्गिरसं देवोहृदयाद् भृगुमेवच ।
नेत्राभ्याम् त्रिनामानं........पुलस्त्यञ्च
तथो दानात्व्यानाच्च पुलहम्मुनिम् ।
अपानात्क्रतुमव्यग्रं समानाच्च वसिष्ठकम् ।"

પરન્તુ:—

"त्वमग्ने प्रथमोऽङ्गिरा ऋषिर्देवानाम् ।"
"शिवो भव प्राजापत्यो मानुषीभ्या मङ्गिरा ।"
"अङ्गिरा अङ्गारा" यजु० ।
येऽस्याङ्गारा आसंस्तेऽङ्गिरसो भवन् ।" ऐ०

વગેરે શ્રુતિઓ પ્રમાણે મહાભારત વનપર્વમાં અગ્નિ તથા અંગિરાના સંવાદ વડે પણ એ બાબદનો દૃઢ નિશ્ચય થાય છે. હુતવહ અગ્નિ જે સમયે ક્રોધ કરી વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી ગયેલ તે વખતે તે પોતે અંગિરા પણ થઇ ગએલ. અંગિરાએ એ વખતે અગ્નિને કહ્યું કે:—

"त्वमग्निः प्रथमं सृष्टो ब्रह्मणा तिमिरापहः ।
स्वस्थानं प्रतिपद्यस्व शीघ्रमेव तमोनुद ।
अग्निरुवाच । नष्टकीर्त्ति रहं लोके भवान् जातो हुताशनः
भवन्त मेव ज्ञा स्यन्ति पावकम् माज्ञनाः ।
निक्षिपाम्य . भग्नित्वं त्वमग्निः प्रथमो भव ।
भविष्यामि द्वितीयोहं प्राजापत्यक एवच ।

अङ्गिरा उवाच । कुरुपुण्यं प्रजा सर्गं भवाग्नि मिरापहः ।
माश्च देव ..रुष्वाग्मे प्रथमं पुत्र मञ्जसा ।
मार्कण्डेय उवाच । तच्छ्रुत्वाङ्गिरसो वाक्यं जातवेदास्तथा करोत् ।
राजन् वृहस्पति नमितस्याप्यङ्गिरसः सुतः ।"

પ્રજાપત્ય અગ્નિના અંગારાવડે જ અંગિરા ઋષિની ઉત્પત્તિ થઇ હતી, એ વાત બિનતકરારી છે. પરમર્ષિ અંગિરાના ઉતથ્ય, બૃહસ્પતિ, તથા સંવર્ત નામના ત્રણ પુત્ર હતા. ઉતથ્ય સૌ કરતાં મ્હોટા હતો. દેવગુરુ બૃહસ્પતિ ઉતથ્ય કરતાં ન્હાના હતા. લખ્યું છે કેઃ—

"त्रयोह्यङ्गिरसः पुत्राएते सर्वत्र विश्रुताः ।
वृहस्पति रुतथ्यश्च संवर्तश्च धृत व्रतः । म० भा०

કહેલા ઉતથ્ય ઋષિનું જ એક નામ ઉશિજ પણ હતું. મહર્ષિ ઉતથ્યની સ્ત્રી મમતાના ગર્ભથીજ ઔતથ્ય અથવા દીર્ઘતમા અર્થાત્ ગૌતમ ઋષિનો જન્મ થયો હતો. જ્યારે બૃહસ્પતિએ મમતા સાથે તેની ગર્ભાવસ્થામાં બળાત્કાર કર્યો તે કાળે ઔતથ્યને બાધક હોતાં શાપથી આંધળા થવાના કારણસર ઔતથ્યનું નામજ દીર્ઘતમા પડ્યું. પછી દીર્ઘતમાના ગોધર્મપાલનથી ખુશી થઇ સુરભિએ આઘ્રાણ કરતાં એના તમનો નાશ કર્યો. જેથી દીર્ઘતમાને પુનરપિ જોવાની શક્તિ પ્રાપ્ત થઈ. સુરભિ ગૌથી અન્ધકારનો નાશ થયો એથી દીર્ઘતમા ગોતમ નામથી પ્રસિદ્ધિને પામ્યો. પરન્તુ દીર્ઘતમાની પત્ની પ્રદ્વેષીના ગર્ભથી એના ગૌતમ વગેરે પુત્રો પણ થયા હતા. મત્સ્ય પુરાણના ૪૮મા અધ્યાયમાં વિસ્તારપૂર્વક ઉલ્લેખ છે.

अथोशिज इति ख्यात आसीद्विद्वानृषिः पुरा ।
पत्नीवै ममतानाम बभूवा स्य महात्मनः ॥
उशिजस्य यवीयान् वैभ्रातृ पत्नीम कामयत् ।
.हस्पतिर्महा तेजा ममतामेत्य कामतः ॥
उवाच ममता तन्तु देवरं वर वर्णिनी ।
अन्तर्वत्न्यस्मिते भ्रातु ज्येष्ठस्य तु विरम्यताम् ॥
अयन्तुमे महाभाग गर्भः कुप्येद् वृहस्पते ।

औशिजो भ्रातृ जन्यस्ते सोपाङ्गं वेदमुद्गिरन् ॥
अमोघरेतास्त्वञ्चापि नमां भजितु मर्हसि ।
अस्मिन्नेव गतेकाले यथावा मन्यसे प्रभो ॥
एवमुक्तस्तथा सम्यग् बृहत्तेजा बृहस्पतिः ।
कामात्मा स महात्मापि नमनः सोऽभ्यवारयत् ।
सम्बभूवैव धर्मात्मा तया सार्द्धम कामया ।
उत्सृजन्तन्तु तद्रेतो वाचं गर्भोऽभ्य भाषत ॥
लो तात वाचामधिप द्वर्योर्नास्तीह संस्थितिः ।
अमोघरेता स्त्वञ्चापि पूर्वश्चाह मिहागतः ॥
सोऽशपत् तं ततः क्रुद्ध एवमुक्तो बृहस्पतिः ।
पुत्रं ज्येष्ठस्य वै भ्रातुर्गर्भस्थं भगवानृषिः ।
यस्मात् त्वमीदशे काले गर्भस्थोऽपि निषेधसि ।
मामेव मुक्त वां स्त स्मात् तमो दीर्घं प्रवेक्ष्यसि ॥
ततो दीर्घतमा नाम शापादृषिर जायत् ।........
ततस्तं दीर्घतमसं सुरभिर्वाक्य मब्रवीत् ।
विचार्य्य यस्माद्वो धर्म्मं प्रमाणम् ते कृतं विभो ! ॥
भक्त्या चानन्य या स्मासु तेन प्रीतास्मितेऽनघ ।
तस्मात् तुभ्यं तमो दीर्घमाघ्रायापनु दामिवै ॥
बार्हस्पत्य स्तथैवैष पाप्मा वैतिष्ठति त्वयि
जरां मृत्युं तमश्चैव आघ्रायापनु दामिते ।
सद्यः सघ्रात मात्रस्तु असितो मुनि सत्तम ।
आयुष्मांश्च वपुष्मांश्च ततोऽ भवत्
गोऽभ्या हते तमसिवै गौतमस्तु ततोऽभवत्" ।

ઔતથ્ય તથા ગૌતમ નામથી પિતા તથા પુત્ર બન્ને પ્રસિદ્ધ હતા. સ્મૃતિકાર ઔતથ્ય દીર્ઘતમાનો પુત્રજ હતો. ઔતથ્ય ગૌતમ શાખાના એ અંગિરસોના કુલ પૂજ્ય મથુરા નગરીના સુપ્રસિદ્ધ ગોકર્ણેશ્વર મંદિરના મહા

મહેશ્વર જ " બાવા મહત " નામથી જેતલી માત્રના કુળદેવતા તરીકે પ્રસિદ્ધ છે. સ્વર્ગસ્થ પંડિત બદ્રીનાથજી જેતલિ, અમૃતસર નિવાસીની રચેલી–

"पञ्चजातीय कुलदेवतार्चन पद्धति"

માં પુણ્યપાલ કુલપૂજિત મથુરાવૃત્તિ શ્રી ગોકર્ણેશ્વર મંદિરના મહા મહેશ આત્મકુલ દેવતા તથા " શ્રી પુણ્યપાલ કુલ પુજિત ગોકર્ણાભિધમાત્મ કુલ દેવં શ્રી બાબા મહાદાખ્યં " ઇત્યાદિ સ્પષ્ટ લખેલું છે. આંગિરસ ઉતથ્ય વંશજોનો નિવાસ હાલની મથુરાં નગરી વસ્યા પહેલાં યમુના કિનારાની તપોવન વાટિકામાં બહુ પ્રાચીન કાળથી હોય એવું દેખાય છે. મહાભારત અનુશાસન પર્વમાં:—

"भद्रा सोमस्य दुहिता रूपेण परमा मता ।
यस्या स्तुल्यं पतिं सोम उतथ्यं समपश्यत ।
साचतीव्रं तपस्तेपे महाभागा यशास्विनी ।
उतथ्यार्थेतु चार्वङ्गीपरं नियममा स्थिता ।
तत आहूय सोतथ्यं ददावत्रिर्यशस्विनीम् ।
भार्य्यार्थे सतुजग्राह विधिवद् भूरि दक्षिणः ।
तान्तव कामयत श्रीमान् वरुणः पूर्वमेवह ।
सचागम्य वनप्रस्थं यमुनायां जहार ताम् ।
जलेश्वरस्तु हृत्वातामनयत् स्वपुरं प्रति........
तत्रदेवस्तया सार्द्धं रेमे राजन् जलेश्वरः ।
अथा ख्यातमुतथ्याय ततः पत्न्यव मर्द्दनम् ।
तच्छ्रुत्वा नारदात् सर्वमुतथ्यो नारदं तथा ।
प्रोवाच गच्छ ब्रूहित्वं वरुणं परुषं वचः
मद्वाक्याद् मुञ्चम भार्य्यां कस्मात् तां हृतवानसि ?
लोकपालोऽसि लोकानां न लोकस्य विलुम्प कः ।
सोमेन दत्तामे भार्य्या त्वयाचाप हृताऽद्यवै ।........
इतिश्रुत्वा वचस्तस्य ततस्तं वरुणोऽब्रवीत् ।

ममैषा सुप्रिया [illegible]तामुत् स्रष्टु मुत्सहे ।....
गले गृहीत्वा क्षिप्तोऽस्मि वरुणेन महामुने....
नारदस्य वचः श्रुत्वा क्रुद्धः प्राज्वलदङ्गिराः ।
अपिबेत्तजसा वारि विष्टभ्यस महातपाः ।
तस्मिन् संशोषिते देशे भद्रामादाय वारिपः ।
अददाच्छरणं गत्वा भार्या माङ्गिरसायवै ॥"

મધુવન પ્રાન્તના યમુના કુલથી જ એની ભદ્રા નામની સ્રીને જબર દસ્તીથી વરૂણે અપહરણ કરવાનું બ્યાન આવે છે. યમુનાના તટ ઉપર એ પ્રાન્તમાં મથુરા નગરી તો દશરત સુત રામચંદ્રજીના ન્હાનાભાઈ શત્રુઘ્ને, લવણ રાક્ષસનો વધ કરી વસાવી હતી. દાખલા તરીકેઃ—

"शत्रुघ्नश्च मधोः पुत्रं लवणं नाम राक्षसं ।
हत्वा मधुवने चक्रे मथुरां नामवैपुरीम् ॥"भा० ९ स्क. ११ अ०

પરન્તુ ઉતથ્ય ઋષિની સ્રી ભદ્રાનું યમુનાના કિનારાથી અપહરણ થયું તેને ઇતિહાસ મથુરાં વસ્યાના વખતથી પણ ઘણો પુરાણો છે. જ્યારે નારદજીએ ઉતથ્ય ઋષિના દૂતનું કાર્ય બજાવી વરૂણ દેવતાને કહ્યું કે "લોક પાલ થઇ લોક મર્યાદાનો નાશ કરવાનો આપનો ધર્મ નથી." વિવાહ વિધિ વડે સોમના દાનની, ઉતથ્યની ધર્મપત્નીનું તમે જબરદસ્તીથી કેમ હરણ કર્યું ? ઉતથ્યના કથન પ્રમાણે તમે હજી પણ ભદ્રાને છોડી દો. " પરન્તુ વરૂણે એ વાતનો કંઈ પણ વિચાર ન કર્યો. ક્રોધમાં નારદજીની ગરદન પકડી. ત્યારે તો ઉતથ્ય ઋષિએ વિશેષ ક્રુદ્ધ થઇ તપોબળવડે બોલી વરૂણના અધિપતિપણાનો પ્રદેશ જળવિહીન બનાવી દીધો. પોતાની એટલી દુર્દશા કરાવ્યા બાદ વરૂણ દેવતા ઉતથ્ય ઋષિને શરણે ગયા. વળતી પોતાના વાંકની ક્ષમા લઇ ઉતથ્યની સ્રી ભદ્રાં ઉતથ્યને હવાલે કરી. આ પુરાતન ઇતિહાસથી પણ ઉતથ્ય ઋષિ મથુરા પ્રાન્તમાં યમુનાના કિનારાપર વસતા હતા એ વાત સારી રીતે સિદ્ધ થાય છે. ઉક્ત ઔતથ્ય ગૌતમ ઋષિવંશનો કુલેશ ગોકર્ણેશ્વર મહાદેવ સાથનો અતિ પ્રાચીન સમ્બન્ધ પુરાણોમાં પણ ઉલ્લેખવામાં આવ્યો છે. કૂર્મ પુરાણના ૨૦મા અધ્યાયમાં શરૂઆતમાંજ ઇક્ષ્વાકુ રાજાના વંશજ યુવનાશ્વ રાજાએ ગોકર્ણેશ્વરના મંદિરમાં જઈ તપ-

સ્વી ગૌતમ ઋષિની સમક્ષ થઈ પુત્ર પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો હતો. એ બાબતમાં લખ્યું છે કેઃ—

"सगोकर्ण मनुप्राप्य युवनाश्वः प्रतापवान् ।
दृष्ट्वासौ गौतमं विप्रं तपन्तमनल प्रभम् ।
प्रणम्य दण्डवत् भूमौपुत्रकामो महीपतिः ।
अपृच्छत् कर्म्मणा केन धार्म्मिकं प्राप्नुयात् सुतम् ॥"

જો કે ગોકર્ણેશ્વરની શિવમૂર્તિ પશ્ચિમ સમુદ્રની પાસે દક્ષિણ તરફમાં સ્થાણુ તીર્થ (સ્થાનેશ્વર) માં ઉત્તરાખંડમાં અને નૈમિષારણ્ય આદિ સ્થાનોમાં પણ સ્વતંત્ર સ્વતંત્ર છે; તોપણ અંગિરા ગણુતા જૈતલિ ઔતથ્યોના કુળ દેવતાની મૂર્તિ તો મથુરાંના ગોકર્ણેશ્વર મંદિરમાંજ છે- એ મૂર્તિનું ધ્યાન પણ ' નીલરુદ્ર 'ના ધ્યાનના પ્રકારોમાંનો એક પ્રકાર હોય એમ દેખાય છે.

"अथर्वाङ्गिरसं नीलरुद्रन्देव्य पराजिता ।" वाचस्पत्य धृत

એ પ્રમાણે પણ અંગિરાના વંશના ઉપાસ્ય કુળદેવ ' નિલરુદ્ર ' જ જોવામાં આવે છે. પરમર્ષિ ભૃગુના ગણમાં જેવી રીતે સર્વથી પ્રથમ જમદગ્ન્ય વત્સગોત્રનાજ પ્રવરાદિનું વર્ણન આવે છે; તેથી તેવીજ રીતે અંગિરા ઋષિના ગણોમાં સૌથી પહેલાં ગોતમોના પ્રવરોનાજ ઉલ્લેખ છે. એ તો લખાઇજ ગયું છે કે અંગિરા ઋષિના વંશમાં પણ ' વત્સ ' વત્સભૂમિ, ભાર્ગવ ' વા ' ઉશના ' વગેરે નામવાળા ઋષિઓએ જન્મ લીધો હતો. ઋગ્વેદમાં ભાષ્યમાં સાયનાચાર્યે પણ દ્વિતીય મંડલના મંત્રદષ્ટા ગૃત્સમદ ઋષિના પરિચય પ્રસંગમાં એ બાબે વિશેષ આ પ્રમાણે લખ્યું છે.—

"मण्डल द्रष्टा गृत्समदऋषिः
सचपूर्वं आङ्गिरसकुले शुनहोत्रस्य पुत्रः
सन् यज्ञकालेऽसुरैर्गृहीत इन्द्रेण मोचितः
पश्चात्तद्वचनेनैव भृगुकुलेशुनकपुत्रोऽभूत् ॥"

મંડલ દષ્ટા ગૃત્સમદ ઋષિ પૂર્વ જન્મમાં અંગિરા ઋષિના વંશમાં શુનહોત્રના પુત્ર શૌનહોત્ર નામે હતા. યજ્ઞમાં અસુરોએ એમને પકડી લીધા હતા. પછી ઇન્દ્ર દેવતાએ છોડવ્યા, ઇન્દ્રના હુકમથી જ બીજા જન્મમાં

ઉક્ત શૌનહોત્ર, દૈત્યગુરુ ભૃગુઋષિના વંશમાં શુનકના પુત્ર ગૃત્સમદ નામના ઉત્પન્ન થયા હતા. અનુક્રમણિકામાં પણ ખુલ્લી રીતે લખ્યું છે કેઃ—

"य आङ्गिरसः शौनहोत्रोभूत्वाभार्गवः

शौनकोऽभवत् स गृत्समदः द्वितीय मंडलम पश्यत् ।"

તથા ઉક્ત શૌનકની જ ઉક્તિ છે કેઃ—

"त्वमग्ने इतिगृत्समदः शौनको भृगुतां गतः ।

शौन होत्र प्रकृत्त्यातुय आङ्गिरस उच्यते ।"

તાત્પર્ય એજ છે કે શુનહોત્ર વા સુહોત્ર, શૌનક, ભાર્ગવ, કવિ, વત્સ, વગેરે એકજ નામના કěક ઋષિવંશ વિશેષમાં ઉત્પન્ન થયા હતા. શુનહોત્ર અથવા સુહોત્ર અંગિરાના કુળમાં થયા હતા. અને ભૃગુવંશમાં પણ થયા હતા. એથી હરિવંશ વગેરેમાં લખ્યું છે કેઃ—

"वत्सस्य वत्स भूमिस्तु भृगु भार्गवात् ।

एतेह्याङ्गिरसः पुत्रा जाता वंशेऽथ भार्गवे ।

ब्राह्मणाः क्षत्रिया वैश्या स्त्रयः पुत्राः सहस्त्रशः ।"

ह० वं० अ० २९

વિસ્તાર પૂર્વક એ નામવાળા ઋષિઓએ પહેલાં અંગિરાના વંશમ અને ત્યારબાદ ભૃગુકુળમાં જન્મ લીધેલો તેનું વર્ણન છે. મનુજી પણ કહેછે કેઃ–

"अध्यापया मासपितॄन् शिशुराङ्गिरसः कविः ।

દિલગીરીની વાત છે કે ગોત્ર પ્રવર સંબંધના ઉત્તમ ખુલાસાવાર ગ્રંથોની ગેરહાજરીમાં આ વખતે એ વિષયનું પંડિતોને પણ યથોચિત જ્ઞાન નથી. એથી ભ્રમ તથા પ્રમાદવડે ઘણાખરા પોતાના પ્રવરનો નિર્ણય પણ મનમાનતી રીતે કરી શકતા નથી. જ્યારથી પોતાના હાથની બનાવેલી જનોઈ પહેરવાનો ચાલ બંધ થયો, ત્યારથી પ્રવરોનું જ્ઞાન પણ નાશ પામ્યું.

"उशना भार्गवः कविः ।"

ભૃગુ ઋષિને ઉશના પણ કહે છે. ઉશનાની સંતાન પરંપરાનો જ 'ઔશનસ' પ્રવરની અંદર સમાવેશ થાય છે. ભાર્ગવ, વત્સ, વાત્સાયનાદિ ગોત્રસંબંધી લેખ, ભૃગુ તથા અંગિરા ગણ સિવાય કાશ્યપ તથા અત્રિ વિશ્વામિત્રાદિમાં પણ છે. એમના પ્રવરોમાં પણ વિભેદ છે. અર્થાત્ ગોત્ર તથા

પોતાના ગણુના પ્રવરોનો બરાબર જેવો નિશ્ચય કરી લેવો, એ પણ સહજ વાત નથી. એથી હાલના વખતમાં ઘણા લોકોને એ બાબતનું પૂરૂં જ્ઞાન નથી. કેટલાક એવા પણ છે કે જેઓ પ્રવરનો અર્થજ સમજતા નથી. સૌથી પહેલાં જેતલીઓની આ ભૂલનો ઉલ્લેખ કરી મેં એક નિવેદન પત્ર ત્રણ વરસ ઉપર સારસ્વત કુલ તિલકાયમાન, માનનીય શિરોમણિ, પરમ પૂજ્યવર શ્રદ્ધેય શ્રી વૃન્દાવન મિશ્ર જૈતલીય કુલ-ગૌરવ શ્રી ગુરુજીના ચરણ કમળને વિષે મોકલ્યો હતો. અને અરજ કરી હતી કે આ નિર્ણયમાં મારી ભૂલ હોય તો કૃપા કરી અવશ્ય એ બાબતની મને સુચના મળવી જોઇએ. અને જો યથાર્થ હોય તો સ્વીકાર થવો જોઇએ. સદરહુ કાગળના પ્રત્યુત્તરમાં શ્રી ગુરુચરણની કૃપાપૂર્ણ પત્રિકા જેમને સંસ્કૃતમાં લખેલી મળી છે, તેમાંથી કેટલોક ભાગ આ ઠેકાણે લખવામાં આવે છે. તે આ પ્રમાણે છે.

"हे सभ्या भृगु भारण्ड वत्स वत्सायनादयः ।" अन्यच्च
"वात्स्यायनो भरद्वाजो वाल्मीकिर्मुनि पुङ्गवः।"

આદિ પ્રમાણ, પ્રદર્શનપૂર્વક શ્રી ગુરુ ચરણો તરફથી મુજ અલ્પજ્ઞને ઉત્સાહ આપી લખવામાં આવ્યું હતું કે:—

"वत्स वात्स्यायनौ वात्स्य इति भेदास्त्रिधा मुनौ ।
देशकाल क्रिया योगान्न जानेक गताऽधुना ।
निस्सारिता त्वया वत्स, बहुकालादनन्तरम् ।
अस्मत् पितामहाद्याश्च न समर्था विवेचने ।
तद्विविक्तं त्वयैवाऽद्यश्लाघनीय स्त्वमासि ।
प्रवरा गोत्रनिर्णेया निर्णीतास्तु त्वयाऽधुना ।
प्रवरणैव गोत्रस्य निर्णयो भवति स्फुटम् ।
तत्त्वयाऽद्यकृतं सौम्य मेधाते त्वति निर्म्मला ।
दुष्कृतश्च कृतं कर्म्म केनाद्यापि म शोधितम् ।"

ઇત્યાદિ વત્સગોત્રના પ્રવરોનો નિશ્ચય કરવાને જ્યારે જેણે પ્રવરાધ્યાય વગેરે પ્રચલિત પુસ્તકોનાં પાનાં ઉથલાવ્યાં, તેનેજ સૌથી પહેલાં ભૃગુના ગણુના 'વત્સ' ગોત્રના પ્રસિદ્ધ ભાર્ગવ ચ્યવન વગેરે પાંચે પ્રવર સહજમાં વિના પરિશ્રમે સામે આવી મળ્યા ?' અર્થાત્ વિશેષ ધ્યાનપૂર્વક શ્રમ લઇ

કયો પંડિત આ નકામા અને લાભ રહિત વિષયને વિચારવા બેશે ? યથાર્થ પ્રવરોના યત્નપૂર્વક અનુસંધાન ન કરવાનું મુખ્ય કારણ એજ હતું. સ્વર્ગસ્થ પંડિત બદ્રીનાથજી જૈતલીએ પણ " જૈતલિયો " ના તો ભાર્ગવ, ચ્યવન વગેરે પાંચ પ્રવર લખ્યા છે. પણ યજમાનોના ' કૌશલ્ય 'ને ' કૌશિલ લખી તેમના ' કૌશિલ ' ' દેવરાત ' ઔતથ્ય એ ત્રણ પ્રવર લખ્યા છે ! ! ! યજમાનોના પ્રવરોમાં ઉક્ત " ઔતથ્ય " ઋષિના નામનું આવવું, ઉક્ત શ્રદ્ધેય પંડિતજીની ભ્રાંતિ સહિત મારા આગળ લખેલા પક્ષનું સર્વથા પોષક છે. જો જૈતલિયોનો પ્રસિદ્ધ " ઔતથ્ય " વંશ સાથે સંબંધજ ન હોત તો, એમના યજમાનોના પ્રવરોમાં " ઔતથ્ય ઋષિનું નામ પ્રાચીન પંડિતોનાં છપાવેલાં પુસ્તકોમાં કેવી રીતે આવી શકત? પુરોહિતોના પ્રવર પ્રમાણેજ યજમાનોના પ્રવર પણ હોય છે. એ બાબદમાં જ્યારે એકતા નથી, ત્યારે ભૂલ પણ નક્કી થઇ છે. જે જૈતલી ભાઇઓને પોતાના વાત્સ્ય ગોત્રના ભૂલવડે છપાએલા ' ભાર્ગવ, ચ્યવન, આપ્નવાન વગેરે પાંચ પ્રવરોને જોઇ સન્દેહ અથવા ભ્રાંતિ પોતાના પ્રવરોના સંબંધમાં થતી હોય તેઓએ મેહેરબાની કરી, આ પુસ્તકમાં દર્શાવેલ, નિરપેક્ષ વિચારથી નિર્ણીત કરેલ, જૈતલીઓના પ્રવર નિર્ણયને મનોનિવેશ પૂર્વક આગ્રહ છોડી વાંચવો જોઇએ. જો તેઓ એમ કરશે તો આશા છે કે તેમના સંદેહનું અવશ્ય નિવારણ થશે. આ વાત આગળ જ દર્શાવવામાં આવી છે કે માન્ય શ્રુતિ પ્રમાણ પ્રમાણે આંગિરસ જૈતલીઓના કુળદેવતાનું ધ્યાન એ નીલ રુદ્રનુંજ ધ્યાન વિશેષ છે. કારણ વ્યાઘ્રાંબર શોભિત, અક્ષમાલા તથા પાનપાત્રધારી, ત્રિનેત્ર મૂર્ત્તિનું ધ્યાન, સઘળા રુદ્રોને વિષે નીલકંઠનું જ છે. અપરાજિતા, નીલકંઠ રુદ્રની શક્તિનું નામ છે. આ બાજૂએ તપાસશો તો જયન્તી અથવા શમીના ઝાડનું નામ પણ અપરાજિતા જોવામાં આવે છે.

"अश्वत्थान्निर्गतो वह्निः शमी गर्भ मुपाविशत् ।"

"इत्युक्तां तं शमीगर्भेवह्नि मालक्ष्यदेवता: ।

देवतायतनं चक्रुः पुण्यं सर्वक्रियास्वपि ।

ततः प्रभृति चाग्निः सशमी गर्भेषु दृश्यते ।

उत्पादने तथोपाय मधिजग्मुश्च मानवा:

મહાભારતમાં કથા છે કે:—" એક વખત અગ્નિ વિનષ્ટ થતાં દેવતાં

અગ્નિની શોધ કરતા હતા. અગ્નિ છૂપાતો છૂપાતો અશ્વત્થ વૃક્ષમાંથી નીકળી જયન્તી (શમી) ના ગર્ભમાં ઘુસ્યો હતો. તે વખતથી અગ્નિ ગર્ભા શમીને સઘળાં કર્મોમાં પવિત્ર અને સઘળા દેવતાઓનું આશ્રય સ્થાન માનવામાં આવ્યું છે. શમીના ગર્ભમાં અગ્નિ ત્યારથી દેખાયો. અને માણસોમાં પણ યજ્ઞને વિષે શમી વૃક્ષમાંથી અગ્નિ પેદા કરવાનો ઉપાય ત્યારથી નીકળ્યો.

શમી અથવા જયન્તીને હિન્દીમાં ' જૈત ' કહે છે. અંગારોત્પન્ન અંગિરાના વંશના એ જૈતલિયોનું કુળ વૃક્ષ ફક્ત જૈતજ છે. ભાદરવામાં જન્માષ્ટમીના વ્રતનું પાલન ન કરતાં કુલવૃક્ષ જયન્તીને પૂજવાની પુરાણી રીત એ લોકમાં આજે પણ પ્રચલિતછે. જૈતલી બ્રાહ્મણો પહેલાં જયન્તીનું ઝાડ રોપી પછી તે સ્થાનમાં રહેવા યોગ્ય ઘર વગેરે બનાવી રહેતા હતા. લાહોરમાં પણ એ જૈતલીઓના પ્રાચીન નિવાસ સ્થાનમાં જયન્તીનું પ્રાચીન વૃક્ષ આજ સુધી હયાત છે. તેનું પૂજન કરવાને દરવર્ષે જન્માષ્ટમીને રોજ એમના યજમાન ' મેહરે ' ક્ષત્રિયોનો ત્યાં મ્હોટો મેળો ભરાય છે. વિદેશમાં વસનારા જૈતલીઓ પણ આંગણામાં ઝાડનું રોપણ કરી ધામધૂમથી સહકુટુંબ પૂજન કરી યજમાનોને હાથે પણ પૂજન કરાવે છે. ધર્મશાસ્ત્રોમાં પણ જયન્તીવ્રત જન્માષ્ટમીથી જુદોજ લખવામાં આવ્યો છે. પંજાબી ભાષામાં જયન્તીના વૃક્ષને ' જંડ ' કહે છે. એ કારણસર એ મહોત્સવનું નામ જંડીપૂજન અથવા ' જંડી ' પ્રસિદ્ધ છે. છડી જંડી પણ કેવળ જૈતલી અથવા મેહરોના કુળમાં થતી આવી છે. મથુરા પાસેજ પાંચ ગાઉ દૂર જૈતલિઓના આદિ નિવાસ સ્થાનનું નામ પણ ' જૈત ' અથવા જૈતલપુર એ જૈતના ઝાડના નામ ઉપરથી પડેલું છે. જૈતલી શબ્દની વ્યુત્પત્તિ પણ જયન્તી અર્થાત્ જૈત અથવા શમી વૃક્ષ સાથેજ સંબંધ રાખે છે ?

(जयन्ती लाति भजतीति जयन्तिलः ततकुले भवाजयन्ति लीयाः)

સંસ્કૃત ' જયન્તી લીય ' શબ્દજ હીન્દીમાં જૈતલી થઇ ગએલ છે. નિમિ રાજા તથા વસિષ્ઠ ઋષિ વચ્ચે અણુ બનાવ, મિથિલપતિ વિદેહને ઘેર ગૌતમ ઋષિએ યજ્ઞ કરાવવાથી જ ઉત્પન્ન થયો હતો. ત્યારથી મિથિલાના રાજ કુટુંબના કુલપુરોહિત ગૌતમઋષિ જ ઠરાવવામાં આવ્યા છે. અને આ લડાઇથી સૂર્યવંશી કૌશલ્ય રાજાઓમાં બીજી પણ કઇક શાખાઓના રાજા, જેમનો નિમિ રાજા સાથે અતલગનો સંબંધ હતો. તે પણ અદ્યાપિ ગૌતમઋષિના વંશજોને પોતાના કુલ પુરોહિત તરિકે માનતા આવ્યા,

એમના યજમાનોની જાતિ "મિથિલા" નિવાસી સંસ્કૃત "મૈથલાઃ" પરથીજ અપભ્રંશ મેહરા અથવા 'મિહિરૌતરા' પ્રસિદ્ધ થયેલ છે. હિન્દીના અપભ્રંશ શબ્દોમાં થનો અથવા લનોર થઇ જાય છે. કથનનું કહના અને 'બાલ' નું બાર એ નિયમ પ્રમાણે જ થએલ છે, મૈથિલ પોતરાંપરથી ક્રમશઃ 'મિહિરૌતરે' કહેવાયા હોય એમાં કંઈ નવાઈ જેવું નથી. સબબ શ્રી રામચંદ્રજીના શુભલગ્નના પ્રસંગ પર જનકના કુલ પુરોહિત શતાનંદઋષિ પણ સદહુ ગૌતમ વંશની શાખાના હોય એમ દેખાય છે. મહાભારતના સમયમાં પણ કૃપાચાર્ય વગેરે સુપ્રસિદ્ધ ગૌતમવંશની શાખાનાજ હતા. બીજા હાથ પર પાંચાલ રાજાના ભાઈ મુદ્ગલ રાજાના પુત્ર વિંધ્યાશ્વની સ્ત્રી મેનકાના ગર્ભથી પણ રાજર્ષિ દિવોદાસ તથા અહલ્યાની ઉત્પત્તિ થઈ હતી. વત્સકુળના શ્રેષ્ઠોના પુર્વ પુરૂષ રાજર્ષિ દિવોદાસ તો કુલ પુરોહિત ભૃગુઋષિના પક્ષમાં હતા. એમના વંશમાં ફરીથી અજમીઢે જન્મ લીધો હતો. અને તેના પછી વંશની બે શાખા થઈ વત્સકુળના શેઠ તો ભૃગુ પક્ષમાંજ રહ્યા. બીજી શાખાવાળા અંગિરા તથા ભારદ્વાજના પક્ષમાં આવી ગયા. મત્સ્ય પુરાણમાં પણઃ—

"विन्ध्याश्वान्मिथुनं जज्ञे मेनकायामिति श्रुतिः ।
दिवोदासश्च राजर्षि रहल्याच यशस्विनी ॥
शरद्वतस्तु दायादमहल्या सम्प्रसूयत ।
शतानन्द मृषिश्रेष्ठन्तस्यापि सुमहातपाः ।
सुतः सत्य धृतिर्नाम धनुर्वेदस्य पारगः ।
आसीत् सत्य धृत्तेः शुक्रममोघं धार्म्मिकस्यतु ।
स्कन्नं रेतः सत्यधृते र्दृष्ट्वाचाप्सरसं जले ।
मिथुनं तत्र संभूतं तस्मिन सरसि सम्भृतं ।
ततः सरसि तस्मिंस्तुक्रममाणं महीपतिः ।
दृष्ट्वा जग्राह कृपयाशान्तनुर्मृगयां गतः ।
एतेशरद्वतः पुत्रा आख्याता गौतमावराः । म०पु०अ०५०

ઉક્ત દિવોદાસની સહોદરા બેન અહલ્યાને ગૌતમ પત્ની લખેલી છે. શરદ્વત પણ ગૌતમ ઋષિનું બીજું નામ છે. સુપ્રસિદ્ધ શતાનંદ ગૌતમના

પુત્ર હતા. એના વંશજો સાથે શન્તનુ રાજાનો સંબંધ કેવી રીતે થયો તે મત્સ્યપુરાણમાં લખેલાં ઉપરનાં વચનોથી સ્પષ્ટ દેખાય છે. સિવાય એમના યજુર્વેદના વંશ બ્રાહ્મણમાં ઋષિયોની વંશાવળીમાં જ્યાં જ્યાં ગૌતમઋષિનું નામ આવે છે ત્યાં ત્યાં વાત્સ્યઋષિનું નામ પણ અસ્તિમાન દેખાય છે. **गौतमाद्गौतमोवात्स्याद्वात्स्यः** વગેરે અનેક સ્થળે ગૌતમવંશ સાથે વાત્સ્ય ઋષિના અતલગના કુળ સંબંધનો નિર્દેશ કરવાને માટે વારેવારે એક સરખું લખવામાં આવ્યું છે. આથી એ વાત તો નિઃસંદેહ છે કે અંગિરાના ગણુના એ ગૌતમ જેતલિયોનું એજ 'વાત્સ્ય' ગોત્ર છે. એ વાત્સ્યને ગૌતમ ઔશન્સની અંદર સમજી ગ્રંથોમાં એમના સંબંધી સ્વતંત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જૈતલીઓના એ વાત્સ્ય ગોત્રના આંગિરસ, ગૌતમ તથા ઔશનસ એમ ત્રણ પ્રવર છે. જૈતલીઓનો શુકલ યજુર્વેદ, માધ્યન્દિની શાખા, સૂત્ર કાત્યાયનાદિ, દેશ મધુપુરી પાસે જેત અથવા જૈતલપુર નદી જમુના, વૃક્ષ સમી, ધમ્મી તલ્લણ ભટ્ટ ચંદીદાસ, નાઈ હાડી મિરાસી સરવર ચીરાલ, માછી ભરમલ, ફુલેશમાલ, કુમ્હાર, મોગરા, અસીરત અજ્ઞાત, યજમાન કૌશલ્ય મેહરે અથવા મિહિરૌતરે છે.

"कौशल्याः पार्थिवास्तथा ।"

મત્સ્ય પુરાણના ૧૯૬મા અધ્યાયમાં એ કૌશલ રાજવંશીય મેહરે ક્ષત્રિયોને અંગિરાના ગણમાંઃ—

લખીને એમના અંગિરા, સુવચોતથ્ય, ઉશિજ, એ ત્રણ પ્રવર, ઉશિજ ગૌતમો પ્રમાણે ગણવામાં આવ્યા છે. પરન્તુ મત્સ્ય પુરાણના લેખ પ્રમાણે વિચારતાં જણાય છે કે ઉતથ્યનું બીજું નામ ઉશિજ છે. મતલબ ઔતથ્ય અથવા ગૌતમ નામની અંદરજ અવશ્ય ઉશિજનો સમાવેશ થાય છે. એ કારણસર ગૌતમવંશની ઔશનસ શાખાના પ્રવરોમાં ઉશિજ નામ સૂત્રકારો તરફથી ગણવામાં આવ્યું નથી.

એ કૌશલ્ય મેહેરોનું ગોત્ર પણ ગૌતમ ગણના પ્રસિદ્ધ 'કૌશલ્ય' ગોત્ર એમના કુળના સાદૃશ્યની રક્ષા નિમિત્તે પુરોહિતોએ પોતાના ગણમાંથી પસંદ કરી આપ્યું હતું. જેવી રીતે વત્સ ગોત્રના શેઠોનું ગોત્ર પણ વત્સ છે. તેવી રીતે હિરણ્ય નામ કૌશલ્યના શિષ્ય એ કૌશલ્ય મેહેરે ક્ષત્રિયોનું ગોત્ર પણ કૌશલ્ય છે. એ કૌશલ્ય ગોત્રના ત્રણ પ્રવર જો કે કેટલાકના મત પ્રમાણે આંગિરસ, ગૌતમ, શારદ્વત; અથવા આંગિરસ, ઔતથ્ય, અને ગૌતમ

પણ લખેલા જોવામાં આવે છે. પરન્તુ ચાલતા વખતમાં તો જેતલી પુરોહિતો પ્રમાણે એમના ત્રણ પ્રવર આંગિરસ, ઔતથ્ય તથા ઔશનસ હોય એ જ ઉચિત છે. કારણ જ્યારે શારદ્વત, ગૌતમ તથા ઔતથ્ય એક જ કુળના ઋષિઓનાં ભિન્ન ભિન્ન નામ છે. ત્યારે એમને એવા સ્થળમાં મેળ વગર સ્વતંત્ર લખી પુરોહિતોના પ્રવરોથી વ્યર્થ ભેદ બતાવવાની શું જરૂર છે ! મત્સ્ય પુરાણનાં વચનોમાં પણ

'एतशरद्वतः पुत्राः आख्याता गौतमावराः"

લખી એ બાબતનું સ્પષ્ટિકરણ કરેલ છે.

ઉક્ત હિરણ્યના કૌશલ્ય, ઉતથ્ય, ગૌતમ, તથા ગોકર્ણ વગેરે મહા પુરૂષોને શિવજીનું અવતારી સ્વરુપ લખેલ છે. કૂર્મ પુરાણમાં મહાદેવ શિવજીના અવતારોનો જ્યાં ઉલ્લેખ છે. ત્યાં સ્પષ્ટ લખ્યું છે કે

'महादेवावताराणि कलौश्रुणुत सुव्रत ।........
चतुर्दशो गौतमस्तु वेदशीर्षा ततः परः
गोकर्णश्चा भवत्तस्मात् गुहावासः शिखण्डधृक् ।........
उतथ्य वामदेवश्च महाकायो महानिलः ।........
हिरण्यनामः कौशल्यो लोकाक्षिः कुथुमिस्तथा ॥

પરમ ઉગ્ર તપશ્ચર્યા, કુળદેવ શિવજીની કૃપા, તથા શિવજીની યથાવિધિ ઉપાસનાવડે તથા શિવજીના પ્રતાપથી સદર્હૂ ઉતથ્ય વંશજોનું ભૂમંડલ ઉપર શિવ સ્વરૂપે અવતીર્ણ થવું સુસંગત જ દેખાય છે.

જેતલીઓમાં શ્રી પુણ્યપાલના નીચે મુજબ કુળ તેના ત્રણ પુત્રનાં નામ પરથી ચાલ્યાં છે. ૧ ચાંડા, ૨ કુલ્લા, ૩ રૂપા, પણ એમના યજમાન મિહિરોતરોના ચાર કુળ અને ૧૪ પરવાર પ્રખ્યાત છે. હાલના વખતમાં કુળ ધર્મ તથા જૂના રિવાજોના પરિત્યાગથી મેહેરોનાં કુળોનો યથાવત્ નિશ્ચય કરવો કઠણ છે. ડાંગા બાલ બલિયા પૌત્રોના કુલ વૃદ્ધ બાવા હાડીનો ટીંબો પૂર્વ-વાને લાહોરથી માઆંમીરની મધ્યે એ મેહેરે જતા હતા. જ્યાં એ ટીંબો હતો ત્યાં સમય ફેરવડે હાલે વસ્તી થઈ ગઈ છે. એ ડાંગાવાલ મિહિરતરોએ જેવી રીતે કેટલાક દિવસથી પોતાના કુળ વૃદ્ધનો ટીંબો પૂજવાનો તથા ત્યાં જઈ દેવ કાર્ય કરવાનો જૂનો રિવાજ છોડી દીધો છે. કહેવું જોઇએ કે સર્વ

રીતે છોડી દીધો છે. તેવી જ રીતે સિનન્દિયા પણ હાલ પોતાને સિનન્દિયા કહેવડાવવામાં આધું પાછું કરે છે. ઘણાં વર્ષ થયાં લોભને વશ થઈ પંચ જાતિના બ્રાહ્મણોએ યજમાનોના થંભા તથા પરવારોના સંબંધમાં એટલો બધો ગડબડાટ મચાવી દીધો છે કે આ વખતે ચારે થંભામાં પ્રત્યેકની અંદર કયા કયા પરવારનો સમાવેશ થાય છે, તેનો પૂરેપૂરો પત્તો મળતો નથી. આજના વખતમાં એ વિષયનું સમ્પુર્ણ જ્ઞાન બીલકુલ કોઇને નથી, એમ કહીએ તો ચાલે. અરે! હાલના લોક પોતાના કુળનું નામ એટલે પોતાની ઓળખ અથવા જેને અવટંક કહે છે તે પણ ભૂલી ગયા છે, મથુરામાં હોલી દરવાજા પાસે 'મહતપુર બજાર' 'કુચા દાઇધિરનું આજ સુધી મેહેર ખત્રીઓનું આદિ નિવાસ સ્થાન પ્રસિદ્ધ છે. પુરોહિતોના કુળદેવ બાવા મહતના નામાનુસાર જ પહેલા' 'મહતપુર' વસેલું હશે. હાલતો ફકત તેનું ચિહ્ન જ એ મહત્‌પુર બજારના નામ વડે જોવામાં આવે છે. મથુરાંમાં મહેરોનો દીર્ઘ સમયનો વસવાટ હોવાના કારણ સરજ એમના ભાટોના મુખથી બોલાયલાં પ્રાચીન કવિતોમાં પણ "મથુરાંના મેહરા" પદ સાંભળવામાં આવે છે. હાલના વખતમાં એ ભાટોના વંશની એવી દશા થઈ છે કે કોઇના મોઢામાંથી એ પુરાણા ઐતિહાસિક કવિતોનો એક અક્ષર પણ સાંભળવામાં આવતો નથી. નવાઇની વાત તો એજ છે કે એ ભાટોએ પોતાના કુળ ધર્મ રૂપ સ્તુતિપાઠના કવિતો સાથે જાણે કે સર્વથા સંબંધજ ત્યજી દીધો છે.

બાવા મહતનું ધ્યાન, તંત્રસાર વગેરેમાં સંઘરેલા નીલકંઠના ધ્યાનોની અંદર જ સમાવેશ પામેલ છે. નીલરુદ્રની શક્તિ અપરાજિતા દેવી જ મેહરોની કુલ પૂજ્ય શિવામાતા છે. એનો મહોત્સવ દર વરસે ભાદરવા સુદમાં હરિતાલિકા ત્રીજને રોજ થાય છે. હાલે બાવા મહતનો વાર્ષિક મહોત્સવ થતો નથી. પરન્તુ ચતુર્દશી સોમવાર એમના સાધારણ રીતે પૂજનાદિ ગહોત્સવના ઉત્તમ દિવસ છે.

ઝિંગણ સારસ્વત પણ પરમર્ષિ અંગિરાની ભારદ્વાજ શાખામાં અગ્રગણ્ય છે. અંગિરા ઋષિના બીજા પુત્ર સુપ્રસિદ્ધ દેવગુરુ બૃહસ્પતિ જ છે. દેવગુરુ બૃહસ્પતિ સમાન બુદ્ધિમાન વિદ્વાન, કર્મઠ તથા નીતિકુશળ એ ઋષિવંશમાં બીજો થયો નથી. દેવરાજ ઇન્દ્ર પણ જેના ઈંગીત માત્રથી શંકાશીલ થઈ આજ્ઞા પાળવાને સદા પાસે રહેતા હતા. ભગવાને પોતાની વિભૂતિ ગણાવવામાં પણ—

"पुरोधसाश्च मुख्यंमां विद्धि पार्थ वृहस्पतिम् ।"

પુરોહિતોમાં મુખ્ય દેવપુરોહિત બૃહસ્પતિને પોતાની વિશેષ સત્તા સ્વરૂપે કહ્યા છે. બૃહસ્પતિના મ્હોટા ભાઈ ઉતંથ્યની સ્ત્રી મમતા સાથે ગર્ભાવસ્થામાં બલાત્કારનો પ્રસંગ જે આગળ વર્ણવવામાં આવ્યો છે. તેમાં બૃહસ્પતિના અમોઘ વીર્યના પ્રતાપે ઋષિ ભરદ્વાજની ઉત્પત્તિ થઈ હતી. મત્સ્ય પુરાણના ૪૯ મા અધ્યાયમાં લખ્યું છે કેઃ—

"ततः कामं सन्निवर्त्त्य तस्यानन्दा द्वृहस्पतेः ।
तद्रेतस्त्व पतद्भूमौ निवृतं शिशुकोऽभवत् ।
सद्योजातं कुमारन्तु दृष्ट्वातं ममताऽब्रवीत् ।
गमिष्यामि गृहं स्वं वै भरस्वैनं वृहस्पते ।
एव मुक्त्वागता सातु गतायां सोऽपितं त्यजत् ।
मातापितृभ्यां त्यक्तन्तु दृष्ट्वातं मारुतः शिशुम् ।
जगृहुस्तं भरद्वाजं मरुतः कृपया स्थितः ।"

બૃહસ્પતિનું વીર્ય સ્ખલિત થઈ ભૂમિપર પડતાં અમોઘરેતા દેવગુરુની સંકલ્પ સિદ્ધિ અને અને તપના પ્રભાવથી અપૂર્વ તેજસ્વી બાળક ઉત્પન્ન થયું. મમતાએ તરતના જન્મેલા આ અપૂર્વ તેજસ્વી બાળકને જોઇને બૃહસ્પતિને તેનું ભરણ પોષણ કરવાનું કહીને પોતે ઘરનો રસ્તો લીધો. પણ મમતા એટલું કહી ચાલી ગઈ છતાં ગુરુ બૃહસ્પતિ એવડી અવસ્થાના એ બાળકને છોડી ચાલ્યા ગયા. ત્યારે માબાપે છોડી દીધેલ આ બાળક ભરદ્વાજનું મરુદેવતાઓએ ગ્રહણ કર્યું અને કૃપા પૂર્વક યત્નવડે તેનું પાલન કીધું હતું.

અહિં પુરૂવંશમાં મહારાજ પુરૂથી નીચે સોળમી પેઢીએ દુષ્યન્ત રાજાનો જન્મ થયો. કવિ કુળગુરુ કાલિદાસના જગન્માન્ય સર્વોત્તમ નાટક શિરોમણિ સુપ્રસિદ્ધ 'શકુન્તલા' નાટકના પ્રધાન નાયક ઉક્ત દુષ્યન્ત રાજા હતા. શકુન્તલાના ગર્ભવડે દુષ્યન્ત પુત્ર ચક્રવર્તી ભરતનો જન્મ થયો હતો. મહારાજ ભરતને પુત્ર ન હોવાથી મરુ દેવતાઓએ ભરદ્વાજને ઉપસ્થિત કર્યા હતા. લખ્યું છે કેઃ—

"यदा स यजमानस्तु पुत्रं नासादयत्प्रभुः ।
ततः क्रमुम्मरुत्सोमं पुत्रार्थे समुपाहरत् ।

तेनते मरु तस्तस्य मरुत्सोमेन तुष्टुवुः ।
उपनिन्युर्भरद्वाजं पुत्रार्थं भरतायवै ।
दायादोऽङ्गिरसः सूनोरौरसस्तु बृहस्पतेः ।
संक्रामितो भरद्वाजो मरुद्भिर्भरतम्प्रति ।
भरतस्तु भरद्वाजं पुत्रं प्राप्य विभुर्ब्रवीत् ।
आदावात्महितायत्त्वं कृतार्थोहं त्वया विभो ।
पूर्वंतु वितथे तस्मिनकृते वै पुत्र जन्मनि ।
ततस्तु वितथोनाम भरद्वाजो नृपोऽभवत् । म०पु०अ०४९.

હરિવંશમાં પણ એજ વિષય લખેલ છે.

"बृहस्पति वीर्य्यादुतथ्य पत्नी ममता
समुत्पन्नो भरद्वाजाख्यो पुत्रोमरुद्भिर्हृतः ॥" ह० ४१९ । तथा
"ततोऽथवितथो नाम भरद्वाजात्सुतोऽभवत् ।
पौत्रेऽथवितथे जाने भरतस्तु दियं ययौ
वितथञ्चाभिषिच्याथ भरद्वाजो वनं ययौ ।
राजा वितथ पुत्रान् मजनयामास पञ्चवै ।" ह० वं० अ ३२

મરૂદ્દેવતા આંગિરસ બૃહસ્પતિના ઔરસ દાયાદ ભરદ્વાજ ઋષિને પુત્રાર્થી મહારાજ ભરત પાસે લઈ આવ્યા હતા. ઉક્ત ભરદ્વાજ ઋષિવડે જ ભરતના પૌત્ર રાજા વિતથનો જન્મ થયો હતો. યજમાન રાજવંશના કુલીન ક્ષત્રિયોની વંશરક્ષા હંમેશથી પુરોહિત બ્રાહ્મણોએ પોતાના મંત્રબળ, તપોબળ, સત્ય સંકલ્પત્વ, ક્ષેત્રજ પુત્રોત્પાદન, અને એટલે સુધી કે સમયે યોગબળ વડે જન્માન્તર પરિગ્રહ પૂર્વક પોતે પુત્ર રૂપે એમના ગર્ભમાં ઉત્પન્ન થઈ પણ કરી છે. જે રાજવંશમાં જ્યારે કોઈ વખતે એવી રીતે બ્રાહ્મણોદ્વારા વંશરક્ષક પુત્ર ઉત્પન્ન થએલ છે. ત્યાં તે પુત્રનું નામ પણ રક્ષક તે ઋષિના નામ પ્રમાણે જ રાખવામાં આવેલ છે. એ સિવાય ક્ષેત્રજ પુત્રોત્પાદન કરવાને રાજ મહાલયમાં હાજર થઈ તપોધન બ્રાહ્મણોએ સમય સમય પર રાજમહર્ષિ પાટરાણીઓના છળદોષના કારણસર પોતે પુત્ર પણ એજ અવસરે દારા પરિગ્રહ સિવાય સહજમાં ઉત્પન્ન કરેલ. દીર્ઘતમા ઋષિએ રાક્ષસ બળિને ઘેર

કાક્ષીવાન વગેરે પુત્ર એજ રીતે ઉત્પન્ન કરેલ હતા. મત્સ્ય પુરાણમાં ઉક્ત કાક્ષીવાનની બાબતમાં સાફ લખ્યું છે કેઃ—

"ब्राह्मण्यं प्राप्य काक्षीवान् सहस्त्रमसृजत् सुतान् ।
कौष्माण्डा गौतमाश्चैव स्मृताः काक्षीवतः सुताः ।" म०पु०अ०४९

કૌષ્માંડ ગૌતમવંશી બ્રાહ્મણ એ કાક્ષીવાનના પુત્ર છે. જેવીરીતે તપના પ્રભાવથી એકજ જન્મમાં દીર્ઘતમાનો શૂદ્રા ગર્ભજ પુત્ર કાક્ષીવાન બ્રાહ્મણ થયો હતો. તેવીજ રીતે તપશ્ચર્યા તથા શરીરના ગુણભેદ વડે જન્મદાતા એ બ્રાહ્મણોના સંકલ્પ તથા પોતાના તપના પ્રભાવવડે પ્રારબ્ધાનુસાર કોઈ તેજ જન્મમાં અને કોઈ જન્માંતરમાં બ્રાહ્મણ થઈ શક્યા છે. એ બાબતને સમજ્યા વગર કેટલાક આધુનિક ક્ષત્રિય ગ્રંથ કર્ત્તા ક્ષત્રિયોને બ્રાહ્મણોના પણ જન્મદાતા અને ગોત્રકાર લખી ક્ષત્રિય કુલ મર્યાદા સ્થાપનની અતિશય ઈચ્છાવડે પોતાની વિદ્વતા સાથે જ સુશીલતા, ભક્તિ તથા બ્રાહ્મણ્યનો પણ યથાર્થ પરિચય આપવાને અગ્રેસર થએલા દેખાય છે. બ્રહ્મવંશાવતંસ પ્રજાપતિ ઋષિઓ સિવાય આદિ ગોત્ર પ્રવર્તક બીજો કોઈ થઇ શકતો નથી. ક્ષત્રિયોની ઉત્પત્તિ પણ સદર્હૂ બ્રાહ્મણ ઋષિયોની એક યુગ પાછળ થઇ છે. બ્રાહ્મણોના સત્ય સંકલ્પ તથા પોતાના કર્મફળ વડે જે ક્ષત્રિય એકજ જન્મમાં બ્રાહ્મણ થયા હતા. તે પણ આદિ ગોત્ર પ્રવર્તક અગ્રજન્મા પ્રજાપતિ ઋષિઓનાજ ગોત્ર તથા ગણોની અંદર સમાવેશ કરતા દેખાય છે.

રાજા સરબનલાલ ટંડલે સ્વરચિત ક્ષત્રિય પ્રકાશમાં "કૌશલ્ય" "કુશિક" "ભરદ્વાજાદિ" ગોત્રકાર ક્ષત્રિય રાજાઓને લખી એ વિષયનું સમ્પૂર્ણ અજ્ઞાન બતાવ્યું છે. અને ચોકખી રીતે ભ્રાન્ત મત પ્રચારની વ્યર્થ ચેષ્ટા કરી છે. એના લખવા પ્રમાણે પણ સૂર્યવંશી રાજા રઘુથી નીચે ૨૨ મી પેઢીએ હિરણ્ય નાભના પુત્ર કૌશલ્ય રાજાનો જન્મ થયો હતો. રઘુરાજાથીજ ગણતાં કૌશલ્ય રાજા ૨૨ મી પેઢીએ આવે છે. પણ મનુ તથા ઈક્ષ્વાકુ રાજાથી ગણત્રી કરવામાં આવે તો તેથી પણ વધારે પેઢીઓ પછી તે આવશે. એનો સદર્હૂ કૌશલ્ય જ ગોત્ર પ્રવર્તક માનવામાં આવે તો તેના પૂર્વ પુરૂષોની શું ગતિ થશે? એ કૌશલ્ય રાજાના પૂર્વજોનો પણ ગોત્ર તો અવશ્ય હશેજ. તો તે તેમનું કયો ગોત્ર? આદિ ગોત્ર પ્રવર્તક શું વંશ–પ્રવૃત્તિ પછી સેંકડો પુરૂષો થયા બાદ જન્મ લેતો હશે? એવી રીતે કુશિક રાજા તથા વિતથ રાજાને આદિ ગોત્રકાર લખી સમ્પૂર્ણ રીતે ભ્રાન્તિમય દેખાવ કીધો છે. ગોત્ર

પ્રવર્ત્તક અંગિરાના બીજા પુત્ર બૃહસ્પતિના ઔરસ પુત્ર ભરદ્વાજ ઋષિ હતા. રાજા દુષ્યન્ત તથા ભરતના જન્મ્યા પહેલાં હજારો વરસ ઉપર અથવા તો લાખો વરસો ઉપર ઉક્ત ભરદ્વાજ ઋષિનો જન્મ થયો હતો. અર્થાત્ વિતથ રાજાને ફક્ત નામના મળતાપણાથી ગોત્રકાર ભરદ્વાજ માની લેવા અથવા તો બે પિતાના કારણસર એનું નામ ભરદ્વાજ પડયું. એમ કહેવું કોઈ પણ રીતે યુક્તિયુક્ત અથવા પ્રામાણિક નથી. મુખ્ય મુખ્ય ઋષિઓનાં નામ ઉપરથી જ એ ઋષિવંશમાંના અનેકોનો પરિચય શાસ્ત્રમાં આપેલો દૃષ્ટિગોચર થાય છે. વસિષ્ઠ વંશમાં અનેક વસિષ્ઠ તથા ભૃગુવંશમાં અનેક ભાર્ગવ થયા એવી રીતે અંગિરાના ગણમાં અનેક ગૌતમ તથા ભરદ્વાજ આદિ ઋષિ થઈ ચૂકયા છે. રાજા વિતથ પણ એ વંશના કોઈ એક ભરદ્વાજથી ઉત્પન્ન થયેલ પણ તેથી રાજા વિતથને ગોત્ર પ્રવર્તક ભરદ્વાજ કદી પણ કહી શકાય નહિ. સુકેશા ભરદ્વાજ, અગ્નિ ભરદ્વાજ, અત્રિના ગણના ભરદ્વાજ તથા કાશ્યપ ભરદ્વાજ વગેરે કેટલાક ભરદ્વાજ આંગિરસ બૃહસ્પતિના ઔરસ પુત્ર મુખ્ય ભરદ્વાજથી જુદા જ કુલ વિશેષમાં ઉત્પન્ન થઈ ચૂકયા છે. તેમના પ્રવરોમાં પણ વિભિન્નતા છે. એથી રાજા વિતથની ઉત્પત્તિ કયા કુળના ભરદ્વાજથી થઇ હતી? એ સ્પષ્ટ રીતે દર્શાવવાને મમતાના પ્રસંગવડે ઉત્પન્ન થએલ બૃહસ્પતિના ઔરસ પુત્ર ભરદ્વાજ કુળની ઓળખાણ પૌરવ દુષ્મન્ત રાજાના પુત્રના સંબંધમાં પુરાણોમાં વિશેષે કરી બતાવી છે.

એ પ્રમાણે વિશેષ વિચાર પૂર્વક જોઇએ છીએ તો વિતથ રાજકુળ પુરોહિત પંચજાતિના એ બૃહસ્પતિ પુત્ર ભારદ્વાજ ગોત્રીય સારસ્વતોના પ્રાકૃત દેશ ભાષાના “ઝિંગણ” નામની વ્યુત્પત્તિનો ઘનિષ્ઠ સંબંધ પણ દેવગુરુ સાથે જોવામાં આવે છે. મેદિની કોષમાં “ઝ” નામ બૃહસ્પતિનું છે. આંગિરસ બૃહસ્પતિના ગણના ભારદ્વાજોની સાંકેતિક સંજ્ઞા સંદેહની નિવૃત્તિના અભિપ્રાયથી જ “ઝગણ ભારદ્વાજ” ઉત્પન્ન થઇ હતી. “ઝ” ના અર્થાત્ બૃહસ્પતિના ગણના છે, એ સમજાવવાને જ ‘ઝગણ’ શબ્દનો સંયોગ સૌથી પ્રથમ એ ભારદ્વાજ ગોત્રીય બ્રાહ્મણોના કુળની સાથે થયો હતો. ક્રમે ક્રમે સમયના ફેરથી તથા સંસ્કૃતની ચર્ચાના અભાવે મૂર્ખતાના અટલ રાજ્યમાં વિકૃત થતાં થતાં ઉક્ત ઝગણ ભારદ્વાજ કુળનો પરિચય દર્શક શબ્દ પણ બગડતે બગડતે ઝગણથી ‘ઝંગણ’ અને છેલ્લે છેલ્લે ખાસી રીતે વ્યંગોક્તિમાં કહીએ તો સુન્દર ‘ઝિંગણ’ બની ગયેલ છે. આ યૌગિક શબ્દ સાથે ‘ગણ’ શબ્દનો હંમેશનો સમ્બન્ધ એ વ્યુત્પત્તિની સમૂલતા સાથે મારા આ અનુમાનની સત્યતાનો સર્વથા પોષક હોય એમ દેખાય છે.

એ ઝિંગણ સારસ્વતોનું ગોત્ર ભારદ્વાજ છે. આંગિરસ, વાર્હસ્પત્ય, અને ભારદ્વાજ એ ત્રણે એમના પ્રવર છે. એમનો પણ શુકલ યજુર્વેદ, માધ્યન્દિની શાખા, ઉપવેદ ધનુર્વેદ. સૂત્ર કાત્યાયનાદિ, કુળદેવી ભટિયાની ચંડિકા ભવાની, ભટ્ટ ગોતમ, નાઈ મેઢા, ધમ્મી પણ ગોતમ ભટ્ટ જ, અસીરત પરીંજા, રવાવી જવારી, યજમાન ખન્ના તથા ટંડન, દેશ સારસ્વત, તેમાં એમની હાલ નિકાસનું સ્થાન ઉચ્ચ મુલતાનથી અગાડી 'સતીદી' પણ લોકો કહે છે. એ ઝિગણ ભારદ્વાજોમાં બાવા પૈડોના થંભામાં સર્વ જ્યેષ્ઠ અત્તૂ, મધ્યમ નત્થૂ અને કનિષ્ટ સહોદર ગૌતમથી અત્તૂ પોત્રા, નત્થૂ પોત્રા, તથા ગૌતમ પોતાની ત્રણ મુખ્ય શાખા ઉત્પન્ન થઈ છે. ગુશાંઈ, બાવા તથા વ્યાસની ઉપાધિથી પણ એમના ત્રણે થંભા પ્રસિદ્ધ થયા હતા. એમના ભટ્ટ પણ ધમ્મી જ છે. એથી એમની કુળદેવીની મૂર્ત્તિ ભટ્ટને જ ઘેર રહે છે. શુભ કાર્ય પ્રસંગે ભટ્ટ પોતાને ઘરેથી ઉક્ત કુળદેવીની મૂર્ત્તિને લઈ આવે છે. ભટ્ટ લઈ આવે છે માટે 'ભટિયાની ચંડિકા' કહેવાઈ છે. ડાડડ દેવની સર્પ મૂર્તિનું પૂજન તથા મુંડન દેવ કાર્ય વગેરેમાં દર્શન કરવાની પુરાણી રીત ઝિંગણ માત્રમાં પ્રચલિત છે. કહેવાય છે કે કોઇક વખતે ઝિંગણ વંશમાં જ કોઇ સ્ત્રીના ગર્ભથી ઉક્ત સર્પ દેવનો જન્મ થયો હતો. બરાબર ઘરમાં જ એ સર્પે શાન્ત ભાવે રહ્યા કીધું. ઘરવાળા સઘળા એ વાત જાણતા હતા. ઈશ્વરેચ્છાએ દુર્ભાગ્યવશ ઘણા દિવસ પછી સાસરેથી આવેલી સદ્દહૂ ઝિંગણોની કોઈ દીકરીએ અજ્ઞાનથી ઉલાચૂલામાં જલદીથી લૂગડું બાળી સાપને દગ્ધ કરવાથી સર્પ દેવે શરીરનો પરિત્યાગ કર્યો. ત્યારથી આજ સુધી ઝિંગણોમાં એવો બે આંચ આપનારો ચૂલો વાપરવામાં આવતો નથી. સર્પદેવના શ્રાપથી જ ઝિંગણોની દીકરીઓ પણ સર્વથા સુખ ભોગ ભોગવતી નથી. એમની પુત્રવધૂ સર્પની સામે આજ સુધી તેને પોતાનો મ્હોટો કુળ વૃદ્ધ સમજી ઘૂમટો તાણે છે. ઉક્ત ડાડડ દેવનો દૈવી ચમત્કાર, 'મુનણું' સમયે કૂવામાં લટકાવેલ ઉસ્તરાનું ચાટી જવું તથા શુભ અવસર પર દર્શન દેવું ઇત્યાદિ આજના કઠણ કળિકાળમાં આજ સુધી જોવામાં આવે છે.

નત્થૂપોત્રા ઝિંગણોમાં વિહારી ગુશાંઇના પુત્ર મિશ્ર મૂલચંદજીથી 'કક્કડાવાલા' ઝિંગણોની વંશાવળીનો પ્રારંભ થયો. મૂલચન્દના પુત્ર હરજી, ગુણીચંદ અથવા ફિરણદાસ વા દુર્ણીદાસજી થી કક્કડાવાલા ઝિંગણોની ચાલતી ત્રણ શાખા ફેલાઈ છે. કક્કડમાં પણ બાવા ચન્દન તથા યોગીની ગાદી

તથા મંદિર મઠ વગેરે સમ્પત્તિ હતી. સાંભળવામાં આવે છે કે પોતાના વખતમાં બાવા ચંદન તથા પંજાબ પ્રાન્તમાં અદ્વિતીય યોગી હતા. તેમજ સિદ્ધ પુરૂષ અને પ્રસિદ્ધ હતા. માતા કૌરી પણ જેતલિયોના કુળમાં ઉત્પન્ન થઇ હતી. માતા કૌરીની માત્ર એક જ કન્યા હતી. તેની સાથે મિશ્ર મૂલચંદજીનું શુભ લગ્ન થયું હતું. હરજી વગેરે ઉક્ત ત્રણે ભાઇઓ માતા કૌરીના દોહિત્ર હતા. માતા કૌરી સાક્ષાત્ યોગસિદ્ધિનો અવતાર અને વૈરાગ્યના મૂર્ત્તિ હતાં. બાવા ચન્દનતપાને પણ માતા કૌરીની બાર વરસની અખંડ સમાધિસ્થ અવસ્થા જોઈ આનંદ, વિસ્મય, વૈરાગ્ય અને છેલ્લે છેલ્લે સંતાપ પણ થયો હતો કે 'એક ગૃહસ્થાશ્રમમાં રહેનારી સ્ત્રીની સાધના જેવી પણ આજ સુધી મારી યોગસિદ્ધિની સાધના થઇ નથી. ધિક્કાર છે મારા પુરૂષાર્થને. આ મઠ મંદિર તથા ગાદીના પ્રપંચથી જ મારી સાધનામાં વિઘ્ન થયું." એ વિચાર બાવા ચન્દન તપાએ માતા કૌરીને ભક્તિ પૂર્વક ઝાહેર કર્યો હતો. કે "આ ગાદી તથા મઠનો અધિકાર આજથી હું છોડું છું; કારણ કે એજ મારી તપશ્ચર્યામાં વિઘ્નકર્ત્તા છે. આજથી હું તમને એનો સંપૂર્ણ સ્વત્વાધિકાર સોંપી તપશ્ચર્યા કરવા જાઉંછું." માતા કૌરીએ પોતે તો ગાદી તથા મઠનો અધિકાર ન લીધો, પરન્તુ પોતાના ઉત્તરાધિકારી ત્રણે દોહિત્રને બાવા ચંદનતપા પાસેથી ગાદી વગેરેનો પૂરો અધિકાર અપાવ્યો હતો. ત્યારથી જ મૂલચંદજીના એ ત્રણે પુત્રોના વંશ જ કક્કડાવાલા કહેવાયા. વળી માતા કૌરી તથા બાવા ચંદનતપા પણ ત્યારથી એના કુળ પૂજ્ય મનાય છે. એમાં બાવા ચંદન તપાની અરદાસ કરવાની રીતિ પ્રચલિત છે; અને ઉક્ત મઠ તથા ગાદી વગેરેનો અધિકાર આજ સુધી ગુણી ચંદના વંશમાં જ છે. બાવા ચંદન તપાની આ અસમ્પૂર્ણ અરદાસના પાઠમાં અશુદ્ધિ પણ ઘણી છે પણ શુદ્ધ તથા સમ્પૂર્ણ સમયાનુસાર ન મળવાથી જેવો પાઠ મળ્યો તેવોજ છાપી કાઢયો છે. કોઇ સજ્જન શુદ્ધ પાઠની પૂરી અરદાસ લખી મોકલશે તો તેને ધન્યવાદને પાત્ર માનવામાં આવશે. અર્દાસઃ—" ચન્દન, કે ઔતાર? વ્યાસ કે વાલ્મીક? પાયો હરજી મુખ્ય દ્વાર, બાજે ભેરી તાલ મૃદંગ, તેરા દર્શન પાયા મહા પૂરૂષ ગુણી ચન્દ, ગુણીચંદ હરજ્ઞાન બતાયા ફિરણદાસ હરચરણી લાયા. સોભા ભઈ ગુરુ દેવકી હરદાસન કે દાસ. નાથ ભવાની સુમરિયે શિવચરણ કમલકી આસ. સેવક આયા અચ્છે કે માલ જાન ભરી ભંડાર. માતા કૌરી, ચંદન દયાલ, આઈ મૌજ કરો નિહાલ. ઢક પર દે રખ લાજ, નકર આજિજ ન કર મુહતાજ. એ બાબા ચન્દન તપા, ગુણી ચન્દ, હરજી તથા ફિરણદાસનાં નામો આવ્યાં છે. બાવા હરકિશનદાસજી

ઝિંગણ (જેના અધિકારમાં આ વખતે કક્કડોવાલી ગાદી છે,) નું કહેવું એવું છે કે જગન્નાથપુરીનું પ્રસિદ્ધ ‘ચન્દન તળાવ’ બાવા ચન્દન તપાએજ બનાવ્યું છે, તેની વચમાં તેની સમાધિ પણ છે. ગુણીચંદના સૌથી ન્હાના ભાઇને લોકો હાલે દુણીદાસ કહે છે. પણ આ અદસિમાં ફિરણદાસ નામ દેખાય છે. પંજાબી ભાષામાં દુરણા અને ફિરણા એ બન્ને શબ્દો ચાલવાના અર્થમાં વપરાય છે. સંભવ છે કે દુર્ણીદાસ તથા ફિરણદાસ એ બન્ને નામ એકજ મનુષ્યનાં પ્રસિદ્ધ થયાં હશે.

ઝિંગણોના યજમાન ખન્ના તથા ટંડન છે. આ ખન્ના ક્ષત્રિયો વિષે વિવિધ પ્રકારની વ્યુત્પત્તિઓનો પ્રયોગ લોકોએ કર્યો. મુસાફરીમાં પલટણના ખનન કરવાવાલા સિપાઇઓથી આરંભી ખન્ને (અરધા) કોઇ મહાપુરૂષના મત પ્રમાણે અરધો વંશ બ્રાહ્મણ તથા અરધો વંશ ક્ષત્રિય હોવાથી પડયું. કોઇકના મત પ્રમાણે ચોટલી ઉતરાવી નાંખવાથી અરધા હિન્દુ હોવાના સબબસર ખન્ના કુળ પ્રસિદ્ધ થયું. પરંતુ બારીક વિચાર કરવાથી આંગિરસ ભારદ્વાજના ગણના ‘ક્ષણ્ય’ ગોત્રના કારણથી ‘ખન્ના’ તથા ‘તાંડિન’ ગોત્રથીજ ટંડન નામની ઉત્પત્તિ થઇ છે. ‘પ્રવરરત્ન’ ‘પ્રવર મંજરી’ આદિ ગ્રંથોમાં ધુન્હિા ‘ક્ષણ્ય’ તથા “તાંડિન” વગેરે ગોત્રોના પ્રવર નિર્ણયમાં:—

“आश्वलायनेन केवलांगिरसेषु पाठेऽपि आपस्तम्ब कात्यायनाभ्यां भारद्वाजेषु पाठाद्विष्णु पुराणं संवादाच्च भरद्वाजैरविवाहेति”

જો કે આશ્વલાયન એને કેવલ આંગિરસોમાં લખી ગએલ છે પરન્તુ આપસ્તમ્બ તથા કાત્યાયન ઋષિ ભારદ્વાજના ગણમાં એમને ગણે છે. વિષ્ણુ પુરાણ સાથે પણ એમનો મત મળતો આવે છે. એથી ભારદ્વાજના ગણ સાથે એમનો વિવાહ ન થાય. સ્પષ્ટ એમજ લખેલું દેખાય છે. જેવી રીતે ત્રણે ભાઇઓ ખાનચંદ, મેહરચંદ તથા કપૂરચંદની ઓલાદ બનાવી ખના. મેહરા, કપૂર વગેરે અલ્લો પોતાની ઉસ્તાદીવડે ધૂતારા ચોધરીઓએ મનના માન્યતા પ્રમાણે રચી દીધી છે. જેમ અઢાઈ ઘરની બે તથા અરધ સમજી મનગમતી કલ્પના જેને જેમ ભાસી તેમ તેણે કરી લીધી. એવી રીતે અટકળ પચીસા ખન્ના શબ્દની વિવિધ કાલ્પનિક વ્યુત્પત્તિનું રચુચક્કર કરવામાં પણ લોકોએ કંઈપણ ન્યુનતા કરી નહિ. એ કારણસર એનું વાસ્તવિક મૂળ એ ‘ક્ષણ્ય’ ગોત્ર સુધી કોઈ પણ પહોંચી શક્યું નહિ. નકામી

વાતોની ખોટી જંજાળમાં પડી ગયા. યથાર્થ રીતે તો "ક્ષણ્ય" ગોત્રના કુલીન રાજવંશના ક્ષત્રિયોની જ સમયના ફેરથી વિકૃતિ થઇ ખન્ના સંજ્ઞા બની ગઇ છે "ખન્ના" એ ક્ષણ્યનો અપભ્રંશ માત્ર છે એ બેશક છે. ખન્નાનું ગોત્ર "કૌશલ્ય" તો કોઈ પણ પ્રકારથી સિદ્ધ થનાર નથી. આ વખતે ભ્રાંતિથી એનું કૌશલ્ય ગોત્ર માનવા લાગ્યા છે. કારણ કૌશલ્ય ગોત્ર તો અંગિરાના ગણમાં ગૌતમોની અંદર માત્ર એકજ છે. આદ્યન્ત ધ્યાનપૂર્વક સમગ્ર અંગિરાના ગણોને સારી રીતે તપાસી જોતાં બીજું કોઈ કૌશલ્ય ગોત્ર પણ જોવામાં આવતું નથી. અલબત 'કાક્ષલ્ય' ગોત્ર એક છે. પરન્તુ તેના પ્રવરોનું પુરોહિતો સાથે સર્વથા ઐક્ય નથી. એ પાંચ પ્રવરોમાં નથી. તે કરતાં છે એમ સમજવું વધારે સલામતી ભરેલું છે. એ કારણસર ખન્નાનું કૌશલ્ય ગોત્ર નથી. 'ખન્ના' સંજ્ઞા એ 'ક્ષણ્ય' ગોત્રના કારણસરજ અવશ્ય ઉત્પન્ન થઇ છે. બીજી રીતે ખન્ના સંજ્ઞાની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિનું બીજું કોઇ વાસ્તવિક કારણ જોવામાં આવતું નથી. એ 'ક્ષણ્ય' ગોત્રને ભારદ્વાજની અંતર્ગત માનવાથી સૂત્રકાર કાત્યાયન તથા આપસ્તમ્બના માન્ય મતાનુસાર ભારદ્વાજ ગોત્રની માફક આંગિરસ, વાર્હસ્પત્ય તથા ભારદ્વાજ એમ એના ત્રણ પ્રવર પણ છે. રાજા વિતથના વિશાળ રાજવંશમાં સર્વથી મુખ્ય શાખામાં એ ખન્નાઓની ભારદ્વાજ ઋષિથીજ ઉત્પત્તિ પણ થઇ હતી. એજ રીતે 'તાણ્ડિન' ગોત્રના કારણસર ટંડન સંજ્ઞા પણ ઉત્પન થઇ હતી. પ્રતાપી અકબરશાહના સમયમાં પ્રસિદ્ધ મન્ત્રી ટોડરમલ એ ટંડન વંશમાં થયો હતો. એણે પૃથુદક તીર્થમાં સરસ્વતીનો પાકો ઘાટ તથા પુલ બંધાવ્યો હતો. એ સિવાય અન્ય તીર્થોમાં પણ આજ પર્યન્ત એની કીર્ત્તિ વિદ્યમાન છે. બનારસમાં શિવપુર પાસે દ્રૌપદી કુંડ તીર્થમાં એક પ્રાચીન પત્થર ઉપર આ પ્રમાણે લખેલું છે:—

"क्षोणीशेऽकबरे प्रशासति महींतस्मिन्नृपालावलि
स्फूर्जन्मौलि मरीचिवीचि रुचिरोदञ्चत्पदाम्भो रुहे ।
तद्राज्यैक धुरन्धरस्य वसुधा साम्राज्य दीक्षा गुरोः
श्रीमट्टण्डन मण्डनमणेः श्रीटोडर क्ष्मापतेः ॥"

ઇત્યાદિ મહા કવિ શેષ કૃષ્ણે ટોડરમલ્લના પુત્ર રાજા ગોવર્ધન ધારીનું વર્ણન પોતાના રચેલા કંસવધનાટકમાં કરેલું છે. તેમાં પણઃ—

"तस्यास्ति तण्डनकुलामलमण्डनस्य,
श्री तोडरक्षितिपतेस्तनयो न यः।
नानाकलाकुलगृहं सविदग्ध गोष्ठीमे-
कोऽधितिष्ठति गुरुर्गिर धारिनामा ॥१३॥

સ્પષ્ટ રીતે 'ટંડન વંશ' તથા 'તંડન કુળ' શબ્દના પ્રયોગથી એના તાંડિન ગોત્રનોજ પ્રકારાન્તરે પરિચય બતાવ્યો છે. એ ટંડન ક્ષત્રિયોના "તાંડિન" ગોત્રના ત્રણ પ્રવર આંગિરસ, આમક્ષય્ય, તથા ઔરુક્ષય્ય છે. શુદ્ધ આંગિરસોમાં પણ 'તાંડિન' ગોત્રના પ્રવરોની ગણના કીધી છે. એ સબબથી આ સમયે એમનું કેવળ આંગિરસ ગોત્ર કહેવામાં આવે છે. યથાર્થ રીતે તાંડિન ગોત્રવાળાજ ટંડન કહેવાય છે. એમનુ ગોત્ર તાંડિન પણછે.

થોડાક રોજપર એક બાબત બની હતી. એક સમયે 'ક્ષણ્ય ગોત્રીય' એ ખન્નાઓના કુલીન વંશનો સમૂળ નાશ થવાનો વખત આવી લાગ્યો હતો. પુરોહિતોના ઇષ્ટબળ તથા તપોબળ વડેજ એમના વંશની રક્ષા થઇ હતી. ઝિંગણ વંશાવતંસ બાબા લાલૂએ પુરશ્ચરણોની સિદ્ધિવડેજ ભગવતી ચંડિકાને પ્રસન્ન કરી પોતાના યજમાનોના ડૂબતા કુળનું રક્ષણ કર્યું હતું. સ્મરણીય જશરાય, (જશરાજ) એમની એ સિદ્ધિના ફળરૂપે હતા. પ્રતિજ્ઞા બદ્ધ ભગવતીએ આપેલા પુત્ર જશરાય ભૂલથી માના મોંમાંથી દુર્વચન નીકળતાંજ દૈવી શક્તિથી દિવાલ ફોડી ભૂમિમાં દાખલ થયા હતા. માતાએ ચોટલી પકડી પોતાના એકજ વહાલા પુત્રને બહાર ખેંચી કાઢવાને બહુ બળ કીધું. પણ સઘળુ ફોકટ. પુત્ર ધરતીમાં ચાલ્યોજ ગયો. ફક્ત તેની ચોટલીજ બહાર રહી ગઈ. દૈવની ઇચ્છા આગળ મનુષ્યનું પશુબળ વ્યર્થ છે. છેલ્લે કુળપુરોહિત બાબા લાલૂના ત્યાં આવવાથી સ્તુતિવડે પ્રસન્ન થઈ ભગવતીના અવતારી પુત્ર જશરાજે એ સ્થાનને સિદ્ધ પીઠવત્ ચમત્કારી આશુ ફલપ્રદ બનાવી બાબા લાલૂના શ્રદ્ધેય નામની પાછળ પોતાનું નામ જોડી દિપાલપુરમાં " બાબા લાલૂ જશરાયકા " એ પ્રમાણે પૂજ્યા પોતાની ચોટલીના બદલામાં ખન્ના ક્ષત્રિયોની ચોટલી લેવાનો રિવાજ પ્રચચલિત કરી દૈવી ચમત્કારથી પોતાના વંશનું રક્ષણ કર્યું, સદર્હુ દિવાલપુર લાહોરથી ૪૦ ગાઉ દૂર છે. પઠાણોના કાળમાં ઉત્તર પંજાબની એજ રાજધાની હતું. એ સ્થાન પ્રાચીન તથા ઐતિહાસક શોધખોળને યોગ્ય છે. એ સમયથી ખન્નાના કુળમાં બાબાનું વિશેષ માન થયું તથા ચોટલી ઉત-

રાવવાનો રિવાજ પણ ચાલુ થયો. પહેલાંના વખતમાં લોકો મુંડન કરાવ્યા પછી બાબાની સ્વતંત્ર રીતે ચોટલી રાખતા હતા. અને તે રખાવેલી ચોટલી બાબાને ત્યાં જઈ ઉતરાવી નંખાવતા હતા. ત્યાર પછી ઉપનયન સંસ્કાર પણ શાસ્ત્રરીતિ પ્રમાણે કરાવતા હતા. દિલગીરી વાત છે કે મૂર્ખતાના વિશેષ ફેલાવાને લીધે અંધપરંપરાનું અનુસરણ કરી હાલતો લગભગ બધા ત્યાં જઈ ચૂડલા કર્મ સંસ્કારની સાથે ચોટલીપણ ત્યાં કપાવી નાંખે છે. જનોઈ પણ બાબાના આલાને સ્પર્શ કરી ઘાલી દે છે. અને સૌથી મુખ્ય જે ઉપનયન સંસ્કાર તેની પણ ઘણાખરા ઇતિશ્રી કરી આવે છે. મુંડન (મુનણ) સંસ્કારમાં રાખેલી ચોટલીનું જન્મ પર્યન્ત કપાવવું એક હિન્દુને માટે નિષેધકારક છે. ચોટલી કપાવવાથી ફરીથી સંસ્કાર કરાવ્યા બાદ ચોટલી રખાવવી સજાવાર છે. ઉપર પ્રમાણે બાબાના આલાને અડકાડી ગળામાં ઘાલવાથી ઉપનયન સંસ્કાર સિદ્ધ થતો નથી. જન્મ સુધી એવો માણસ વ્રાત્ય તથા પતિતજ રહે છે. આ બન્ને ઘોર અનર્થકારી રિવાજ થોડાજ દિવસથી ચાલતો થયો છે, યત્ન પૂર્વક જલદીથી એનું ઉન્મૂલન સારસ્વત તથા ક્ષત્રિય માત્રે કરવું જોઇએ. ક્ષત્રિયોની હાલની ભયંકર દુર્દશાના કારણમાં આ નઠારો રિવાજ પણ એક મુખ્યમાં મુખ્ય કારણ છે. મુંડન તથા પરમુંડન પછી બાબાની ચોટલી રખાવવાનો ચાલ ચાલતો આવ્યો છે. તે રોજથી રખાવેલી ચોટલીનું ચૂડા કર્મની ચોટલીની અપેક્ષા યત્ન પૂર્વક સંરક્ષણ કરી તે બાબાને અર્પણ કરવી ઉચિત છે. મુખ્ય ચોટલીને કપાવી ચૂડા કર્મની સંસ્કાર હાનિ તો કદાપિ ન કરવી જોઇએ. એવીજ રીતે યથાવિધિ ઉપનયન સંસ્કાર વડે જ જનોઇ પણ સઘળાએ ત્યાંજ લેવું સજાવાર છે. જાતીય દ્રવ્ય સંગ્રહ પૂર્વક ખરડો કરી એનો સુપ્રબન્ધ યથાસાધ્ય જલદીથી કરવાની દરેક ક્ષત્રિયની ફરજ છે. તેમાં આળસ અથવા વિલંબ કરવાથી વ્રાત્ય તથા પતિતોની વૃદ્ધિ થતાં જલદીથી ક્ષત્રિય કુળ નષ્ટ ભ્રષ્ટ થઈ જશે.

ખન્ના તથા ટંડનોની કુળ દેવી તથા ભટ્ટ, નાઈ, અસીરત વગેરે લાગાદાર પુરોહિતો પ્રમાણેજ સઘળા મનાય છે. ખન્નામાં એક જટ્ટા અથવા જટ્ટમલનો થંભો, બીજો ચતુરદાસનો થંભો, ત્રીજો મથુરાદાસનો થંભો, એ પ્રમાણે ત્રણ નામના થંભા પ્રસિદ્ધ છે. એ ત્રણ થંભામાં ઘણા પરિવારોનો સમાવેશ થાય છે. જગાની તંગાશને લીધે હવે આ વિષયમાં વિશેષ લખવામાં આવતું નથી.

તિકખા સારસ્વત પરમર્ષિ વસિષ્ઠના સુપ્રસિદ્ધ કુળમાં છે. વિદ્યા તથા અપૂર્વ તપઃ પ્રભાવથીજ મહર્ષિ વસિષ્ઠ, ઋષિ વેશમાં શ્રેષ્ઠ મનાતા હતા.

"वशिष्ठं श्रेष्ठमासीनं ऋषीणां भास्कर द्युतिम्।"

"वशिष्ठमीशं विप्राणाम्।" म० भा० शा० प०।

"ऋषीणाञ्च वशिष्ठाय वशिष्ठाय महात्मने।" वा० पु०

આદિ પ્રામાણિક વચનોથી મહર્ષિ વસિષ્ઠની શ્રેષ્ઠતાનો પરિચય જેવી રીતે ગ્રંથોમાં બહુધા દેખાય છે. તેવીજ રીતે વિશ્વામિત્ર સાથેના ઘોર વિરોધ સમયે પણ બ્રાહ્મણોચિત શમ, દમ, તપ, તિતિક્ષા શાન્તિ વગેરે સદ્ગુણોનો સમૂહ એક સરખો એમનામાં દેખાય છે, એના તપોબળના અદ્ભુત સામર્થ્યને પ્રત્યક્ષ જોઇ વિશ્વામિત્ર જેવા રાજા, ક્ષાત્ર પશુ બળનો ધિક્કાર કરી ક્ષત્રિય ભાવથી વિમુખ થઈ એક સમયે વિમુખ થઈ એક સમયે મુક્ત કંઠથી લલકારી બોલ્યા કેઃ—

"धिग्बलं क्षात्रिय बलं ब्रह्मतेजो बलम्बलम्।

बलाबलम्विनिश्चित्य तपएवपरंबलम्।"

આજ પણ વિશ્વામિત્રનાં ઉચ્ચારેલાં એ વાક્યો સ્પષ્ટ રીતે કર્ણને વિષે પ્રતિધ્વનિ કરી રહ્યાં છે. એ વાક્યોનો પ્રતિધ્વનિ સંસારની સ્થિતિ લગણ સમભાવથી ગુંજારવ કરતો રહેશે. પરન્તુ દિલગીરીની વાત છે કે આજ હમારા તેજ બ્રહ્મકુળ, તેજ વસિષ્ઠકુળ એવા નિઃસત્વ થઈ ગયા છે કે ક્ષત્રિયને મૂકી મ્લેચ્છ, શૂદ્ર, તથા વર્ણસંકર હલકી વર્ણના લોકો સૂધીની સેવામાં ષોડશોપચારથી નિયુક્ત થઈ. મિથ્યા સ્તુતિ તથા નીચ ખુશામત વગેરે વડે અનુગ્રહ ભિક્ષા કરતાં સમયપર ખુલ્લી રીતે તિરસ્કારના ભોક્તા તથા અધિકારી બને છે. પરમ પ્રતાપી રાજા છતાં જે બ્રહ્મ તેજના પ્રતાપને જોઈ વિશ્વામિત્રે રાજપાટ છોડી તપસ્વી થઇ છેલ્લે બ્રાહ્મણત્વ મેળવ્યું હતુ. કેટલી દિલગીરીની વાત છે કે સદર્હૂ વસિષ્ઠ ઋષિના કુળના બ્રાહ્મણોની આજ એવી માઠી દશા હંમેશાં ઉત્તરોત્તર થવા લાગી છે. તથાપિ પળવાર પણ પોતાની શોચનીય માઠી દશાપર અંદરખાને ખેદ અથવા ધિક્કાર આવતો નથી. વિશ્વામિત્ર સમાન પ્રતાપી રાજાએ જ્યારે આગ્નેયાસ્ત્ર છોડયું ત્યારે વસિષ્ઠજીએ કહ્યું હતું કેઃ—

"क्वचते क्षत्रिय बलं क्वच ब्रह्म बलम्महत् ।
पश्य ब्रह्मबलं दिव्यं मम क्षत्रिय पांशनः ।
नस्यास्त्रंगाधिपुत्रस्य घोर माग्नेय मुद्यतम् ।
ब्रह्मदण्डेन तच्छान्त मग्नेर्वेग इवाम्भसा ।"

અને આગ્નેયાસ્ત્રને પણ પોતાના બ્રહ્મ તેજથી બ્રહ્મદંડની આગળ સર્વથા વ્યથ કરી બતાવ્યું હતું. શું એ સમયની સ્મરણીય વસિષ્ઠ મૂર્તિનું માનસિક ધ્યાન કરવાની શક્તિ પણ બ્રહ્મકુલની અધોગતિથી નારાજ થઇ અંતર્ધ્યાન થઇ ગઈ છે ? શું એ કહેવાતા બ્રાહ્મણો તદ્દન એવા બહેરા થઇ ગયા છે કે ઉપર લખ્યા સજીવન મંત્રોનો ધ્વનિ પણ એમના કાનમાં પહોંચતો નથી ? જ્યારે એમના કાનમાં ઉક્ત શબ્દોનો ધ્વનિ દાખલ થશે, જ્યારે એમની આંખો ઉઘડશે, અને એઓ પોતાના કુળાભિમાનનું કંઇપણ ધ્યાન કરી વર્ત્તમાન શોચનીય હાલત ઉપર પશ્ચાત્તાપ કરી વિદ્યાનિષ્ઠ તથા તપોનિષ્ઠ થવાની હીલચાલ કરશે, તે કાળે નાશવંત ધનના મદથી અન્ધ બનેલા તુચ્છ જીવ જે આ સમયે એમને ધમકાવી બબરચી અથવા ભીસ્તીનું કામ લેવાને માટે ડારો દઈ એ નિરાશ્રિતોને નિષ્કેવળ પોતાનાજ આશ્રીત સમજી ઇચ્છાનુસાર દુર્દશા તથા અપમાન કરવામાં પોતાની મોટાઇનો છેડો સમજે છે. તેજ એમના પગની ધૂળ ચાટશે. વળી ભોંયપર ઉંધા પડી સાષ્ટાંગ દંડવત્ કરી ધૃજતા શરીર સાથે શંકાશીલ થઇ ચર્ણ સ્પર્શ કરતા તથા થર થર કાંપતા એમના કૃપા કટાક્ષના ભિખારી તરીકે દૃષ્ટિગોચર થશે. અરે ! ગુરુ વસિષ્ઠજી તમે ક્યાં જતા રહ્યા ? શું તમારી સંતતિની આવી માઠી દશા જોઈ તમને પણ તિરસ્કાર થયો કે તમે પણ આ બાજૂએથી તમારૂં ધ્યાન સર્વથા ખસેડી નાખ્યું ? બેશક જન્મભૂમિ ભારતભૂમિ આ કાળે તમારાં ચરણોનો સ્પર્શ કરવાને લાયક નથી. તથાપિ તમે ક્ષણવારને માટે તો દુર્દશાગ્રસ્ત તથા સહાયહીન સંતાનો ઉપર દયા દૃષ્ટિની વૃષ્ટિ અવશ્ય કરો ! કારણ તમે તેજ છો કે જેણે એક સમય ઇંદ્રે વરસાદ ન વરસાવવાથી કઠણ દુકાળના સમયમાં પોતાના તપોબળથી મૂસળધાર વરસાદ વરસાવી અમને મરતાઓને જીવનદાન દીધું હતું. ભાગવતમાં પણ એવું નિદર્શન મળે છે.

"अवर्षति चपर्जन्ये सर्वभूतानि भूतकृत् ।
वशिष्ठो जीवयामास प्रजापतिरिव प्रजाः ।"

મહાભારત આદિ પર્વમાં પણ ઇક્ષ્વાકુ કુળ પુરોહિત પરમર્ષિ વસિષ્ટ સંબંધે આ પ્રમાણે પરિચય આપ્યો છે.

"तपसानिर्ज्जितौ शस्यदजेया वमरैरपि ।
कामक्रोधावुमौयस्य चरणौ संव वाहतुः ।
यस्तुनोच्छेदंनं चक्रेकुशिका नामुदारधीः ।
विश्वामित्रा पराधेन धारयन्मन्यु मुत्तमम् ।
पुत्र व्यसन सन्तप्तः शक्तिमानप्यशक्तवत् ।
विश्वामित्र विनाशाय न चक्रेकर्म्म दारुणम् ।
मृतांश्चपुनराहर्त्तुंयः स पुत्रान् यमक्षयात् ।
कृतान्तन्नाति चक्रामवेलामिव महोदधिः ।"

દેવતાઓ પણ જેને જીતી ન શકે એવા કામ તથા ક્રોધને જે મહા પુરૂષે સર્વથા વશ કરેલ, શક્તિ તથા સામર્થ્ય છતાં જેણે ક્ષમા ધારણ કરી પુત્ર શોકના અસહ્ય અગ્નિને હૃદયમાં શાન્ત ભાવે ધારણ કર્યો, તોપણ વિશ્વામિત્ર સાથે સામું વેર લેવાની ઇચ્છા કરી નહિ. અને એવો કોઇ ઘાતકી પ્રયોગ પણ કર્યો નહિ. એવો મહાપુરૂષ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ પુરૂષ કેમ ન મનાય? એના ઉપયોગી પુત્ર શક્તિઋષિનો પરિચય વિશ્વામિત્રનો વાક્રોધ કરવાના પ્રસંગમાં પહેલાં મળીજ ચૂક્યો છે. સ્મરણીય પરાશર એમના વંશ રક્ષક થયા. મહર્ષિ વ્યાસ પણ ઉક્ત પરાશરના પુત્ર અને વસિષ્ઠવંશના એક અદ્વિતીય પરમ ઉજ્જ્વળ રત્ન હતા. જીવન્મુક્ત શુકદેવજી, વ્યાસપુત્ર પ્રસિદ્ધ છે.

ઋગ્વેદના સાતમા મંડલમાં અનેક મંત્રોમાં એ વસિષ્ઠ વંશજોની સાધારણ સંજ્ઞા " **तृत्सू** " જોવામાં આવે છે. જેમકેઃ–

शिवत्त्यश्वोमादक्षिणतः कपर्द्दाधियं जिन्वासो अभिहिप्रमन्दुः ।
उत्तिष्ठनू वोचे परिवार्हिषोनृन् नमेद्वाराद् अवितवे वशिष्टाः ॥१॥
उदद्यामिवेत् तृष्णजोनाघितासो अदीधयुर्द्दाश राज्ञेवृतासः ।
वशिष्ठस्य स्तुवतइन्द्रोअश्रोद् गुरुं तृत्सुभ्यो अकृणोदुलोकम् ॥५॥

इन्द्रावरुणा वधनाभिरप्रति भेदं वन्वन्ता प्रसुदास मावतम् ।
ब्रह्माण्येषां श्रुणुतं हवीमनि सत्या तृत्सूनाम भवत् पुरोहितिः ॥४॥........
प्रसुदासमवत्रांतृत्सुभिः सह ॥६॥
श्वित्न्यञ्चो यत्रनमसाकपर्दिनो धिया धीवन्तो असपन्त तृत्सवः ॥८॥

એ ઋચામાં વસિષ્ઠ વંશજોને જ " તૃત્સૂ " કહ્યા છે. સંભવિત છે છે કે એ તૃત્સૂનો અપભ્રંશ હાલનો તિકખા શબ્દ છે. મત્સમાંથી મચ્છ તથા મછલી શબ્દ હિન્દીમાં 'ત્સ' તથા 'ચ્છ' ના બદલાથી બન્યા છે. ફરી હિન્દીમાં 'ચ્છ' 'કખ' માં બદલાઈ જાય છે, મયુરપુચ્છનો મોરપકખ અથવા મોરપંખ પ્રસિદ્ધ છે. એવીજ રીતે 'પચ્છ' અને 'પકખ' બન્નેનો સરખી રીતે પ્રયોગ થાય છે. એથી આ ' તૃત્સૂ ' શબ્દની ક્રમે ક્રમે વિકૃતિ થઇ. 'ત્રિકખા' અથવા 'તિકખા' સંજ્ઞા પ્રસિદ્ધ થઈ હશે. અર્થનો વિચાર કરતાં હિંસાપરાયણ અર્થ તૃત્સૂનો છે. તેમજ તીખા સ્વભાવવાળો ક્રોધી પણ તિકખા કહેવાય છે. મત્સ્ય પુરાણમાં પણ પરાશર વંશના વર્ણનમાં:—

"इषीक हस्ताश्चैते वै पञ्चश्वेताः पराशराः ।
वाटिको बादरिश्चैव स्तम्बा व क्रोधनायनाः ।"

"इषीकहस्त" 'वाटिक' અને 'क्रोधनायन'

વગેરે આવે છે. ઋગ્વેદના મંત્રોમાં કહેલા ' તૃત્સૂ ' જેવા ક્રોધનાયન વગેરે પણ એક સરખા પર્યાયવાળા છે. અને તે વસિષ્ઠ વંશની આખ્યાયિકાના સૂચક શબ્દ જણાય છે. અભિપ્રાયનું મળતાપણું અથવા ઐકય તથા શબ્દ સાદસ્ય જોતાં ' તૃત્સૂ ' અને ' તિકખા ' એ બન્નેને અભિન્ન માનવા પડે છે. વિશેષે કરી ' ગૃહ્યસંગ્રહ પરિશિષ્ટ ' વગેરે ગ્રંથોમાં:—

"दक्षिणकपर्द्दा वाशिष्ठा आत्रेयास्त्रि कपर्द्दिनः ।"

વગેરેને જોતાં પણ ઋગ્વેદના દક્ષિણ કપર્દધારીએ વસિષ્ઠ વંશજ તૃત્સુઓને જ આદિ કાળના વૈદિક તિકખા સ્વીકારવા પડે છે.

તિકખા વડનાં સાત પાંદડાંને સાલના ટુકડામાં લપેટી શુભ કાર્ય પ્રસંગે તેનું પૂજન કરે છે. વડના ઝાડને પોતાના પરમ ઇષ્ટ કુલ પૂજ્ય કુલેશ માને છે. બોહ માતા નામથી કુલદેવતાનો પરિચય દે છે. પંજાબી પ્રાકૃત ભાષામાં વડના ઝાડને બોઢ કહે છે. એ તિકખાઓ એને માતા ભૂલથી કહે

છે. યાતો માતા પાર્વતી સહિત શિવની ઉપાસનાના કારણસર દ્વન્દ્વ સમાસસિદ્ધ ‘ બોઢ માતા ’ શબ્દ સિદ્ધ કરવામાં આવે તો સંગતિ દોષ જણાતો નથી. પરન્તુ મૂર્ખતા સબબ અત્રે ઘણા વખતથી તિડખાઓને હાલે પોતાના ઇષ્ટ કુળદેવતાના યથાર્થ ધ્યાન વગેરેનું કંઈપણ ભાન નથી. વડવૃક્ષ સિવાય અન્ય વાતનો શોચ વિચાર કરવાનું પણ એમને હાલે પ્રયોજન હોય એમ દેખાતું નથી.

વડના ઝાડને શાસ્ત્રોમાં શિવરુપ માન્યું છે, એ બેશક છે. પદ્મપુરાણમાં પણ પ્રમાણ છે કે:—

"तस्मात् वृक्षत्त्वमापन्ना ब्रह्मविष्णुमहेश्वराः ।........
अश्वत्थरूपी भगवान् विष्णुरेवन संशयः
रुद्ररूपो वटस्तद्वत् पालाशो ब्रह्मरूप धृक् ।
दर्शन स्पर्शनादेवते वै पापहराः स्मृताः ॥"

આથી વડનું ઝાડ એ શિવસ્વરુપ છે, એ બેશક છે. અને વસિષ્ઠ વંશજ શિવોપાસક હતા, એ બાબતનું મજબુત પ્રમાણ મળે છે. કુર્મ પુરાણના ૧૯મા અધ્યાયમાં:—

"अरुंधत्यां वशिष्ठस्तु शक्तिमुत्पाद यत्सुतम् ।
शक्तेः पराशरः श्रीमान सर्वज्ञः तपतांवरः ।
आराध्य देव देवेशं ईशानं त्रिपुरान्तकम् ।
लभेद्यप्रतिमं पुत्रं कृष्ण द्वैपायनं प्रभुम् ।"

શિવજીની આરાધના વડેજ પરાશર ઋષિને કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી સરખા પુત્રનો લાભ મળ્યો હતો. એથી એટલું સાબત થાય છે કે વસિષ્ઠ કુળ શિવોપાસક હતું. પરન્તુ એ વંશમાં કશા ધ્યાનથી શિવોપાસના થતી આવી છે. એ વાતનો યથાસ્થિત પુરાવો તો એટલું છતાં મળતો નથી.

સૂક્ષ્મ વિચાર પૂર્વક સંબંધ પરંપરાનું અવલોકન કરવાથી નિશ્ચય થાય છે કે એ વંશમાં દક્ષિણા મૂર્તિ શિવની ઉપાસના થતી આવી છે. શિવોમાં દક્ષિણા મૂર્તિ શિવનું ધ્યાન વડના ઝાડ સાથે વિશેષ સંબંધ ધરાવે છે. જેમકે:—

"वटवृक्षमहोच्छायी पद्मरागफलोज्जवम् ।
गारुत्मक मयैः पत्रैर्विचित्रैरुण शोभितम् ।
नवरत्न महाकल्पैर्लम्बमानैरल तम् ।
विचिन्त्य वटमूलस्थं चिन्तये छोकनायकम् ॥१॥
स्फटिक रजतवर्णां मौक्तिकीमक्षमालां ।
अमृतकलश विद्यज्ञानमुद्राङ्करा ।
दधनमुरगकक्षं चन्द्रचूडं त्रिनेत्र विभूत
विविध भूषं दक्षिणा मूर्त्तिमीडे ॥२॥

તિકખાના કુળદેવતાનું એજ ધ્યાન છે. એમાં શક નથી. કારણ એમની આવરણ પૂજામાં વ્યાસદેવ અને શુકદેવ વગેરે વસિષ્ઠ વંશજોનું એટલે તેમની પૂજાનું વિધાન છે. શિવના બીજા ધ્યાનની કોઈ આવરણ પૂજામાં એ નામ આવતાં નથી. હવે આ તત્ત્વની સઘળી બાબતોને પોતાના કુળદેવતાના ધ્યાન સહિત વિસરી જવાથી વડનાં પાંદડાંનુંજ પૂજન માત્ર એ તિકખામાં શેષમાં રહી ગએલ છે.

ઇક્ષ્વાકુ કુળનો અન્ત આવવાથી ચાલુ જમાનામાં તિકખાના વંશજ માત્ર એક માત્ર તાલવાડ છે. તાલજંઘ કુળના સગર રાજાના કાળના સ્વધર્મહીન ક્ષત્રિયોના વંશજ હાલમાં તાલવાડ નામથી વિખ્યાત છે. ભીષ્મપિતામહ તથા બળદેવજીએ એ કુળનું સ્મારકચિહ્ન તાલવૃક્ષ માત્ર પોતાની ધજામાં રાખેલ એથી તે તાલકેતૂ નામથી પ્રસિદ્ધ હતા. જેવી રીતે હિન્દીમાં કોઠીવાલાનું સહજ રૂપ કોઠીવાલ છે. તેવોજ રીતે તાલજંઘ કુળના ક્ષત્રિયોને સહજ ભાષામાં ક્રમે ક્રમે 'તાલવાલા' અને 'તાલવાલ' કહી પોકારતાં પોકારતાં વિકૃત થઈ એ તાલવાડ શબ્દની સૃષ્ટિ થઇ છે. એ તાલવાડોના શેઠી, ચમ્મ વગેરે આઠ પરિવાર ભેદ છે. એમનું ગોત્ર વસિષ્ઠ અથવા પરાશરના ગોત્રથી અને ગણથી જુદું છે. ઉત્તમ કુલીન ક્ષત્રિયોની શ્રેણીમાં પણ એમનો અધિકાર નથી. એમનું ગોત્ર 'હંસલસ' કહેવાય છે. એ નામનું ગોત્ર વસિષ્ઠ અથવા પરાશરના ગણમાં નથી. ભૃગુના ગણમાં 'હંસલસ જિહ્વ' એક ગોત્ર છે. જિવ્હા તથા રસના એકજ પર્યાયના શબ્દો છે. નવાઇ જેવું નથી કે 'હંસજિવ્હ' પણ ક્રમે ક્રમે 'હંસરસન' માંથી હંસલસ

પણ થઇ ગએલ હોય. ભાર્ગવ, ચ્યવન, દિવોદાસ અથવા ભાર્ગવ, વાધ્ર્યશ્વ દિવોદાસ પણ એમના એ ત્રણ પ્રવર છે.

તિકખાઓનાં પણ વેદ, શાખા, સૂત્ર વગેરે પહેલાં લખેલાં છે, તદનુસાર છે. એમનાં ગોત્ર પરાશર વસિષ્ઠ, શક્તિ અથવા પરાશર એ નામનાં ત્રણ છે. શિખા દક્ષિણ, તુર્કભટ્ટ. તામસી નાઈ, તોતલા મિરાસી તેજપાલ અસીરત, ધમ્મીનો પતો નથી. ઉજ્જે, ડુજ્જે, પલબન્દે, આંડડે વગેરે એમનાં કુળોની અલ્લ છે. એને થંભા માની શકાય નહિ. નાનકી સતીના, લકસી, ધનસી, જાલક અને બાલુકાના ચાર થંભા માની શકાય છે. પણ તિકખા એને થંભા કહેતા નથી, પરિવાર માને છે. તિકખાના થંભાનું પ્રામાણિક વિવરણ કૃપા પૂર્વક કોઇ તિકખાભાઇ વંશાવળી સાથે લખી મોકલશે તો ધન્યવાદની સાથે પંચજાતિની વંશાવળીમાં તે પ્રકાશિત કરવામાં આવશે.

જ્યારથી પમ્મુઓને પંચજાતિથી બહાર કાઢવામાં આવ્યા ત્યારથી મોહલે સારસ્વતોને પંચજાતિમાં દાખલ કરવામાં આવ્યા છે. પંચજાતીય બ્રાહ્મણોની પંચાયતમાં જે સમયે એ વિષયનો વિચાર ચાલી રહ્યો હતો કે હવે કોને લેવા વાજબી છે? એ વખત અકસ્માત્ એક મૂસળ કોઇની કોઠીપરથી ત્યાં પડેલ. પંચોએ આ બાબતને દૈવી ઘટના સમજી મોહલે બ્રાહ્મણોને એ દિવસથી પંચજાતિમાં મેળવી દીધા. કારણ પંજાબી ભાષામાં મૂસલને મોહલ્લા પણ કહે છે. મોહલેનું ગોત્ર સોમસ્તંભ છે. ગોત્રપ્રવર નિર્ણાયક ગ્રંથોમાં સ્તમ્બ અને સ્તમ્ભ શબ્દ જે ગોત્રના અન્તમાં આવે છે, તેમને દ્વામુસ્યાયણ અથવા બે કુળની સંતતિમાં ગણવામાં આવ્યા છે. દીકરીનો દીકરો, કૃત્રિમ દત્રિમ ક્રીત વગેરે બે કુળ સાથે સંબંધ રાખનારાઓને દ્વામુષ્યાયણ કહે છે. એ દ્વામુષ્યાયણોમાં દીકરીનો દીકરો, કૃત્રિમ વગેરેના પ્રવર, ઉભય કુળના પ્રવરોમાંથી લેવામાં આવે છે. પણ દત્રિમ પુત્રનો પ્રવર તો જે કુળમાં તેને આપી દેવામાં આવ્યો હોય કેવળ તદનુસારજ હોય છે. એમાં મુખ્યતા સંસ્કાર કર્મોની પણ લેવામાં આવી છે.

"मातापिता वादद्यातांयमद्भिः पुत्रमापदि ।
सदृशं प्रीति संयुक्तं सज्ञेयो दात्रिमः सुतः ।"

બાપ અથવા મા જેને પોતાની ઇચ્છાથી પોતાની પ્રીતિ સાથે પુત્રને આપત્કાળમાં પોતે આપી દે, તેજ લેનારનો દત્રિમ પુત્ર થાય છે, પિતાની મંજુરી સિવાય કેવળ માતા પુત્રને આપી શકતી નથી. દત્રિમ પુત્રના ચૂ-

ડાકરણ, ઉપનયન વગેરે સંસ્કાર પુત્ર લેવાવાળો કરે છે. ગોત્ર પ્રવર પણ દત્રિમના દ્વામુષ્યાયણ છતાં પણ એકજ કુળ સાથે સંબંધ રાખે છે. એ બાબતમાં મનુજીએ ખુલ્લી રીતે લખ્યું છે કેઃ—

"गोत्ररिक्थे जनयितुर्न भजेद्दत्रिमः सुतः।
गोत्ररिक्थानुगः पिण्डो व्यपैति ददतः स्वधा ॥"

અર્થાત્ દેનારા પોતાના કુળ સાથેનો દત્રિમ પુત્ર સાથેનો સાપિંડ્ય નિવૃત્તિ સાથે પ્રવર ગોત્રાદિકનો સંબંધ પણ છૂટી જાય છે. છતાં પણ જન્મ દાતા પિતાના કુળમાં વિવાહ થઇ શકે નહિ. એ કારણુસર દ્વામુષ્યાયણોના ગોત્ર અથવા પ્રવરમાં વિશેષતા રાખવામાં આવી છે. સઘળા દ્વામુષ્યાયણોના ગોત્રસ્તંભ અથવા સ્તમ્ભ શબ્દાન્તજ જોવામાં આવે છે. કારણ સ્તંભ અથવા સ્તંભ શબ્દાન્ત ગોત્રનું હોવું, સઘળા પ્રકારના દ્વામુષ્યાયણોનું મુખ્ય ચિહ્ન છે. પણ દ્વામુષ્યાયણોના પ્રવરનો નિર્ણય કરવો એટલો બધો મુશ્કેલ છે કે એ બાબતોમાં નિબંધકારોને બીજો ઉપાય સુઝયો નહિ. એથી એ બાબતના નિર્ણયમાં સર્વથા અસમર્થ થઇ યથાર્થ મર્મને સમજ્યા વગર, ભારદ્વાજને કેવળ પુરાણોની ગાથા પ્રમાણે ખુલ્લી રીતે દ્વામુષ્યાયણ સમજી જેને જ્યાંલગણ સ્તમ્ભસ્તમ્ભાન્ત ગોત્ર માલમ હતા. તે સઘળાને એક માત્ર ભારદ્વાજ કુળ સાથે લખી સંતુષ્ટ ન થતાં છેલ્લેઃ—

"येचान्ये स्तम्भ स्तम्भ शद्धान्ताः।"

લેખથી એ ઝઘડાનો નિકાલ કરી પોતાના શિરપરનો બોજો દૂર ફેંકી દઈ બિચારા નિશ્ચિન્ત થઇ બેઠા. નિબન્ધકાર મહાશયોએ કઠિનતા, અસામર્થ્ય, શીઘ્રતા તથા વ્યગ્રતાથી કંઇક કર્તવ્યવિમૂઢ થઇ એ પણ ક્ષણવારને માટે વિચાર ન કીધો, કે ભારદ્વાજનો પાલવ પકડી નિશ્ચિન્ત થાય છે; તેના પ્રવરોમાં એ કુળનો સંબંધ છે કે નહિ? કારણ ભારદ્વાજના ગોત્રોમાં એ કુળનો સંબંધ પણ છે કે નહિ? સબબ ભારદ્વાજના પ્રવરોમાં તો અંગિરા અને તેના પુત્ર બૃહસ્પતિ સિવાય કોઈ બીજા કુળના નામનો સંબંધ માત્ર પણ નથી એ કારણથી સ્તમ્ભ સ્તમ્ભાન્ત માત્ર દ્વામુષ્યાયણોના પ્રવર એક માત્ર એ ત્રણ પ્રવરવાલા ભારદ્વાજની સાથે કેવી રીતે નિબદ્ધ થઇ શકે? દિલગીરીની વાત છે કે આજ સુધી આ ઘોર ધમસાન મચાવનારાઓ સાથે કોઇએ પ્રતિવાદ પણ ન કર્યો. કેવળ શુભ લક્ષણનું એક માત્ર ચિહ્ન છે કે સઘળા નિબંધકારોએ આ અંધપરંપરાનું અનુસરણ કર્યું નહિ. ઘણાઓએ

તો આ દુરૂહ વિષયનો ઉલ્લેખ માત્ર પણ પોતાના ગ્રંથોમાં કરેલ નથી. ક્યાં બે કુળનો કેવી રીતનો સંબંધ છે? એ જાણ્યાવગર સ્તમ્ભ સ્તમ્ભાન્ત ગોત્ર માત્રના પ્રવર, એકલા ભારદ્વાજના ત્રિપ્રવર પ્રમાણે માનવા સર્વથા યુક્તિ-પુરઃસર નથી, બલ્કે અપ્રામાણિક છે! શું સઘળા દ્વામુષ્યાયણ એકજ કુળના હતા?

મોહલોનો સોમસ્તમ્ભ ગોત્ર પ્રસિદ્ધ છે. દ્વામુષ્યાયણ હોવાના કારણસર બહુધા નિબંધ ગ્રંથોમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કંઈ જોવામાં પણ આવે છે તો બસ, ભારદ્વાજની સાથે વગર મળ્યે જોડી દઈ લખેલા જોવામાં આવે છે. ઘણા દિવસ સુધી એના યથાર્થ પ્રવરોનો પતો લગાવવામાં પરિશ્રાન્ત થવું પડ્યું. ક્યાં બે કુળોનો એની સાથે સંબંધ છે? અને દત્તક, ક્રીત કૃત્રિમ અથવા દીકરીનો દીકરો વગેરે કેવી જાતનું દ્વામુષ્યાયણ ગોત્ર એ છે? જ્યાં સુધી એનો નિશ્ચય ન થાય ત્યાં સુધી સંતોષ થતો નથી. અસ્તુ! કૂર્મપુરાણના ૧૯મા અધ્યાયમાં આ જોવામાં આવે છે.

"अत्रेः पुत्रोऽभवद्वह्निः सोदर्य्यस्तस्य नैध्रुव;
कृशाश्वस्यतु विप्रर्षेघृताच्यामितिनः श्रुतम् ।"

કે નૈધ્રુવ ઋષિ પરમર્ષિ અત્રિનાજ પુત્ર હતા. પરન્તુ અત્રિના ગણમાં આદિથી અન્ત સુધી ક્યાંએ નૈધ્રુવનું નામ પણ આવતું નથી. બીજી તરફ કશ્યપ ઋષિના ગણના ગોત્રોમાં જુઓ તો પહેલાંજ નૈધ્રુવનું નામ પ્રવરોમાં વિદ્યમાન દેખાય છે. એથી સંપૂર્ણ રીતે ખાત્રી થાય છે કે અત્રિપુત્ર નૈધ્રુવ બેશક કશ્યપ વંશમાં કૃત્રિમ (દત્તક લેવાયલા) પુત્ર થયા હતા. એ કારણથી અત્રિના ગણના પ્રવરોનો સંબંધ માત્ર, કાશ્યપ કુળમાં આવ્યો. બાદ, ઉક્ત નૈધ્રુવ સાથે રહ્યો નહિ. કાશ્યપના ગણના મુખ્ય ચાર વિભાગ છે; જેમાં શુદ્ધ કાશ્યપોની ગણતરી કર્યા બાદ સુવિસ્તીર્ણ નૈધ્રુવ કુળના ગોત્ર પ્રવરોનો ઉલ્લેખ જોવામાં આવે છે. જે મૂસલનો અપભ્રંશ થઈ 'મોહલા' સંજ્ઞા એમની પ્રસિદ્ધ થઈ તે 'મુશલ' પણ નૈધ્રુવની અંદર આવે છે. સ્તમ્ભાન્ત 'શરસ્તમ્ભ' ગોત્ર પણ એ કાશ્યપ ગણમાં છે. એ સિવાય એનો 'સોમભૂ' ગોત્ર પણ એ નૈધ્રુવની અંદર આવી જાય છે. વિચાર કરવાથી 'સોમસ્તમ્ભ' અને 'સોમભૂ' માં કંઈપિણ અંતરાય જોવામાં આવતો નથી. સોમવંશમાં ઉત્પન્ન થયલા 'સોમભૂ' કહેવાય છે, અને સોમસ્તમ્ભનું પણ સોમ અર્થાત્ ચંદ્રવંશના સ્તંભમાં ઉત્પન્ન થવા સાથેજ પ્રયોજન છે. અર્થાત્ એ

બન્ને એકજ પર્યાયના શબ્દો છે. પ્રવરપણ મૂશલ. સોમભૂ અથવા સોમસ્તંભ અને નૈધ્રુવ વગેરે સઘળાના એક સરખા છે. કેવળ સોમ સ્તમ્ભ ગોત્રથી દ્વામુષ્યાયણ. સ્પષ્ટ રીતે બરાબર થાય છે. એથી સોમભૂને બદલે સોમસ્તંભનો પ્રયોગ પ્રચલિત છે.

જેવી રીતે પુરોહિતોના ગોત્ર પ્રવરથી અંગના યજમાનનો નિશ્ચય થાય છે. તેવીજ રીતે અંગના યજમાનના ગોત્ર પ્રવરથી પુરોહિત કુળનો પણ ઠીક પત્તો લાગે છે. એ મોહલે સારસ્વતોના યજમાન 'શૈગલ' ક્ષત્રિય પ્રસિદ્ધ છે. અન્ધ પરમ્પરાથી આ વખતે એમનું ગોત્ર પણ કૌશલ્ય બનાવી દીધું છે. પંજાબ પ્રાંતમાં આ કૌશલ્ય ગોત્રનો એટલો પ્રાદુર્ભાવ જોવામાં આવેછે કે જેના ગોત્રનું ઠેકાણું યા પત્તો ન લાગે તેનું ગોત્ર કૌશલ્ય ઠરાવી દે છે! કાશ્યપના નૈધ્રુવોમાં પણ એક 'છાગલ્ય' ગોત્ર છે. એ 'છાગલ્ય' નો અપભ્રંશ વર્તમાન એ શૈગલ શબ્દ દેખાય છે, પ્રવર પણ એ છાગલ્ય ગોત્રના 'મૂસલ' નૈધ્રુવ, અને સોમભૂ, અથવા સોમસ્તમ્ભની માફક છે. યજમાન તથા પુરોહિત બન્ને એકજ ગણમાં છે. એથી એ 'મુશલ' સોમસ્તમ્ભ ગોત્રીય હાલના મોહલાના અંગના યજમાન એ શૈતલ છે, એ બેશક છે. યજમાન પુરોહિત બન્નેના કાશ્યપ, અવત્સાર અને નૈધ્રુવ એજ ત્રણ પ્રવર છે. સૈગલોનું ગોત્ર છાગલ્ય પણ છે. એ ગોત્રના કારણસર એ સૈગલ પણ કહેવાય છે. કારણ ભાષામાં 'છ' બદલ 'સ' પણ થઈ જાય છે. સુપ્રસિદ્ધ વિહારી સતસઇમાં ' આરસી ઉસાસ 'નો ઉસાસ શબ્દ સંસ્કૃત " ઉચ્છ્વાસ " નો જ અપભ્રંશ છે. પંજાબની પ્રાકૃત ભાષામાં પણ 'છ' અને 'શ' નો બહુધા થાય છે. યજમાન પુરોહિત બન્નેની કુળદેવી પણ ચંડિકાજ છે.

એ ' મુશલ ' જાતીય મોહલે સારસ્વતોના જોકે ત્રણ થંભા, દિલવાલિયા, સિરંદિયા અને ગુજરાતિયા નામથી પ્રસિદ્ધ છે. પરંતુ વિચાર કરતાં એ થંભા કહી શકાય નહિ. એતો જુદા જુદા પ્રાન્તોમાં વસવાના કારણસર પ્રાન્તના ભેદ પ્રમાણે નામ ભેદ થએલ છે. એમના થંભાનો પ્રામાણિક લેખ યજમાનો (શૈગલો) ના થંભા તથા પરિવારો સહિત, અંગના લાગાવાળા નાઇભાટ વગેરેની સાથે, મહેરબાનીની રાહે કોઈ મહાશય મોકલી આપશે તો તે ધન્યવાદને પાત્ર થશે. એમના મિરાસી ગુદરાલ છે. આજના સમયમાં બહુધા ચંડીદાસ ભટ્ટ અને મેઢા નાઇ એમની વૃત્તિ કમાતા દેખાય છે.

જોકે અત્રે ઘણા દિવસ થયા ઉપમન્યુ ગોત્રજ પમ્બુઓની સર્વોત્તમ

પંચ જાતિથી વિભિન્નતા થઇ ગઇ છે. અને એમના અંગના યજમાન ચાર જાતિના કુલીન કપૂર ક્ષત્રિયોની યજમાનીની વૃત્તિ પણ બિચારાઓ પાસેથી વગર કારણે ઝુંટાઇ ગઇ છે. તોપણ કપૂરોના ગોત્ર પ્રવર વગેરેનો સંબંધ એમની સાથે આજ સુધી જેમનો તેમ બદલ્યા વગરનો રહી ગએલો દેખાય છે. આ મૂખ્યતત્ત્વ ધ્યાનમાં ન રહેવાથી આજના દિવસમાં કપૂર ક્ષત્રિયોના ગોત્ર પ્રવર બાબે ગડબડાટ મચી રહ્યો છે. માટે આ સ્થળે સારસ્વત પમ્ભૂ અને તેમના અંગના યજમાન કપૂરોના કુળનું વર્ણન અવશ્ય લખવું સજાવાર છે. એમનું ‘ પમ્ભૂ ’ નામ ‘ પંબયાના ’ પ્રાન્તના કારણસર પ્રસિદ્ધ છે. પંજાબના ‘ પંબયાના ’ પ્રદેશમાંથી એમની નિકાસ થવાથી એ પમ્ભૂ કહેવાયા. વાસ્તવિક રીતે એ વસિષ્ઠ કુળના છે. નિમિ રાજાના શાપથી વસિષ્ઠ ઋષિને બીજો જન્મ લેવો પડયો હતો. એટલે વાસિષ્ઠઋષિના એ જન્મ થવાના કારણસર ભિન્ન શરીરથી ઉત્પન્ન બે સ્વતંત્ર વંશ પણ પ્રસિદ્ધ થયા હતા. મત્સ્ય પુરાણમાં પણ જ્યાં ઋષિવંશનું વર્ણન કરેલ છે, ત્યાં પ્રથમ વસિષ્ઠ વંશના ગોત્ર પ્રવર વગેરે લખી ફરી બીજા અધ્યાયમાં નિમિ રાજાના શાપથી કથા સાથે પરાવંશના પ્રવરોની ગણતરી કરી છે. એ કારણથી પ્રવર નિર્ણયમાં લખેલું દેખાય છે કેઃ—

वशिष्ठौ द्वौच विज्ञेयो विवेक स्त्वनयोर्द्वितीया त्कुण्डिनादयः ।
अतएव भिन्न शरीरत्वात् भिन्नगोत्र प्रवरत्त्वाच
वशिष्ठ वाशिष्ठ गणयोर्विवाहः ॥” प्र० नि०

ઉપમન્યુ ઋષિનો જન્મ પરાશરથી ભિન્ન કુળમાં વસિષ્ઠ વંશમાં થયો હતો. પમ્ભૂઓનું ગોત્ર ઉપમન્યુ છે. વાશિષ્ઠ, ઇન્દ્રપ્રમદા અને આભરદ્વસુ એમ એમના ત્રણ પ્રવર છે. એમની કુળદેવિ ભગવતી ચંડિકા ‘ઇશપૂજ્ય’ માતાના નામથી પ્રસિદ્ધ છે. વૈશાખ સુદ ૯ ને રોજ એનો મહોત્સવ પણ કરે છે. એમનાં વેદ, શાખા, સૂત્ર વગેરે આગળ લખવામાં આવ્યાં છે. તદ્દનુસાર છે. દક્ષિણા શિખા, ભટ્ટ માહલ, નાઇ મેઢા; ખોતી પૌત્ર, મનોહર પૌત્ર અને સરન પૌત્ર એ ત્રણ પમ્ભુઓના થંભા છે.

કપૂર ક્ષત્રિય વાસ્તવિક રીતે એ પમ્ભુઓના યજમાન છે. અન્ધ પરમ્પરા તથા મૂર્ખતાથી આ સમયે કપૂરોનું પણ કૌશલ્ય ગોત્ર બનાવી દીધું છે. મુખ્યત્વે કરી લોભી બ્રાહ્મણોએ લૂટમારથી હાથમાં આવેલી યજમાનીનો ભવિષ્યમાં પતો ન લાગે એવા દુષ્ટ વિચારથી એમના ખરા ગોત્ર પ્રવરને ગુપ્ત રાખવાનું ઉચિત ગણ્યું છે. પરન્તુ સત્યનો એવો તો અપૂર્વ પ્રભાવ છે

કે તે કોઇનું છુપાવ્યું છુપાવી શકાતું નથી- જેમ 'ક્ષણ્ય' ગોત્રના કારણથી 'ખન્ના' તાંડિનથી 'ટંડન' અને 'છાગલ્ય' થી 'શૈગલ' સંજ્ઞા ઉત્પન્ન થઇ છે. તેવીજ રીતે 'કાર્પૂરિ, ગોત્રના કારણથી ચાર જાતિના આ કુલિન ક્ષત્રિયોની સંજ્ઞા પણ 'કપૂર' પ્રસિદ્ધ થઇ ગઈ છે. વાશિષ્ઠ ગણની અંદરજ 'કાર્પૂરિ' ગોત્ર છે. અને વાશિષ્ઠ, ઇન્દ્રપ્રમદા અને આભરદ્વસુ એમના ત્રણ પ્રવર પણ કુલપુરોહિતોના ઉપમન્યુ ગોત્રતુલ્ય છે. એ કપૂરોનો 'કૌશલ્ય' ગોત્ર તો ત્રિકાલમાં પણ સંભવિત નથી. નાઇ ભાટ વગેરે લગાયત પણ એમના અંગના કુલપુરોહિત પમ્મુઓ પ્રમાણેજ યથાર્થ છે. એમ આજ પણ માનવામાં આવે છે. આ કુળવાન ક્ષત્રિયોએ કેવળ પોતાના કુળ પુરોહિતોનો સર્વથા ત્યાગ શામાટે કર્યો, એનું કંઇ વાસ્તવિક કારણજણાતું નથી.

પંચજાતિથી પમ્મુઓને અલગ કરી, મોહલોને મેળવવાથી પાંચની સંખ્યા પૂરી થઇ રહી છે. અંગિરા, ભૃગુ, વશિષ્ઠ, કસ્યપ, આદિ એ શ્રેષ્ઠ પાંચ ઋષિઓના કુળની વૃદ્ધિ, પંચજન્ય અગ્નિની કૃપાથી થઇ હતી. એ પંચજાતિ પણ કલ્પારંભના પ્રથમ સત્યયુગની આખરે સૌથી પહેલાં સંગઠિત થઇ હતી. કુળમર્યાદા, તપ, વિદ્યા, પ્રતિષ્ઠા, સદાચાર વગેરે સઘળા વિષયોમાં આ સર્વોત્તમ પંચજાતિના સારસ્વત બ્રાહ્મણોમાં અગ્રગણ્ય હતા. ઘણીજ દિલગીરીની વાત છે કે અત્રે કેટલાક દિવસથી એ પંચજાતિના કુલીન અને ઉત્તમ બ્રાહ્મણોનો પણ નાશ થતો જાય છે. તથા અવનતિ પણ એમની ઉત્તરોત્તર પ્રબળ ગતિથી વધારે વધારે થતી જણાય છે. મૂર્ખતાની વિશેષતા, સદાચાર શિક્ષાનો સર્વથા અભાવ અને કુલીનતાના વ્યર્થ અભિમાનના વિશેષ દઢિકરણને લીધે અત્રે કેટલાક રોજથી એ એવા તો નિર્માલ્ય અને નિરંકુશ થઇ ગયા છે કે પોતાની શ્રેણીમાં વિશેષ ફાટફુટ ફેલાતાં છતાં પણ એમને સંતોષ ન થયો. ઇતર શ્રેણીના સારસ્વતોની કન્યાઓનું પાણિગ્રહણ કરી માત્ર અર્થોપાર્જન કરવું એજ એમનો પરમ અભીષ્ટ અને જીવનનો પ્રધાન ઉદ્દેશ્ય એમણે સમજી લીધો છે. લાહોર અમૃતસર પ્રાન્તના સારસ્વત માત્ર એ સર્વોતમ પંચજાતિની કુલીનતાને સર્વ જનમાન્ય સમજી એ કુળમાં કન્યા આપવી તેમાં પોતાને કૃતકૃત્ય માનતા અને શક્તિ પ્રમાણે તો ઠીક પણ શક્તિ ઉપરાન્ત દ્રવ્ય પણ દહેજમાં આપતા હતા. તે પંજાબ પ્રાન્તના સારસ્વત માત્ર એમની આજ્ઞામાં રહી એમને પોતાના મસ્તકસ્વરૂપ તથા સર્વથા માન્ય પૂજ્ય પણ સમજતા હતા. જ્યાં સુધી પુરાણા બહુદર્શી વૃદ્ધ, પંચજાતિમાં વિશેષ રૂપે હતા ત્યાં સુધી પંજાબ પ્રાન્તના સારસ્વત માત્રમાં પ્રીતિનું સુદઢ બંધન અને પરસ્પરમાં યથોચિત પ્રેમ

પણ જેમનો તેમ રહ્યો. સઘળા એ પંચજાતિના સારસ્વતોની યથોચિત માનપ્રતિષ્ઠા કરવી એમાં સમાજનું મંગળ પણ સમજતા રહ્યા. પોતાને મળેલી આ પ્રતિષ્ઠાને બદલે પંચજાતિના દૂરદર્શી વિવેકી વૃદ્ધ પણ, સારસ્વત માત્રને અંગાંગી ભાવથી પોતાની સમાજના એક અગત્યના ભાગ તરીકે અને પોતાનાથી સર્વથા અભિન્નજ માનતા હતા. એટલે લગણ કે જાહેર રીતે સર્વ સાધારણ લોકની આગળ આ પંચજાતિના પ્રતિષ્ઠિત, પોતાની માન હાનિ ન સમજતાં વિશેષ ગૌરવ સમજી એમ કહેતા હતા કે ભાઇઓ! અમે તમારી મહેરબાનીથી જ સર્વોત્તમ તથા કુળવાન ગણાઇએ છીએ. તમે લોકો અમારા કુળોનું સન્માન કરો છો, તેથી જ અમારી પંચજાતિની મોટાઈ છે. અમે તમને લેઇને જ મોટા બન્યા છીએ! એટલે આ મોટાઈ અમારી નથી પણ તમારી જ છે કારણ સનાતનથી એ પ્રકારે તમારા મોટા કહી માનવાથી જ અમારા પંચજાતિવાળા મ્હોટા બન્યા છે. વગેરે વગેરે પણ કુટિલ કાળના પ્રભાવથી ક્રમે ક્રમે એવા મહાપુરૂષો એક પછી એક સ્વર્ગમાં સીધાવ્યા. આ તરફ નવીન સંપ્રદાયના અભિમાની, અહંકારની સાક્ષાત્ મૂર્ત્તિ ઉદ્ધત સ્વભાવના, અતિ લોભી, નિરક્ષર, માદકસેવી ઉદ્દંડ બ્રહ્મપટ્ટો વડે ઉક્ત પંચજાતિ દિનબદિન વિશેષ રૂપે પરિશોભિત થવા લાગી. એ મહાત્માઓએ બબ્બે ચચ્ચાર વિવાહ કરી તેના દહેજના દ્રવ્યનો પોતાના મનમાનતા વિલાસ માં ભોગવટો કરવો એ જ માત્ર એક પુરૂષાર્થ સમજી વિવાહિતા અર્ધાંગિની નિરાશ્રિત અબળાઓને ઘરેણાં લુગડાંથી રહિત બનાવી તેમના પિતૃકુળમાં તિરસ્કાર પૂર્વક મોકલી પરિત્યાગ કરવાનું શરૂ કીધું. ધર્મભય, સમાજ ભય વિનય, પ્રાર્થના, સમજ, બૂઝ વગેરે સઘળું એક બાજૂએ રાખી દીધું. લજ્જાહીન, મદમત્ત તથા નિરંકુશ થઈ સમાજની સ્વરૂપહાનિ કરવાને માટે તત્પર થયા. અલબત એટલું કહેવું જોઇએ કે એ પંચજાતિવાળા સઘળા એવા બની ગયા હતા એમ નહોતું. તો પણ સમાજની સારી શૃંખલા ટૂટવાથી અને સમયપર પશુને છાજતા અત્યાચારથી યથોચિત પ્રતિબિધાનની ગેરહાજરીમાં ક્રમે ક્રમે એવા એવા કુપાત્રોની સંખ્યા પણ વધવા લાગી. અન્તે એનું પરિણામ એ જ થયું કે અસહ્ય કષ્ટ સહન કરવાના સામર્થ્યની નાસ્તિને લીધે બિચારા બામનજાઈ બ્રાહ્મણોમાં પંડિત તુલસીરામજીએ અગ્રેસર થઈ "જાતિ વિભાગ" નામે પુસ્તક રચી પ્રામાણિક વા અપ્રામાણિક સત્ય વા મિથ્યા પોતાને પસંદ પડતો લેખ લખી પઞ્ચજાતિ, અષ્ટવંશ વગેરેથી ભિન્ન ઇતર શ્રેણીના બ્રાહ્મણોને વિશેષ ઉત્તેજન આપી પંચજાતિ વગેરે કુલીન શ્રેણીમાં કન્યા આપવાના સનાતન પ્રથાને નીચી શ્રેણીના બામનજાઈ

બ્રાહ્મણોની સમવેત શક્તિથી સર્વથા રહિત કરી દીધી. પરિણામના અજ્ઞાનને લીધે વિશેષ ફાટ ફૂટના ફેલાવાની સાથે સમાજની વિકૃતિ તથા અંગહીનતાની અસ્તિ સર્વથા અસાધ્યજ હતી. કાળ ધર્મવડે આપસ આપસની ઈર્ષ્યાનું અવશ્યે ભાવિ ફળ કોઈથી રોકાય છે? હવે એ તો જે થયું તે ઠીક, પણ વિશેષ દુઃખ તો એ જોઈને થાય છે કે ભણ્યા ગણ્યા પંડિત કહેવાતાઓએ મિથ્યા કપોલ કલ્પનાને સત્ય કહી જન સમાજમાં ખોટાં સાહસથી તે પ્રચલિત કરી. બેશક આ કામ તો પૂરેપૂરૂં અન્યાયયુક્ત તથા તિરસ્કારને પાત્ર થયું. પંડિત તુલસીરામજીના કેવળ એટલા અંશનો પ્રતિવાદ, અનિચ્છાવડે કર્તવ્યના અનુરોધથી પ્રસંગાનુસાર કરવો પડયો છે.

અસ્તુ ! કટ્ટા વિરોધી હોવા છતાં પંડિત તુલસીરામજીને એટલું કબુલ કરવું પડયું કે પંચજાતિના કેટલાક દુષ્ટોના દુરાચારથી સંતપ્ત થતાં લોકોએ દુઃખી થઈ જો કે અત્રે કેટલોક સમય થયાં બીજી પંચજાતિ હાલે સંકેતાનુસાર મનમાની રચી છે. અને થોડા રોજથી નવી રચેલી પંચજાતિ વગેરે આધુનિક સંકેતવાળી જાતિવાળામાં કેટલાક લોક વર્ત્તમાન બામનજાઈઓની માફક પ્રતિજ્ઞાબદ્ધ થઇ પૂર્વોક્ત યથાર્થ પંચજાતિનાં સર્વોત્તમ કુલવાન સન્તાનોને કન્યાદાન આપવામાં વિમુખ થઈ ગએલા છે. તો પણ આજથી સો સવાસો વરસ પહેલાં એમના કુળની કન્યા ઉક્ત સર્વોત્તમ પંચજાતિમાં લગ્નમાં આપવામાં આવતી હતી. આ નવીન રચાએલી પંચજાતિવાળા, અષ્ટવંશ, વંશપૂજ્ય, બારી, બામનજાઈ વગેરે બધા સારસ્વત સાક્ષાત્ અથવા પરમ્પરા સંબંધથી ઉક્ત સર્વોત્તમ પંચજાતિમાં પોતાની કન્યા સનાતન કાળથી આપતા આવેછે. પરન્તુ ઉક્ત પંચજાતિના સર્વોત્તમ કુલીનોની કન્યા પોતાની એ પંચજાતિ સિવાય કદી પણ બીજી કોઈ શ્રેણીમાં લગ્નમાં આપવામાં આવી નથી. ઉક્ત પંચજાતિની સર્વાદિ સમ્મત સર્વોત્તમ કુલીનતાનું વર્ત્તમાન કઠણ કાળ સુધી પણ એજ સર્વથી શ્રેષ્ઠ, પ્રત્યક્ષ તથા અખંડિત પ્રમાણ જોવામાં આવેછે. જાતિ વિભાગમાં પંડિત તુલસીરામજીનું કહેવું છે કે ૧૧૬ વરસ અગાઉ ૧ કાલીએ, ૨ માલીએ, ૩ કપૂરીએ, ૪ ભટ્ટરીએ, ૫ બગ્ગે, એ પંચજાતિવાળા બ્રાહ્મણ ઢાઈઘર લાહોરીઆ બ્રાહ્મણોને કન્યા આપતા હતા. જ્યારે એમની કન્યાઓ સુખપૂર્વક સાસરે ન વસવા લાગી ત્યારે પચજાતિવાળા બ્રાહ્મણો પોતપોતામાં કરેલા સંકેતાનુસાર વર્તવા લાગ્યા. પછીથી ઢાઈઘર લાહોરીઆ બ્રાહ્મણોને કન્યા ન આપી. એવા કેટલીક જાતના બ્રાહ્મણ છે જેવા કે ૧ પંડિત, ૨ પાઠક, ૩ ઢંડે, ૪ ગદૂરે, ૫ ઢોંકચ, ૬ છકડે, એ છ જાતિના

બ્રાહ્મણ તેમજ ૧ ચૂની, ૨ રાવડે, ૩ લંખ, ૪ નેઉલે, ૫ સરવલીએ, એ પાંચ જાતિના બ્રાહ્મણ......આજ સુધી એ વિચાર કોઇએ ન કીધો કે પ્રથમ તો સઘળા ખુઝ્જાઈ બ્રાહ્મણ હતા. પછી અમારા ખુઝ્જાઈ બ્રાહ્મણોમાંથી નીકળી જઈ એ ઉંચી જાતિવાળા બન્યા. ખુઝ્જાઈ બ્રાહ્મણની કન્યા લેઇ લે છે. ખુઝ્જાઇ બ્રાહ્મણને પોતાની કન્યા આપતા નથી. એમાં મોટાઇ શાની? કંઈ પણ મોટાઇ હોય તો તે એટલીજ કે નીચી જાતિવાળામાંથી કન્યા લેઇ નીચી જાત બનાવવી. સંકર જાતિ અથવા ચીનાકંગની જાતિ બનાવવી. ત્રણેએ પોતાની કન્યા પોતાની સંકેતવાળી જાતિમાં આપવી. ચાહે લાહોરીઆ, ચાહે અષ્ટવંશ, ચાહે વંશપૂજ્ય, ચાહે પંચજાતિ જ્યાં નમતી બાજૂ હોય ત્યાં કન્યા આપવી. કેટલાક તો કોઇની મોં લાલચથી, કેટલાક આગળ કન્યા, બેન કે ફૂઇ દીધેલી તેના કહેવા ઉપરથી ઝટ કન્યા દઇ દેતા. એક પાછળ બીજો, બીજા પાછળ ત્રીજો, એવી રીતે વાત બનવા લાગી. જે પડે તે વાઘની માફક કન્યા લેઇ જાય અને પોતાને મ્હોટો જાણે. પંચજાતિવાળા લાહોરીઆ તથા લાહોરીઆઓને કન્યા દેવાવાળા અર્થાત્ પમ્બૂ, ભારથે, હાંસલે ઇત્યાદિ અષ્ટવંશ, વંશપૂજ્ય, હીર; જે જે જાતિઓ સંકેતવાળી છે. જે પાછળ લખેલી છે તેની સાથે કન્યા દેવાનો સમ્બન્ધ કોઇએ કરવો નહિ. જે કરશે તેને ભાઇચારામાંથી બાતલ કરવામાં આવશે તેની સાથે કોઈ વ્યવહાર નહિ રાખે, એવો સંકેત કરી એક ચોપડી બનાવી છે. "જે જે ખુંજાઈ બ્રાહ્મણ; ગામ કસ્બા તથા નગરમાં વસતા હોય તેમણે ચોપડીમાં પોતાની સહી કરી આપવી, જે નહિ કરે તેને ભાઇચારામાંથી બહાર કાઢવામાં આવશે. તેની સાથે કોઇ ખુંઝાઇ બરાબર જેવો સંબંધ નહિ રાખે તથા વર્તન પણ નહિ રાખે. જે ખુંઝાઇ, બારી, અષ્ટવંશ, વંશપૂજ્ય સહી કરશે પછી કન્યાનો સંબંધ કરશે તે ભાઇચારાની સાથે શુદ્ધ ખુંઝાઇ થઇ ગયો. તેની સાથે કન્યા પુત્રનો સંબંધ થશે." આ લખાણથી સાબિત થાય છે કે ક્રોધ તથા ઇર્ષ્યાથી સર્વોત્તમ પંચજાતિ પરથી નકલી પંચજાતિ નામ રાખી બીજી પણ કેટલીક નવી રચેલી પંચજાતી બની છે. પરન્તુ સનાતન કાળની યથાર્થ સર્વોત્તમ પંચજાતિ સાથે આ નવીન કલ્પિત પંચજાતિવાલાના ગોત્ર પ્રવર વગેરે કોઇ કૌલિક મૂળ વિષયની એકતા નથી. અને ચાલતા સૈકા પહેલાં એ લોકો પોતાની કન્યા પણ યથાર્થ પંચજાતિવાળાને દેતાએ હતા. અર્થાત્ સારસ્વતોની જ્ઞાતિ તથા શ્રેણીવિભાગના મેળમાં સામાજિક પ્રતિષ્ઠાના ક્રમ પ્રમાણે એમની નવી પંચજાતિ વગેરે સંજ્ઞા

લખી તેનો પ્રકાશ કરવામાં આવશે. અઢાઇધર કુમડિયા, જેતલી, ઝિંગણુ, તિકખા અને મોહલ્લાની આઢ્ય કુલીન એ સર્વોત્તમ ‘ પંચજાતિ ’ માં વિવાહ ભેદવડે કુલીનતાની ઉંચી નીચી શ્રેણીના વિધિબદ્ધ હોવા છતાં ‘ચાર ઘર’ અને લુમડિયા, પેતલી, પિંગણુ, પિકખે, ઓહલે વગેરે પણ બની ગયા છે. જેવી રીતે આઢ્ય કુલવડે અઢાઇઘર તેવી જ રીતે ચારૂ કુલવડે ચારઘરની સંજ્ઞા પ્રસિદ્ધ થઈ. કારણ પોતાથી પરવર્તીની અવ્યવહિત નિમ્ન શ્રેણીની કન્યાનું પાણિગ્રહણ કરવાથી એમના કુળની એ આઢ્યતા અર્થાત્ શાસ્ત્રોક્ત શિષ્ટતાની સ્વરૂપચ્યુતિ થયા છતાં સર્વથા વિકૃતિ તો ઉત્પન્ન થતી નથી. પરન્તુ એઓ સ્થાન ભ્રષ્ટ તો અવશ્ય થઈ જાય છે. મહા ભાષ્યમાં પણ—

“केतोशिष्टाः येब्राह्मणाः कुम्भी धान्याअलोलुपा अगृह्यमाणकारणाः
किञ्चिदन्तरेणकस्याश्चिद्विद्यायाः पारङ्गमास्तत्र भवन्तः शिष्टाः ।”

ભૃગુ વસિષ્ઠ વગેરે બ્રહ્મર્ષિ અને રાજર્ષિઓના કુળના સર્વથા સમ્પન્ન અને યોગ્ય હોય અને શિષ્ટ હોય તેને આઢ્ય કહે છે. મનુજીએ પણ એજ અભિપ્રાયથી શિષ્ટ બ્રાહ્મણોના વિષયમાં વિસ્તાર પૂર્વક લખ્યું છે કે

“धर्मेणाधिगतो यैस्तु वेदस्सपरिवृंहणः ।
तेशिष्टा ब्राह्मणाज्ञेयाः श्रुतिः प्रत्यक्षहेतवे ॥”

મંત્રદષ્ટા ઋષિકુળના માનનીય મહર્ષિયો તેજ શિષ્ટ બ્રાહ્મણો યથાર્થ રૂપે કહ્યા છે. એ શિષ્ટ જનોનાં કુળ જ સર્વોત્તમ આઢ્ય કુળ તરીકે પ્રસિદ્ધ થયાં. એથી વિવાહદોષથી આઢ્ય પદનો સંબંધ એમનાથી છૂટી ગયા છતાં એ આઢ્ય કુળનો મહિમા અને એ શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થવાના કારણસર એમના કુળની ચારુતા (સુંદરતા) નાશ પામતી નથી. એથી વિવાહ દોષથી જ એજ ચારુ કુળવાળા ‘ચારઘર’ કહેવાયા. એથી પણ આગળ વધી જે લોકોએ લોભવશ વિવાહ સમ્બન્ધની મર્યાદાના સર્વથા ઉલ્લંઘન પૂર્વક નીચી શ્રેણીના જાતિ બ્રાહ્મણોની કન્યાઓનું પાણિગ્રહણ કરી શિષ્ટાચાર, કુળ મર્યાદા વગેરેનો ત્યાગ કર્યો, એવા નિરંકુશોનેજ તિરસ્કાર પૂર્વક સત્કુલીનોએ ‘લુમડીઆ’ અને ‘પિંગણુ’ વગેરે યથોચિત નામોથી વિકૃત સ્થિતિમય પરિચિત કીધા.

“ અષ્ટવંશ ” વગેરે વિષયમાં પણ પં૦ તુલસીરામજીએ ભ્રાન્ત મતનો પ્રચાર કરેલો છે. વિક્રમ સંવત્ ૧૪૯૭ માં સુનામનગરમાં, બ્રહ્મભોજનો ઝઘડો થયો. ત્યારથી ‘ભ્રષ્ટવંશ’ને બદલે ‘અષ્ટવંશ’ પોતાને પ્રસિદ્ધ કરી અષ્ટ-

વંશ બ્રાહ્મણોની શ્રેણી બાકી નથી. એમનું આ કહેવું તો મિથ્યા કપોલકલ્પના તથા ધૂર્તપણું જ છે. 'જાતિવિભાગ' નાં એ લખાણ વાંચવાથી બુદ્ધિમાનોને જાણ થઈ જાય છે કે અષ્ટવંશની શ્રેણી એ વખતથી ઘણો કાળ અગાઉની છે. મથુરા, અલીગઢ, આગ્રા, બીકાનેર, રજપુતાના અને સિંધના મધ્યવર્તી પ્રદેશોમાં પણ અષ્ટવંશી સારસ્વતોનો વિશેષ નિવાસ ઓછામાં ઓછા હજાર વરસથી પણ અગાઉનો છે, એમ માલમ પડે છે. સુનામનગરથી અષ્ટવંશ માત્રની નિકાશ જ નથી. અને ત્યાં જઈ તેઓ સઘળા અષ્ટવંશ કુળની રીતિ કરતા નથી. અષ્ટકુળના આ અષ્ટવંશોની આ સંજ્ઞા વિશેષ પ્રાચીન છે. સંકેતવાળી અન્ય જાતિઓ પણ સઘળી આધુનિક નથી.

આતો ઘણો ભ્રમમૂલક અને આગ્રહપૂર્ણકુસિદ્ધાન્ત છે કે સૌથી પહેલાં પરજાતિના ક્ષત્રિયો અલાઉદ્દીન બાદશાહના વખતમાં વિધવાવિવાહના ઝઘડામાં વિજેતા થવાથી જ ક્ષત્રિયો 'વૌંજાઈ' કહેવાયા. અને તેમના પછવાડે જે બ્રાહ્મણો હતા તે પણ 'વૌંજાઈ' કહેવાયા. જો કે સંવત્ ૧૩૪૮ માં અલાઉદ્દીન બાદશાહના કાળમાં પરજાતિના ખત્રીઓની જીત થઈ ત્યારથી એમની સ્વતંત્ર મંડલી બની ગઈ હોત તો આજ પણ નક્કી છે કે 'વૌંજાઈ ખત્રીઓની. મંડલીમાં કેવળ પર જાતિ માત્ર જ અસ્તિમાન દેખાત જનસંખ્યા વધી પરિવાર ઘણો ફેલાઈ જાય છે. પરન્તુ જાતિ જે શ્રેણીમાં જેટલી નિબદ્ધ થાય છે, બરાબર તેટલી જ બની રહે છે. જાતિની સંખ્યાની વૃદ્ધિ થવી તો સર્વથા અસંભવિત છે. કલ્પારમ્ભના આદિ સત્યયુગમાં બ્રાહ્મણોની જે પંચજાતિ વિધિબદ્ધ થઈ હતી તેજ આજે પણ છે. એટલા દીર્ઘસમયમાં પણ પંચજાતિની જાતિ સંખ્યા વધી ન શકી. અલબત આ વાતતો અવશ્ય થાય છે કે કદી કદી કોઈક જાતિનો સર્વથા લોપ થાય છે. અને જાતિ સંખ્યા ઘટી જાય છે. પંચ જાતિના લાગા લેનારા ભટ્ટ તથા નાઈ એનાં પ્રત્યક્ષ ઉદાહરણ છે. એટલે અલાઉદ્દાનના સમયમાં જો પરજાતિના ક્ષત્રિયોની જીત થવાથી તેમની સ્વતંત્ર મંડળી સંગઠિત થઈ હોત તો આજ પણ તેમનામાં કેવળ પરજાતિના જ ખત્રી અવશ્ય જોવામાં આવત. સૈંકડો પ્રકારની જાતિ એ બૌંજાઈઓની શ્રેણીમાં કદી પણ જોવામાં આવત નહિ. બાદશાહી ઝઘડામાં બૌજાઈઓની જીત સંબંધનો લેખ પણ કપોળકલ્પિત છે. કારણ કે એ ઝઘડાનો અગ્રણી લલ્લુ જગધર નામનો મિહિરૌતરે ચોજાતિના કુળવાન ક્ષત્રિય જ પ્રસિદ્ધ છે. છેલ્લે એમાં બાદશાહ તરફથી ખિલત

પણ ચોજાતિના કુલીન મુખી લોકોને મળી હતી. આ વાત તો ધ્યાનમાં બેસે તેવી નથી કે બૈંજાઇઓની જીત થાય અને ચોજાતિના મુખી ક્ષત્રિયો ખિલત લઈ જાય. સિવાય ક્ષત્રિયોના આ ઝઘડાની ઘણા દિવસ અગાઉનો 'બૈંજાઈ' ક્ષત્રિય અને બામનજાઈ બ્રાહ્મણોની સદહૂ નિમ્ન શ્રેણીઓના અસ્તિત્વનું શાસ્ત્રોક્ત પુષ્ટ પ્રમાણ જ્યારે હમારી પાસે મોજુદ છે ત્યારે અમે આવા જૂઠા અને કપોળકલ્પિત સિદ્ધાન્તને કેવી રીતે માની શકીએ. અલાઉદ્દીન પાદશાહના સમયમાં ફકત ક્ષત્રિયોની વિધવાનાં પુનર્લગ્ન કરાવવાની આજ્ઞા થઈ હતી. સારસ્વત માત્રનો એ આજ્ઞા સાથે સંબંધ જ નહોતો. એટલે પર જાતિના બૈંજાઈ ક્ષત્રિયોના નામાનુસાર તેમના આશ્રિત સારસ્વત પણ તે દિવસથી બૈંજાઇ કહેવાયા. જો અલાઉદ્દીનના સમયથી જ ક્ષત્રિય, સારસ્વત બૈંજાઈ નામથી પ્રસિદ્ધ થયા હોત અને એમની એ સૌની મ્હોટી મંડળીમાંથી જુદા થઈ અઢાઇઘર, ચારઘર, ચતુર્જાતિ, પંચજાતિ, અષ્ટવંશ વગેરે સઘળી સ્વતંત્ર મંડલી યથાર્થ રીતે બની હોત તો અવસ્ય બૈંજાઈ સારસ્વતોની શ્રેણીમાં પણ જૈતલી, કુમડિયા વગેરે કોઇ પણ દેશમાં કયાંક ને કયાંક અવસ્ય દેખાત. મૂળ નાશ થાત નહિ. તેમજ બૈંજાઇ ક્ષત્રિયોમાં પણ ખન્ના, મેહરે વગેરે અવસ્ય દૃષ્ટિગોચર થાત. એ સિવાય એ પણ વિચારવા જોગ છે કે જે ઉદ્ધત સ્વભાવના અયોગ્ય અને ઉદ્દંડ પુરૂષોએ સામાજિક બંધન તોડી અવજ્ઞા તથા ઘૃણાના દર્શન પૂર્વક પોતાની નવી રચેલી ન્હાની ન્હાની ચતુર્જાતિ, પંચજાતિ વગેરે શ્રેણીઓને શ્રેષ્ઠ સમજી બૈંજાઇઓ સાથે સર્વથા સંબંધ તોડી નાખ્યો. બૈંજાઇ સારસ્વત તથા ક્ષત્રિય માત્ર એ લોકોના પગનું પૂજન કરી ફરીથી એમને પોતાની કન્યા આપવામાં પોતાના કુળની મોટાઇ સમજતા હતા એનું કારણ શું? યથાર્થ રીતે જો ઉંચી જાતિના કુલીન સારસ્વત તથા ક્ષત્રિય બૈંજાઇઓથી ભિન્ન થઇ પોતાને મોઢેથી મ્હોટા થઇ બેઠા હોત તો કદી પણ એકે બૈંજાઇ ફરીથી એમની ચરણ સેવામાં અગ્રેસર થઇ એમને પોતાની કન્યા અર્પણ કરતકે? કદી પણ નહિ. સાંકેતિક જ્ઞાતિના લોકો તો બૈંજાઇઓની જાતિને ચીનાકુંગની (સંકર) જાતિ કહી તેમના તરફ તિરસ્કાર દૃષ્ટિએ નિહાળે છે. અને પોતાની કન્યા પણ પોતાની ઉંચી કુલીન શ્રેણીમાં આપતા આવ્યા છે. તો પણ બૈંજાઇઓ તે લોકો સાથે પોતાની કન્યાનું વેવિશાળ કરે છે, એનું કારણ શું? બૈંજાઇઓથી જુદા પડી કુલીનોએ પોતાની સ્વતંત્ર મંડલી બાંધી હોત તો નક્કી. કોઇ દિવસ બૈંજાઇ તેમનું એટલું બધું સન્માન કરત નહિ. જેને અવાસ્તવિક વિષયનો તિરસ્કાર

નથી. તથા જે ફોકટ કપોલ કલ્પિત આ પ્રામાણિક મતના પ્રચારથી જ પોતાની આબરૂ વધારવા ચહાય છે. તે લોકો જ આવી ટાઢા પહોરની ગપ મારે છે. શું બ્રહ્માએ કલ્પારંભમાં પરમર્ષિઓની સૃષ્ટિથી પહેલાં જ કહેવાતી પરન્તુ ૫૦૦ થીપણ વધારે જાતિવાળા આ બાંભ્ભઇઓને જ સૌથી પ્રથમ રચ્યા હતા? શ્રેણીભેદ ઉત્પન્ન થવાને ઘણો વખત લાગે છે. ગુણભેદ તથા વિવાહભેદ વડે ક્રમે ક્રમે ભિન્નતા વૃદ્ધિગત થઇ અનેક પ્રકારની જાતિની સૃષ્ટિ પણ કાળસાપેક્ષ જ થાય છે. સૌથી પહેલાં એ જાતિઓ તથા શ્રેણીઓની આધકતા ઉત્પન્ન થતી નથી. ઘણે દિવસે એમનો વિશેષ ફેલાવો થાય છે. વાસ્તવિક તો એ છે કે બામનજાઇ અને બાંભ્ભઇ એ બન્ને જુદા જુદા શબ્દ છે. મૂર્ખતાની અધિકતાના કારણથી એના પ્રયોગનો વિધિ બગડી ગયો છે. બ્રાહ્મણો સાથે તો બામનજાઇ શબ્દનો સંબંધ બેસે છે. ભાષાના પ્રયોગમાં બ્રાહ્મણનો બામન અને જાતનો જાઇ શબ્દ બન્યો છે. વેદવિદ્યા, સદાચાર, તપશ્ચર્યાદિ વિહીન મૂર્ખ બ્રાહ્મણમંડલીની સાધારણ સંજ્ઞા સનાતન કાળથી 'જાતિ બ્રાહ્મણ' સુપ્રસિદ્ધ છે. શાસ્ત્રોમાં એમના વિષયમાં સ્પષ્ટ પ્રમાણ છે કે—

"तपः श्रुतञ्च योनिश्चेत्येतद् ब्राह्मणकारकम् ।
नपः श्रुताभ्यां योहीनोजाति ब्राह्मणएवसः"

અર્થાત્ તપશ્ચર્યા, વેદવિદ્યા અને શાસ્ત્રવિધિથી વિવાહિત બ્રાહ્મણ માતા પિતાથી ઉત્પત્તિ, એ ત્રણે બાબતોનું એકપણું યથોચિત બ્રાહ્મણત્વનું કારણ છે. તપ તથા વિદ્યાહીન બ્રાહ્મણની સંજ્ઞાજ 'જાતિ બ્રાહ્મણ' છે. એવી જ રીતે માત્ર જાતિ બ્રાહ્મણોની સનાતન કાળથી અધમ શ્રેણીમાં ગણતરી કરવામાં આવે છે. ફકત જાતવડે બ્રાહ્મણ હોવાથી સૌથી નીચી શ્રેણીના બ્રાહ્મણોની જ 'બામનજાઇ' સંજ્ઞા છે. આ પુસ્તકના ૧૧૬ મા પૃષ્ટમાં અબ્રાહ્મણોના લક્ષણ સહીત એ નીચી શ્રેણીના જાતિ બ્રાહ્મણ અથવા બામન જાઇઓના વિષયમાં વિશેષ લખી પણ ચૂકા છીએ. સદાચાર તથા વિદ્યાહીન બ્રાહ્મણ જ સદા કાળથી અધમ શ્રેણીમાં વિવેશિત છે. એ અધમ પતિતોની વૃત્તિના વિષયમાં લખ્યું છે કે—

सत्योद्रिक्तः शूद्रयाजी ग्रामया जीति कीर्त्तितः
देवोपजीव्य जीवीच देवलस्तु प्रकीर्त्तितः ।

शूद्रपाकोपजीवीयः सूपकारः प्रकीर्त्तितः ।
सन्ध्या पूजा विहीनश्चप्रमत्तः पतितः स्मृतः ।
एते महा पातकिन" વગેરે ब्र. वै. ज. ख.

જે સમયથી બામનજાઇ અધમ શ્રેણીમાં રાખવામાં આવ્યા છે, એ સમયે એમનામાં ઉપર લખ્યાં સઘળાં સુલક્ષણ પૂરાં હતાં. આજ પણ એમનામાં અધિકાંશે એવા જ નીકળશે. વિશેષતઃ એમાં ગ્રામીણોની તો સંસ્કાર વ્યવસ્થા પણ અદ્દ્ભુત છે. પણ વિશેષ લાજ, સંતાપ તથા દુઃખ તો એ જોઇને થાય છે કે સમયના ફેરથી હાલ તો કુલવાન અથવા આઢ્ય કુલીનોનાં સુલક્ષણાં સંતાનોએ એમને પણ પોતાની કુચાલથી મહાત કરી દીધા છે.

બીજો 'બાં' જાઇ શબ્દ ક્ષત્રિયોની નિમ્નતમ શ્રેણીનો વાચક છે. શાસ્ત્રોમાં ક્ષત્રિયોની ઉત્પત્તિના વિષયમાં લખ્યું છે કે—

"चंद्रादित्त्यमनूनाश्च प्रवराक्षत्रिया मताः ।
ब्रह्मणो बाहु देशाच्चैवान्याः क्षत्रियजातयः ।"

ब्र० वै० पु० ब्र० खं० अ० १०

ચંદ્ર, સૂરજ તથા મનુજીથી ઉત્તમ કુલીન ક્ષત્રિયોની ઉત્પત્તિ થઇ હતી. અન્યાન્ય ક્ષત્રિયો બ્રહ્માજીની બાહુ અર્થાત્ બાંહ એટલે ભુજામાંથી ઉત્પન્ન થયા હતા. રાજ્યપ્રતાપ તથા ભુજાના બળથી સર્વ પ્રધાન રાજર્ષિ કુળના ક્ષત્રિયો જ સર્વોત્તમ આઢ્ય કુળના 'અઢાઇઘર' કુલીન માનવામાં આવ્યા. જેવી રીતે સારસ્વત બ્રાહ્મણોની પંચજાતિનું સંગઠન સૌથી પહેલાં થયું હતું. તેવીજ રીતે ચંદ્રવંશી, સૂર્યવંશી વગેરે પરમ પ્રતાપી ચક્રવર્તી રાજર્ષિ કુળના કુલીન ઉક્ત ચારે પ્રકારના રાજવંશી ક્ષત્રિય ચતુર્જાતિના સર્વોત્તમ કુલીન કહેવાયા. તિલકધારી ચક્રવર્તી રાજાની મુખ્ય ગાદીધારી શાખાથી ભિન્ન, રાજકુળના સામાન્ય લોક પોતાની યોગ્યતાનુસાર ક્રમશઃ પરવર્ત્તી નીચી શ્રેણીમાં ગણાયા. જેમનામાં રાજાને લાયક ગુણ, વિભવ, પ્રતાપ વિવાહ સંબંધની શ્રેષ્ઠતા વગેરે સદ્દગુણોનો અભાવ જોવામાં આવ્યો, તેઓ સૌથી નીચી શ્રેણીમાં ફક્ત બાહુજાત નામથી પ્રસિદ્ધ થયા. સંસ્કૃતમાં બાહુથી ઉત્પન્ન થએલા "બાહુજાતાઃ" અથવા 'બાહુજાઃ' કહેવાય છે. હિન્દી તથા પંજાબી ભાષામાં બાહુને 'બાંહ' અથવા 'બાંઓં' પણ કહે છે. સંસ્કૃત બાહુજાઃ નો અપભ્રંશ જ આ 'બાઓંજાઇ' અથવા 'બાંજાઇ' શબ્દ છે. સૌથી નીચી શ્રેણીના ગુણહીન

બાહુજાત ક્ષત્રિય માત્ર 'બૌંજાઇ' એ કારણથી જ કહેવાય છે. સૌથી નીચી શ્રેણીના બ્રાહ્મણોને જ 'જાતિ બ્રાહ્મણ' અથવા 'બામનજાઇ' પણ કહેતા. મૂર્ખતાની વિશેષતાથી બન્ને ભિન્નાર્થ વાચક શબ્દોનો વાસ્તવિક અર્થ તથા વ્યુત્પત્તિ ન સમજવાથી જ લોકોએ બ્રાહ્મણ ક્ષત્રિયોની સૌથી નીચી શ્રેણીમાં એ બન્ને શબ્દોનો સમભાવથી પ્રયોગ કરવાનો પ્રારંભ કર્યો છે.

ક્ષત્રિયોનો પણ વિભાગ ક્રમ તથા જાતિ ભેદની ઉત્પત્તિ વગેરે વિસ્તારથી લખવા લાયક છે. પણ આ નાની ચોપડીમાં જગાની તંગાશને લીધે અનિચ્છા પૂર્વક થોભવું પડે છે. પણ ટૂંકમાં એટલું કહી દેવું વાજબી છે કે રાજગાદીના અનધિકારી ક્ષત્રિય પોતાના કુલ તથા શૌર્ય વીર્યાદિ ગુણોના તારતમ્યથી સર્વોત્તમ રાજકુળોમાં વિવાહિત ન હોવાના સબબસર, વિવાહના ઇતર વિશેષ કારણવડે પણ અનેક શ્રેણીમાં ક્રમશઃ યોગ્યતા અને સ્વકર્માનુસાર ગણાયા. ઈશ્વરેચ્છાએ સમયની અનુકુળતા રહેશે તો કોઇ દિવસ ક્ષત્રિયો સંબંધમાં એક સ્વતંત્ર પુસ્તક પણ પ્રકટ કરવામાં આવશે. અગ્રે. "**हरेरिच्छा बलीयसी.**"

સારસ્વતોની સૌથી નીચી શ્રેણીના એ 'બામન જાઇઓ' ની જાતિ સંજ્ઞા સેંકડો પ્રકારની હાલે પ્રચલિત છે. સઘળાનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રકાશિત કરવાનું સંભવિત નથી, તો પણ સારસ્વત માત્રની જાતિ સંજ્ઞા કુલીનતાના ક્રમાનુસાર યથાયોગ્ય પ્રકાશિત કરવામાં આવે છે. જેમ અષ્ટ કુળવાળા અષ્ટવંશ, ૫૨ જાતિવાળા છ જાતિ પ્રસિદ્ધ છે. તેમ બાર જાતિવાળા 'બારી' પણ કહેવાય છે. શ્રેણિ વિભાગમાં બામનજાઇઓ કરતાં બારી શ્રેષ્ટછે.

સર્વોત્તમ સારસ્વતોના શ્રેણી વિભાગ અર્થાત્ આઢ્ય કુળના 'અઢાઇઘર' કુલીન સારસ્વતોની પંચજાતિઃ—

૧ કુમડિયા કુમારીય અથવા કુમારોપાસક, જામદગ્ન્ય 'વત્સ' ગોત્ર પંચપ્રવર જેવા કે ભાર્ગવ, ચ્યવન, આપ્નવાન, ઔર્વ, જામ દગ્ન્ય.

૨ જેતલી (જૈત અર્થાત્ કુલ વૃક્ષ જયન્તીથી, ગૌતમ વાત્સ્ય ગોત્ર, ત્રિપ્રવર—આંગિરસ, ગૌતમ, ઔશનસ).

૩ ઝિંગણ (ઝગણનું ભારદ્વાજ ગોત્ર, ત્રિપ્રવર—આંગિરસ, વાર્હસ્પત્ય, ભારદ્વાજ.)

૪ તિક્ખા (તૃત્સૂ' પારાશર ગોત્ર—ત્રિપ્રવર—વશિષ્ટ, શક્તિ, પરાશર)

૫ મોહલે (મુશલ, સોમસ્તંભ ગોત્ર, ત્રિપ્રવર—કાશ્યપ. અવત્સાર, નૈધ્રુવ)

ચારુ કુળ 'ચારઘર' અર્થાત્ દ્વિતીય શ્રેણી વાળા.

પંચ જાતિ.

૧ કુમડિયા, ૨ જેતલી, ૩ ઝિંગણુ, ૪ તિકખા, ૫ મોહલે.

એ ચારધરનાં ગોત્ર પ્રવર સઘળું આગળ ઉપર કહેલ છે. તદનુસાર.

ઉકત પંચજાતિની ત્રીજી શ્રેણી.

૧ લુમડિયા (કુમડિયે), ૨ પેતલી (જેતલી), ૩ પિંગણુ (ઝિંગણુ), ૪ પિકખે (આંડલે તિકખે), ૫ બોહલે (મોહલે), એમનાં ગોત્ર વગેરે સઘળું ઉપર કહેલ છે. તદનુસાર.

ઉત્તમ શ્રેણીના સારસ્વત.

બગ્ગા	પ્રભાકર	પરદલ	સ્યામે પોતરે
ભટૂરિયા	દત્ત	ચૂની	ભોજે પોતરે
કાલિયે	છિબ્બર	અણ્ણુ	ધનધન્ન પોતરે
માલિયે	બાલી	સરદલ	શેતપાલ
કપૂરિયે	વૈદ્ય	બારી	ખેતુપોતરે
નેવલે	લવ	કાલિયે	સિન્ધુ પોતરે
રાવડે	મુહ્યાલ	પ્રભાકર	બદ્રે પોતરે
ચૂની વાલંબ	મોહન	લખનપાલ	દુવડે
સર્બલિયે		ચૌરી	ગૈંધર
પંડિત	પંડિત	નાભ	તખલાલડી
(અષ્ટવંશ)	પાઠક	મજાન	શામાદાસી
સણ્ઠ	ઢંડે	બંવી	પુશ્રત
પાઠક	ગડૂરે	પત્તી	ભારદ્વાજી
કુરલ	ઢૌંકચ	ચિત્રચોર	કાઠપાલ
ભારદ્વાજી	છકડે	શારદ	ઘોટકે
જોશી		જાલપોત	પુકરણે
શોરી	સજ્જરે પુંજ	ભનોત	સિંધુપાલ
તિવાડી	બન્દૂ		
મરુદ	ન્યાસી		

નીચી શ્રેણીના બામનજાઈ સારસ્વત બ્રાહ્મણ.

અગ્નિહોત્રી	અગ્રફક્ક	અચારજ	અલ
બંગશ	આરી	ઈસર	ઈસરાજ

ઋષિવારિખિ	ઐંરે	ઓઝે	કપાલ
કુન્દિ	કલન્દ	કુસરિત	કપાલે
કુંડ	કંડયારે	કલિ	કાઈ
કલ્હણ	કર્દમ	કરદમ	કિરાર
કુતવાલ	કુરલપાલ	કલસ	કુચ્છિ
કૈજર	કોટપાલ	કાંરડગે	ડાઠપાલ
ખટવંશ	ખેતી	ખોરે	ખિન્દડિયે
ગંગાહર	ગાંદર	ગાંધે	ગજેસૂ
ગન્દે	ગાંધી	ગુટરે	ઘોટકે
ચનન	ચિત્રચોર	ચૂની	ઘકપાલિયે
ચમ્ભે	ચિતચોટ	ચન્દન	ચૂડામન
જાલય	ચૂની	ચુખન	છિબ્બે
જાલપોત	જેતશી	જલ્લી	જેઠકે
જયચન્દ	જોતિ	જલપ	જસરવ
ટિડડી	જદરે	જયરે	ઝમાણ
ઠોલે	ટાડ	ટગલે	ટનિક
તિવાડ	ડગધે	ડુંગવાલ	દંડે
તિવાડી	ત્રિપાણે	તેજપાલ	તિનુની
તલ્લણ	તોલે	તોતે	તિનમણી
દંગવલ	તગાલે	તંગણવતે	દગાલે
ધાયી	દિદ્રિયે	દવેસર	દુયારે
નારદ	ધમ્મી	ધિન્દે	નાહર
પ્રભાકર	નાભ	નાદ	પરાશર
પાધે વા પાંધે	પંજન	પાલ	પુંજ
પધિ	પલતૂ	પુજે	પટ્ટૂ
પરીંજે	પંડે	પાંડે	પિપર
પન્વ	પદ્લ	પઠરૂ	પુચ્છરતન
બ્રહ્મી	બાહોયે	બ્રહ્મન્સુકુલ	બટૂરે
વિજરાયે	બિબડે	બન્દૂ	ભાખરખો
ભારખારી	ભારદ્વાજી	ભારથે	ભિડે
ભૂત	ભણોત	ભટરે	ભાજી

ભમ્બી	ભોગ	ભાગી	ભદ્દેર
મજ્જૂ	મોહન	મકાવર	મન્દાર
મરુદ	મસોદરે	મન્દહર	મૈત્ર
મદરખમ્બ	મેટ્ટુ	મેઢદ	મચ્છ
મદે	મુસતલ	મંડહર	મધરે
યમ્યે	રતનપાલ	રૂપાળ	રતદેલે
રતિ	રમતાલ	રતનિયે	રુથડે
રાંગડે	લખનપાલ	લાલડિયે	લક્કડ ફાડ
લાલી બચ્ચે	લુદ્ર	લટ્ટ	લાહદ
લુધ	વિનાયક	વાસુદેવ	વશિષ્ઠ
વિરદ	વ્યાસ	બટેપોતરે	વિરાર
શ્રીધર	શ્રીડકે વાસુદેવ	શેતપાળ	શાલિવાહન
સોઢી	સંગદ	સન્ધિ	સૂરજ
સૂદન	સહજપાલ	સનખોત્રે	સોયરી
સણવલ	સૈલી	સંગર	સાંગ
સુન્દર	સદ્દી	હરદ	હાંસલે
હંસધીર	હરિયે	હરી	હંસતીર

ઉપર લખેલ શ્રેણી વિભાગ લાહોર, અમૃતસર પ્રાન્તથી ગુરુદાસપુર, બટાલા, જલંધર, મુલતાન, ઉચ્ચ ઝંગ અને શાહપુર સુધી વસનારી સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના મ્હોટા સમુદાયની છે. એ સિવાય દત્તારપુર તથા હુશિયારપુરના સારસ્વતોની તથા જમ્બૂ, જસરોટા પ્રાન્તના ડોંગરે સારસ્વત અને જ્વાળામુખી કાંગડાના પહાડી બ્રાહ્મણોની શ્રેણીમાં અને જાતિ સંજ્ઞા અલ્લ વગેરેમાં અંતર છે. અને તે દેશભેદથી છે. એ કારણથી એમને બીજી જગોએ સ્વતંત્ર પણ લખ્યા છે. ગોત્ર, ચરણ તથા શાખા ભેદ સિવાય સારસ્વતોની જાતિસંજ્ઞા તથા વિવિધ પ્રકારની અલ્લ, કુળદેવતા, કુળવૃક્ષ, કુળની પ્રથા, મોટાઓનું એટલે મૂળ પુરૂષોનું નિવાસ સ્થાન, આજીવિકા, વૃત્તિ, પુરાણી રીતનો ત્યાગ અથવા નવી રીતનું અનુસરણ, સામાજિક કલહ, ઝઘડા તેની નિવૃત્તિ, નવીન નિયમનું સ્થાપન, લાગચારની પ્રથા વગેરે કારણોથી બને છે. એમાંથી ઘણી ખરી તો નિવાસ તથા નિકાસના દેશોના નામાનુસાર બનેલી હોય એવું દેખાય છે. પરન્તુ તેમની વિશેષતા એટલી બધી છે કે તે સઘળાનું અત્રે વિવરણ કરવું અસંભવિત જેવું છે.

ઉપર લખી નવેલે રાવડે વગેરેની પાંચ જાતોમાં મુલતાન, ઝંગ તથા શાહપુરવાળામાં 'ચૂની' લખેલ નથી. ત્યાં ચૂની બદલ લમ્બ છે. તેથી બન્ને નામ લખ્યાં છે. દત્ત તથા પ્રભાકર સારસ્વત દાન પ્રતિગ્રહ લેતા નથી. શ્રેણી ભેદમાં ભારદ્વાજી, પ્રભાકર વગેરે નામોનું સાદૃશ્ય છતાં તેઓ સર્વથા ભિન્ન ભિન્ન છે. પહેલાં બગ્ગા ભટુરિઆના કન્યા સર્વ પંચ જાતિવાલાઓને લગ્નમાં આપવામાં આવતી. તેનું પ્રમાણ પણ મળ્યું છે. હાલ પણ, નેવલે, રાવડે, સરવલિયે, પંડિત તથા ચૂનિયોંની પંચજાતિવાલા, બગ્ગા, ભટુરિઆની પંચ જાતિમાં કન્યા આપતા દેખાય છે. એમનો એ પ્રકારનો પુરાતન સંબંધ છે. અષ્ટવંશાદિ જો કે પોતાની આઠે જાતિમાં અથવા બધી શ્રેણીવાલા પોતાની નિર્દિષ્ટ મંડલીમાં બહુધા વિવાહ કરે છે, એક શ્રેણીવાલા સમવર્તી બીજી શ્રેણીમાં કન્યા આપતા નથી. તો પણ સર્વોત્તમ શ્રેણીના આઢ્ય કુલોમાં એમની કન્યા સનાતન કાળથી દેવાતી આવે છે. શ્રેષ્ઠ કુળમાં કન્યા દેવી એ સિદ્ધાન્ત પક્ષ છે. પંડિત તુલસીરામજીના અપ્રામાણિક સિદ્ધાન્તાનુસાર ગોત્રપ્રવરનો વિચાર તજી વિવાહ થતા રહેશે તો શીઘ્રતાથી સારસ્વતો લુપ્ત થવાનો સંભવ જણાય છે. એ બાબતનો વિચાર સારસ્વત માત્રે કરવા જેવો છે. સગોત્રા પરિણય ઘણી ભયંકર બાબત છે. એવા અયોગ્ય વિવાહથી બ્રાહ્મણત્વનો નાશ થાય છે.

દત્તારપુર, હુશિયારપુર પ્રાંન્તના સારસ્વતોના શ્રેણી વિભાગ.

ખજૂરિવે	દુબે	ડોગરે	
પાધેઘોહસનિયે	પાધે ખિંદડિયે	પાધેઢોલ બાલવૈયે	
પાધે રૂદ્રિયે	લખનપાલ	સરમાથી	
	નિમ્ન શ્રેણી	કુટલેડિયે	
અલ	કમાહટિયે	ચિબ્ભે	કાલિયે
ગદ્દોત્તરે	ચપડોહિયે	જલરેઇયે	ચંધિયલ
ચિરણોલ	છકોતર	ટચાહાયે	જાુઆલ
ઝુમ્મુટિયાર	ઝોલ	થાતિક	ઢોંસે
તાક	તાંડી	પન્યાલ	દગડ
દલોહલિયે	પટદૂ	ભટોલ	પંડિત
વાધલે	ભરધિયાલ	ભટરે	બસૂલ
ભદોએ	ભટોહયે	મિશ્ર	મકડે
મચલે	મદોતે	રજોહદ	મૈતે

મિરટ	મુકાતી	વંટડે	લાહદ
લાઠ	લઈ	સેલ	શ્રીધર
શારદ	સમનોલ	બંભવાલ	સંઢ

જમ્બૂ, જસરોટા પ્રાન્તના પહાડી બ્રાહ્મણોની ઉત્તમ શ્રેણી.

મગોતરે	ઠપ્પે	મોહન	સપોલિયે પાધે
કેસર	દપ્પે	છિબ્બર	ખજૂરે પ્રોહત
નાધ	લવ	બાલિયે	બડયાલ
લટ	વૈદ્ય	મિશ્ર	જમ્બુઆલ પંડિત

મધ્યમ શ્રેણી.

અત્રોત્રે	પરાશર	મસ્તોત્રે	સન્પ્રોત્રે
કટોત્રે	બડ	રૈણુ	સુત્રાલિયે
કસ્મીરી પંડિત	બનાલ પાધે	લલોત્રે	સુદ્દાથિયે
કેણિયે પંડિત	બવગોત્રે	વિલ્હાનેચ	પન્ધોત્રે
ટગોત્રે	ભંગોત્રે	પુરોચ	મહિતે
ભરૈડ	સતોયે	ધરિઔચ	

અધમ શ્રેણી.

ઉપાધે	ગરાડિયે	ધમનિયે	ભરંગોલ
ઉદિહલ	ઘોડે	નભોત્રે	ભલોચ
ઉત્રિયાલ	ચમ્મ	પટલ	ભૈનખરે
કલન્દરી	ચરગાંટ	પિન્ધડ	ભૂરિયે
કિરલે	ચન્દન	પૃથ્વીપાલ	ભૂત
કુન્દન	ચકોત્રે	પલાધુ	મુણ્ડે
કોડે	છછિયાલે	પંગે	મરોત્રે
કમનિયે	જલોત્રે	ફ્રોનફ્ણુ	મગડોલ
કમ્બો	જખોત્રે	બગના છાલ	મનસોત્રે
કુડિદબ્વ	જરડ	બસનોત્રે	મગદિયાલિયે
કર્નોઠિયે	જરંધાલ	બરાત	માથર
કઠિયાલુ	જડ	બડકુલિવે	મહીજિયે
કાનૂનગો	જમ્બે	બાહ્રી	મઘોત્રે
ઝનગોત્રે	કલિયો	બનોત્રે	મખોત્ર

કકૂનખો	ઝિન્ધડ	બ્રહ્મિયે	મચ્છર
ખડોત્રે	ઝલૂ	બરગોત્રે	યન્ત્રધારી
ખણોત્રે	ઝાવડુ	બચ્છલ	રજૂલિયે
ખિંદડિયે પાધે	ઝાફાડૂ	બટિયાલિયે	રજૂનિયે
ગૌડ પુરોહિત	ઠકુરે પુરોહિત	બધોત્રે	રતનપાલ
ગરોચ	ડડોરિયા	બટ્ટલ	રોદ
ગુહલિયે	તિરપદ	બિસગોત્રે	રેડાથિયે
ગુડે	થમનોત્ર	શુધાર	લાઢઝજન
ગોકુલિયે ગુશાંઈ	થન્મથ	બણદો	લખનપાલ
ગલ્હલ	દબ્બ	ભૂરે	લવન્દે
ગન્ધરગાલ	દુહાલ	સરોચ	લભોત્રે
શશગોત્રે	સાંગડે	સરમાયી	સૈનહસન
સૂદન	સુનૈચાલ	સુથડે	સુહણિડએ
સુકખે	સિરખડિયે	સિગાડ	સોલ્હે
સગડોલ	સલૂણે	દીક્ષિત	સાગુણિયે-સણાહોચ

કાંગુડાના પહાડી સારસ્વતોના વિભાગ ઉત્તમ શ્રેણી.

આચારિયે, ઓસદિકુરુડુ		પંચકર્ણ	
નાગ	પંડિત કાસ્મીરી	સોત્રિ	મિશ્ર કસ્મીરી
માદહાટી	રાઇણે		બેદવે
ખજૂરે	ખુરવધ	ગલવઢ	ગુટરે
ચિથૂ	ચલિવાલે	છુતબન	ડુમ્બૂ
ડાંગમાર	ડેહેડી	ઘા ભુડૂ	પનયાલુ
પમ્બર	પ્રોતજડ ટોટરોટિયે	પાધે સરોજ	પાધે ખજૂરે
પાધે મહિતે	ભનવાલ	મંગરુડિયે	મૈતે
રુકખે	રમ્બે	વિષ્ટપ્રોત	

બહુધા ભરતખંડમાં જ્યાં જ્યાં સારસ્વત વસે છે, તે સઘળાઓનો સમાવેશ ઉપર લખેલી જાતિમાં થઈ જાય છે. દેશ ભેદથી ઉંચી નીચી શ્રેણીના વિભાગ થાય એ સ્વાભાવિક છે. પરન્તુ વિચાર કરવાથી એમનામાં ઘણી ખરી સંજ્ઞાઓનું મૂળ 'બારી' અથવા 'બામનજાઇ' દેખાય છે. કાલના ધર્મવડે આચારહીનોની કુલ સંખ્યાની વૃદ્ધિ થાય છે, એમાં કંઈ નવાઈ નથી

એ કઠણ કળિકાળમાં કુળધર્મ પાળનારા કુળવાનોની સ્થિતિ તથા કુળવૃદ્ધિ અસંભવિત જ છે. એ જ કારણ છે કે સર્વત્ર કુળવાનોના ઉત્તમ કુળોનો નાશ જ જોવામાં આવે છે વિવાહના નિયમોનું કંઇક પાલન થાય છે, તેને છોડી દઇએ તો આ સમયમાં કુલીનોના સદાચાર વગેરેનો બહુધા નાશ થવા લાગ્યો છે. હાલ તો જાતિ, પાંત સઘળું ધનને અવલંબે છે. કુળવાનોમાં પણ એ કારણથી કન્યાવિક્રયનો કુચાલ ક્યાં ક્યાં પ્રવેશ કરવા પામ્યોછે. ત્રાહિ! ત્રાહિ!

જ્યારે કાળધર્મવડે ઘણા દિવસ પછી તમામ સારસ્વત પ્રદેશ માણસોથી પરિપૂર્ણ વસી ગયો હતો ત્યારે ત્યાંથી નીકળી બીજા દેશોમાં પણ લોકો વસ્યા હતા. એ કાળમાં પાંચાલની પૂર્વ સીમાએ ગંગા કિનારા ઉપર ગાધિપુરની સ્થાપના થઈ હતી. કાળાન્તરે ગાધિપુરનું નામ કાન્યકુબ્જ થઈ ગયું. મહોદય પણ એનું બીજું નામ હતું. કાળક્રમે કાન્યકુબ્જ પ્રદેશના નિવાસી બ્રાહ્મણ કાન્યકુબ્જ કહેવાવા લાગ્યા. એમના યજમાન પણ બહુધા 'રજપૂત' અથવા 'છત્રી' જ હતા. ત્યારબાદ એથી છેટે પૂર્વ તરફના પ્રદેશોમાં વસ્તી થઈ ત્યારે ગૌડ દેશ વિખ્યાત થયો. અને ત્યાંના રહેવાસી બ્રાહ્મણ ગૌડ બ્રાહ્મણ કહેવાયા. બહુધા ફક્ત વાણિયાજ ગૌડના યજમાન છે. છેલ્લે ક્રમે ક્રમે જ્યારે ઓરિસ્સા સુધી બ્રાહ્મણો આવી વસ્યા ત્યારે બ્રાહ્મણોની મૈથિલ તથા ઉત્કલ સંજ્ઞા પણ થઈ. આર્યાવર્તના અન્ય બ્રાહ્મણો બહુધા એ પાંચેની શાખા યા પ્રશાખાની અંદર સમાવેશ કરે છે. એવી જ રીતે દક્ષિણ તરફના પ્રદેશમાં જઈ વસવાથી ક્રમે ક્રમે દેશભેદથી બ્રાહ્મણોનાં ભિન્ન ભિન્ન નામ પડયાં. વાસ્તવિક રીતે તમામ બ્રાહ્મણો એક જ મૂળમાંથી ઉત્પન્ન થએલ છે. આદિમાં તેમનું સારસ્વત નામ પ્રસિદ્ધ હતું. અર્થાત્ આર્યખંડના તમામ બ્રાહ્મણોનું મૂળ નામ સારસ્વત હતું.

હાલે તો સારસ્વત બ્રાહ્મણોની ચાલુ પરમ શોચનીય દશા નિહાળી વિચારશીલ માત્રને પરમ કલેશ અને મર્મવેદના ઉત્પન્ન થાય છે. જે સર્વ પ્રધાન સારસ્વત પ્રદેશમાં સૃષ્ટિની અતિ બાલ્યાવસ્થામાં અર્થાત્ શરૂઆતમાં કલ્પારમ્ભે ભૃગુ, વશિષ્ઠ, અત્રિ, અંગિરા વગેરે પરમ તેજસ્વી, તપોનિષ્ઠ, મંત્રદ્રષ્ટા, બ્રહ્મમૂર્ત્તિ, પરમર્ષિઓનો આવિર્ભાવ થયો હતો; ચતુર્મુખ બ્રહ્માએ જે પરમ પવિત્ર પુણ્ય ભૂમિને આદિ સૃષ્ટિને લાયક સમજી દિવ્ય પર્વત શિખરો ઉપર પોતે પ્રકટ થઇ બ્રાહ્મણોની સર્વોત્તમ વંશ પ્રવૃત્તિ નિમિત્ત જ્યાં પ્રજાપતિઓની સૌથી પહેલાં સૃષ્ટિ કરી હતી; પૃથ્વીના જે સર્વોત્તમ ભૂભાગ ઉ-

પર બ્રહ્મસાક્ષાત્કાર વડે ઋષિઓના યથાર્થ ઋષિ નામનું સાર્થક થયું હતું; ચતુર્વર્ગના કલ્પવૃક્ષ વેદમંત્રોનો જે દેશમાં પરમર્ષિ, મહર્ષિ અને ઋષિઓને પરમ અને અલભ્ય લાભ સૌથી પહેલાં પ્રાપ્ત થયો હતો. વેદધ્વનિના સુગંભિર, ગગનસ્પર્શી તથા સરલ મંત્રોચ્ચારણવડે જે પ્રદેશમાં દશે દિશાઓ ગુંજારવ કરતી હતી, દૂરના દેશોમાં પણ પોતાની શ્રેષ્ઠતા તથા પોતાની અનુપમ પવિત્રતાથી, અપવિત્રતા તથા પાપપૂંજને પળવારમાં વિલીન કરતી હતી. જે સર્વોત્તમ સ્વર્ગ સમાન તથા સુખદાઈ ઋષિઓની જન્મભૂમિમાં સાક્ષાત્ વિદ્યારુપિણી ભગવતી સરસ્વતી ઋષિઓની અલૌકિક ગુણાવળી તથા સરલતાથી જાણે દ્રવીભૂત થઇ મહા નદી રુપે પ્રવાહિત હોવાના બહાનાથી સમગ્ર પંચનદ પ્રદેશને અનેક ધારા પ્રવાહથી પ્રત્યક્ષ પ્લાવિત્ કરતી કરતી સ્વનામાનુસાર પ્રસિદ્ધ 'સારસ્વત દેશ' ના વિદ્યા વિભવ પ્રતાપને જગન્માન્ય સુસિદ્ધ કરતી થકી સાક્ષાત્ અવતીર્ણ થઈ હતી. જ્યાં સૂત્રકાર સાથે પાણિની જેવા શિરોમણિ વૈયાકરણી અને ભાષ્યાદિ અગણિત મહાનુભાવોએ જન્મ લીધેલ. ઉવ્વટ, મમ્મટ, કલ્હણ, બાણ, ભાવ, માધવ જેવા અનેક આ કઠણ કળિકાળમાં પણ જે દેશના પ્રાચીન પાંડિત્યની અનુપમ છટા પ્રદર્શિત કરતા પરમોજ્જવલ નિદર્શન રત્નથી પ્રકાશ આપી ગયા. અંકગણિતથી તે સંગીત, ચિકિત્સાશાસ્ત્ર તથા જ્યોતિષાદિ સઘળી વિદ્યાઓની જન્મભૂમિ અથવા ખાણ સ્વરુપ જે સર્વથી શ્રેષ્ઠ પ્રદેશના ઉત્પન્ન થએલા બ્રાહ્મણોએ સંસારના મનુષ્ય માત્રને આચારશિક્ષણની સાથેજ વિવિધ વિદ્યાઓનો પણ યથોચિત ઉપદેશ કીધો. જે દેશની સૌન્દર્યની દૈવી તથા અનુપમ છબી આજ લગણ પણ સરલતા અને મધુરતાની સાક્ષાત્ મનમોહિની એક અનુપમ મૂર્તિ સમાન સર્વ સ્થળે દૃષ્ટિગોચર થાય છે. કેવા દારુણ અસહ્ય શોક, દુઃખ તથા સન્તાપનો વિષય છે કે આજ એ પુણ્ય ભૂમિના દુરાચાર, અસદનુષ્ઠાન, માદક પદાર્થોનું સેવન, જુગાર, ઘોર મૂર્ખતા, કુપ્રથા, વિલાયત યાત્રા કરી આવેલાના ધર્મ વિપ્લવ, સમાજ વિપ્લવ, વ્યભિચાર, સ્વેચ્છાચાર, અનૈક્ય, ભ્રષ્ટાચાર વગેરેથી અન્ય દેશવાળા પણ મુખ મરડે છે, અને તિરસ્કાર પૂર્વક મશ્કરી કરે છે. લગભગ લોપ પામેલી સરસ્વતીનો પણ ફક્ત 'સારસ્વત' નામથી કેવળ નામનોજ સંબંધ હાલ તો રહેલો દેખાયઃ છે. ભાઇઓ! આટલે દરજ્જે તમારી અવનતિ થઈ છતાં પણ તમારી મોહનિદ્રાનો ભંગ થવાનો સમય નથી આવ્યો? શું હવે એ કરતાં કંઇ વિશેષ દુર્દશા થવી બાકી છે? હવે તો આંખો ઉઘાડી ટૂંક ધ્યાનવડે તમારી દશાને સંસારની સ્થિતિ

તથા તમારી આદિ અવસ્થા સાથે ક્ષણિકવાર સરખાવી તો જુઓ. શું તમે તેજ સારસ્વત બ્રાહ્મણ છો કે જેના પૂર્વજોના ચરણ કમળને વિષે વિદ્યા શિક્ષણને વાસ્તે એક સમય ભરતખંડના સંસ્કારહીન બ્રાહ્મણ માત્ર ઉપસ્થિત થઈ, દર્શન માત્રથીજ સફળકામ થઈ ગુરુભક્તિના પાશવડે બરાબર સ્થિતિએ દૃઢ આબદ્ધ થએલા હતા. સ્વવંશ પ્રવર્તક ભૃગુ વસિષ્ઠ વગેરે પરમાર્ષિઓના નામની આબરૂ રાખવી એ તમારો પરમ ધર્મ તથા આવશ્યક કર્તવ્ય નથી શું? ભાઇઓ, ચેતી જાઓ! કુસંપને દેશવટો દો! પુરૂષાર્થ અને આપસ આપસની પ્રીતિનું અવલમ્બન કરો! બહુ નિદ્રા લીધી, હવે મોહનિદ્રાને દેશહિતની ચાહના ખાતર દૂર નસાડો! સઘળા ભાઇઓની સમવેત શક્તિની ઉપાસના કરો! જાતીય ઐક્ય તથા પુરૂષાર્થ વડે શું સિદ્ધ નથી થતું? ઇશ્વર જલદીથી તમને સુમતિ આપે! હાલની આવી અવસ્થામાં કેવળ એક તે પરમાત્માનો જ ભરોસો છે. શુભમસ્તુ!!

ઉપસંહાર.

પ્રિય વાંચનાર ચાર વર્ણમાંની પહેલી બ્રાહ્મણ જાતિની ૮૪ જ્ઞાતિ, તેના પેટા ભાગોનો વિચાર કરતાં સેંકડો ચોરાસી થઈ ગઈ છે, તે સઘળામાં વળી ધર્મ વિભિન્નત્વને લીધે કુસંપ થતાં થતાં એવી સ્થિતિ થઈ ગઈ છે, કે જે વિષે વિચાર કરતાં અક્કલ હેરાન થઈ જાય છે. પ્રખ્યાત જર્મન વિદ્વાન ડૉક્ટર એચ. ઝેલરે દુનિયાનું ધાર્મિક વસ્તી પત્રક રજુ કર્યું છે. તેમાં તે જણાવે છે કે દુનિઆની ૧૫૪૪૫૧૦૦૦ ની વસ્તીમાં ૫૩૪૯૪૦૦૦૦ ખ્રિસ્તિ, ૩૦૦૦૦૦૦૦૦ કનફ્યુસીઅન, ૨૧૪૦૦૦૦૦૦ હિન્દુ, મુસલમાન ૧૭૫૨૯૦૦૦૦ બૌદ્ધ ૧૨૧૦૦૦૦૦૦ અને ૧૦૮૬૦૦૩૦ યાહુદી છે. આ હિસાબ જોતાં તથા હિન્દુ ધર્મની પ્રાચીનતાનો વિચાર કરતાં અને ખ્રિસ્તી તથા કનફ્યુસીઅન ધર્મની અર્વાચીનતાનો વિચાર કરતાં એ બે ધર્મો હિન્દુ ધર્મની અપેક્ષા મ્હોટી સંખ્યાના લોકો પાળે છે. હવે આ ધર્મોનું બન્ધારણ તપાસશો તો તેમાં પેટા ભાગ અથવા વિભાગ હિન્દુ ધર્મના પ્રમાણમાં ઘણા થોડા છે. વળી તેઓ બહુધા એક બીજાનું ખાતાં પીતાં અટળતા નથી. અને ધર્મ-ઐક્ય સબબે તેમનામાં ભાઇચારો પણ સારો છે. મુસલમાન મઝહબના ફરમાન પ્રમાણે સગપણ કરતાં પણ ધર્મનો સમ્બન્ધ વધારે છે. હવે આપણા ઋષિઓએ જે પાયાપર ધર્મનું મંડાણ કીધું છે. તેની મૂળ મતલબ દુનિઆને એક સ્વરુપે અથવા આત્મસ્વરૂપે ગણવાની છે. તે રીતે જોતાં તેઓ સમગ્ર ધર્મો પાળનારા કરતાં વિચારનું છૂટાપણું વધારે

રાવે છે. આખી સૃષ્ટિનું શુભ ઇચ્છવું, તે પોતાનું જ શુભ ઇચ્છવા તુલ્ય છે, એવી માન્યતા જ્યાં લગણ કાયમ રહી ત્યાં લગણ આર્ય ધર્મ પર વધારે વધારે પ્રકાશ પડવા લાગ્યો. અને તેની જાહોજલાલી દિનબદિન વૃદ્ધિગત થવા લાગી. પરમાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને ગીતાજીમાં કહ્યું છે કે

ईश्वरः सर्वभूतानां हृद्देशे अर्जुनस्तिष्ठति

પ્રાણી માત્રના હૃદય પ્રદેશને વિષે ઇશ્વરનો વાસ છે. અથવા

जगदेव हरिः हरिरेव जगत्

જગત્ જ હરિમય છે અને હરિ એજ જગત્મય છે. અર્થાત્ આર્ય ઋષિ મુનિઓનો ધર્મનો સિદ્ધાન્ત સર્વોચ્ચ છે. જેમાં સ્વાર્થની નાસ્તિ અને પરમાર્થની અસ્તિ છે. ખરેખર દુનિયામાં જે માણસ સુખને વિશેષ રૂપમાં વિસ્તૃત કરશે, તેનું પોતાનું સુખ વિશેષ વિસ્તૃત થશે. એ વાત અનુભવી તથા તત્ત્વજ્ઞાનીઓને અજ્ઞાત નથી. મહાન ધર્મ સંસ્થાપકો, પેગંબરો, પીરો વગેરે પૂજાય છે. વળી ઋષિઓ, રામકૃષ્ણાદિ અવતારો વગેરેને પૂજ્ય ગણવામાં આવે છે તેના પેટામાં સૃષ્ટિનું ભલું કરવાની તેમની ધારણા સિવાય બીજું કંઈજ નથી. લોર્ડ રિપન તથા દાદાભાઈ નવરોજજીના નામ પર હિન્દુસ્તાનના લોકો એટલો બધો પ્યાર હજુ પણ કેમ ધરાવે છે? સૃષ્ટિનું ભલું કરવાની તેમની ભલી નેમને ખાતરજ.

उदार चारितानांतु वसुधवैकुटुम्बकम् ।

સિદ્ધાન્ત પર રચાએલો આર્ય ઋષિ મુનિઓનો ધર્મ સઘળા ધર્મોની સરખામણીમાં શ્રેષ્ઠ છે. એમ સર હરબર્ટ સ્પેન્સર જેવા યુરોપીઅન ફિલોસોફરો પણ માન્ય કરે છે. અન્ય દેશના લોકો આર્યલોકના ધર્મના તથા તત્ત્વજ્ઞાનનાં અને વિદ્યાનાં વખાણ કરે છે. છતાં આર્ય પરમર્ષિયોના વંશજો આપસ આપસમાં કુસંપ કરે, એક બીજાને ઉંચ નીચ ગણે, અને અન્ય ધર્મવાળાઓને હિન્દુ ધર્મમાંથી વટલાવવા ઉપદેશનારા ઉપદેશકોને, હિન્દુઓને તેમના ધર્મમાં લાવવાનો લાગ કરી આપી, હિન્દુઓની સંખ્યા કમી કરાવવામાં સહાયકારી બને એ કેટલું ખેદપ્રદ છે? ક્ષત્રિય, વૈશ્ય વગેરે બ્રાહ્મણોને નિંદે, બ્રાહ્મણો પોતપોતામાં એક બીજાને નિંદે? છેવટે નિંદાખોર તેજ નિંદાપાત્ર થાય છે. શ્રવણ કરનાર જનસમુદાય નિંદાખોરના દોષો ની કુદરતી રીતે કોશીશ કરે છે. પહેલાં તો તે અન્યની નિંદા કરે નો દોષ છે.

અલબત આચારની ભિન્નતાને લીધે સાથે બેસી જમવાનો વ્યવહા કરવો કદાચિત અરુચિકર ભાસે, અને સ્પર્શાસ્પર્શને અંગે ધર્મનું સ્વરુપ વિચારતાં તે ખોટું પણ નથી. કારણ દરેક મનુષ્યના આચાર સમાન વિચાર તેના શરીરને ફરતું ઓજસ અથવા (Magnetic fluid) નું વ હોય છે. જેનું વર્તુળ નઠારા વિચારથી યુક્ત હોય છે તેની ઑરા અથ ઓજસમાં સારા આચારની ઑરાવાળો બહુ સમ્બન્ધ વાળો થાય તો

कुसंगासंग दोषेण काष्ठघंटा विटंबना ।

જેવો સોબતે અસરને તુખમે તાસીર જેવો બનાવ અસંભવિત નથી તેમજ સારાની ઑરામાં નઠારો આવે તો

सत्संगात्हि भवति साधुता खलानाम् ।

નેષ્ટ આચારવાળો અથવા ઑરાવાળો સારી ઑરાવાળાની સોબ સુધરે પણ કેમ નહિ ? તોપણ સ્પર્શાસ્પર્શની બાબત હદ બહાર ન જવ જોઇએ. આખી દુનિયાના બધા દેશોમાં તેમાં ખાસ કરીને સુધરેલા દે જેવા કે જાપાન, ઇંગ્લાંડ જર્મની વગેરે દેશોમાં મનુષ્યની ઉચ્ચતા જનસમાજમાં તેની પદવીને લઇને ગણાય છે. અને નીચ પદવીને લીધે નીચ ગણાય છે. ઉંચ નીચ ગણવાની હિંદુસ્તાનની રૂઢિ હિન્દુસ્તાન સિવાય બીજે ક્યાંએ નથી. હિન્દુસ્તાનમાં તો જેના બાપદાદા સારા, આબરૂવાળા, ધનાઢ્ય તથા કુલીન ગણાઇ ગયા હોય તેનો દીકરો વ્યભિચારી, અકર્મી તથા વિવિધ દુર્વ્યસનોથી યુક્ત હોય તોપણ તેને કુલીન ગણી તેની સાથે સગપણ સંબંધ બાંધવાને ઉંચ કુલીન ગણાતા લોકો ખુશી હોય છે. અને જેઓ વર્તમાનમાં સારા આચારવાળા હોય પણ જેના બાપદાદા આગળના વખતમ અકુલીન ગણાતા હોય તેના દીકરા સાથે સગપણ સંબંધ બાંધવાને મોટ ગણાતા અને કુલીન ગણાતા લોકો છિદ્ર માને છે. એટલે વાસ્તવિક કરત રૂઢિનું વિશેષ રૂપે અનુસરણ થાય છે. કહેવાદો કે અયોગ્યને યોગ્ય અને યોગ્યને અયોગ્ય ગણવામાં આવે છે. આવો મામલો ગણનારની યોગ્યતા તથા ન્યાયનો નમૂનો છે.

ઘણા લોકોને સ્વયં વિચાર કરતાં કીડીઓ ચઢે છે. તેઓ બીજાને વિચારે ચાલે છે. દરેક મનુષ્યની ઉપાધિ ભિન્ન ભિન્ન હોવાથી એકના વિચાર બીજાને બંધ બેસતા થાય એવો નિયમ નથી. વિચાર કરવા ટેવ ન રાખવાથી વિચારના અવયવો જડ થઈ જાય છે, અને આ હીનત્વને પામે છે. પારકાંને વિચારે ચાલવામાં શ્રેષ્ઠતા હોતી સ.